Chapter.4

# પ્રકરણ : ૪

## ગુજરાતી દલિત નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ

૪.૧ ગાંધીયુગની નવલકથાઓમાં દલિતચેતના

૪.૨ દલિત સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬)

૪.3 દલિતેતર સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬)

## ૪.૧ ગાંધીયુગની નવલકથાઓમાં દલિતચેતના

૧. દિવ્યચક્ષુ- ર.વ. દેસાઈ
૨. ગ્રામલક્ષ્મી - ર.વ. દેસાઈ
૩. સોરઠ તારાં વહેતાં પાણી - ઝવેરચંદ મેઘાણી
૪. વસુંધરાના વહાલા દવલા - ઝવેરચંદ મેઘાણી
૫. કાળચક્ર - ઝવેરચંદ મેઘાણી
૬. કલ્પવૃક્ષ - ઈશ્વર પેટલીકર
૭. અંતરપટ - સ્નેહરશ્મિ

## ૪.૨ દલિત સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના

૧. આંગળિયાત - જોસેફ મેકવાન
૨. મારી પરણેતર- જોસેફ મેકવાન
૩. મલક - દલપત ચૌહાણ
૪. ગીધ - દલપત ચૌહાણ
૫. ભળભાંખળું - દલપત ચૌહાણ
૬. તિરાડ - હરીશ મંગલમ્
૭. ચોકી - હરીશ મંગલમ્
૮. નેળિયું - મોહન પરમાર
૯. પ્રિયતમા --મોહન પરમાર
૧૦. ડાયા પશાની વાડી - મોહન પરમાર
૧૧. શૂળ-બી. કેશરશિવમ્
૧૨. મૂળ અને ધૂળ - બી. કેશરશિવમ્
૧૩. અસ્તિત્વ - ગણેશ આચાર્ય
૧૪. શોષ - દક્ષા દામોદર
૧૫. કીડીએ ખોંખારો ખાધો- દિનું ભદ્રેસરિયા
૧૬. ગેબીટીંબો- કાંતિલાલ પરમાર

## ૪.૩ દલિતેતર સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના

૧. વરાળ - રામચંદ્ર પટેલ
૨. પ્રલંબપંથ - પિનાકિન દવે
૩. આંસુભીનો ઉજાસ- દિલીપ રાણપુરા
૪. બદલાતી ક્ષિતિજ - જયંત ગાડીત
૫. પ્રશાંમુ - જયંત ગાડીત
૬. કાળોઅંગ્રેજ - ચિનુ મોદી
૭. મશારી - કિશોરસિંહ સોલંકી
૮. ઈચ્છાવર - રઘુવીર ચૌધરી
૯. અંધારું - મણિલાલ હ. પટેલ
૧૦. મંઝિલ હજુ દૂર છે- ડૉ. પ્રદીપ પંડ્યા

# પ્રકરણ : ૪ ગુજરાતી દલિત નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ

## ૪.૧: ગાંધીયુગની નવલકથાઓમાં દલિતચેતના

પ્રસ્તુત પ્રકરણમાં નવલકથાના વિસ્તૃત પટ પર દલિતચેતનાને શી રીતે અભિવ્યક્તિ મળી છે તે તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. ટૂંકીવાર્તાની સરખામણીએ નવલકથામાં સર્જકને સ્થળ, કાળ, પરિવેશની ઘટના બહુલતાની મોકળાશ પ્રાપ્ત થતી હોય છે. પરિણામે કવિતા કે નવલિકાની સરખામણીમાં નવલકથામાં દલિત વિશ્વ એની પૂરી માંસલતા સાથે પ્રગટ થવાની સંભાવના ઊભી કરી આપે છે. નવલકથાનો પટ વિસ્તૃત હોઈને તેમાં દલિત વિશ્વની વેદના-વ્યથા, એમની ખાણી-પીણી, રહેણી-કરણી, એમનો પહેરવેશ, એમના રિવાજો, એમના વ્યવસાયો, એમની ધાર્મિક, સાંસ્કૃતિક ગતિ વિધિ વગેરેનું સઘનચિત્ર કવિતા અને નવલિકાના મુકાબલે નવલકથામાં વધારે સારી રીતે આલેખી શકવાની શક્યતા છે, પરિણામે આ પ્રકરણમાં મેં ગુજરાતી દલિત નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ પ્રસ્તુત કર્યો છે.

અહીં પણ મેં વિભાજન વાર્તાઓ મુજબનું જ રાખ્યું છે. પ્રથમ હું ગાંધીયુગની દલિત નવલકથાઓને તપાસીશ પછી દલિત સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬) અને ત્યાર બાદ દલિતેતર સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬) તપાસીશ. પરંતુ ગાંધીયુગમાં આપણો સર્જક હજુ દલિત વર્ગમાંથી આવતો નહોતો તેથી એ ગમે તેટલું સમસંવેદન દલિત સાથે ધરાવતો હોય પણ એ દૂરથી જોવાયેલું વિશ્વ હતું તેથી એમના હાથે 'ખેમી' (દ્વિરેફ) 'માજાવેલાનું મૃત્યું' (સુન્દરમ્), 'હવાડીનું પાણી', 'હલકી વરણ', 'વટ' (ઈશ્વર પેટલીકર) વગેરે જેવી વાર્તાઓ મળી પરંતુ ઈશ્વર પેટલીકરની 'કલ્પવૃક્ષ' સિવાય સ્વતંત્રપણે જેને દલિત નવલકથા કહેવાય તે પ્રકારની નવલકથા મળી નથી. પરંતુ જે જે નવલકથાઓ મળી તેમાં ગાંધીપ્રભાવના કારણે ગ્રામજીવન, કચડાયેલા વ્યાપક અર્થમાં પીડિત વિશ્વ નવલકથાઓમાં મળ્યા હતા તેથી પ્રથમ વિભાગમાં હું કેન્દ્રમાં નહીં તો હાંસિયામાં પણ દલિત વિશ્વને કેવી અભિવ્યક્તિ મળી છે તે તપાસવાની ઇચ્છા રાખું છું.

ગાંધીયુગમાં લખાયેલ દલિત નવલકથાની વાત કરતા પહેલા મને એક પારસી લેખક સોરાબશા દાદાભાઈ મુનસફના દ્વારા એક ફ્રેંચ રચનાકાર Jacques Henri Berhardin ની 'Chaumiere-Indienne'નો અંગ્રેજી અનુવાદ 'Indian cottage' નો ગુજરાતી અનુવાદ ઈ.સ. ૧૮૬૨માં 'હિન્દુસ્તાન મધ્યેનું એક ઝૂંપડું' ની વાત કરવી અનિવાર્ય લાગે છે. આ મૌલિક કૃતિ નથી અનુવાદ છે પણ તત્કાલીન સમાજમાં વ્યાપકપણે અસ્તિત્વ ધરાવતા વર્ણભેદ, જાતિભેદ, પંડિતોના માનવતાવિહીન જડ વ્યવહાર, પાંડિત્યની પોકળતા અને પારીયા જાતિના અસ્પૃશ્ય વ્યક્તિની ઉદારતા વગેરે નિરૂપણ પામ્યાં છે.

અહીં અંગ્રેજ પંડિતોની સભાએ જ્ઞાનપ્રાપ્તિના હેતુથી દુનિયાના જુદા-જુદા દેશોમાં વિદ્વાનોને મોકલ્યા છે. આ યોજના અંતર્ગત કથાનાયક હિન્દુસ્તાન આવે છે. યુરોપથી શરૂ કરી દિલ્હી-

આગ્રા સુધીની ત્રણ વર્ષની મુસાફરી બાદ આ વિદ્વાન કાશી પહોંચે છે. સમગ્ર એશિયા ખંડમાં જેમની નામના હતી તેવા પંડિતના માનવતાવિહીન વ્યવહારથી અંગ્રેજ પ્રવાસીને આઘાત લાગે છે. ધોધમાર વરસાદમાં આશ્રય માટેની તેની માંગણી પંડિત ઠુકરાવી દે છે ! પણ દુઃખની વાત એ છે કે એ વખતે તેમની સાથેના લોકો પારીયાના ઘરમાં પગ મૂકવાની સ્પષ્ટ ના પાડે છે ! કારણ કે તે અછૂત છે. ''જો તે તમને માત્ર અડકે તો તેને મારી નાખવું વ્યાજબી છે. જો તેના ઘરમાં આપણે પેશીએ તો નવચાંદ રાત્રે સુધી કોઈપણ દેવદ્વારમાં આપણાથી પગ ન મેલાય અને પવિત્ર થવા માટે ગંગા નદિમાં નવવેલાં સ્નાન કરવું જોઈએ અને બ્રાહ્મણને હાથે તેટલી જ વખત માથાથી તે પગ સુધી ગોમુત્રથી શરીર ધોવાડવું જોઈએ.''[1] આમ છતાં અંગ્રેજ પ્રવાસી પોતાના હિન્દુ સાથીઓને ઈશ્વરને હવાલે કરી વિનાસંકોચે પારીયાનું આતિથ્ય માણે છે. અંગ્રેજ પ્રવાસીને જે હિન્દુસ્તાનની જાણીતી ધાર્મિક પીઠના મહંત પાસેથી નથી મળ્યું તે 'જીવનનું સત્ય' તેને ઝૂંપડામાં રહેતા પારીયા જાતિના છેવાડાના માનવી પાસેથી મળે છે. ડૉ. અરુણા બક્ષીએ નોંધ્યું છે કે 'ઝૂંપડું રીચનેસનું પ્રતીક બને છે.'[2] આ સાચી વાત છે. સત્ય વાત શુદ્ધ અંતઃકરણ સાથે શોધવી તે ફક્ત કુદરતમાંથી મળી શકશે અને માત્ર જે સારા લોકો જિજ્ઞાસુઓ છે તેમને જ કે'વી એવી પારીયાની સરળ જીવન દ્રષ્ટિ અંગ્રેજ પ્રવાસીને સ્પર્શી જાય છે ને હંમેશને માટે યાદગાર બની રહે છે.

આ ઉપરાંત બાળવિધવા બ્રાહ્મણ યુવતી પતિ પાછળ સતી થવા સ્મશાનમાં જઈ બેઠી છે તેને આ પારીયા યુવક બચાવે છે ને તેની સાથે પ્રેમાળ દાંપત્યજીવન જીવે છે. પારીયારના ઉમદા વ્યક્તિત્વ દ્વારા ભારતીય સંસ્કૃતિના હાર્દને અહીં ઉપસાવ્યું છે. અહીં લેખકે આંતરજ્ઞાતિય લગ્નની વાત પણ ગૂંથી લીધી છે એ દ્રષ્ટિએ પણ આ નવલકથા નોંધપાત્ર બને છે. વર્તમાનમાં અતીત ઉઘડતો જાય એ શૈલીથી પારીયાના જીવનની વેદના-સંવેદનાની ગૂંથણી થઈ છે. ટૂંકમાં જાતિગત વિષમતા, સામાજિક યંત્રણા ઉપરાંત પારીયાની ઝૂંપડી, જગન્નાથનું ડેરૂ, પ્રાકૃતિક પરિવેશ વગેરેનું વર્ણન પારસી ગુજરાતી બોલીમાં થયું છે. દલિત ચેતનાના આવિષ્કારની ગુજરાતી સાહિત્યને લગતી વાત કરવી હોય તો ભલે આ અનુવાદ છે તો પણ આ ચેતનાની અભિવ્યક્તિની રીતે નોંધ લેવી જ પડે.

## 'દિવ્યચક્ષુ'-રમણલાલ વસંતલાલ દેસાઈ

રમણલાલ વસંતલાલ દેસાઈએ *'દિવ્યચક્ષુ'* (૧૯૩૨) માં અસ્પૃશ્યતા નિવારણ, સમાજસેવા, સ્વદેશી-આંદોલન, અહિંસાત્મક પ્રતિકાર, સ્ત્રી સ્વાતંત્ર્ય, સભાસરઘસ, પોલીસના અત્યાચાર, અંગ્રેજ અમલદારોની સીધી કે આડકતરી જોહુકમી, રાષ્ટ્રિય ઉત્થાન અને સામાજિક પરિવર્તન વગેરે સમકાલીન વિચારો-ભાવનાઓને આ કૃતિમાં ગૂંથી લીધી છે. સાથે-સાથે અરૂણ-રંજન, અરૂણ -પુષ્પા, સુશીલા-જર્નાદન અને રંજન પ્રત્યે વિમોચનનાં પ્રણયની કથા પણ કહેવાઈ છે.

નવલકથાકારે અહીં ગાંધીજી પ્રેરિત સ્વચ્છતા અભિયાન દ્વારા ભંગી સમાજ પ્રત્યે થઈ રહેલા વ્યવસાયગત ધૃણાને નાબૂદ કરવાનો સભાનપણે પ્રયત્ન કર્યો છે- ''હલકી કોમો ચોખ્ખું પહેરે

૧. હિન્દુસ્તાન મધ્યેનું ઝૂંપડું, અનુવાદ,સોરાબશા મુનસફના, પ્ર.આ.૧૮૬૨, સંપાદન,મધુસૂદન પારેખ, પૃ.૧૯
૨. નિમિત્ત, ડૉ.અરુણા બક્ષી, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૩, પૃ.૧૮

અને ચોખ્ખું બોલે એમાં બીજાઓને શા માટે ખોટું લાગવું જોઈએ તે સમજાતું નથી. તથાપિ હલકી કહેવાતી કોમોના આચાર કે ઉચ્ચારમાં થતો સુધારો ઊંચી ગણાતી કોમો સરળતાથી સહન કરતી નથી એ જાણીતી વાત છે.''[3] અંધપાત્ર ધના ભગત દ્વારા સમાજમાં વ્યાપેલા જાતિભેદ અને છૂઆછૂતને તર્કબદ્ધરૂપે નાબૂદ કરવાનો પ્રયત્ન થયો છે. ધનો ભગવાનનો ભગત છે. તે પોતાના દુશ્મનનો પણ શુભચિંતક-હિતચિંતક છે. એક વખત બજારમાં કોઈ બ્રાહ્મણને અનાયાસ જ અડી જવાથી ધનાભગત અને તેને દિશા બતાવનાર બાળક કિશનને ઢોર માર મારવામાં આવે છે. નૃસિંહલાલ જેવા પોલીસ અધિકારી તેમને રક્ષણ આપવાને બદલે જાતિદ્વેષથી ઘૃણા કરે છે. આ જુલમવૃત્તિના મૂળ એટલાં ઊંડા છે કે એને અઘટિત સમજનારા પુલીસ ઓફિસર નૃસિંહલાલ પણ એને વ્યવહારમાંથી નિર્મૂળ કરી શકતા નથી. '' સાલા ઢેઢ ! હરામખોર અડકે છે; અભડાવે છે અને પાછો સામો થાય છે. એનું ચામડું ચીરી નાખીશ !''[4] આવા અપશબ્દો, અપમાન છતાં ધનો ભગત વિનંતીના સૂરમાં કહે છે-'' આ રહ્યો, બાપા ! છોકરાની ભૂલ થઈ હોય તો હું એના વતીનો એમને પગે પડું છું. છોકરું છે, એને શી સમજ ?''[5] ધનો ભગત પોલીસ ફરિયાદ કરતો નથી પણ ભગવાન બધાનું ભલું કરે એવું કહે છે પણ સવર્ણ અરૂણ ધના ભગતના આ શબ્દો સાંભળીને આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે. પોતાને મારનારનું પણ ભલું ઇચ્છનાર એ ઢેડમાં વધારે બ્રાહ્મણત્વ કે સ્પર્શમાત્રથી અપવિત્ર બની એક અંધ વૃદ્ધ અને બાળકને માર મારનાર બ્રાહ્મણોમાં વધારે બ્રાહ્મણત્વ ? અહીં નાબૂદ થઈ રહેલી મનુષ્યતા પર લેખકે પ્રહાર કર્યો છે જે એક મનુષ્ય બીજા મનુષ્યના માત્ર સ્પર્શ માત્રથી અપવિત્ર બની જાય એમાં સત્ય કેટલું ? માત્ર બાહ્ય વ્યવહારની સ્થૂળ ભૂમિકાએ નહીં, દેખાડો કરવા ખાતર નહીં પણ માનસિક ભૂમિકાએ આભડછેટનો ભાવ ન રહે તો જ આ ઉપેક્ષિત વર્ગને શોષણમાંથી મુક્તિ મળી કહેવાય એ સત્ય લેખકના ધ્યાન બહાર નથી. ચુસ્ત વૈષ્ણવ ધનસુખલાલ અહીં એ મનોભૂમિકાયે મુકાય છે. કિશનને સારું થઈ જાય એ માટે પુષ્પા માનતા રાખે છે ત્યારે તેને લઈને હરિ મંદિરમાં દર્શન કરાવવા લઈ જવાની છૂટ ધનસુખલાલ આપે છે. તાવમાં સપડાયેલા કિસનની ખબર કાઢી આવ્યા પછી એમના મનમાં પ્રશ્ન થાય છે-''આટલું જઈ આવ્યા તે શું બસ હતું ? તેને ઝૂંપડી કેમ ન છોડાવાય ? તેને સારામાં સારી હવાનો લાભ કેમ ન અપાય ? તેને અડકીને બરફ કેમ ન મુકાય ?'' આ દલિતોને સામાજિક ન્યાય આપવાની જ વાત છે. અરૂણ અને જનાર્દને પણ અસ્પૃશ્ય તથા સ્ત્રીઓને પણ સ્વાતંત્ર્ય લડતના અભિયાનમાં સમાન સ્થાન અપાવ્યુ. રંજનને પણ ભગત અને કિસન પ્રત્યે સહાનુભૂતિ થાય છે. કિસનની ખબર પૂછીને ઘેર આવેલી સુશીલા સ્નાન કરે છે ત્યારે રંજનને એમ લાગે છે કે આમ કરીને તો એ આખા દલિત સમાજનું અપમાન કરી રહી છે. સુશીલા પોતે પણ પછી પૂજા કરતી વખતે એમ અનુભવે છે કે ઠાકોરજી જાણે હસતાં હસતાં પૂછે છે કે, 'અંત્યજની સારવાર દેહને પવિત્ર બનાવે કે માત્ર સ્નાન ?' અને આ યુવાન વિધવાને સત્ય સમજાય છે કે અસ્પૃશ્યતા પણ ફરજિયાત વૈધવ્ય સરખું જ શોષણકૃત્ય છે. ટૂંકમાં લેખકે સવર્ણ પાત્રોની બદલાતી માનસિકતાનો પરિચય કરાવ્યો છે પણ સવર્ણ માનસિકતા સંપૂર્ણ બદલાઈ છે એવું નથી. કેટલાંક પાત્રોના મનમાં ઊંડે-ઊંડે પણ અસ્પૃશ્યતા રહેલી જોઈ શકાય છે.

---

૩. દિવ્યચક્ષુ, રમણલાલ વસંતલાલ દેસાઈ, પંદરમી આવૃત્તિ, ૧૯૮૧, પૃ.૪,૫

૪. એજન, પૃ. ૯૫

૫. એજન, પૃ.૯૮

દલિતોમાં પણ આત્મગૌરવ, સ્વાભિમાન, સ્વમાનની લાગણી છે તે પણ લેખકે દર્શાવ્યું છે. જ્યારે રંજન કિસન અને ભગત પ્રત્યે સહાનુભૂતિ બતાવતા બે રૂપિયા આપવા માંડે છે ત્યારે કિસન લેવાની ના પાડે છે : ''ના બા ! અમે માંગણ નથી.'' આ ઉપરાંત ધનાભગત વારંવાર કહે છે – 'અમે હલકી જાત પડ્યા' એ પણ કિસનને ગમતું નથી. આમ, આવનારી પેઢી દલિત સ્થિતિમાંથી કદાચ મુક્ત થઈ શકશે એવી શ્રદ્ધાના અણસાર અહીં જોઈ શકાય છે. ભાષા સરળ છે પણ અહીં વિષયવસ્તુનું સંયોજન અસરકારક બન્યું નથી.

## 'ગ્રામલક્ષ્મી'-રમણલાલ વસંતલાલ દેસાઈ

ર.વ.દેસાઈની *'ગ્રામલક્ષ્મી'*માં તત્કાલીન સમાજમાં પ્રવર્તમાન દૂષણને દૂર કરવા ગ્રામોદ્ધારના અનેક કાર્યક્રમો શિક્ષિત કથાનાયક અશ્વિન દ્વારા કરાવી બદલાતા ગ્રામ્યજીવનની ઝાંખી કરાવી છે. નોકરી મેળવવામાં નિષ્ફળતા મળતા અશ્વિન તળાવમાં ડૂબીને આપઘાત કરવાનો પ્રયત્ન કરે છે; ત્યાં તેની સમક્ષ ગ્રામલક્ષ્મી પ્રગટ થઈને તેને ગામડાની સેવા કરવાનો આદેશ આપે છે. ત્યાર પછી ગામડાના ઉધ્ધાર માટે તે એક પછી એક કાર્યો આરંભે છે. જેવાકે શિક્ષણ, ગ્રામસફાઈ, સ્ત્રી ચેતના, વિધવા વિવાહ, હિન્દુ-મુસ્લિમ ઐક્ય અને અસ્પૃશ્યતા નિવારણ વગેરે. 'દિવ્યચક્ષુ'ની જેમ આ નવલકથામાં પણ અસ્પૃશ્યતાનો પ્રશ્ન ગૌણ રૂપે રજૂ થયો છે. ભીલ અને કોળી જાતિના મજૂરો ન મળે ત્યારે જ અંત્યજને કામે રાખે છે અને એ સંજોગોમાં પણ એમના પ્રત્યેનો તિરસ્કાર તો દૂર થતો જ નથી. રામા પટેલ અને તેમના પુત્રોનો કાનજી સાથેનો વ્યવહાર આનાં દષ્ટાતો છે. અંત્યજોને એટલો શારીરિક, માનસિક ત્રાસ આપે છે કે ખુદ કાનજીએ પણ પોતાની જાતને અસ્પર્શ્ય તરીકે સ્વીકારી લીધી છે. એ આ પરિસ્થિતિની સૌથી મોટી કરુણતા છે. આ શોષણ, અપમાન કેટલી હદનું છે તે જોઈએ- ખેતરેથી પાછાં ફરતા અશ્વિન જુએ છે કે અત્યંજને ગામને કૂવેથી પાણી ભરવાનો હક્ક નથી. તેની વિનવણીઓ ઊજળિયાત સ્ત્રીઓ લક્ષમાં લેતી નથી અને કૂવો કોઈ સમારાવી આપતું નથી તેમ બીજો કૂવો કરાવવા જેટલા પૈસા તેમની પાસે નથી ! સવર્ણોની નફટાઈ તો ત્યારે જોવા મળે છે જ્યારે તળાવની તૂટેલી પાળીમાંથી ધસતાં પાણીને રોકવા વણકર કાનજી વિષ્ણુરામના હાથમાંથી ડાંગ લે છે તેથી ગુસ્સે થઈને વિષ્ણુરામ તેને તળાવમાં ધકેલી દે છે.

આમ, ગ્રામોદ્ધારની વાત કથારૂપે ગૂંથતા લેખકે ગામડામાં પ્રવર્તમાન પરિસ્થિતિની તીક્ષ્ણતા વેધક રીતે આલેખી છે.

ઝવેરચંદ મેઘાણીની 'સોરઠ તારાં વહેતાં પાણી'(૧૯૩૭), 'વસુંધરાના વહાલા દવલા' (૧૯૩૭) અને 'કાળચક્ર'(૧૯૪૭) માં દલિત સમસ્યાનું નિરૂપણ જોવા મળે છે.

'સોરઠ તારાં વહેતાં પાણી' ઓગણીસમી સદીના અસ્ત અને વીસમી સદીના ઉઘાડના સમયની સોરઠી જીવનની વાતાવરણ પ્રધાન પ્રાદેશિક નવલકથા છે. અહીં વેઠિયાઓનું દારુણ ચિત્ર છે. 'વસુંધરાના વહાલા દવલા'માં દલિત સંઘર્ષ અભિનિવેશપૂર્વક નિરૂપાયો છે. અમરચંદ શેઠ એક તરફ તેજુના પિતાને

ગામમાંથી કઢાવવાના પેતરા ઘડે છે અને બીજી તરફ કપાસની ચોરી કરાવવામાં એનો ઉપયોગ કરે છે. જે લોકો વિષયવાસનાથી પ્રેરાઈને તેજુના તંબુની આસપાસ આંટાફેરા કરે છે તેઓ જ તેને માનવ-ભક્ષિણી કહીને ગામમાંથી હાંકી કાઢે છે ! આમ, આ પ્રસંગ ઉપરથી એવું કહી શકાય કે દલિતોની યાતનાઓ, પીડાઓ માટે સમાજનો ઉપલો વર્ગ જ જવાબદાર છે. પ્રતાપ શેઠે તેજુનું શીયળ લૂંટ્યું છે, તેના પુત્રને રઝળાવ્યો છે, ગરીબો પીડિતોને લૂંટવાનું કે સગર્ભા સ્ત્રીઓને ઘરબહાર કાઢીને કરજ વસૂલ કરવામાં સંકોચ, શરમ અનુભવતા નથી. લખડીનું પણ શોષણ થાય છે. તે વેચાય છે, જેલમાં જાય છે, જાત વેચ્યા છતાં એના પૈસા મળતા નથી. શિલા અને નંદુને પણ ભૂખના દુ:ખે અને ધનિકો દ્વારા થતાં એમના શોષણે જ અવળે માર્ગે વાળ્યાં છે.

આ ઉપરાંત તેમની 'કાળચક્ર' ૧૯૪૦-૫૦ના સમયની સામાજિક સમસ્યાઓને આલેખતી નવલકથા છે. આ નવલકથામાં મિલટરીમાં 'સીપર'ની નોકરી કરતો ભંગી યુવક વિમળા વાણિયણને એના પતિના સમાચાર આપવા જાય છે ત્યારે વાસના અન્ય છોકરાં ભલે નીચે બેસે એ વટથી ખાટલે બેસે છે ! રેલવેમાં 'આઈડેન્ટી કાર્ડ' બતાવીને કોઈથી ગભરાતો નથી ! 'કાળચક્ર' દલિત ચેતનાની નોંધપાત્ર નવલકથા છે.

## 'કલ્પવૃક્ષ'-ઈશ્વર પેટલીકર

ઈશ્વર પેટલીકર રચિત *'કલ્પવૃક્ષ'*(૧૯૫૬)માં ગુજરાતના ખેડા જિલ્લાના વણકરોની આપવીતી છે. તત્કાલીન હરિજન સમાજનું વેધક ચિત્ર અહીં ઉપસાવાયું છે. 'કથાનાયક' વડોદરાના છાત્રાલયમાં ભણતો યુવાન ગણેશ છે. ''સ્વરાજ્ય અવ્યું છે. હરિજનોને બીજા નાગરિક જેટલા હક્ક મળ્યા છે પરંતુ એ હક્કનો ભોગવટો કરી શકે તેવી સ્થિતિ હરિજનોમાં આવી નથી. આજે સમાજ એ માટે તૈયાર નથી. આ સ્થિતિમાં તમારા જેવા ભણેલા વર્ગની જવાબદારી અનેકગણી છે. આજે પચ્ચીસ વર્ષથી આ છાત્રાલય ચાલે છે છતાંય એનો ગૃહપતિ તમારામાંથી આવ્યો નથી. અમે સવર્ણો ગમે તેટલી આ ક્ષેત્રે સેવા કરીએ પણ તમારામાંથી જો સેવકો નહીં આવે તો ઝડપી કામ થવાનું નથી..... સવર્ણો સેવા કરશે પણ તે ઉપર ઉપર જ, અંદરના ઊંડાણની એમને ખબર નહિ પડવાની અને પડશે તો પણ એને બાળી દેવા જેવો વડવાગ્નિ એમના સેવાકુંડમાં પ્રકટવાનો નહિ. કોઈ વર્ગની નક્કર સેવા તે વર્ગનો માણસ જ કરી શકે.''[૬] જીવણબાપાનું આ વકતવ્ય સાંભળીને દલિત યુવાન ગણેશ બી.એ.ની પરીક્ષાને આગલે દિવસે, ડિગ્રીની ચિંતા કર્યા વગર, પોતાના વણકરવાસમાં સેવા કરવા પહોંચી જાય છે અને અસ્પૃશ્યતા નિવારણ માટે તન અને મનથી પ્રયત્ન કરવા લાગી જાય છે. તેના આ કાર્યમાં અનેક અવરોધો, મુશ્કેલીઓ પણ આવે છે. સવર્ણ 'મોટાભાઈ' પોતાની ખળીમાં કામ કરતા દલિત કોમના લોકોને રોજીરોટી છીનવી

૬. કલ્પવૃક્ષ, ઈશ્વર પેટલીકર, પ્ર.આ. ૧૯૫૬, પૃ.૬૭

લેવાની ધમકી આપીને ગણેશને સાથ-સહકાર આપતા રોકે છે પરંતુ બીજી તરફ સવર્ણ વિધવા સરલાનો એ જ ગામની ભાણી હોવાને નાતે તેને સાથ-સહકાર મળી રહે છે. સરલા હરિજન આશ્રમની પ્રવૃત્તિઓ દ્વારા ખરા અર્થમાં અસ્પૃશ્યતા નિવારવા કટિબદ્ધ છે. ગણેશ પોતાના સમાજ પ્રત્યે પ્રતિબદ્ધ છે. બીજી તરફ એમના જ સમાજના કેળવણી પામેલ વિદ્યાર્થીઓ પોતાના જ ભાઈ-ભાંડરુઓ માટે લડવાને બદલે પોતાની આર્થિક સ્થિતિ સુધારવામાં રચ્યા-પચ્યા રહે છે ને એક જુદો ચોકો કરે છે. તેથી ગ્રામજીવન જીવતા હરિજનોની સ્થિતિ વધુ કરુણ બને છે પણ આ બાબતથી ગણેશ વાકેફ છે એટલે એ પોતાના જ વાસથી અસ્પૃશ્યતા નિવારવાનો પ્રયત્ન કરે છે. એ કોઈ પર ઉપકાર કરવા નહીં પરંતુ પોતાની ગરજે આ પ્રવૃત્તિમાં જોડાયો છે. આથી એ ગરજ એને હતાશ થવા દેતી નથી. ગણેશ જ્યારે ભંગીને ત્યાં પાણી પીને આવે છે ત્યારે તેની સાથે જે ગામલોકો હતા તે પણ એના પર ખ્રિસ્તી થયાનો મુકાયેલ આરોપ સાચો માની લે છે અને એને પજવે છે પણ ગણેશ તો ડર્યા વિના કહે છે, ''આપણે જો ભંગીને સરખા હક્ક આપવા તૈયાર ન હોઈએ તો સવર્ણો પાસે અસ્પૃશ્યતા ટાળવાનું કહીએ તે શોભે નહિ.''[૭] પણ અંતે તો ગામના મોટાભાઈ ગણેશને સરલા સાથે સબંધ છે ને તેને વગોવે છે ને ગણેશને હંમેશને માટે અદશ્ય કરવામાં સફળ રહે છે.

અહીં દલિત સમાજના રોજબરોજના જીવનનું તાદશ ચિત્ર ઉપસ્યું છે. ગણેશ, સરલા, મોટાભાઈ, મૂળચંદ, ચંદુ વગેરે પાત્રો જીવંત લાગે છે. વાસ્તવના નિરૂપણમાં સર્જકની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિનો પરિચય થાય છે. હરિજનોની સ્થિતિનું એક વર્ણન તપાસીએ ''સવર્ણનો જૂનો સમાજ મિથ્યાભિમાની છે, ત્યારે નવો વર્ગ ડરપોક છે અને આજે જે ડરપોક છે તે જૂનો થતાં મિથ્યાભિમાની નહિ થાય તેની શી ખાતરી ? હરિજનોનો જૂનો સમાજ ડરપોક છે ત્યારે નવો ભણેલો વર્ગ મિથ્યાભિમાની છે. એની પાસે સહેજ ભણતર આવતાં અને આર્થિક સ્થિતિ સહેજ સારી થતાં એ પોતાની જાતને પોતાના અભણ જાતિભાઈઓ કરતાં મોટો માનવા લાગ્યો છે. એનાથી દૂર ખસતો જાય છે.'[૮] સર્જકનું આ અવલોકન આજે પણ એટલું જ પ્રસ્તુત લાગે છે. વાસ્તવદર્શી વર્ણનશૈલીને કારણે પણ આ નવલકથા નોંધપાત્ર છે. પાત્રોચિત બોલીનો સમર્થ વિનિયોગ થયો છે કથામાં. નવલકથાકારની સૂત્રાત્મક કે ચિત્રાત્મક અભિવ્યક્તિમાં પ્રકટતું ભાષાકૌશલ પણ ધ્યાનપાત્ર છે. દા.ત.

'' થોરિયાનું ડિંગલું કાપી નાંખવું અને ઢેડું કાપી નાંખવું સરખું''[૯]

''હરિજન લોકો તો દબાયેલી, કચડાયેલી પ્રજા ઉજળિયાત લોકો ખાસડું મારે તોય ખંખેરીને પાછું આપે તેટલી ગુલામ''[૧૦]

૭. કલ્પવૃક્ષ, ઈશ્વર પેટલીકર, પૃ.૮૦
૮. એજન, પૃ.૧૨૫
૯. એજન, પૃ.૧૪૦
૧૦. એજન, પૃ.૧૨૩

## 'અંતરપટ'-'સ્નેહરશ્મિ', ઝીણાભાઈ રતનજી દેસાઈ

સ્નેહરશ્મિની *'અંતરપટ'* (૧૯૬૧) ગાંધીવિચાર પ્રભાવ હેઠળ હરિજન સમસ્યા સાથે સંકળાયેલી નવલકથા છે. કથાનાયિકા પની ને કથાનાયક કેશુ હરિજન જ્ઞાતિનાં છે. પન્ના-પની પિતાના આગ્રહથી શહેરના કન્યાગૃહમાં શિક્ષણ મેળવીને શિક્ષિત યુવક કેશુ સાથે લગ્ન કરે છે. તત્કાલીન સમાજમાં રહેલા અસમાનતાના ખ્યાલોમાં વારંવાર ભોગ બનવાનું પનીને ભાગે આવ્યું છે અને એનો સામનો પણ એ કરે છે. અપમાનોની પરંપરા પછી પતિની પ્રતિષ્ઠાને કારણે મુંબઈના જીવનમાં પની સમ્માન પામે છે. પની પોતાના ગામના બ્રાહ્મણ યુવક નરહરિથી આકર્ષાય છે. એથી દાંપત્ય જીવનમાં ગૂંચો ઊભી થાય છે. વાર્તાના અંતે મૃત્યુક્ષણોને જીવતા કેશુના પ્રેમના અનુભવથી પતિ-પત્ની વચ્ચેનો અંતરપટ છેદાય છે. કાર દુર્ઘટનામાં ઘવાયેલો કેશુ અંતે મૃત્યુ પામે છે. કેશુનું મૃત્યુ પની પર એક ઘેરી છાયા છોડી જાય છે. વાર્તાનું કથાવસ્તું સર્જકની પાત્રો સાથે સધાયેલી સંવેદનાને કારણે રસપ્રદ બન્યુ છે. ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાએ કહ્યું છે તેમ... "આવા કથાવસ્તુને અહીં નર્મદા, મનહર, પની, કેશુ અને ફરી પની એમ પાત્ર મુખે વિઘટિત કર્યું છે અને વિવિધ પાત્રગત દૃષ્ટિબિંદુઓ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે.[11] અહીં નિરૂપાયેલી હરિજનોની સ્થિતિના વર્ણન પાછળ લેખકનો હેતુ સામાજિક સમસ્યાના ઉકેલનો નથી પણ સમસ્યા અંગેના પોતાના સંવેદનનો છે. લેખકે પોતે જીવન જે રીતે જોયું છે અને એનાથી એણે જે સંવેદના અનુભવી છે તેને વાચા આપવી છે.

આ ઉપરાંત નથવાણી મોહનલાલની 'આખરે' (૧૯૪૦) દલિતવર્ગની નાયિકા લખમીનો જીવન સંઘર્ષ અને તજજન્ય કરુણનું નિરૂપણ કરતી નવલકથા છે. વ્યાપક સંદર્ભમાં સામાજિક શોષણની વાત ભોગીન્દ્રરાવ દિવેટીયાએ પણ એમની 'ઉષાકાન્ત' નવલકથામાં કરી છે. મંજુ, સરોજ અને સરલા પીડિત, ગરીબ લોકોના મહોલ્લામાં જઈને તેમની કરુણ સ્થિતિ નજરો નજર નિહાળે છે.

આમ, દલિત વિષયવસ્તુ, દલિત પાત્રો, દલિત સમસ્યા અને દલિત સંવેદના અભિવ્યકત કરતી નવલકથાઓ ગાંધીયુગના દલિતેતર લેખકો દ્વારા સહાનુભૂતિપૂર્વક ઠીક-ઠીક લખાઈ છે.

## ૪.૨ દલિત સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬)

ઈ.સ. ૧૯૭૫માં ઈન્દિરા ગાંધી દ્વારા લદાયેલી કટોકટી, એ પૂર્વે અને સમાંતરે દલિતો માટે આવેલી વિવિધ સરકારી યોજનાઓ ૧૯૭૫ પછીની સરકારોની કાળી અને ઊજળી બાજુ બતાવે છે. સરકારી યોજનાઓ દલિત વર્ગ માટે જે આવી તેના વડે દલિતોનો વિકાસ શકય હતો પરંતુ આ યોજનાઓનું લક્ષ દલિતોનું કલ્યાણ કરવાના બદલે દલિતોની મતબેંક લેવાનું વિશેષ હતું. પરિણામે એ યોજનાઓ કાગનો વાઘ બની ! અને આટઆટલી યોજનાઓ હોવા છતાં મોટા ભાગનો દલિતવર્ગ ઠેરનો ઠેર જ દેખાયો. તો બીજી તરફ ઉજળિયાતોને એમ થયું કે આ દલિતો સરકારના જમાઈ છે !

---

૧૧. ગુજરાતી સાહિત્યકોશ, ભાગ-૨, પૃ.૧૬

હકીકતે તો આ યોજનાઓ વડે દલિતના ખૂબ જ ઓછા ટકા લોકોનું કલ્યાણ થયું હતું અને ઉજળિયાતો છંછેડાયા હતા. પરિણામે દલિત ઉજળિયાતના ક્યારેય નહોતા થયા તેવા સંઘર્ષો શરૂ થયા. ૧૯૮૧ અને ૧૯૮૫ના વ્યાપકપણે થયેલાં અનામત આંદોલનને ઉદાહરણરૂપે લઈ શકાય. ગોલાણા કે સાંબરડા જેવી હકીકતોએ આજેય શંબૂકવધ કે ખાંડવવન બાળવાની પ્રક્રિયા બની રહી છે તેની પ્રતીતિ થવા માંડી. આઝાદી પછી દલિતોની અસ્મિતા કે અસ્તિત્વની જે ચિંતા ડૉ.આંબેડકરને હતી તે ચિંતા એના ભયાનક સ્વરૂપે સંવેદનશીલ દલિત બૌદ્ધિકોને લાગવા માંડી, બીજી તરફ આ દલિતવર્ગના છોકરાઓ હવે યુનિવર્સિટી શિક્ષણ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. પરિણામે એમને પોતાની આ કાળઝાળ અભિવ્યક્તિ માટે જેમ હંમેશા બનતું હોય છે તેમ પ્રથમ કવિતા હાથ લાગી પરંતુ આપણે અગાઉ જોયું તેમ પૂરી માંસલતા માટે નવલકથાનું સ્વરૂપ જ અનિવાર્ય હતું અને ૧૯૮૫નું આંદોલન પૂરું થતાં જ આપણને ૧૯૮૬માં દલિત અને બિનદલિત બેઉ રચનાકારો પાસેથી અનુક્રમે 'આંગળિયાત' (જોસેફ મેકવાન) અને 'બદલાતી ક્ષિતિજ' (જયંત ગાડીત) પ્રાપ્ત થઈ. એની પરંપરામાં, દલિત સર્જકો પાસેથી મારી પરણેતર-જોસેફ મેકવાન 'મલક''ગીધ','ભળભાંખળું'-દલપત ચૌહાણ, 'તિરાડ', 'ચોકી'-હરીશ મંગલમ્, 'મૂળ અને ધૂળ', 'શૂળ'-બી. કેશરશિવમ્, 'નેળિયું', 'પ્રિયતમા' ભાગ-૧,૨, 'ડાયા પશાની વાડી'-મોહન પરમાર, 'અસ્તિત્વ'-ગણેશ આચાર્ય, 'શોષ'-દક્ષા દામોદર, 'કીડીએ ખોંખારો ખાધો'-દિનુ ભદ્રેસરિયા, 'ગેબીટીંબો-કાંતિલાલ પરમાર' વગેરે કૃતિઓ પ્રાપ્ત થાય છે.

આ રચનાઓ કયું વિશ્વ ઊભું કરે છે તે હું આ ખંડમાં તપાસીશ.

## 'આંગળિયાત'-જોસેફ મેકવાન

જોસેફ મેકવાને *'મારી ધરતીની મહેક'* શીર્ષક અંતર્ગત પ્રસ્તાવનામાં લખ્યું છે- ''૧૯૩૫ થી માંડી ૧૯૬૦ સુધીના અઢી દાયકાની આ કથામાં સામાજિક અન્યાય અને ઉવેખાયેલી એક જાતિ પ્રત્યેના સંપન્ન સવર્ણોના હાડોહાડ દ્વેષનો પણ ચિતાર છે.''[૧૨] અહીં ખેડા જિલ્લાના શીલાપર, રત્નાપર અને કેડરિયા જેવા ગામડામાં વસતા પટેલ, ઠાકોર લોકો દ્વારા સદીઓથી જેને અસ્પૃશ્ય ગણવામાં આવે છે એવા વણકર સમાજના જીવનસંઘર્ષનું સૌપ્રથમવાર નિરૂપણ થયું છે. વણકર સમાજના પારિવારિક, સામાજિક, આર્થિક અવદશા, ગરીબાઈ, લાચારી, વ્યથા, કાયરતા-ભીરુતા, મજબૂરી, નબળાઈઓ, મૂંઝવણ, મથામણ, આંતરિક દ્વંદ્વ, તેમના વ્યવસાય, સ્વાભિમાન, ખુમારી, ખાનદાની, પ્રણય સંબંધો, અન્ય સવર્ણ લોકો સાથેના તેમના સંબંધો અને સંઘર્ષોનું વાસ્તવિક અને મર્મસ્પર્શીત નિરૂપણ થયું છે. 'આંગળિયાત' પટેલ, ઠાકોર અને વણકર જાતિ વચ્ચે થતાં સંઘર્ષની કથા છે. આ સંઘર્ષની સાથે-સાથે વણકર ટીહા અને મેઠીની પ્રણયકથા સાંકળી લીધી છે.

ટીહો હાથસાળ પર કાપડ વણવાનો ધંધો કરે છે. વણાટકામ કરતાં-કરતાં કાપડની ફેરી કરવા પણ આજુબાજુના ગામડાંમાં વાલજી સાથે જાય છે. એક દિવસ શીલાપર ગામમાં ટીહો અને

૧૨. આંગળિયાત, જોસેફ મેકવાન, આર.આર.શેઠની કંપની, પુર્નમુદ્રણ-૨૦૦૩, પ્રસ્તાવના 'મારી ધરતીની મહેક', પૃ.૧૦

વાલજી કાપડની હરાજી કરતા હતા ત્યારે મેઘજી પટેલનો દીકરો પોતાની જ્ઞાતિની કુંવારી કન્યાનું માટલું ફોડી નાંખે છે. આથી ટીહો શીલાપરના પટેલો સાથે ઝઘડો વ્હોરી લે છે. અહીંથી સંઘર્ષનો આરંભ છે અને બંને વચ્ચેનો સંવાદ વેધક ને માર્મિક છે. આ સંઘર્ષમાં ટીહાની બહાદુરી, સ્વાભિમાન પ્રગટ થાય છે પણ આ ઝઘડામાં ટીહાનું માથું ફૂટે છે. આ ઘટનાનો ઉગ્ર પ્રત્યાઘાત પડે છે. ટીહો મેઠીની લાજ-મર્યાદા સાચવવા જાનનું જોખમ ખેડે છે પણ લોહીલુહાણ હાલતમાં વણકર વાસમાં આવે છે ત્યારે તેના નાતભાઈઓ તેની ખબર-અંતર પૂછવાને બદલે સ્ત્રીઓ તો ઠીક પુરુષો પણ પોતપોતાના ઘરમાં ભરાઈ જાય છે ! વણકર લોકોનું માનસ એટલું બધું ભીરુ છે કે સવર્ણો તેમની બહેન-દીકરીની ભરીબજારે મશ્કરી કરે, લાજ લૂંટે તોય તેઓ ચૂં કે ચા કરી શકતા નથી ! ટીહા જેવા હિંમત કરીને, જાનને જોખમમાં મૂકીને રક્ષા કરે તોય તેને મહોલ્લામાં આસરો આપવાનું તો ઠીક છે પણ 'ટીહાભાઈ ! તમે અમારી લાજ રાછી !' એટલો હરખ દાખવવાની હામેય કોઈ નહોતું ભીડતું ! આમ તો એંસી ઘરનો મહોલ્લો હતો ને સંપીલો બને તો પટેલોનાં પચ્ચીસ ઘર કાંઈ વિસાતમાં નહોતાં છતાં પણ ગભરાય છે, કારણ કે પૈસો પટેલોની પાસે હતો. પહોંચ એમની લાંબી હતી. પોલીસ પણ એમના હાથમાં હતી. માત્ર ઠાકોરોની લાંબી વસતી હોવાના કારણે એ દબાયા ચંપાયા રહેતા હતા ને પૈસા- ટકાની વાતે ઠાકોરોય એમના આશ્રિત હતા. ટીહાને મહોલ્લામાં આસરો આપે તો પટેલો મહોલ્લો જ ધખાવી નાખે એનો ભય પણ એમને હતો. 'અ પોંણીમાં રે'વુને મગર હંગાથ વેર ગાંઠવું ' તેમની વ્યવહારની રીતે મૂર્ખામી હતી. તે પટેલોનો ખોફ વહોરવા માંગતા નથી. પોતાના જ નાતભાઈઓના આ પ્રકારના વ્યવહાર- વર્તનથી ટીહાને તેના પર ફિટકાર વરસ્યો. તો બીજી તરફ એક પરગામી 'વહવાયો' ગામમાં આવી પટેલને માટે ? ઠાકોરની વધારે વસ્તીવાળા ગામમાં ધૂળસંગ ઠાકોર મુખી છે. ધૂળસંગ ગામના ચોરે બધાને ભેગા કરી, વાલજી અને ટીહાને પણ ચોરે બોલાવે છે. મુખી ટીહાને રૂા. ૧૫૦નો દંડ કરી શીલાપર ગામમાં આવવા પર પ્રતિબંધ મૂકે છે. જોકે ટીહાનું આ પરાક્રમ શીલાપરના હીરા ખાનજીની દીકરી મેઠીનાં મનમાં વસી જાય છે. તે વાલજી અને ટીહાને ઘેર લઈ જાય છે. ત્યાં ટીહાની સેવા કરે છે. અહીંથી જ કથામાં વર્ગસંઘર્ષની સાથે-સાથે પ્રણય સંઘર્ષ પણ શરૂ થાય છે. મેઠી અને ટીહાના પ્રણય સંબંધની વાત જાણ્યા પછી મેઘજી પટેલ અને એના સાગરીતો મેઠીને એના બાળપરણેતર ચૂંથિયાને ત્યાં (કેડરિયા) મોકલી આપવાના પેંતરા ઘડે છે. કરુણતા તો એ છે કે આ ષડ્યંત્રમાં મેઠીની નાતનો ખુશલો ખાંટ પણ ભળે છે.અહીં બાહ્યદ્વંદ્વ તો છે જ પણ લેખકે ખુશાલ ખાંટના પાત્ર નિમિત્તે સમાજના આંતર દ્વંદ્વને પણ વણી લીધો છે. વણકરોની દુર્દશા માટે સવર્ણો જેટલા જવાબદાર છે એટલા વણકરો પણ છે જ. પોતાના સમાજની વાત લેખકે નિર્ભયતાથી કરી છે. બીજી એક નોંધપાત્ર બાબત એ પણ છે કે લેખક વણકરોના વ્યવહારમાં પટેલોના હસ્તક્ષેપને દર્શાવવાનું પણ ચૂક્યા નથી. જે આપણને જુગારી, દારૂડિયા, હરામહાડકાના ચૂંથિયાના આ વિધાનમાં જોવા મળે છે: ''શીલાપરમાં વહવાયાંએ એમની છોકરીઓના વે'વાર તમન પટલાં ન હોપ્યા છે ?''[૧૩] વણકરોના વ્યવહારમાં પટેલોની વધુ પડતી દખલગીરી એના આઘાત - પ્રત્યાઘાત વગેરેનું ઝીણવટપૂર્વક નિરૂપણ થયું છે.

---

૧૩. આંગળિયાત, પૃ.૪૫

મેઠી સાથે પ્રણયસંબંધ બાંધવાથી ભવિષ્યમાં આવનાર આફતોથી વાકેફ હોવા છતાં મેઠીના કહેણથી ટીહો પોતાના મિત્ર વાલજી અને દાનજીની મદદથી પૂનમના દિવસે ગોલાની ગાડીમાં તેનું અપહરણ કરવાનું નક્કી કરે છે પણ ગોલો મેટાડોળવાળો રણછોડ ડેલાવાળા અને મેઘજી પટેલના કાવતરામાં ભળેલો છે. ગોલાવાળાની શઠતાને કારણે વાલજી કેડરિયાની વાટે મોટર પાછળ દોડતા ને મોટર પર ચઢી જઈ સામનો કરતા વાલજીના માથે ઝાડનું ભારે ડાળ અથડાતા તે મૃત્યુ પામે છે. આ યોજનામાં સામેલ બધાને સજા થાય છે. આ ઘટનાથી કથામાં જોરદાર વળાંક આવવો જોઈતો હતો પણ એવું થતું નથી ને કથાનો ઉત્તરાર્ધ બિનજરૂરી લંબાવાયો છે. વાલાના કમોતથી કંકુ વિધવા બને છે, ભવાન ભગતના કહેવાથી ટીહો દાનાને ભાભી કંકુ સાથે દિયરવટું કરવા માટે સમજાવે છે. ત્યારે ભાભીને અપાર ચાહતો દાનો ટીહા પર ગુસ્સે થઈ જાય છે, તે જ વખતે ત્યાં આવી પહોંચેલ કંકુ કહે છે, '' આટલું કે'તા એમના કાળજે શાં - શાં વીતક વીત્યાં હશે એ તમે ના નાણ્યાં દાન, એટલ જ એમન પીડ્યાનું પાપ વો'રી બેઠા . તમારા ભઈની આબરૂ અકબંધ રાખવી હોય તો મારો મનખો શણગારો, એ વના તમારો, મારો કે ટીહાભઈનો છૂટકો જ નથી.[૧૪] કંકુનો આ વ્યવહારું માર્ગ છે, એક સમજદાર નારીના દર્શન થાય છે પણ ટીહા અને દાના વચ્ચે લગ્નસંબંધની વાતચીત ચાલતી હોય ને કંકુ ઓચિંતિ જ આવી પહોંચે એ યોગાનુયોગ લાગે છે. પ્રતીતિકર લાગતું નથી. ટીહાને અનહદ ચાહતી મેઠી પણ ના છૂટકે ચુંથિયાની સાથે જીવન ગાળે છે. ચુંથિયાને સુધારે પણ છે. બાળકને જન્મ આપે છે. મેઠી દાયણ તરીકેનું કામ કરી દુશ્મન ખુશાલ ખાંટનો પણ પ્રેમ મેળવે છે. પતિ ચુંથિયો ફરી પાછો ગંદી લતે ચઢે છે, તેનાથી ત્રાસી તે આત્મહત્યા કરવા કૂવા પાસે જાય છે ને એજ ક્ષણે ટીહાના ત્યાં આવી જવાથી તે બચી જાય છે ! ટીહો તેને રત્નાપર લઈ જાય છે. કંકુ, મેઠી મળીને ટીહાના વાલી સાથે લગ્ન કરાવે છે. વાલી અને મેઠી વચ્ચે અનેકવાર કલેશ પણ થાય છે. વાલીના પોતાના જ બે પુત્રો સાથે સતત ઝઘડા થયા કરે છે. જીવણના કંકુની બહેન સાથે લગ્ન ગોઠવાય છે. કથાના ઉત્તરાર્ધમાં વાલાના મૃત્યુ પછી ન પરણવું- પરણાવવાની ખેંચતાણ નવલકથાનો મોટો ભાગ રોકી લે છે. કથાન્તે સ્વરાજ પ્રાપ્તિ પછી ડેલાવાળાને મિનિસ્ટરનું પદ મળે છે. ડેલાવાળાનો ભત્રીજો મોહન સરપંચ બને છે. એ સમય દરમિયાન જ ટીહો ગજિયા લઈને ગામમાં હરાજી કરવા જાય છે. પહેલા મોહને બે 'મોદયો ' મંગાવેલી પણ ટીહાએ ઘસીને ના પાડેલી, આથી તેના મનમાં વરસોનો ખાર ભરેલો હતો ને એ જ ટીહો આજે ચોરા આગળ હરાજી કરવા બેઠો હતો. હરાજીના બોલ શરૂ થતાં વેંત મુખીએ એને તુંકાર્યો. પોતાનું અહમ્ ઘવાતા સરપંચ તેની સાથે ઝગડો કરે છે. ટીહો ઘવાય છે ને બેભાન થઈ જાય છે પણ સરપંચની પહોંચને કારણે કોઈ પણ ડૉક્ટર તેની સારવાર કરવા માટે તૈયાર થતા નથી, પોલીસ ફરિયાદ નોંધતી નથી ! સમયસર સારવાર ન થતાં ટીહાનું મૃત્યું થાય છે. ટીહાના મૃત્યુથી મેઠી બીજા જ દિવસથી અન્ન પાણી અગરાજ કરી દે છે. ટીહાના મૃત્યુના અઢારમા દિવસે મેઠીનું મૃત્યુ થાય છે ને તેની અંતિમ ઇચ્છા મુજબ તેની ઘોર ટીહાની બાજુમાં જ કરવામાં આવે છે. ભગતકાકા પણ મૃત્યુ પામે છે. ટીહા - મેઠીની ચિર વિદાય પછી ટીહાની પત્ની વાલીના સંસારજીવન વિશે - ટિહાના બે દીકરા અને આંગળિયાત ગોકળનું

૧૪. એજન, પૃ.૪૫

જીવનવૃત્તાંત કથાના અંત ભાગે આલેખવામાં આવ્યું છે. અંતે ટીહા અને દાનાના વારસદારો સામાજિક કનડગત સહન ન થતાં ગામ છોડી શહેરમાં સ્થિર થાય છે. ત્યાં રોજીરોટી કમાય છે ને વર્ષો પછી ટીહાનો પુત્ર ગોકળ ગામમાં બનતી નિશાળમાં પિતાના નામે દસ હજાર રૂપિયાનું દાન આપે છે. કથાનો અંત સુખદમાં પરિણમે છે. સર્જક નવલકથાના શીર્ષકને સાર્થક કરવા માંગતા હોય તેમ અંતભાગે આંગળિયાત કહેવાતા ગોકળની વફાદારી, માનવતા, સ્વભાવગત સરળતા, સહધ્યતા અને ઉદારતાનો પરિચય મળે છે. વસ્તુસંયોજન શિથિલ જણાય છે. સભાનપૂર્વક ઘટનાઓ ગોઠવી દીધી છે. ઘટનાઓની ભરમાર એ સર્જકત્વથી ઘણી વેગળી તો નથી જતી રહેતીને. કેટલાક વિવેચકોના અભિપ્રાય તપાસીએ. જશવંત શેખડીવાળા તેમના 'ગુજરાતી આંચલિક નવલકથા અને 'આંગળિયાત' લેખમાં નોંધે છે: ''ગામમાં દોઢ- બે દાયકા દરમિયાન કંકુ અને મેઠીનું શું થયું, મેઠીનો પુત્ર ગોકળ કેવો મોટો થયો અને પરણ્યો, કેવી આઝાદી આવી, ડેલાવાળા પટેલ શેઠ કોંગ્રેસના કેવા નેતા બન્યા, ટીહો પટેલો સાથેના સંઘર્ષમાં કેવો કમોતે મર્યો, મેઠી તેની પાછળ ઝૂરી- ઝૂરી કેવી અકાળે અવસાન પામી, બેઉની કબરો કેવી અડોઅડ રચાઈ, ગામના અન્ય વણકર મજૂરીયા નોકરી માટે કેવા શહેરમાં ચાલ્યા ગયા વગેરેનો અખબારી સ્તરનો વીગતપ્રધાન સંક્ષિપ્ત અહેવાલ લેખકે રજૂ કર્યો છે. આગળના નવલકથા અંશની સાથે જાણે અનુસંધાન યા પુરવણી રૂપે આ અહેવાલ ચિટકાવી દેવાયો છે.''[૧૫]

ડૉ. સિલાસ પટેલિયા પણ નોંધે છે કે, '' કેફિયતમાંથી આ કથા વર્ગસંઘર્ષની હશે એવું લાગે છે ને કથામાં પણ વર્ગસંઘર્ષ આરંભમાં અને પછી વચ્ચે શક્યતાઓ રચે છે પરંતુ એ સંઘર્ષ, કથાનક અનેક ઘટનાઓ અને એની આંટીઘૂંટી – આયોજનો આદિમાં વિસ્તરતું જાય છે, તેથી જે રીતે પ્રગટ થઈ ફેલાતો જવો જોઈએ એ પ્રક્રિયા નથી થતી, બીજું કારણ ઉતરાર્ધનો પ્રસ્તાર – લંબાણ. સૌથી મોટું કારણ કંકુ, મેઠી, દાનો અને ટીહો જે રીતે વૈયક્તિક ગૂંચોમાં અટવાતાં જાય છે અને એના મૂળમાં એમના લગ્નની ગોઠવણીઓ ને ટીહા મેઠીનો પ્રણયસંબંધ છે, આને કારણે કેન્દ્રમાં આ સંબંધો, ગૂંચો, ઝઘડાઓ, ગેરસમજો, આદિ આવી જાય છે. ટીહા અને વાલી, વાલી અને કંકુ – મેઠી આદિ વચ્ચે એ બધું થતું જોવા મળે છે. આ સંબંધોને લીધે જ ઉત્તરાર્ધમાં કથા લંબાતી જ ગઈ છે ને એક પ્રભાવશાળી વર્ગસંઘર્ષની કથાની શક્યતા ટૂંપાતી ગઈ છે. અંતે રહી જાય છે એક લોકભોગ્ય પ્રેમકથા.''[૧૬] આવી જ વાત ડૉ. જયંત ગાડીત પણ કરે છે. તે લખે છે : '' પૂર્વાર્ધમાં રોમાંચક ઘટનાઓથી આકર્ષક બનેલી કથા ઉત્તરાર્ધમાં ટીહા, કંકુ, દાના, મેઠીના લગ્નની આંટીઘૂંટીમાં ગૂંચવાઈ જાય છે અને વગસંઘર્ષની કથા દબાઈ જાય છે.''[૧૭] ડૉ. નરેશ વેદે પણ '' કળા પ્રત્યેની વફાદારીમાં આ કથા સહેજ ઊણી ઊતરે છે''[૧૮] એવું નોંધ્યું છે. તો પ્રમોદકુમાર પટેલે પણ નવલકથાની કલાત્મક રચનાની દૃષ્ટિએ એમાં કંઈક ગંભીર મર્યાદા પ્રત્યક્ષ થાય છે''[૧૯] એવું લખ્યું છે.

---

૧૫. સાહિત્યલેખ, જશવંત શેખડીવાળા, પૃ.૬૮,૬૯
૧૬. શબ્દસૃષ્ટિ, સંપાદક, હર્ષદ ત્રિવેદી, નવેમ્બર, ૨૦૦૫, પૃ.૧૭૬
૧૭. ગુજરાતી સાહિત્યનો નવમો દાયકા', જયંત ગાડીત, પૃ. ૨૮,૨૯
૧૮. જાનપદી નવલકથાઓ, નરેશ વેદ, પૃ.૪૯
૧૯. કથા વિચાર, પ્રમોદકુમાર પટેલ, પૃ. ૧૪૪

માય ડિયર જયુને કથાનો ઉત્તરાર્ધ 'શિથિલબંધ' લાગે છે.[૨૦] માય ડિયર જયુની જેમ ડૉ. મોહન પરમારને પણ " વસ્તુસંયોજન એટલું બધું પ્રબળ જણાતું નથી, ઘણે ઠેકાણે રચનાબંધ શિથિલ થઈ જાય છે."[૨૧] જ્યારે ડૉ.ભરત મહેતાને " કૃતિનો ઉત્તરાર્ધ નર્યો ફિલ્મી જ લાગે છે."[૨૨]

આ નવલકથાના કેટલાક પ્રસંગો, ઘટનાઓ, તાલમેલિયાં, અતિશ્યોક્તિ સભર જણાય છે, તો કેટલાંક ચરિત્રોનાં વ્યવહાર – વર્તન અતિરંજિત લાગે છે. કેટલાક પાત્રોનાં પરાક્રમો તો ફિલ્મી લાગે છે. જેમ કે, ટીહો આંરભમાં આખલાને નાથે છે, ત્યાર પછી ઝઘડો વહોરી લે છે. એ તો બરાબર છે પણ ચોરે ગયા પછી સામનો કરે, પડકાર ફેંકે, ખુલ્લી તલવાર લઈને દોડે ને આખલાને હંફાવે એ બધું અતિરંજિત લાગે છે. તો વણકરો પ્રત્યે ભારોભાર નફરત, તિરસ્કાર, દ્વેષ, વેરભાવ ધરાવતા રણછોડ ડેલાવાળની મેલી મુરાદથી વાકેફ હોવા છતાં તેની વિનંતીથી ગોલાની મેટાડોર ભાડે રાખવામાં જાનનું જોખમ રહેલું છે એ દીવા જેવી સ્પષ્ટ હકીકત દાનજી, વાલજી ને ટીહો ન સમજી શકે ! ખુદ ભવાન ભગત જેવા પીઢ – મોવડી પણ એમાં રહેલાં ગંભીર જોખમને અવગણે ! મેઠીના કહેણથી પૂનમના દિવસે વાલજી અને દાનો મેઠીને લેવા જાય છે. વાલજીને નક્કી કરેલ જગ્યાએ ઊભેલો જોયા પછી તેમને લીધા વિના જ ગોલાની મેટાડોર ઉપડી ગઈ. વાલજી રોજની ગતિએ મેટાડોરનો પીછો કરે, માર્ગમાં ઘોડી જોતા, તેને લઈ ભાગતો, ચાલુ મેટાડોરના છાપરા પર કુદી પડતો અને અંદર બેઠેલ અપહરણકર્તા ગુંડાઓ સાથે મરણિયો બની લડતો વાલો ને અંતે ગોલો જ્યારે વાલજી છાપરા પર હોય ત્યારે વડલાની ડાળતળે હાંકી જાય ને વાલજી પછડાઈને મૃત્યુ પામે. આ આખીય ઘટના ફિલ્મી લાગે છે. ભવાન ભગત મૃત્યુ પામતા તેમનો કાબરો કૂતરો લાંઘણો કરીને દેહ પાડી દે ! એ પણ ફિલ્મીઢબની આકસ્મિક ગોઠવણીનો પુરાવો આપે છે. સર્જકે માનવમનની ગુંચને ધ્યાનમાં રાખી નથી. ટીહાને અનહદ ચાહતી વિધવા મેઠીને સાત – સાત વર્ષ સુધી ટીહાની બાજુમાં રાખી છે ! છતાંય કથક કહે છે : "ડિલની અબળખાએ એને ઉજાગરો કરાવ્યો હોય એવી એકેય રાત એને યાદ નહોતી "[૨૩] અહીં મને બીજો પ્રશ્ન એ પણ થાય કે લોકોત્તર આદર્શના સિદ્ધિ શિખરે પહોંચવા માટે મેઠીને કેવા પ્રકારની યાતના, મથામણ કરવી પડી હશે, કેવી આંતર વેદના સહેવી પડી હશે તેનો લેખકે ઉલ્લેખ સુધ્ધાં કર્યો નથી. લેખકે બાહ્ય સામાજિક વાસ્તવનું નિરૂપણ કર્યુ છે પણ માનવમનની આંતર ગતિવિધિને અવગણી છે. અહીં ચૈતસિક વાસ્તવને તેના સામાજિક – પ્રાકૃતિક પરિવેશ સહિત નિરૂપવાની અક્ષમતા નજરે પડે છે. તેમજ ક્યાંય દલિતોના આર્થિક શોષણની કે અભાવોની વાત આવતી નથી !

ચરોતરના ગ્રામ પ્રદેશના વણકર સમાજમાં બોલાતી ભાષાની વેધકતા અને સ્વાભાવિકતા આ કૃતિને નવાં પરિમાણો બક્ષે છે. પ્રમોદકુમાર પટેલ નોંધ છે તેમ, " એ વર્ગના માનવીઓનું અંદરનું હીર એમાં છતું થાય છે અને એ રીતે તળપદ બોલીનો સમર્થ વિનિયોગ આ

---

૨૦. સંધાન ૩: ૪, પૃ.૨૭

૨૧. અણસાર, મોહન પરમાર, પૃ.૪૭

૨૨. શબ્દસૃષ્ટિ, સંપાદક, હર્ષદ ત્રિવેદી, નવેમ્બર, ૨૦૦૩, લેખ, ગુજરાતી દલિત નવલકથા, ભરત મહેતા, પૃ. ૧૯૧

૨૩. આંગળિયાત, જોસેફ મેકવાન, પૃ. ૨૬૦

નવલકથાનું એક જમા પાસું છે.''[૨૪] પણ કથન – વર્ણનમાં તળબોલી પ્રયોજેલી જોવા મળે છે. આ સંદર્ભે ડૉ. નરેશ વેદે પણ લખ્યું છે – '' વસ્તુ નિરૂપણમાં લેખક પાત્રની ભાષા તો એમને અનુરૂપ તળપદી રાખે છે પણ જ્યાં પોતે કથનવર્ણન કરે છે ત્યાં પણ કેટલીક વખત આવા તળપદા પ્રયોગવાળી રાખે છે. આથી નવલકથામાં પાત્રોની અને લેખકની ભાષા વચ્ચે સચવાવું જોઈતું અંતર સચવાતું નથી.''[૨૫] લેખક અને પાત્રોની ભાષા વચ્ચે સેળભેળ થયેલાં કેટલાંક વિધાનો જોઈએ :

– ' ત્યારે ઊંધું ઘાલીને હો હૌને ઘેર જતા રહ્યા '[૨૬]

– ' વચ્ચેટ હહડી ગયો.'[૨૭]

– ' હતું એટલું બળ પગમાં પૂરી એણે ખેતરાં છલાંગવા માંડ્યા.'[૨૮]

આ ઉપરાંત વૈકલ્પિક ઉચ્ચારણોની સહોપસ્થિતિ પણ સર્જકની ભાષા પ્રત્યેની અસાવધતાને ખુલ્લી પાડે છે– દા.ત હું– ઊં, ભઈ– ભાઈ, ખેતરાં – છેતરાં, ક્યાં–ચિયાં.

જોસેફ મેકવાનને સામાજિક વાસ્તવનો બહોળો અનુભવ છે છતાં પણ 'આંગળિયાત' કલાત્મક વાસ્તવવાદી નવલકથા બનતી નથી. કારણ કે અહીં પ્રસંગ સંકલના, ચરિત્રચિત્રણ વગેરેનું રસાયણ થવું જોઈએ એ અતિશયોક્તિ સભર આલેખનો, અતિરંજકતત્ત્વ, બિનજરૂરી લંબાણ, ભાષાસંવિધાનમાં આવતી કેટલીક કચાશ વગેરેને કારણે થઈ શકતું નથી.

ટીહો, માસ્તર, ભવાન ભગત, કંકુ, મેઠી, વાલજી જેવાં ખમીરભર્યાં અને આગવી કોઠાસૂઝ ધરાવતાં દલિત પાત્રો દ્વારા દલિત સમાજમાં જાગૃતિ લાવવાનો, આત્મસન્માન, સ્વાભિમાન જગાવવાનો પ્રયત્ન થયો છે. સ્વતંત્રતા પહેલા તથા અંગ્રેજી શાસન દરમિયાન શોષિત અવસ્થામાં જીવી રહેલ દલિતોનું પ્રતિનિધિત્વ કરતા ટીહો કહે છે કે :

''મગર હોય કે મગરમચ્છ ! કાં વેણી – વેણીનં એમનં હપૂચા હોધ્યાય ના જડ એમ કરવું પડ કાં પોંણી જ હૂકવી નાંખવાં પડ. આજ તો અજુ ઠીક છ. અંગરજનો અજુ સૂરજ તપ છ. એમનું સવરાજ આવશે તે દિ' આપણો જીવવા વારોય નંઈ રે '! નં આવા આ જીવવા જ નંઈ દે ! ''[૨૯] ટીહો સવર્ણોના અત્યાચારને સહન કરવા તૈયાર નથી પણ ટીહા અને તેના કેટલાક મિત્રોનો સંઘર્ષ સામૂહિકતાનું સ્વરૂપ લઈ શકતો નથી.

અહીં દલિતોની આર્થિક રીતે કફોડી સ્થિતિ માટે જેટલા સવર્ણો જવાબદાર છે એટલાં જ દલિતોના જડ રીત–રિવાજો, જરી પુરાણી માન્યતાઓ પણ છે પણ ટીહો આ જડ રીત–રિવાજોનું ખંડન કરતું પાત્ર છે. તે પોતાની માતાના મૃત્યુ પછી પ્રેતભોજન કરાવતો નથી. તેની આ પ્રકારની પરિવર્તનવાદી પ્રવૃત્તિ પણ દલિતો માટે પ્રેરણાદાયી બની રહે છે. એ જ રીતે માસ્તર પણ અવગણના

---

૨૪. કથાવિચાર, પ્રમોદકુમાર પટેલ, પૃ.૧૪૫
૨૫. 'જાનપદી નવલકથાઓ', નરેશ વેદ, પૃ.૪૧
૨૬. 'આંગળિયાત', જોસેફ મેકવાન, પૃ.૧૯
૨૭. એજન, પૃ.૬૫
૨૮. એજન, પૃ.૧૦૭
૨૯. એજન, પૃ.૨૩

પામેલી પ્રજાની સામાજિક ચેતના સંકોરવાનું કામ કરે છે. તે કાયદા કાનૂનના જાણકાર છે. રચનાત્મક વિચારસરણી ધરાવે છે. ન્યાયસંગત સમાજ રચના માટેની ધખના ધરાવે છે. એણે અનેકવાર દલિત સમાજને આપત્તિઓમાંથી ઉગાર્યા છે, સતત માર્ગદર્શન આપતા રહે છે ને અન્યાય, અત્યાચાર સામે અવાજ ઉઠાવવા પોતાના ભાઈ-ભાંડરુંઓને પ્રોત્સાહિત કરે છે. શિક્ષણ ઉપર વિશેષ ભાર આપે છે પણ આ પાત્ર વિકાસ પામ્યું નથી. લેખકે સંકટ સમયના સાધનરૂપે જ એનો ઉપયોગ કર્યો છે. આ પાત્રનો વિકાસ કર્યો હોત તો કદાચ નવલકથાને નવો વળાંક મળ્યો હોત. ટીહો, માસ્તર, અને ભવાન ભગતની જેમ જ કંકુ અને મેઠીનાં પાત્રો પોતીકું વ્યક્તિત્વ ધરાવે છે. જેમ-જેમ તેમના જીવનમાં દારુણ પ્રસંગોનો સામનો કરવાનો આવે છે એમ એ પાત્રો વધુ ને વધુ ઊઘડે છે. આ બંને પાત્રો અન્ય પાત્રોની તુલનાએ ત્યાગ અને સંયમનો મહિમા કરે છે. જુદા-જુદા પ્રસંગોમાં આ પાત્રોની ક્રિયા-પ્રતિક્રિયા પણ અસરકાર રીતે આલેખાઈ છે. મેઠી એનું માટલું ફોડનારને પડકારી પણ શકે છે. ''નેંધણિયા ચીઈ માએ તનં આવો મેશાળો પેદા કર્યો છે ?'' કંકુનં ખુમારીભર્યું વ્યક્તિત્વ ઉપસી આવ્યું છે તો સાથે-સાથે તેની મનોશારીરિક સંવેદનાની સંકુલતા પણ કલાત્મક રૂપે આલેખાઈ છે. મેઠીના ભાઈ મોતી અને ભાભી-ઉજમ લાગણીસભર પાત્રો છે પણ કટોકટી વખતે ડર અને અંગત સ્વાર્થને કારણે નિષ્ઠુર, નિર્મમ બની જાય છે. મેઠી જ્યારે પતિ ચુંથિયાતા ત્રાસથી કંટાળી તેને મારીને પોતાના ગામ ભાઈ-ભાભીનો આશ્રય લેવા માટે આવે છે ત્યારે આશરો આપવા તૈયાર થતા નથી. ''બઉ ખોટું કરીનં આયાં બોન તમે ! બધુંય કરીએ પણ એ વે'વારું હોવું જોયે. અમારા આખાય છેતરની વચ્ચે રહીનં નહેર નેકરી, તે તમે તો જાણો છો. બે વરહથી અમે હીરાકાકાવારા ઉપર જ જીવીએ છીએ. ભગવાનનાં આલ્યાં આ બે જગ્દાં (બાળકો) થયાં એમનં ઉછેરવાનાંય એની જ ઉપર્થ ન ! ન કોરટના ખરચાનં ના ખમાય. છેતર વેચીહાટીને નવરાં થૈયે તોય ના પોં'કાય. મારૂં માનો તો તમે પાછાં કેરડિયે જતાં રો'તાં જે થાય એ હાચું ''[૩૦] ભાઈ પણ મોં ફેરવી લે છે ! તો ભીખો, રામલો, ચુંથિયો, વાલી જેવા પાત્રો તામસી-હીન મનોવૃત્તિવાળાં છે પણ મોટાભાગનાં દલિતપાત્રો ડરપોક અને પોતાની સ્થિતિને કરમની કઠણાઈ માનીને જીવનારા છે. આ નવલકથાની નોંધપાત્ર બાબત એ છે કે લેખકે કોઈ પણ પ્રકારના પક્ષપાત વિના પોતાના જ સમાજની મર્યાદાઓ છતી કરી છે. સમાજના કોઈપણ વર્ગની જેમ આ વણકર વર્ગમાં પણ અંદરોઅંદરના ઈર્ષા-વેરભાવ-આંતરિક દ્વંદ્વ, ક્ષુદ્રતા, જોવા મળે છે. કેરડિયાનો વણકર ખુશલો ખાંટ શીલાપરવાળા પટેલોનું પ્યાદું બની ગયો છે ! તે સવર્ણોના હાથનું રમકડું બનીને પોતાના જ હાથે પોતાના જ્ઞાતિભાઈઓની સાથે અનેક સમસ્યાઓ ઊભી કરાવે છે. તો વણકર રામજી પણ અંગત સ્વાર્થ ખાતર સવર્ણો સાથે ભળી ગયો છે. એક દિવસ રામજી પોતે જ પોતાના હાથેથી ડેલાવાળાની ગાડી તોડી-ફોડીને દલિતો પર આરોપ મૂકે છે ને સવર્ણોને ઉશ્કેરે છે. આથી સવર્ણો દલિતોના વાસ ઉપર હુમલો કરે છે. ભીરૂ-કાયર દલિતો દરવાજા બંધ કરીને ઘરમાં છુપાઈ જાય છે. તેમની આ ભીરૂતા-કાયરતા અને સ્વમાનના ભોગે પણ ડેલાવાળા જેવા પટેલોને બાતમી પૂરી પાડવાની અને એ રીતે પોતાની સલામતી શોધવાની સ્વાર્થપટુતા છતી થાય છે. પરંતુ કંકુ જેવી સ્ત્રી સવર્ણોનો

૩૦. 'આંગળિયાત', પૃ.૧૯૩

સામનો કરે છે. મશાલ લઈને કંકુ પટેલોની પાછળ દોડે છે. સાથે-સાથે પોતાના જ સમાજના નપાણિયા લોકો પર કટાક્ષ કરતા કહે છે : ''મેઠી આખી જાતિ જ કમજોર છે. બે-ત્રણ શૂરવીર હોય એનાથી શું ''[૩૧] ટીહો અને મેઠી પરણી નથી શકતા તેમાં પટેલો જ નહીં પણ તેની નાતના પણ અંતરાયરૂપ બને છે. પરિણામે મેઠીને અનેક યાતના, વ્યથા સહેવી પડે છે. દલિતોના અંદરો-અંદરના મતભેદ, ઝઘડાઓના કારણે જ સવર્ણો તેના પર આધિપત્ય જમાવીને બેઠા છે. ડેલાવાળો દલિતો વિશે કહે છે :

''હા, મારો વર્ષોનો અનુભવ છે. આખી જાતિ જ, અંદરો-અંદર લડી રહી છે. પરંતુ એક થઈને તે પોતાના હિત વિશે વિચારતા નથી. જે દિવસે તે જાગી જશે તે દિવસે અમારો સૂરજ ડૂબી જશે''[૩૨]

દલિતોની ઉપેક્ષિત સ્થિતિને લેખકે પ્રતીકાત્મક રીતે આલેખી છે. કોઈ પણ કારણસર દલિત સમાજની સ્ત્રી પોતાના પ્રથમ પતિને છોડીને બીજા પુરુષ સાથે વિવાહ કરે છે ત્યારે પોતાના બાળકને પણ સાથે લઈ જાય તે બાળકને 'આંગળિયાત' કહેવાય છે. એ 'આંગળિયાત' બાળક પોતાનાં પાલક પિતાની સાથે રહે પરંતુ હંમેશા ઉપેક્ષિત બનીને. તેને પ્રતીકાત્મક બનાવીને લેખકે દલિતોની આંગળિયાત જેવી સ્થિતિનું અહીં યથાર્થ આલેખન કર્યુ છે. સર્જકે પોતાની પોતીકી પીડાને અહીં આલેખવાનો પ્રયાસ કર્યો છે. ડૉ. મોહન પરમાર નોંધે છે કે, ''જે સમાજમાં જન્મીને એમને અસહ્ય અપમાનો સહન કરવા પડ્યાં તે સમાજનું દસ્તાવેજી ચિત્રણ આ કૃતિમાં જે રીતે ઉપસ્યું છે તે જોતાં એટલું તો ચોક્કસ કહી શકાય કે ભલે આ કૃતિ કલાના માપદંડોમાં ઊણી ઉતરતી હોય પણ પોતાની ભીતરમાં સળવળતી 'વેદનાનું વિશ્વ' ઉપસાવવામાં લેખક સફળ રહ્યા છે.''[૩૩] ઉમાશંકર જોશી 'આંગળિયાત'ની પ્રશંસા કરતા જણાવે છે કે, ''તમે 'આંગળિયાત'ને ઉજાગર કરતા નથી, 'આંગળિયાત'તમને ઉજાગર કરે છે. ગુજરાતી કથા સાહિત્ય પ્રવાહમાં એક વિશિષ્ટ રચના આવે છે એટલું જ ગુજરાતને મળ્યું છે એમ નહિ, એક વિશાળ સહાનુકમ્પાવાળો સમજદાર માનવી આ ભાષા બોલનારાઓની વચમાં હરતો-ફરતો જોવાનું ભાગ્ય સાંપડે છે ને હૈયાધારણ મળે છે.''[૩૪] મંજુબહેન ઝવેરીએ પણ 'આંગળિયાત' થી પ્રભાવિત થઈને નોંધ્યું છે કે, ''જોસેફ મેકવાનની 'આંગળિયાત' નવલકથા વાચતાં જાણે કે હું એક જુદી જ સૃષ્ટિમાં પ્રવેશ પામી, જેનું પ્રવેશ દ્વાર જ આજ સુધી મારે માટે બંધ હતુ''[૩૫] હરીશ મંગલમે કહ્યું છે તેમ 'આંગળિયાત' નવલકથાથી ગુજરાતી સાહિત્યમાં વમળો સર્જાયાં છે.''[૩૬] ગુજરાતી સાહિત્યું ચોથું મોજું તરીકે ગણાવનાર ધવલ મહેતા નોંધે છે કે -'' બધા લેખકો 'ઉપરથી નીચે'જુએ છે, જોસેફ 'નીચેથી ઉપર.''[૩૭] કેટલીક મર્યાદાઓ છતાં 'આંગળિયાત'માં

---

૩૧. એજન, પૃ ૧૪૯

૩૨. એજન પૃ.૧૪૪,૧૪૫

૩૩. અણસાર, મોહન પરમાર પૃ.૪૮

૩૪. એજન, પૃ.૨૭

૩૫. ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા, સંપાદક,મોહન પરમાર, હરીશ મંગલમ્, પ્ર.આ.૨૦૦૧, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, પૃ.૧૨૦

૩૬. શબ્દસૃષ્ટિ સંપાદકઃ હર્ષદ ત્રિવેદી, નવેમ્બર,૨૦૦૩,પૃ.૧૧

૩૭. આંગળિયાત, જોસેફ મેકવાન, પ્રસ્તાવના લેખ.

દલિત વિશ્વ એની પૂરી માંસલતા સાથે પ્રગટ થયું છે અને ગુજરાતી દલિત સાહિત્યની પ્રથમ દલિત નવલકથા લેખે આ કૃતિનું મૂલ્ય છે જ. આ નવલકથાને દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. રીટા કોઠારીએ તેના 'The stepchild' નામે અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે.

## 'મારી પરણેતર'-જોસેફ મેકવાન

જોસેફ મેકવાનની *'મારી પરણેતર'* (બી.આ.૧૯૯૮) નવલકથામાં 'હું' ના કથનકેન્દ્ર દ્વારા કહેવાયેલી ગ્રામ્ય પરિવેશની અંગ્રેજોના સમયની વાત છે. એમાં વણકર સમાજની એક ખમીરવંતી પરિણીત નારી ગૌરીની હૃદયસ્પર્શી કરુણકથા છે. સ્વાભિમાની, અક્કડ સ્વભાવની, આત્મગૌરવશાળી, ખોટું સહન ન કરનારી, હિંમતવાન ગૌરી સામાજિક કુરિવાજ, કુરૂઢિ અને બાળલગ્નનો ભોગ બની છે. સાવ કુરૂપ અને કાપુરુષ એવા પરણેતરને તે ધિક્કારે છે પણ અંત સુધી તેના અંતરની ગૂઢ તરસ છિપાવે એવો કોઈ પુરુષ તેને મળતો નથી! જોસેફ મેકવાનની જ 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા'ની જેમ મુખ્ય પાત્રના વૈયક્તિક સ્નેહસંબંધ, લગ્ન જીવનની આંટીઘૂંટી અને તેમાંથી નિષ્પન્ન થતી સમસ્યાઓ મુખ્ય ઘટના રૂપે અને સવર્ણો દ્વારા દલિત સમાજ પર થતાં જુલ્મ, અત્યાચાર, કાવાદાવા વગેરે ગૌણ ઘટનારૂપે સર્જકે ગૂંથી લીધા છે.

કથાનો આંરભ અતીતના સ્મરણથી થાય છે. કથક જોસેફના બાળ ગોઠિયા મગનનાં કાચી વયના કિશોર લગ્નથી કથામાં વર અને પરણેતર બાબતે જીવતરના ખેલ શરૂ થાય છે. એક તરફ રમતની ગમ્મત છે તો બીજી તરફ કઠોર વાસ્તવિકતા. બાળપણમાં ગૌરી, જસ્યો-જોસેફ, અંબા, ચંચળ, ઝવરી, ઇચ્છા, મગન, પસો, યાકુબ, શંકર, ભગો, ઈશાક વગેરે 'ઘરઘર'ની ને 'પરણવાની' રમત રમતા. આ રમતમાં એકવાર ગૌરી જોસેફની પરણેતર બનેલી. આમ તો જોસેફનું મન ભણેલ-ગણેલ સુમિમાં હતું પણ સુમી તો સુધરેલી હોવાથી તેને આ રમતમાં રસ પડતો નથી. ગૌરી જોસેફની પિતરાઈ ફોઈ થાય. વળી ગૌરી ઉમરમાંય જસ્યાથી પાંચ-છ વરસ મોટી પણ ગૌરીને જોસેફ પર હેત. મોઢાછૂટી ગૌરી પૈસેટકે સુખી અને ન્યાતમાં પુછાતા આબરૂદાર બાપની લાડકવાયી દીકરી. ગૌરી રીઝે તો ગાળો દે ને ખીજે તો તો ડફલબાણ છોડે. ગૌરી હિંમતવાન, કોઠાડાહી ને સ્વભાવે વટનો કટકો. તે જોસેફને કહેતી : ''જો રડ્યા, આજથી તું મારો પરણ્યો થયો અને ઊં તારી પરણેતર!'' મારી માના ક'યા વના જેમ મારા બાપા પાણી નથી પીતા એમજ તારે મારું માનવાનું બોલ્ય માનેશ કે ન'ઈ ?''[૩૮] પણ ગૌરીના નસીબમાં સુખ નથી. બાળલગ્નના કુરિવાજનો ભોગ બનેલી ગૌરીને આણા વખતે જાણવા મળે છે કે પતિ જેઠાલાલ તો નરદમ, કુરૂપ અને કાપુરુષ છે. કરુણતા તો એ છે કે આની જાણ બાળપણમાં રમત-રમતાં પરણ્યો બનેલો 'જસ્યો' કરાવે છે. ગૌરી આ કુરિવાજ સામે અવાજ ઉઠાવે છે. તે સાસરીમાં જવાની સ્પષ્ટ ના પાડે છે પણ તેના સાસરીવાળા તેને મજબૂર કરે છે : ''એકવાર આણું ઓરાવો, ભલે જણશો ના ચઢાવશો. તમે માંડવો બાંધ્યો'તોનં અમારો દીચરો ઉઘલાયો'તો. ઘરની વવ ઉમરો ના

૩૮. મારી પરણેતર, જોસેફ મેકવાન, આર.આર.શેઠ, બીજી આવૃત્તિ,૧૯૯૮, પૃ.૧૦

પૂજે તાં હુધી છેડાછુટ્ટ શાની....હેં ?''[૩૯] ગૌરીને નપાણિયા પતિથી બચાવવા તેના પિતા સોમા ફુલાએ પણ પરગણાનાં પાંચ ગામનું પંચ અંતરિયાળ એકઠું કર્યું પણ કમનસીબે એણેય એક જ નિર્ણય આપ્યો: ''એકવાર જે કન્યા ચોરી ફરી એણે હાહરીનો ઊંબરો પૂજવો જ પડે ફરી ના ફાવે તો આપણામાં ફારગતીની ચ્યાં નાનમ છે.''[૪૦] નાતવાળા તેના માતાપિતા પર ગૌરીને આણે વળાવવા દબાણ કરે છે. જો નહીં મોકલે તો જ્ઞાતિમાંથી સામાજિક બહિષ્કાર કરવાની ધમકી આપે છે. પરિણામે લાખ ઈન્કાર કરતી ગૌરીને સમાજના જડ રિવાજોને કારણે અનિચ્છાએ સાસરીમાં જવું પડે છે ! ને એના જીવતરમાં જાણે ઝેર ઘોળાય છે. જેઠ તેના પર અત્યાચાર કરવાનો પ્રયાસ કરે છે. કસાઈખાનેથી મહામુશ્કેલીથી છૂટી ગૌરી પિયર પાછી આવે છે. હવે ગૌરી મનના કોટકાંગરા તોડીને જીવતી રહે છે. મા-બાપ અને જોસેફ અછોવાનાં કરે છે પણ ગૌરીની નીડરતા અને સચ્ચાઈ એના આ ભવના વેરી બને છે. પંચની સામે થવાથી ફારગતી પછીય તેને મનગમતો મુરતિયો મળતો નથી. પંચ એને વગરવાંકે ભીડમાં લે છે. પંચ ગૌરીને 'મહાદેવ પુજી લેવાની' સજા ફરમાવે છે. જેમાં મંદિર અને મંદિરના પુજારીને હવાલે થવાનો સંકેત છે. દક્ષિણ ભારતમાં ચાલતી દેવદાસીની પ્રથાનો અહીં નિર્દેશ હોય તેમ લાગે છે. સમાજના જડ રિવાજો, કાવાદાવાઓના સાણસામાં ગૌરીનું હીર હણાતું જાય છે, આપત્તિઓની આંટીઘૂંટીમાં અટવાતી ગૌરીનું જીવતર ધૂળધાણી થઈ જાય છે. અનેક યાતનાઓ અને લોહી ઉકાળાઓ વચ્ચે આશાનો સૂરજ ઊગવાની ઘટના બને છે. ગામમાં નોકરી કરવા આવેલા મિશનના માસ્તર જયસિંહ રાઠોડ ગૌરીની હેલ ઉતારે છે ? પણ હાય રે નસીબ ! બુઝાયા પૂર્વે દીવાનો એ છેલ્લો ઝળહળાટ ગૌરીનો ભોગ લે છે. રાતના બે વાગે મિશનના માસ્તર જયસિંહ રાઠોડ સાથે જવાનો કોલ ગૌરી જાતિભેદ, ધર્મભેદ અને સમાજના જડ રિવાજોને કારણે પાળી શકતી નથી. આમ, આબરૂદાર બાપ, બે ભાઈઓનો વ્યવહાર અને માસ્તરના પાદરી બનવાના ભવિષ્યના વિચારે તે જયસિંહ સાથે પરણવાનું માંડી વાળે છે ને વિષ ઘોળી લે છે. ગૌરીના જીવનનો કરુણ અંજામ હૃદયદ્રાવક બની રહે છે. સુખનો સૂરજ ઊગતાં પહેલાં જ કાળરાત્રીનો તે કોળિયો થઈ જાય છે. જોસેફની રમતની પરણેતર ગૌરી આખરે એના હાથે પેલું પાનેતર પામે છે પણ કફન રૂપે ! કૃતિમાં સમાજના જડ રીત-રિવાજો, રૂઢિઓ, માન્યતાઓને કારણે નરક જેવી બની ગયેલ સ્ત્રીની કરુણ જિંદગી પર સર્જકે પ્રહાર કર્યો છે.

સ્ત્રી સવર્ણ હોય કે દલિત પુરુષશાસિત સમાજમાં તેનું કોઈને કોઈ રીતે શોષણ થતું રહે છે. વર્ષોથી પુરુષપ્રધાન સમાજમાં નારી ઉપર અત્યાચારો થાય છે. કેટલીક લોકોક્તિઓ દ્વારાં સર્જકે પુરુષ-માનસનું વરવું રૂપ છતું કર્યું છે. દા.ત.

- 'ધોકે જાર બાજરી ને ધોકે નાર પાંશરી !'[૪૧]
- 'ડોબાની જાત ને બૈરાની નાત, ડફણા વના હરખા રે'જ નહીં'[૪૨]
- 'વહુની ઉપર્ય દાબ ના બેહાડે એ ધણીનો મનખો અવર્થા'[૪૩]

---

૩૯. એજન, પૃ.૪૭
૪૦. એજન, પૃ.૪૭
૪૧. મારી પરણેતર, પૃ. ૧૯
૪૨. એજન, પૃ. ૩૯
૪૩. એજન, પૃ. ૭૬

પુરુષપ્રધાનતાને કારણે પતિની જોહુકમી સ્ત્રીઓએ જાણે સ્વીકારી લીધી હતી તેનો સંકેત પણ અહીં મળે છે. મોટાભાગની સ્ત્રીઓનું ધ્રુવપદ –'ધણી છ ને હાથ હલકો કરી લેવ ખરો !' પણ ગૌરી એ સ્ત્રીઓમાંની નથી. જુદી જ માટીમાંથી ઘડાયેલી ગૌરીને શોષણ મંજૂર નથી. તે પુરુષ માનસિકતાનો ભોગ બનવા તૈયાર નથી. રૂઢિચુસ્ત માનસ ધરાવતા ગામના પંચના સભ્યોની સામે અવાજ ઉઠાવે છે. પંચનાં મોવડી આંધળા મેઠા ડોહા એમની અસલ જાત પર જાય છે ને ગૌરીને કહે છે – 'તો તનં એવો કોઈ કૂવો-હવાડો ના હુઝયો ?' ત્યારે ગૌરી તેને જડબાતોડ જવાબ આપે છે – ''હૂઝયો'તો નં ! પણ મારે એ કૂવો પે'લો તમનં બતાવવો'તો; તમારી હગ્ગી બોને ગળે ફાંહો ખાધો તારેય તમારી આંછ્યો ન'તી ઊઘડી અનં ગામની કુંવાસીનેય કૂવો બતાવતાં તમારી જબાને કાંટા નથી વાગતા નંએ આંછ્યો ફૂટેલી જ રે'છે. લોક કહેણી તો એવી છ ક ચામડાનાં પડળ ફૂટી જાય તો માણહ હોય એનં અંતરમાં આંછયો ઉઘડ છે ! પણ તમનં તો બા'ય ને મંય બધેય નર્યાં અંધારાં જ અંધારાં છ! છોકરીનં નં બાયડીનં તણખલાની તોલે ગણવાનાં અંધારાં ? તમનં ઘાતતું આવ છ તાર નાડાં બાંધો છો, નાતરાં કરો છો. જેઠવટાં હુધી જાવ છો. ચ્યાંય નાનમ નથી લાગતી નં દેખતે ડોળે આખા જન્મારામાં દવ લાજી જતો હોય તોય તમારી આંતયડી નથી કકળતી. ધૂળ્ય નાંછી તમારા આયખામાં ! મેલો મારા બાપના કટમનં ન્યાતબારૂં, તમારો નેમ્ લોપીનં મેં દનિયાનાં ભવન ફેરવી નાછયાં હોય તો....!''[૪૪] જ્યારે મેઠો ડોહો ગૌરીને કહે છે કે તું હવે જા અમે અમારી રીતે નિર્ણય લઈ લેઈશું ત્યારે પણ ગૌરી તેને કહે છે : ''ના, ઊં એમ નંઈ જવ, આજ હુધી અમારાં હૈયાં પર શી વીતશે એની જરાય તમા કર્યા વના તમે બઉ નિર્ણે લીધા અનં અમે મોંગાં પહુની જેમ માથે ધર્યા. આજ માર મારા ગના ખાતર ઝેર પીવાનું હોય તો તે અનં કૂવો પૂરવાનો હોય તો તે તમે ઊં હાંભરું એમ મનં હંભરાઈ દ્યો એટલ મનં હુઝ્યુ પડ કં માર શું કરવું ?''[૪૫]

''.... તમે છોકરીનં ન અસ્ત્રીનં બે બદાંમની બાયડી જ લેખો છો એટલે મનં હાચા જબાપનીય લાયક નથી ગણતા. તો કાનનાં બખા ઉઘાડીનં હાંમરી લ્યો ! આ મારું ગામ છ નં ઊં અંઈ જનમી છો. અંઈથી આભના રાય વના કોઈ મનં ઢચેલીનં કાઢી નંઈ હકે ! મારું મનં નંઈ માનં તાં લગી ઊં અંઈ જ રૈંશ. જીવતીનં જાગતી. નંઈ કૂવો-હવાડો કરું નંઈ ઝેર ઘોળું, તમારા પંચના માથા કે'ત નંઈ આવવા દેવ, પણ એના મહ જો તમે અમારો કટમ વે'વાર કાપશો તો હું હાચું કે'વ છું, તમારી હૌની છાતી ઉપર્ય મગ દળેશ !''[૪૬] આમ તો ગામનાં પંચમાં સ્ત્રી આવી જ શકતી નહતી પણ એને બદલે ગૌરી ત્યાં આવી પહોંચે છે ને પંચના મોવડી મેઠા ડોહાની આબરૂના ધજાગરા ઉડાડે છે ને કથક નોંધે છે ''ગાજ ગરે ને હેઠલ્યું હૌ બળીને લખારો વળી જાય એમ સૌ સડક થઈ ગયા.''[૪૭] ગૌરીએ મેઠા આંધળાનાં મગજનેય અંધારી નાખ્યું હતું, પંચમાં ઉપસ્થિત સૌના મનમાં હતું કે એ બોત્કારી ઊઠશે. ભયંકર બૂમબરાડા કરીને વાતાવરણ ગજવી મેલશે પણ એ ગૌરીએ બાપોકાર પોકાર્યું હતું એમ અંદરના કાળાડિબાંગ અંધકારમાં ખાબડી ગયા હતા ! યુગોથી ગામડાઓમાં સ્ત્રીઓના વિવાહ, પુનઃવિવાહ,

૪૪. એજન, પૃ.૮૬
૪૫. એજન, પૃ.૯૨
૪૬. મારી પરણેતર, પૃ.૯૩
૪૭. એજન, પૃ.૮૬

છૂટાછેડા ટૂંકમાં સ્ત્રીના જીવન અંગેનાં નિર્ણય કરતા આવતા ગામના પંચ સામે પહેલીવાર ગૌરી કોઈપણ પ્રકારના ભય વિના વિરોધ કરે છે. માત્ર પંચનો જ નહીં પણ મહાદેવને સવર્ણોની માલિકીના ગણાવીને એને 'મા'દેવ વરવાની' વાત પડતી મેલવા કહેતા મંદિરના મહંતને વેધક સવાલ પૂછે છે–

'તો પછી અમારા ચિયા ભગવાન, બાપજી ?' હજારો વર્ષના અંધકારને ભેદતો અબુધ ગૌરીનો આ સવાલ સાંભળી મહંત ગળચિયું ખાઈ ગયેલા, ગૌરી એમને પૂછે છે– ''મને એટલી અક્કલ આલો બાપજી, હંધાય માં'દેવ તમારા તો અમારે અમારા કોનં હમજવાં...? આવી આભડછેટ રાખવાની વાત ભગવાને કંઈ છ બાપજી ?[૪૮] પુરુષ પણ નથી પૂછી શકતા એ સવાલ ગૌરી જરા પણ શરમ, સંકોચ કે ભય રાખ્યા વિના પૂછે છે. આ દલિત સમાજની નારીની કથા હોવા છતાં આ પ્રત્યેક નારીની વાત છે અને પંચને ને મંદિરના મહંતને નીડરતાભર્યા જડબાતોડ જવાબ દરેક મૂંઝાતી સ્ત્રીઓ માટે પ્રેરણારૂપ બની રહે છે. સ્ત્રીના ચંડીરૂપનું અહીં દર્શન થાય છે પણ કરુણતા તો એ છે કે એની હિંમત પણ એના અંતરના ઓરતા પૂરા કરી શકતા નથી. ટૂંકમાં ગૌરીનો રૂઢિચુસ્ત સમાજ સામેનો 'અવાજ' કશો લેખે લાગતો નથી, અંતે નિયતિના ચક્કરમાં ગૌરી ખપી ખૂટે છે. પ્રસ્તાવનાકાર મણિલાલ હ. પટેલ ગૌરીના પાત્ર સંદર્ભે નોંધે છે કે, ''આ નવલની નાયિકા ગૌરી નોખી માટીની નગદ નારી છે. જો કે પોતાના કશાય વાંકગુના વગર વેઠવાનું ને જિંદગીમાં સ્વજનોએ કે સમાજે સળગાવેલી આગમાં બળતાં જળતાં રાખ થવાનું એનીય નિયતિ છે. ગૌરીએ વેઠવામાં પાછી પાની કરી નથી'' એ બરાબર છે પણ તે આગળ કહે છે – ''પણ એ શરદબાબુની ભાવુક નાયિકાઓની ન્યાતની નથી. કેમકે એ વેઠવા સાથે ને વેઠવા સામે અવાજ ઉઠાવે છે.'' આ વિધાન અતિશયોક્તિસભર લાગે છે. શરદબાબુની નવલકથાઓમાં નારીનાં અનેક સ્વરૂપો પ્રગટ થયાં છે. એમની નાયિકાઓ પણ વેઠવા સામે અવાજ ઉઠાવે છે. દા.ત. 'ચરિત્રહીન' ની કિરણમયી.

'મારી પરણેતર'માં ગૌણ ઘટનારૂપે સવર્ણો દ્વારા દલિતો પર થતાં અત્યાચાર, શોષણ ને દલિતો દ્વારા થતો પ્રતિકાર કથામાં ગૂંથાઈને આવ્યો છે. ગામના મુખી જીવરામના ઘેર કથાનાયિકા ગૌરીના કુટુંબનો જ ખાના વિશ્રામ લાકડા ફાડવા જાય છે પણ આ કામ ખાનાને વેઠ રૂપે કરવાનું, પૈસા મળવાના નહીં ને તન તોડીને કુહાડા ઝીંકવાના. ખાનો લાકડાના મોટા–મોટા ફાચરા પાડતો હતો જે જોતા જ મુખીનો પિત્તો ગયો– ''સાલ્લા હરામી ખાનિયા ! આવડા મોટા ફાચરા પાડવાના !''[૪૯] ખાનો મુખીની ગાળનો પ્રતિકાર કરે છે : ''પરસેવો પાડીને ફાડું છું કાકા, ગાળ–ના ભાંડશો નં અ'રામી 'ના કે'શો. અનવતનું નથી ખાતો !''[૫૦] અહીંયાં દલિત ખાનામાં આવેલી સ્વાભિમાનની ભાવના વિદ્રોહાત્મકરૂપમાં પ્રગટ થાય છે. તેની આ વિદ્રોહની ભાવના તીવ્ર ત્યારે થાય છે જ્યારે મુખી તેને સોટી મારે છે. વેઠને મનોમન ધિકારતો ખાનો એક દિવસ મુખીને બરાબરનો માર મારે છે'' ..... ને જનમોજનમના શોષણનું વેર વાળતો હોય એમ ખાનિયો પેલા બરાડાને ગવાર ઝૂડતો હોય એમ દસ્તાટવા લાગ્યો. છઠ્ઠો ને સાતમો દસ્તો પડતાં જ મુખીની કાછડી વછૂટી ગઈ ને પહેલીવાર એના

૪૮. એજન, પૃ.પ્રસ્તવાના

૪૯. મારી પરણેતર, પૃ.૧૦૪

૫૦. એજન, પૃ.૧૦૪

મુખમાંથી બરાડો નીકળી ગયો : ''રે મારી નાંછ્યો.... એ હાહરા ઢેડાએ મને મારી નાંછ્યો.... ધાજો....''[૫૧] મુખીને માર્યા પછી આખા દલિત વાસમાં ભય ફેલાઈ જાય છે કે પટેલો ભેગા થઈને હુમલો કરશે. પરંતુ જયસિંહ રાઠોડની આગેવાની હેઠળ દલિતવાસ એક થઈને સવર્ણોનો શસ્ત્ર સામનો કરે છે. સવર્ણો પણ દલિતોની એકતા સામે પીછેહઠ કરે છે. દલિત મણિયાનું આર્થિક શોષણ કરતા અને ગામની દલિત મા-દીકરીઓ કે વહુ-વારુઓનું જાતીય શોષણ કરતા જમીનદાર બાવજી રેવનદાને પણ દલિત મણિયો ખોખરો કરે છે. કથાની આ ઘટનાઓમાં દલિતોમાં આત્મસમ્માન અને સ્વાભિમાનની ભાવના જાગૃત થતી જોઈ શકાય છે. સમાજ પરિવર્તનની પ્રક્રિયામાં ઈંધણ પૂરવાનું કામ આવી કૃતિઓ કરતી હોય છે. સર્જકે દલિતસમાજને જાણે આવા વિરોધી સૂર અને પ્રહાર કરવા પ્રોત્સાહિત કર્યા હોય એમ નથી લાગતું ? કોઈક હેતુસર આ આલેખન થયું હોય એમ અનુભવાય છે. શક્ય છે કે સર્જકને આ સંદેશ સમાજને નવલકથાના માધ્યમ દ્વારા પહોંચાડવો હોય પણ દલિત સમાજ પર થતાં અત્યાચારો, જુલ્મોના સંકેત આપતી આ ગૌણ ઘટનાઓ આશયપૂર્વક ચોંટાડી હોય એમ લાગે છે, કથાના મૂળ પ્રવાહમાં રસાઈને આવતી નથી. આ સંદર્ભે ડૉ.ભરત મહેતા નોંધે છે : ''.... ત્યાં સક્રિય દલિતો છે પરંતુ એ કિસ્સા કૃતિબાહ્ય બની રહે છે.''[૫૨] ડૉ.મણિલાલ હ. પટેલ પણ જણાવે છે કે ''સવર્ણો સામે દલિતોના ખુન્નસનો સશક્ત અણસારો આપતો આ વિદ્રોહ આપણને વહાલો હોવા છતાં નવલકથા કળાની દ્રષ્ટિએ કૃતિને નૂતન પરિમાણ આપવા જેટલો વિકસાવી શક્યો નથી; એટલે કથા કેન્દ્રથી દૂર લઈ જતી આ ઘટનાઓ નવલકથાના સંતુલનને થોડીક વારતો જોખમાવી દે છે. નવલકથામાં આવતી ઘટનાઓ કશીક સંકુલતા આણવા કલાત્મક રીતે આવતી હોત તો વધારે ઉચિત લેખાત''[૫૩]

સ્ત્રીની વ્યથાના સર્જક સાક્ષી છે. તેણે 'હું' ના કથનકેન્દ્ર દ્વારા નવલકથામાં પોતાના માધ્યમ વડે દલિત નારી જગતની વાસ્તવિકતાનો ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે. લેખક નોંધે છે: ''આ કથા હું ત્રીજા પુરુષમાં લખી શકત. પાત્ર તરીકે, દર્શક તરીકે અને લેખક તરીકે મારે એમાં સંડોવાવું પડ્યું છે પણ એમ સંડોવાઈને જ ગૌરીના આંતરજગતને અને એના ચારિત્રિક આભિજાત્યનો હું યથાર્થ ઉઘાડ કરી શક્યો છું. પર રહીને હું એને પોખાવી ના શકત.''[૫૪] નવલકથામાં અનુભવને જ અભિવ્યકિત કરવા મથતા લેખકે અહીં આત્મગત રીતિએ પ્રથમ પુરુષ કથન પદ્ધતિથી કથા નિરૂપી છે પણ 'હું' દ્વારા કહેવાતી આ નવલકથામાં 'હું' નો પાત્રવિકાસ થયો નથી. લેખકે કરેલા ડબલ રોલમાં સેળભેળ થઈ ગઈ છે.

નવલકથાની ભાષાશૈલી સાદી-સરળ છે. વણકર સમાજમાં બોલાતી તળબોલીનો સમર્થ વિનિયોગ અભિવ્યકિતને ચોટદાર બનાવે છે. વર્ણનની અપેક્ષાએ સંવાદોમાં તેઓનું ભાષાબળ વિશેષ સમર્થ સિદ્ધ થાય છે. પ્રમોદકુમાર પટેલ બોલી સંદર્ભે નોંધે છે- ''વણકર સમાજની બોલીનાં

---

૫૧. એજન, પૃ.૧૦૫
૫૨. શબ્દસૃષ્ટિ, સંપાદકઃ હર્ષદ ત્રિવેદી, નવેમ્બર,૦૩, પૃ.૧૯૩
૫૩. મારી પરણેતર, જોસેફ મેકવાન, પ્રસ્તવાના લેખ પૃ.૧૨
૫૪. મારી પરણેતર, પૃ.૬

બળૂકાં તત્ત્વોનો પ્રયોગ અહીં એટલો જ અસરકારક છે. માત્ર ગૌરીના ચરિત્રનિર્માણમાં યોજાયેલી તળપદી બાનીને ધ્યાનમાં લઈએ તો પણ એક નારીના આંતરદાહને વ્યક્ત કરવામાં તે કેટલી સક્ષમ નીવડી છે તેનો અંદાજ આવશે''[૫૫]

અહીં દલિત સમાજની વાત હોવા છતાં સવર્ણ સમાજ સાથે દલિત સમાજનો સંઘર્ષ થાય છે એવી વાત બહુ ઓછી છે. આનું વસ્તુવિધાન તો નારીકેન્દ્રી છે. ગૌરી દલિત નારી છે એ વાત સ્વીકારીએ તો પણ કોઈપણ સમાજની નારીની વ્યથાકથા આવી હોઈ શકે અને આવી રીતે લગ્ન સંબંધે જોડાવા ઇચ્છનારને અંતનો સામનો કરવાનો સમય આવી પડે. આજનો સમાજ પણ હજુ આવા પ્રશ્નોનો જવાબ શોધી શક્યો નથી. આજે પણ કેટલાંય કુટુંબોમાં કદાચ શિક્ષિત કુટુંબોમાં પણ આ પ્રકારની નારીની સમસ્યાઓ વધુને વધુ ઘેરી બનતી જતી જોવા મળે છે.

### 'મલક' -દલપત ચૌહાણ

દલપત ચૌહાણની 'મલક'માં ઝવેરચંદ મેઘાણીની 'સોરઠ તારાં વહેતાં પાણી'ની જેમ કોઈ એક નાયક-નાયિકા કેન્દ્રસ્થાને નથી પણ સમગ્ર વણકર સમાજ કેન્દ્રસ્થાને છે. 'મલક' નાયક-નાયિકા વિનાની પરિવેશપરક નવલકથા છે.અહીં આઝાદી પૂર્વે ગામડામાં વસતા સવર્ણ સમાજનું વણકર સમાજ સાથેના સામાજિક-આર્થિક સંઘર્ષનું નિરૂપણ છે.

રચનારીતિની દ્રષ્ટિએ 'મલક' સોળ પ્રકરણોમાં વિભાજિત છે. ચૌધરી ગોકળ હોમળનાં ખેતરમાં 'સાથી' તરીકે કામ કરતા વણકર યુવક ભગાને ગોદળ હોમળની પુત્રવધુ સંતોક સાથે સંબંધ છે. સંતોકનો પતિ હઠો નમાલો-નપુંસક છે. સંતોક બાળકને જન્મ આપે છે. દાયણ ફતામાં એ બાળકનું મોં ભગા જેવું છે એવું ખાનગીમાં જણાવે છે. આ વાત જાણી ગામના સવર્ણ યુવાનો ચર્ચા-વિચારણા કરે છે. આભડછેટનો, સ્વમાનનો પ્રશ્ન સામે આવ્યો. કેટલાક લોકો પોતાના ગામની લાજ-આબરૂ જશે, નાતનું નાક કપાશે એવું વિચારી આ આખી ઘટના ભૂલી જવાનું કહે છે તો કેટલાક લોકો ખૂબ જ ક્રોધે ભરાય છે અને વિચારે છે કે બીજા ગામવાળા જાણશે તો આપણા ભાઈ-બહેનને દોરો પણ નહીં બાંધે. ''દિયોર આપણઅ પેરાવામઅ હું બાચી રાસ્યુ કો ? આ બીજા ગોંમવાળા જાંણસી તો કોઈ દોરો નઈ બાંધઅં !'' આથી બધા ગંભીર થઈ જાય છે અને તેની વાતમાં સૂર પુરાવતા કહ્યું- ''વાત તો હાચી, બીજા ગોંમવાળા હું કેસી એનું ભાંન તો રાખવું જુવઅ, આ માધાપરવાળાનો કુણ દોરો બાંધસઅ ?''[૫૬] બીજા એક યુવાનીયાએ પણ કહ્યું- ''ઈન્ની..... આતો ખરૂં....થ્યું ! બેટ્ટી......ઢેઢાં સોકરાં જણાવસી નઅ આપણ જોયા કરસું દિયોર ! બાવનિયમઅ પડવા જેવું થ્યું કેવાય ?''

'' તાણઅ પડોકઅ બાવનિયામઅ ? ''

'' આપણ મઈ ! આ ઢેઢાંનઅ બાવનિયામઅ નાસીસું ! કાંક તો કરવું જુવનઅ ?''[૫૭]

---

૫૫. કથાવિચાર, પ્રમોદકુમાર પટેલ, પ્ર.આ.૧૯૯૯, પૃ.૧૪૫,૧૪૬

૫૬. મલક, દલપત ચૌહાણ, રંગદ્વાર પ્રકાશન, પ્ર.આ. ૧૯૯૧. પૃ.૧૭

૫૭. એજન, પૃ.૧૬૯,૧૭૦

ગામનું સ્વમાન ઘવાય એ સવર્ણોને મન લાંછનરૂપ હતું. આથી અંતે ગામ લોકો વણકરવાસ સળગાવી દેવાનું નક્કી કરે છે પણ વાસ સળગાવી દેવામાં આવે તે પહેલાં વણકર છગનને ખબર પડી જાય છે. હુમલો થયાની રાતે જ વણકર ગોકળની આગેવાની હેઠળ આખો વાસ ન છૂટકે, લાચારીથી હિજરત કરે છે. અંધારી રાતમાં ચાલતાં-ચાલતાં ઠેબા ખાતાં ખાતાં વણકરો ભૂતકાળમાં બની ગયેલા પોતાના જ જીવનના પ્રસંગોને યાદ કરે છે ને સવાર થતાં નવા મલકની શોધ માટે પ્રયાણ કરે છે.

આમ,'મલક'માં ગામના સવર્ણ લોકોના અનેક પ્રકારના ત્રાસ, જુલમ અને વણકર ભગાના ચૌધરી સંતોક સાથેના સંબંધને કારણે વણકરવાસ ઉપર થનાર હુમલાથી બચવા આખા વણકર સમુદાયે બળબળતાં હૈયે કરેલી સામૂહિક હિજરત 'મલક'ની કરોડરજ્જુ છે. હિજરતને નવલકથાકારે પ્રસ્તાવનામાં નોંધ્યું છે તેમ, 'હિજરત મારો પ્રચ્છન્ન નાયક છે'[૫૮] લેખકે હિજરત દરમિયાન હિજરતી દલિતોની સ્થિતિ, વણકરો ઉપર હિજરત પૂર્વે વીતેલાં વીતકોની કડવી યાદ, તેઓની સામાજિક, આર્થિક, ધાર્મિક, જાતીય શોષણને પણ વણી લીધું છે. નિરૂપાયે-લાચારીથી હિજરત કરતી વેળાએ ગોકળ જેવા ભાવુક જણથી વતનના આ મલકની માયા, મમતા છુટતી નથી. ''તારો ખોળો ખાલી કરવો પડઅ સઅ; અમનઅ માફ કરજો. માડી.....''[૫૯] તો બીજી તરફ હવે જવું ક્યાં, ક્યાં મલકમાં ? એ યક્ષ પ્રશ્ન સૌ વણકરોને મૂંઝવે છે. મલક છોડવાની સંવેદના માત્ર ગોકળ દ્વારા જ નહિ પણ આખા વણકર સમુદાય દ્વારા વ્યક્ત થઈ છે કારણકે અસ્પૃશ્યોને સવર્ણો 'માનવ' તરીકે સ્વીકારવા જ તૈયાર નથી અને જ્યાં સુધી દલિતો-અસ્પૃશ્યોનો 'માનવ' તરીકે સ્વીકાર નહીં થાય ત્યાં સુધી સવર્ણ સમાજ બધી જ જગ્યાએ- શત્રુ બનીને પજવશે. ગોકળ પોતાની બધી વેદના ઠાલવે છે- ''આટ આટલા વરહ લોકોની હારે જીવ્યાં, સુખ દુઃખમાં સધિયારા આપ્યા, વેઠ-વારા, દુઃખ દુઃખ કસુંય કોમમાં ના આયું, ઘાંચીના બળદની જેમ ઠેરના ઠેર, ઉપર આભનઅ નેચઅ જમીં...''[૬૦] ગોકળનું માથું વિચારોમાં ભમવા માંડે છે. કઠિન પરિશ્રમ કરવા છતાંય સવર્ણોની તિરસ્કારવૃત્તિનો ભોગ બનવું પડે છે. ગોકળની મનઃસ્થિતિ અહીં પ્રગટ થઈ છે- ''આ બધા ઓમ તો ભરમંડ ફોડી પાણી કાઢી લાવઅ; પણ મલક તો લોકનો મનેખનો ? અમે... અમે અ્યાં મનેખ સીએ ! અમે ઘણુંય કીંયે કે મનેખ સીએ પણ ગણઅ કુણ ? હાહરા બધ્ધા જ વેરી સઅ ! ચ્યમ કરીએ, કાંઈ હું જ પડતી નહીં, ચ્યમ કરી વેઠાય આ વેઠ-વારા-ઢોર ખેંચવાં, વણવું, નાગા રઈનઅ લોકનઅ લૂગડાં પેરાવવાં !''[૬૧]

આમ, અત્યાચાર અને સતત બીકના ઓથાર નીચે તેઓને જીવવું પડતું. ટૂંકમાં આઝાદી પૂર્વેના ગામડાનો દલિત સમુદાય માત્ર મનુવાદી વર્ણવ્યવસ્થાનો એક વેઠિયો જ હોય એવું આ નવલકથાના દલિત પાત્રોની સ્થિતિ જોતાં જણાય છે અને કરુણતા તો એ છે કે દલિત સમાજને

---

૫૮. એજન, પૃ.૬
૫૯. એજન, પૃ.૪૯
૬૦. એજન, પૃ.૧૭૧
૬૧. મલક, પૃ.૧૭૨

પણ એ બધું કોઠે પડી ગયુ છે. ગોકળ કહે છે '' વેઠીયાનઅ વળી ગામ શા નઅ ગરાશ શા ? ઈમનઅ તો મજૂરી એ જ ઈમનો ગરાસ''[૬૨] પણ એમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી કારણકે તે ભૂમિહિન છે. પેટનો ખાડો પૂરવા માટે તેને સવર્ણો પર જ આધાર રાખવો પડે છે. જો વિદ્રોહ કરે તો બીજા જ દિવસે ખાવાનું પણ ન મળે. સવર્ણો પેટ ભરીને તેનું શોષણ કરે. અહીં ભૂમિહીન, શ્રમજીવી વણકર સમાજ વેઠ પ્રથા અને વેતરાનો ભોગ બનેલો છે. તનતોડ મજૂરીના બદલામાં માત્ર 'પરબ' અને મરેલા ઢોર ખેંચી જવાનો જ હક્ક ભોગવે છે. વણકરોની સ્થિતિ તો બળદોથી પણ બદતર છે. મનુવાદી સમાજવ્યવસ્થામાં દલિતોને મૂક અનુચર બનાવીને સંપૂર્ણપણે નિરાધાર-લાચાર, ગુલામ સ્થિતિમાં કેવી રીતે રાખે છે તેનું પ્રત્યક્ષ દર્શન છગનનું જીવન આપણને કરાવે છે. ''અંધારું કે અજવાળું છગન માટે સરખું જ હતું. સવારે ચાર વાગ્યે ઉઠીને જોતરાઈ જવાનું બળદની જેમ ! ના બળદની જેમ નહીં, બળદ શિયાળામાં ગોળતલનું કચરિયું ખાય, તેલ તો બે-ત્રણ પિત્તળની બરણીઓ ભરીને પિવડાવે અને છગન ક્યારેક બળદને ખાતા વધેલું કચરિયું છાનોમાનો ખાઈ જાય અને પકડાઈ જાય તો પછી દેખ મજા ! પણ એ જીવતો હતો, જીવવું પડતું હતું. જીવવા માટે સહારાની જરૂર હતી. સહારો એટલે તેનો અર્થ રોટલો થતો હતો. ચાર દીવાલને છત હોવા છતાં ઘર શબ્દનો એને માટે કોઈ અર્થ નહોતો.''[૬૩] નારસંગ ઠાકોરની ખેતીવાડીમાં 'સાથી' તરીકે કામ કરતા છગનાની હાલત ઠાકોરના બળદો કરતા પણ ભૂંડી, બદતર છે. એકાદ વખત તો ખુદ છગન પણ પોતાને મેમદ ઘાંચીના બળદ સાથે સરખાવે છે. તે કહે છે -'' મું અનઅ મેમદ ઘાંચીનો બળદ હરખા ! ગોળ ગોળ ફેરા કર્યા જ કરવાનું અનઅ હો ગઉ હેડીંયે તોય ઠેરના ઠેર !''[૬૪] આ ઉપરાંત કૂવામાંથી કાઢેલું પાણી છગન ડોલમાં બળદને પાઈ પણ એ જ ડોલનું પાણી પોતે ન પી શકે એ કેટલી મોટી વિટંબણા છે તે જોઈએ ''આ ખરું ! બળદનઅ પાણી પીવા કૂવામાંથી મૂં પાણી કાઢું, બળદ એમાં પીવઅ, ડોલમાંથી પાણી મારાથી ના લેવાય, મારઅ જો પાણી પીવું હોય તો.....''[૬૫] છગન ઠાકોરોના આવા અમાનવીય વ્યવહારથી વ્યથિત થઈ જાય છે અને ગુસ્સામાં આવી '' હાક થૂઉ.....ઉ....''કરીને થૂંકે છે. અહીં 'થૂંકવા'ની પ્રતિક્રિયામાં છગનનો સવર્ણો પ્રત્યેનો વંધ્ય રોષ પ્રગટે છે. આવી જ લાચારી આખો વણકર સમુદાય ભોગવે છે. સવર્ણ ઠાકોરની ધાક એટલી બધી હતી કે કોઈપણ વણકર ગામમાં ઉઘાડા માથે નીકળી ન શકે, લગ્ન જેવા પ્રસંગોએ હેમો સેનમાં વણકરવાસમાં ઢોલ વગાડી ન શકે, મગન રાવળ જેવો કોઈક લગ્નટાણે વણકરોની જાનમાં વરરાજાને બેસવા ઊંટ લઈને જાય તો લાગ સાધીને આ ઠાકરડા તેના ઊંટનેય કૂવામાં ધકેલીને મારી નાખ્યા વિના જંપે નહિ, ભીખાની સ્મૃતિ સંવેદનામાં ઊપસી આવેલા આ ઊંટવાળા પ્રસંગનું સવિગત ચિત્રણ નિરર્થક તો નથી પણ તે થોડું પ્રસ્તારયુક્ત બનવા પામ્યું છે. વણકરો સૂવા-બેસવા માટે ખાટલાનો ઉપયોગ પણ જાહેરમાં કરી શકતા નહી ! - ''ખાટલાઓ મોટે ભાગે બહાર આંગળામાં કે ઓસરીમાં રાખવામાં આવતા. હા, ખાટલામાં

---

૬૨. એજન, પૃ.૧૪૨
૬૩. એજન, પૃ.૧૦,૧૧
૬૪. એજન, પૃ.૩
૬૫. એજન, પૃ.૧૧

'લોકોની હાજરીમાં બેસી કે સૂઈ શકાતું નહીં. લોકવરણની આમન્યા પાળવામાં આવતી''[૬૬] મંદિરો બાંધવામાં અથાગ પરિશ્રમ દલિતો કરે પણ મંદિર બની ગયા પછી એ જ મંદિરમાં પ્રવેશી ન જ શકે એ કેટલી મોટી કરુણતા ? ભગત પોતાના આરાધ્યદેવના દર્શન માટે એક વખત છૂપી-છૂપીને મહાદેવના મંદિરનાં દ્વાર સુધી પહોંચી જાય છે પણ ચંદુજી પૂજારી દ્વારા પકડાઈ જતાં તેને અપશબ્દો બોલીને ઢોર માર મારે છે ઉપરાંત મુખી દંડ પણ ફટકારે છે- ''હાંભળો તાણં... ઢેઢાંએ એક મણ જાર પારેવાંનઅ નાખવી કબૂલ ? વૈશાખ મૈનો ઉતરસ એ પેલાં મંદિરની ટેકરીની કોરમોર થૂવેરની વાડ કરી આલવી''[૬૭] ટૂંકમાં આરાધ્ય દેવના દર્શન કરવાના પ્રસંગમાં ભગતને જે દર્શન થાય છે તે ભગવાનના નહીં પણ જ્ઞાતિદ્વેષનાં દર્શન થાય છે.

'મલક'માં સવર્ણો દ્વારા દલિત સ્ત્રીઓનું જાતીય શોષણ પણ નિરૂપાયું છે. મનાની બહેન સૂરજ પર બળાત્કાર કરીને એનું ખૂન કરવામાં આવે છે. કામુક નારસંગ છગનની વહુ 'રામી'ને અડપલા કરે છે અને ગોકળની વહુ હેમીમાં રૂપ જોવાનો પ્રયત્ન કરે છે. પારેવડા જેવી શીવીનું શિયળ લૂંટાય છે. આ ઉપરાંત મનાના બાપા કરસનનું સૂતર ખરીદવા જતાં લૂંટાઈને ગૂમ થઈ જાય છે. સવર્ણો દલિતોનું આર્થિક શોષણ કરવામાં પણ પાછીપાની નથી કરતા. જમીનદારને ત્યાં મજૂરી કરી રહેલા છગનની સ્થિતિ તપાસીએ : ''છેલ્લા બાર વર્ષમાં તેનો ભાવ વધીને પચાસ રૂપિયા થઈ ગયો હતો છતાં તેણે ભેગા પચાસ રૂપિયા ક્યારેય જોયા નહોતા. તેના માલિક ખેડૂત માધુભા કે નારસંગ ગમે તે હો; જેમ તેને રૂપિયાની જરૂરત પડતી, તેમ તેમ લેતો જતો અને આખરે મસારાની રકમ કરતાંય આગળ નીકળી જતો અને જિંદગીના વધારે ને વધારે દિવસો બાનમાં મુકાયે જતાં હતા. તેણે ન જાણે આ રૂપિયા માટે કેટલાં વર્ષ જિંદગીનાં ગણી આપ્યાં હતાં.''[૬૮] બાળપણમાં જ જિંદગીનાં અમૂલ્ય વર્ષો પાણીની જેમ વહી જતાં જોઈને છગન કહે છે - ''આ વાડના કિલ્લામાં પરસેવો પાડતાં પોતાની જિંદગીનાં કેટલાં યુવાન વર્ષોને ઢેફાની જેમ ઓગળી જવા દીધાં હતાં.... મળ્યું શું ? મસારો ? અને મસારામાં રૂપિયા પચાસ, એક ટેમ ઘેંસ, બે ટેમ રોટલા નઅ સાસ ? બસ એટલામાં તો એ જીવી રહ્યો હતો. સાથી હતો ને? એણે તો બસ મસારાની રકમ વર્ષે ગણવાની નહીં, ઉપાડમાં જ મસારા કરતાં વધારે રકમ જતી''[૬૯]

લેખક જણાવે છે તેમ આઝાદી પૂર્વે ગામડામાં વસતા દલિત માણસો નિયતિના ચક્રમાં પીસાતા જતા હતા. તેઓ એટલા બધા ડરપોકવૃત્તિવાળા, ધર્મભીરુ, જડ માન્યતાઓમાં શ્રદ્ધા ધરાવનારા હતા કે પોતાનો કંઈ જ વાંક ગુનો ન હોય તો પણ સવર્ણો દ્વારા થતા અમાનુષી અત્યાચારને પોતાનું નસીબ માનીને જીવ્યે રાખતા હતા પણ 'મલક'માં નવી પેઢીના પ્રતિનિધિત્વસમા જીવો, રમણ જેવા પાત્રો સવર્ણો દ્વારા પોતાને થઈ રહેલા અન્યાયો, શોષણ સામે વિદ્રોહ કરે છે. અત્યાચારની સામે પ્રતિકારની ભાવના આ પાત્રોમાં જોવા મળે છે. જીવા તથા રમણ દ્વારા દારૂના નશામાં ચકચૂર થયેલા માનસંગને મરણતોલ માર મારે છે. ગોકળ દ્વારા એની પત્ની હેમીની માનસંગે કરેલી છેડતીનું વેર

૬૬. મલક, પૃ.૧૯
૬૭. એજન, પૃ.૮૮
૬૮. એજન, પૃ.૧૦
૬૯. એજન, પૃ.૭૦

વાળવા માનસંગની ચારસો મણ બાજરાની ઓઘલીઓ બાળી નાખે છે. ઉપરાંત વાસના વણકરો દ્વારા વરરાજાને ઊંટ પર બેસાડીને જાન કાઢવાની હિંમત પણ કરે છે. ટૂંકમાં 'મલક'માં વણકરો તરફથી પ્રતિકાર રૂપે થયેલી કેટલીક ઘટનાઓ પણ છે. આમ, 'મલક'માં આઝાદી પૂર્વે ગામડામાં વસતા વણકરોનો સવર્ણ સમાજ સાથેના સામાજિક – આર્થિકને જાતીય શોષણ ગ્રસ્ત સ્થિતિને ઉજાગર કરી છે, સવર્ણોના શોષણ સામે વણકર સમાજના આઘાત-પ્રત્યાઘાતો મલક છોડવાની સામૂહિક વેદના-સંવેદનાનું હૃદયને સ્પર્શી જાય તેવું નિરૂપણ થયું છે.

દલપત ચૌહાણે 'મલક' માં ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલી-લહેકામાં ગ્રામ્યજીવનની અનુભૂતિને વાચા આપી છે. ઉત્તર ગુજરાતના વણકરોની આગવી બોલી, કહેવતો, રૂઢિપ્રયોગોનો વિનિયોગ થયો છે.

કેટલાક રૂઢિપ્રયોગ જોઈએ-

- 'કરસનની પસેવી (પછેડી-ચાદર)માં પણ પાણી બાંધવું હોય તોય બંધાય ?'[૭૦]
- 'સ્ત્રીઓ 'પાણીની ભીખ'માંગી લાવતી !'[૭૧]
- 'તુતો મોટો પંચાતિયો થઈ જયો હોય એમ વાંકુ બોલવા માંડયો ભઈ !'[૭૨]

કેટલીક કહેવતો જોઈએ-

- 'ભૂંડાથી તો ભૂતય બિયાય'[૭૩]
- 'ઊંટ અતુંનઅ ઉકેંડે ચઢયું !'[૭૪]
- 'કબૂતર પેસે તો કૂવો વંઢે ને ભગતડું પેસે તો ઘર વંઢે'[૭૫]
- 'નબળો માંટી બૈરી પર હુંરો'[૭૬]
- 'તેરે મંગન બોત; તો મેરે ભૂપ અનેક'[૭૭]
- 'પગે ગોખરું, મદારીના ખીંટિ નોળિયો'[૭૮]

તળબોલી, કહેવતો, જ્ઞાતિગત રૂઢિપ્રયોગ, વ્યવસાયગત શબ્દોના વિનિયોગને કારણે રીતરિવાજો, રહેણીકરણી, પહેરવેશ, ખાણીપીણી દ્વારા જન્મતી માંસલતાને વળ ચઢે છે. ડૉ. વિજય શાસ્ત્રી પણ જણાવે છે કે 'મલક'માં નિરૂપાયેલાં વિવિધ પાત્રોની બોલીઓ અને લહેકા-લઢણો અકૃતક અને તેથી આસ્વાદ્ય લાગે છે.''[૭૯] 'મલક'ની એક નોંધવા જેવી બાબત એ છે કે લેખકે અહીં સમયના

---

૭૦. એજન, પૃ.૧૮
૭૧. એજન, પૃ.૨૫
૭૨. એજન, પૃ.૩૬
૭૩. એજન, પૃ.૧૨૧
૭૪. એજન, પૃ.૧૫૨
૭૫. એજન, પૃ.૧૨
૭૬. મલક, પૃ.૧૩
૭૭. એજન, પૃ.૧૭૩
૭૮. એજન, પૃ.૧૭૭
૭૯. પરબ,૧૯૯૪ પૃ.૪૦

વહેણ સાથે વિસરાઈ ગયેલા તળપદા શબ્દોને પ્રયોજ્યા છે જેને કારણે ગુજરાતી ભાષાનો શબ્દકોશ વધારે સમૃદ્ધ બન્યો છે. રઘુવીર ચૌધરી પણ નોંધે છે કે ''મલક' જેવી કૃતિઓ ભાષાનો શબ્દકોશ તો વિસ્તારી જ આપે છે.''[૮૦]

'મલક' માં લેખકે કથન-વર્ણનમાં શિષ્ટભાષા અને પાત્રગત બોલીમાં કાળજી રાખી છે. વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ સર્જક રચી શક્યા છે. નવલકથાના પ્રારંભથી જ હિજરતને અનુરૂપ પરિવેશ રચાતો જોવા મળે છે. હિજરતને પરિણામે વણકર સમાજમાં વ્યાપેલ ભય, કેટલાક યુવાનોમાં અન્યાય સામે લડી લેવાનો મૂડ પણ છે. વાસની રચના પણ વિષયવસ્તુને ઉચિત છે. વણકરોની રીતભાત, રહેણીકરણી, એમની અંધશ્રદ્ધાઓ, એમને વેઠવી પડતી મુશ્કેલીઓ દ્વારા ગ્રામ્ય જીવનના દલિતોનું વાસ્તવદર્શી ચિત્રણ થયું છે. સંસ્કાર સંદર્ભ 'મલક'માં તંતોતંત પ્રગટ થયો છે. એ રીતે પણ નવલકથા નોંધપાત્ર છે. સમય અહીં ઘડિયાળથી નહીં પણ ઢેઢબૂલીથી પમાય છે. ''ઢેઢબુલી અજીતો માથા ઉપર સઅ''[૮૧] વાંસળીમાં પૈસા ભળીને સાચવવાની રીત પણ નોંધપાત્ર છે.- ''દિયોર મુખી વાંહળી ભરીનઅ રૂપિયા ઘરમઅ લેઈ બેહી જ્યાં''[૮૨] એ સમયમાં જાનમાં સ્ત્રીઓને કોઈ સ્થાન નહોતું. '' તે સૌ ગાતાં ગાતાં ગોંદરા સુધી વળાવવા આવ્યાં.''[૮૩] આઝાદીપૂર્વે ગામડામાં વસતા વણકરોના લગ્ન પ્રસંગોમાં એમના આગવા રીતરિવાજો જોવા મળે છે.

''સામે પક્ષે કન્યાવાળાઓનેય ચિંતા ન હતી. જ્યાં સુધી લગ્નનો દિવસ નક્કી ના થાય, ત્યાં સુધી જાનની કોઈ જવાબદારી તેમને માથે ન રહેતી અને લગ્નતિથિ ગોર મહારાજ જ્યારે નક્કી કરી આપે એ દિવસે લગ્ન લેવાતાં. લગ્નના દિવસે કન્યાવાળા પક્ષ તરફથી વરપક્ષને ખીચડીને તેલનું ભોજન આપવામાં આવતું. જે મજૂરીએ ગયા હોય કે પોઠ લઈ બીજે ગામ ગયા હોય તેમને કાચા ધાનના પીરસા અપાતા. માણસ દીઠ પીરસામાં દોઢશેર ખીચડી અને પાશેરો તેલ, એમાં ગધેડાઓનેય માણસની જેમ ગણતરીમાં લઈ ''પીરસો'' લેવાતો.''[૮૪] લગ્ન પ્રસંગે વહુપક્ષવાળા વરપક્ષવાળાનાં ગધેડાને પણ 'પીરસા' આપવાનો રિવાજ છે પણ એ વખતે 'પીરસા' બાબતે બંને પક્ષ વચ્ચે ચાલતી રકઝક પણ ખૂબ જ રસપ્રદ છે. અભાવો વચ્ચે પણ ટોળટીખળ કરી લેતો વણકર સમાજ વાસ્તવિક લાગે છે. આરાધ્યદેવના દર્શને જતાં ઢોર માર ખાઈને આવેલા ભગતના જે રીતે ખબર પૂછાવ્યા છે ને એમાંથી જે ટીખળ પ્રગટે છે એ હાસ્યપ્રેરિત ને છતાં વાસ્તવિક લાગે છે. આ પ્રસંગ સંદર્ભે ડૉ. ભરત મહેતા જણાવે છે કે, ''આ ઘટના દલપત ચૌહાણે સમાજને નજીકથી જોયો છે એની પ્રતીતિ કરાવે છે. ''[૮૫] તો પ્રવીણ ગઢવી પણ નોંધે છે કે,'' શ્રી દલપત ચૌહાણે વણકર સમાજના રીતરિવાજ, ભાષા, કહેવતો, રૂઢિપ્રયોગો, લોકગીતો, સંસ્કારો વગેરેના અચ્છા જાણકાર છે.''[૮૬] ટૂંકમાં નવલકથાકારે સમાજને નજીકથી જોયો જ નહિ અનુભવ્યો પણ છે એની પ્રતીતિ 'મલક' કરાવે છે.

---

૮૦. મલક, દલપત ચૌહાણ, પ્રસ્તાવના લેખ
૮૧. એજન, પૃ.૬૨
૮૨. એજન, પૃ.૧૧૪
૮૩. એજન, પૃ.૪૨
૮૪. મલક, પૃ.૩૫
૮૫. 'કથામંથન', ભરત મહેતા, પૃ.૫૬
૮૬. તાદર્થ્ય, ફેબ્રુઆરી, ૧૯૯૪, પૃ.૪૪

એક રાતની જ ચુસ્ત સમય સંકલનામાં વિષયને અનુરૂપ થયેલા સૂક્ષ્મ સંવેદનોનું નિરૂપણ વાચકના હૃદયને વાસ્તવિક પરિસ્થિતિ સંદર્ભે ખેદ જન્માવે છે. ડૉ.ભરત મહેતા નવલકથાની સમય સંકલના સંદર્ભે જણાવે છે કે, ''સમય સંકલનાની દષ્ટિએ પણ 'મલક' આસ્વાદ્ય છે. વણકરવાસ રાત માથે લઈને હિજરત કરી જાય એટલો જ ભૌતિક સમય લઈને લેખકે કુશળતાથી પ્રતીતિ કરાવી છે. સમય સંકોચનની દષ્ટિએ કૃતિને સારી સાવધાની વર્તી છે. હિજરતીઓના માનસિક સમયમાં કૃતિ વિશેષ ચાલે છે. એક પછી એક પાત્રની વ્યથાના વીતક લેખક આલેખે છે. સમય સંકલનાની ખૂબીને લઈને કથા વિફરાટને સર્જક સંયમિત રાખી શક્યા છે.''[૮૭] ફ્લેશબેકની પ્રયુક્તિ દ્વારા વણકર સાથી ભગા અને સવર્ણ પરણિત સંતોકના પ્રણયસંબંધનું કથાઘટક એવી કુશળતાથી વર્તમાન પરિસ્થિતિના વર્ણન-કથનમાં વણી લેવાયું છે કે, વણકરો ગામના સવર્ણ લોકો વચ્ચેનો ઘણા સમયથી ધૂંધવ્યા કરતો અગ્નિ ભભૂકી ઉઠવાની પળ આવી પહોંચતા વણકરલોકને રાત માથે લઈને હિજરત કરવી પડે છે. એ સ્ફોટક પરિસ્થિતિ અને એમાંથી ઉદ્‌ભવતી પાત્રગત મનઃસ્થિતિઓ કથાના કેન્દ્રમાં છે. તેમજ હિજરત વખતે ઠેબા ખાતો વણકર સમાજ પોતાની વીતકકથા ખોલતો જાય એ પ્રકારની શૈલી પણ રસપ્રદ છે. યશવન્ત વાઘેલા 'મલક' ની રચનારીતિ સંદર્ભે કહે છે-''સાંપ્રતની પળમાં ભૂતકાળની કરુણ પળોનું દશ્ય આલેખીને સર્જકે આગવી હથોટીથી પ્રસંગનું વાસ્તવસભર આલેખન કર્યું છે. વાસ પર હુમલો થયાની પૂર્વે જ અંધારભરી રાત્રિમાં ચાલતાં-ચાલતાં કથાનાં પાત્રો જીવનના પ્રસંગોને યાદ કરે છે. તે તેની રચનારીતિનું સર્જકનું વિશિષ્ટ કૌશલ છે.''[૮૮]

'મલક' ની ઘણીબધી વિશેષતાઓની સાથે – સાથે તેની કેટલીક મર્યાદાઓ પણ છે. નવલકથામાં પાત્રાલેખનની એકવિધતા તેમજ કેટલાક તાલમેલિયા પ્રસંગો છે તો કેટલાક પ્રસંગોમાં બિનજરૂરી પ્રસ્તાર જોવા મળે છે. ઉપરાંત લેખક દલિત વર્ગના હોવાને કારણે સવર્ણ પ્રત્યેનો તીવ્ર રોષ સાહજિક અભિવ્યક્તિ પામ્યો છે અને એટલે જ કદાચ દલિત વર્ગના આંતર મતભેદ, આંતરદ્વંદ્વને નિરૂપવાનું એમણે ટાળ્યું હોય એવું જણાય છે. 'મલક' માં દલિતપાત્રો પ્રત્યેનું પક્ષપાતભર્યું વલણ અછતું રહેતું નથી. લેખકે બધા જ દલિત પાત્રોને સર્વગુણ સંપન્ન દર્શાવ્યાં છે. સામે પક્ષે બધા જ સવર્ણોને ચારિત્ર્ય હીન દર્શાવ્યા છે. માસંગજી, જેહો વાઘરી, અનારજી વગેરે દારૂ પીએ છે. અનારજીનો વાસ પર અત્યાચાર, બદલામાં દારૂ ને કૂકડા માંગે છે. રાવળિયા અંદરો-અંદર ઝગડે છે. જેહાની વહુ અને મુખીની ફોઈ કુવડ છે, હઠાની વહુ સંતોક દલિત સાથી ભગાને પટાવે છે ! ટૂંકમાં લેખકે સવર્ણ સમાજ પ્રત્યે ધૃણા દર્શાવી છે પણ દલિતોમાં આતરસંઘર્ષ જોવા મળતો નથી.

લેખકે પોતાના વણકર સમાજની નબળાઈઓ, મર્યાદાઓને ઉઘાડી પાડવાનો પ્રયાસ કર્યો નથી. આંખ આડા કાન કર્યા હોય એવું લાગે છે. પાત્રોની સંકુલતા લેખક ઉપસાવી શક્યા નથી. અહીં સવર્ણ પરણિત સંતોક અને વણકર ભગો બંને એકબીજાથી આકર્ષાય છે ને પ્રેમના તાંતણે બંધાય છે. એ સંબંધના ફળરૂપે સંતોક બાળકને જન્મ આપે છે અને એ જન્મેલ બાળકમાં દાયણ ફતામા

૮૭. 'કથામંથન', ભરત મહેતા પૃ.૫૭

૮૮. 'સમ્યક', યશવન્ત વાઘેલા, પૃ.૧૧૭

ભગાનું મોં ભાળે છે ત્યારે વાસમાં હોનારત સર્જાય છે. માત્ર ભગાને કારણે વણકરવાસને હિજરત કરવી પડે છે પણ આશ્ચર્યની વાત તો એ છે કે હિજરતવેળાએ ઠેબા ખાતો સમાજ ભગાને એક વેણ સુદ્ધા ન કહે ત્યારે સામાજિક સંદર્ભ પાણીપાતળો થઈ જાય છે. સવર્ણોના અત્યાચારને તાર્કિકતા પૂરી પાડનારા ભગાના આ 'પરાક્રમ'અંગે આખો વાસ ચૂપ કેમ બેસી રહે છે ? આ આખી વાત મેલોડ્રામેટિક લાગે છે. ગામના લોકો તરફથી વાસ પર પથ્થરા ફેંકાયા પછી પણ ગોકળ ભગાને કશું જ ન કહે ! આ ઉપરાંત ત્રણ રૂપિયા માટે વજેસંગ કરશનને મારી નાખે અને એનો પુરાવો ત્રણ-ચાર વર્ષ પછી તળાવમાં પથરા સમેતની સાંકળ દ્વારા રાજીને મળે એ તાલમેલિયું લાગે છે. લવજી રાવળની છોડીના લગ્નનો વિવાદ કે હેમરાજની ભેંસ ચીરવાની ઘટના બિનજરૂરી લાગે છે. તેનો કથાના મુખ્ય પ્રવાહ સાથે કશો જ સંબંધ જણાતો નથી.

'મલક' માં હિજરતની ઘટનાનું વાસ્તવિક છતાં કલાત્મક નિરૂપણ થયું છે. તળબોલીના સમર્થ વિનિયોગ દ્વારા ભાષાનું પોત નિરાળું બન્યું છે. રચનારીતિ, સમયસંકલના, પરિવેશ, વર્ણનો ઉપરાંત આઝાદી પૂર્વેના ગામડામાં વસતા વણકર સમાજની સમૂહચેતનાને ઉજાગર કરતી સંવેદનાને તાકતી 'મલક' નોંધપાત્ર નવલકથા છે.

'મલક'સંદર્ભે દલપત ચૌહાણને શું અભિપ્રેત છે તે પણ તપાસીએ: ''મલક એ નીજ ઘરશોધનું પ્રયાણ છે. એ પહેલું પણ નથી. છેલ્લું પણ નથી. દલિત જીવન ક્યારે સ્થિરતાથી, કશાય ભય વિના, કશીય અડચણો વિના આરંભાશે તેની નિરંતર શોધ છે. કથામાં ઘટતી ઘટનાઓ બહાના નથી, સતત વરસતી જૂલ્મની ઝડીઓ છે. તેનો ઉગારો શું હિજરત છે. પડકાર છે. પલાયન છે ? હજી ઉકેલ ક્યાં છે ? એટલે હિજરત અટકતી નથી પણ જાવું કિયે મલક. કથાનાયક આખરે કહે છે '' ધરતી જેવી મા છે ને મલક જેવો મલક પડ્યો છે.''

પણ લેખક કહે છે: (મને) વિશ્વાસ નથી આ સિલસિલો ક્યાં, કેવી રીતે, ક્યારે અટકશે. કાળની ગર્તમાં કશું સમજી શકાય એવું નથી.

એક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતું જૂથ ક્યારે સમગ્ર સમાજનો ભાગ થશે એ વેદનામાં આ કથા અટકે છે, નથી અટકતી, આશાવાદ છે અટકશે પણ ધૂંધળો આશાવાદ કશું આપતો નથી. માનવી આશા છોડતોય નથી એટલે તો મલક લખાઈ છે. અન્યથા ડાઈનાસોરની જેમ દલિતોએ ભૂસાઈ જવું જોઈએ. જેના અસ્થિ પણ ન મળે.''[૮૯]

## 'ગીધ'-દલપત ચૌહાણ

દલપત ચૌહાણની *'ગીધ'* નવલકથામાં આઝાદીપૂર્વે ગામડામાં વસતા દલિતોની કફોડી-કરુણ દાસ્તાન નિરૂપાયેલ છે. સામાન્ય રીતે તો એવું માનવામાં આવે છે કે ગામડાના લોકો

૮૯. દલપત ચૌહાણના તા.૨૧/૧૧/૨૦૦૬ના પત્રમાંથી

સુખી હોય છે. ઘણા બધા સર્જકોએ ગામડાની ભવ્યતાની વાત કવિતા, વાર્તા જેવાં સાહિત્યસ્વરૂપોમાં કરી છે પણ 'ગીધ' નવલકથાની પ્રસ્તાવનામાં સર્જકે ગામડામાં વસતા દલિતોનું જીવન કેટલું મુશ્કેલી અને હાડમારીભર્યું છે તે જણાવ્યું છે : "ગામડાં તૂટી રહ્યાં છે. (એ તૂટવાં જ જોઈએ) શહેરની ચાલીઓ-ઝૂંપડપટ્ટીઓ વધતાં જાય છે પણ એ ઝૂંપડાઓમાં સ્વમાન-સન્માન મળતાં જાય છે, જે ગામડામાં નથી જ નથી....ગામડું દલિત સમાજ માટે કયારેય રમ્ય નહોતું; અરે ! ગામડું તો આપણા સમાજોનું વરવું રૂપ છે. ગંદકી અને કીચડ. લેખક/કવિઓએ એને ફટવી માર્યું હતું. શહેરમાં જે માઝા-મર્યાદા-માનવીય સંસ્કારો છે તેમાનું કશું ગામડા પાસે નથી અને ગામડાંની રમ્યતા ફક્ત લખવા-વાંચવામાં જ કે ચિત્રણકામ માટે ચિતારાને જ સારી લાગે. બાકી ગામનો મુખી કે સરપંચ સમગ્ર દેશનું રાજકારણ હજમ કરી જાય તેવો છે. તો કોઈ પણ ગામનો લુચ્ચો માણસ વિરપ્પન જેટલો જ ખૂંખાર અને ભયંકર છે."[૯૦] પછાતવર્ગનું કેટલું શોષણ થતું હશે તેના સાક્ષી ક્યારેક સર્જક પણ બન્યા હોય એવું આ કથન ઉપરથી વાંચી શકાય છે.

દલિત ઈસા અને સવર્ણ માવજીભાની દીકરી દિવાળીના સંબંધની ઘટના અહીં વર્ણવાઈ છે. પૂરક ઘટનાઓ તરીકે મરેલી ભેંસને તાણવાં જવાની, તેને ચીરવાની, ભેંસના માંસની વહેંચણી કરવાની અને ભૂવા ધૂણવાની પ્રક્રિયાઓ છે.

રચનારીતિની દ્રષ્ટિએ નવલકથા બાવીસ પ્રકરણોમાં વહેંચાયેલી છે. આરંભમાં ભલો અતીતનાં સ્મરણો ખંખોળતો કથાનાયક ઈસાની દિવાળી સાથેના સંબંધોની વ્યથાકથા અને એમણે ભોગવેલી શારીરિક અને માનસિક યાતનાઓ વર્ણવે છે. ફ્લેશબેકની પ્રયુક્તિથી સર્જકે વાર્તાપ્રવાહને ગતિ આપી છે. વયોવૃદ્ધ ભલાભાને ઈશાનું સ્મરણ થાય છે : "આ ઘેમરનો ઈસો...." એમણે ખાલાની જમીનમાં ગોદો મારી જમીન ખોતરી જાણે પોતાના અતીતના આંકડા ઘેમરના ઘરની માટીમાં ખોવાયા હોય એમ ફાંફા મારીને શોધવા માંડ્યા, એમણે ઘરના પાયાની માટીમાં ખોતરવા માંડ્યું, જાણે હમણાં ઈસો બોલી ઊઠશે એવી ભ્રમણા થઈ : "ચ્યમ ભલા આજી નહીં આબ્બું હાંહલારમ્મા, પેલો....."[૯૧] ભલોભા ચમકી જાય છે. જાણે કે એણે સાચોસાચ ઈસાનો અવાજ સાંભળ્યો. આથી ભલાભા માટી ખોતરતા અટકી ગયા. ઈસાની હત્યા કેવા સંજોગોમાં થઈ અને માવજીભાનો સાથી શનોજી ઠાકોર ગુનેગાર હોવા છતાં ભર્યા તળાવમાંથી કોરોકટ બહાર નીકળી ગયો એ સ્મરણપટ પર તાદશ થયું. શનોજીને ધૂતકારતા ભલાભા સ્વગત બોલી ઊઠ્યા : "આ દિયોર શનોજી ! કોળો !..... કોળો અજીય જીવઅ સઅ ! ચ્યાથી મરઅ ! બધુય આંયનઅ આંય પૂરુ કરવું પડઅ. અજીતો ચીડા પડસે"[૯૨] ભલાભાની નજર ઘેમરના ખાલી પડેલા ખાલા તરફ મંડાતા જ એમનું મન ખળભળી ઊઠે છે અને તે બોલી ઊઠે છે – "વગર વાંકગને કુટઈ મર્યો ઈસલો, ઘેમર તો બાપડો હું કરઅ..... ફરિયાદ કુનઅ કરઅ, ગામ આખુ દિયોર વેરી, ઢેઢનઅ મારવું નઅ ચીડી મારવી હરખી. આ દિયોર શનોજી.....કોળો....ઈના સોકરાનાય

૯૦. ગીધ, દલપત ચૌહાણ, કુમકુમ પ્રકાશન, પ્ર.આ.૧૯૯૯, લેખકનું નિવેદન, પૃ.૧૬

૯૧. એજન પૃ.૨૯

૯૨. એજન પૃ.૨૫

સોકરા, અનઅ ઘેમરનું હાવ મૂળ જતું રયું ! મારા પરંતુ.....''[૯૩] દલિતો કેટલા બધા લાચાર હતા તેની અનુભૂતિ અહીં આપણને થાય છે. વીતેલા સમયનાં સારાં – માઠાં સંભારણાંએ એના ચિત્તનો કબજો લઈ લીધો. કેટલુંક બદલાયું છે તો કેટલુંક અકબંધ જ છે. સવર્ણો હાથોહાથ પૈસા કે બીડી જેવી વસ્તુઓની આપલે કરે છે. મીયોરવાસમાં જૂના માટીનાં ખોરડાની જગ્યાએ ઈંટોંના મકાન બની ગયાં છે નવી પેઢીનો રમણ હવે સાદાં સપાટ– પાવલાને બદલે મારવાડી ફૂમતાવાળી સપાટ– ચંપલ બનાવતો થઈ ગયો છે પણ આંગણામાં તડકે સુકાવા મૂકેલાં કાચા ચામડાની આસપાસ બણબણતી માખીઓ અને દુર્ગંધ સાખ પૂરે છે કે આ લોકોના ધંધા રોજગાર અને વ્યવહાર વર્તનમાં ખાસ પરિવર્તન આવ્યું નથી. તેઓ અંધશ્રધ્ધાઓમાં રાચ્યા કરે છે.

'ગીધ' માં પણ 'મલક'ની જેમ જ દલિત નાયકનું સવર્ણ સ્ત્રી સાથેનું આકર્ષણ કેન્દ્રમાં છે. સવર્ણ માવજીભાને ત્યાં બાળપણથી જ સાથી તરીકે રહેલો ઈસો મીયોર જાતિનો અસ્પૃશ્ય છે. ઠાકોર શનોજી કોળી પણ માવજીભાનો સાથી છે. માવજીભાની દીકરી દિવાળીના લગ્ન તો હેમરાજના દીકરા જોડે નાનપણમાં જ થઈ ગયા છે અને એને આણે વળાવવાની બાકી છે. ઈસો નાનપણથી જ માવજીભાના ખેતરમાં પેંડારિયા તરીકે કામ કરે છે. આથી દિવાળીના સંપર્કમાં આવવાની તકો ઈસાને સહજરીતે પ્રાપ્ત થતી રહે છે. સાથી તરીકે માવજીભાને ત્યાં જ રહેવાની વ્યવસ્થા થયા પછી તો દિવાળીના ચેનચાળા દિવસે – દિવસે વધતા જ જાય છે. દિવાળીમાં યૌવન ખીલે છે અને 'ગઈ કાલની રમતિયાળ છોકરી આજની છેલ બની ગઈ.' નાની દિવાળીને પેંડારિયો ઈસો ગમતો પણ ઈસો દિવાળીના હાથના ઈશારા, એની વાતના ચાળા સારી રીતે સમજતો હતો પણ ભોટ હોય એવો વર્તાવ કરી રહ્યો હતો. અલબત્ત ઈસાને પણ દિવાળી પ્રત્યે આકર્ષણ તો હતું જ પણ એ સમજતો હતો કે લપસ્યા અને પકડાઈ ગયા તો ? દંડાવાનું તો પોતાને જ હતું અને કંઈ આડુ અવળું થઈ જાય તો માર્યા! આવી જ બને. ગામ વેરી થઈ જાય ! યુવાનીના ઉંમરે ઊભેલા ઈસાનેય દિવાળીની સાથે મજાકમસ્તી ને અડપલા કરવાનું ગમે છે પણ ઈસો પોતે દલિત હોવાને કારણે જ આવનારાં પરિણામોથી ભયભીત છે. પોતાના દિવાળી સાથેના સંબંધની ગામમાં જો કોઈને ખબર પડે તો પોતાના આખા સમાજ ઉપર આફતના ઓળા ઊતરી આવે. એટલે ઇચ્છા હોવા છતાં દિવાળીને ભૂલથી પણ સ્પર્શવાની ચેષ્ટા કરતો નથી. ઈસાની આ સૌથી મોટી વિડંબના છે. એમાંની આ એક ઘટના તપાસીએ ''ઈસો એને સાવ નજીક જોતાં જ ચમકયો. દિવાળીના એક હાથમાં દાતરડું અને બીજો હાથ ખાલી. ખાલી હાથને કમર પર મૂકી દાતરડું બરડા પાછળ સંતાડતા ડોક સહેજે વંકાવીને ઈસા તરફ મારકણી આંખે તાકી રહી હતી, જાણે ઈસાને પગની પાનીથી માથાની ચોટલી સુધી માપતી ન હોય. પછી વિચારમાં હોય એમ પીઠ પાછળ સંતાડેલું દાતરડું લમણે અડાડી, આંખો વધારે ઝીણી કરી, ઈસા તરફ ઢળી.

ઈસો એક ડગલું પાછળ હઠ્યો, એને લાગ્યું કે એ પાછળ ધકેલાઈ રહ્યો છે અને ટકી રહેવા તરફડિયાં મારી રહ્યો છે. એમ કરવા જતાં એ થાળાની પાળ સાથે અથડાઈ, પડતાં–પડતાં રહી

---

૯૩. ગીધ, પૃ.૯૨

ગયો, પછી પોતાની જાતને સંભાળી લીધી. એ બળદો તરફ ફર્યો જાણે દિવાળીને જોઈ જ નથી એમ બળદોને પાણી પાવાનો ડોળ કરવા માંડ્યો''[૯૪]

દિવાળી સાથે પોતાની ઇચ્છા સંતોષવા માટે અનુકૂળ વાતાવરણ મળ્યું હોવા છતાં ઈસો સંયમપૂર્વક દિવાળી સાથે વ્યવહાર કરે છે. અહીં ઈસાને દલિત હોવાનું કહે છે. પ્રેમ તો કરવો છે પણ નજર સામે એને ભયાનક પરિણામ દેખાય છે.લેખકે કરેલું વર્ણન જોઈએ :

''આજે દિવાળી વહેલી ચાર લેવા આવી હતી અને શેઢે ચાર લેવા જવાને બદલે સીધી કૂવે આવી, એ એને ગમ્યું નહિ. વળી ખેતરમાં એ બે જણ સિવાય કોઈ નહોતું, ઈસાને આજની દિવાળી કડવીઝેર જેવી લાગી.''

''ભૂંડી તું આમ ચેન કરઅ સઅ એ કાંઈ અમે હમજતાં નહીં એવું નહીં, તનઅ જવાની ચટકા ભરઅ સઅ! અમન નઈ ભરતી હોય ! લે કે !'' અને હળવેથી માથું હલાવી બળદોની પકડેલી રાશ તરફ જોતાં બબડ્યો.

''હું કરીએ ? આ તો વેણથી વંજોગ ટાળીએ બાચી તો બધું ચાંદણીયો મઅ!''[૯૫] એક વખત તો દિવાળી એના પર પૂરેપૂરી આસકત થઈ જાય છે. ''ઈસા, તું વેરી થ્યો સઅ ! અવઅ આઘો ચ્યાં હુંધી રે ? એક દા'ડો તનઅ.....'ઈસા પર આમ ઓળઘોળ થયેલી દિવાળીથી ઈસો એ વખતે તો બચી જાય છે. ઈસો જ્યારે તૈયાર થતો નથી ત્યારે દિવાળી પોતાની જાતીય ભૂખ સંતોષવા શનોજી ઠાકોર સાથે છાનાછપના કરતી થાય છે. આ સમયગાળા દરમિયાન દિવાળીના સસરા હેમરાજભાઈ માવજીભાને દિવાળીના આણા માટે દબાણ કરે છે અને મોઘમ શબ્દોમાં સૂચવે છે કે, ''જુવાન વહુવારુને લાંબો વખત પિયેર રહેવાનું થાય તો આ કે તે સાથી સાથે તેનો પગ કૂંડાળામાં પડી જાય તેની ખબરેય ન પડે અને આબરૂના ધજાગરા થાય''[૯૬] ઘરમાં જુવાન છોકરી હોય ત્યારે જુવાન સાથીથી સંભાળવાની ચેતવણી માવજીભાને વિચારતા કરી દે છે. માવજીભાના મનમાં શંકાનો કીડો સળવળતો કરી દે છે. આમ તો કુલીમા અને માવજીભાને દિવાળી પર ભરોસો છે છતાં પણ તેને કોઈ ભોળવી ન જાય તેની કાળજી રાખવી પડે છે. સગી દીકરી પણ ક્યારેક પોતાની ઊજળી આબરૂ પર મેંશનો ચાંલ્લો લગાડી શકે એવી હૈયાફડકને દબાવી રાખી બંને સાથી ઈસા અને શનાજીને શંકાની નજરે જુએ છે.

એક તરફ ખેતર શેઢાનું કામ છે, જુવાન દીકરીને પણ ઘરમાં બેસાડી રાખે પાલવે એમ નથી, એ પણ એનું કામ કરતી રહે તે જરૂરી છે, એવા સંજોગોમાં ઈસા અને શનોજીથી કઈ રીતે બચાવવી એ માવજીભા અને કુલી માટે યક્ષ પ્રશ્ન બની રહે છે. માવજીભાએ દિવાળીને પરણાવી દીધી હોવા છતાં સાસરે નથી મોકલી કારણ કે અહીં ખેતરમાં મજૂરી કુટાવવી છે. એમને કામ કરાવવાનો સ્વાર્થ લાગેલો છે એટલે દીકરીની લાગણીઓને નજર અંદાજ કરવી છે. બીજી તરફ એનો પગ ક્યાંય આઘો પાછો ન

૯૪. ગીધ, પૃ.૪૩
૯૫. એજન, પૃ.૭૮,૭૯
૯૬. એજન, પૃ.૭૭

પડી જાય એનીય ચિંતા રહ્યા કરે છે. સાથી ભાગિયા સાથે દીકરીનું નામ ચગે એ તો ભારે નાલેશી કહેવાય. માવજીભા બંને તરફથી બરોબર ભીંસાય છે. એક તરફ પેટીયું રળવાનો પ્રશ્ન તો બીજી તરફ યુવાન દિવાળીનો. માવજીભા ભલે સવર્ણ હોય પણ પરિસ્થિતિ એને પણ ગુલામ બનાવી દે છે. માવજીભાની દ્વિધા તેમના જ શબ્દોમાં જોઈએ :

''હાહરૂ કુણ અશે ?..... આ કોલોકઅ ઢેડુ...''બે માંથી એક હશે જ. એ સિવાય વાત થોડી કુંકાંય ? માવજીભા માટે આ પરિસ્થિતિ જીવતા મોત સમાન છે. અંતે જે બનવાનું હતું તે બનીને જ રહે છે. દિવાળી બાજરીના ઊભા ખેતરમાં શનોજી ઠાકોર સાથે દેહસુખ માળે છે ને ઈસો આ બંનેને જોઈ જાય છે. માવજીભાનો દીકરો પણ બાજરીના ખેતરમાં દિવાળીને કોઈની સાથે છ ıનગપતિયા કરતી જોઈ જાય છે અને તેના સમાચાર માવજીભાને આપે છે. એ જ વખતે ગુનેગારને શોધવા માટે માવજીભા, તેના દીકરા લવજી, વેલજી, બાજરીના ઊભા ખેતરમાં દોટ મૂકે છે ને ઝપાઝપીમાં ખરો ગુનેગાર શનોજી છટકી જાય છે ને ઈસો ઝડપાઈ જાય છે પાડાને વાંકે પખાલીને ડામ જેવું થાય છે. ઈસો કૂટાઈ જાય છે. અંતે નિષ્ઠુર માવજીભા અને તેના દીકરા રાત્રે બેભાન ઈસાને કૂંડ પાસે મૂકી દે છે ! વહેલી સવારે માધાભાને ઘેર ભેંસ તાણવા ગયેલા રણછોડને બેભાન અવસ્થામાં પડેલ ઈસો દેખાય છે. વાસના બધા લોકો તેને ઊઠાવીને ઘરે લઈ આવે છે. ઈસાની આ કરુણતા પરાકાષ્ઠાએ તો ત્યારે પહોંચે છે જ્યારે એ ગુનેગાર શનાજીનું નામ જાહેર નથી કરતો... કદાચ જ્યાં એ સાથી તરીકે રહેલો તે માવજીભા અને દિવાળીની આબરૂના ધજાગરા ઊડે તે એને પસંદ નહીં હોય. અહીંયાં ડર છે શનાજીની દષ્ટિમાંથી બચવાનો પણ સમજદારી છે દિવાળીની આબરૂ બચાવવાની, ''ઈસો ખાટલામાં પડખું ફર્યો, 'મારઅ આ્યાં એની હંગાથે પૈણવું તું, મારું આણું ઊણ નઈ તો પોર....આ રાંડનું નામ નહીં લેવું. આ શનોજીનું નોમ લઈ લેવું. આંય હાથી જ કુનઅ ભૂત ભૈનઅ રવું સઅ. સુટક મજુરી આ્યાં નહીં મલતી. હાહરી ઈનું નખ્ખોદ જાય. કોઈનઅ દશ્મન નહીં કરવા.... કોઈનું નામ નહીં આલવું. રામાપીર, મા મેલડી બધા વાતો કરઅ સઅ ઈમ હેંડવા દેવું, ભલું કરજો......રામાપીર.....''[૯૭]

માત્ર ઈસો જ આવું વિચારે છે એવું નથી તેની મા વાલી પણ આવું જ વિચારે છે. વાલીને વસ્તુસ્થિતિનું ભાન થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા જતા પતિ ઘેમરને રોકતા કહે છે– ''જોડો કાઢો. ગોમ્મઅ રેવું સકઅ નઈ ? ઠાકેડાની વાત હૌવ માનસી. નક્કામાં દંડઈ જહું. ગામ્મઅ આ વાત કુટશે, જો કીએકંઅ ઈસાનઅ માવજીભાવાળાએ માર્યો તો પાપ આપણા માથઅ આવશે.''[૯૮] ઘેમર પણ કોઠાડાહી વાલીની વાત સાંભળતા ઠંડો પડી જાય છે ને તેને વાલીની વાત સાચી લાગે છે. આમાંથી બચવાનો ઉપાય પણ વાલીમાં જણાવે છે–''ઈસો આ્યાંક મૂતરવા બેઠો અસે, કોક મેલા દેવની ઝાપટમઅ આઈ જ્યો''[૯૯] એવું વાસમાં જાહેર કરવું. સમાજની વરવી વાસ્તવિકતાને જાણતી વાલીનો આ ઉપાય ઘેમર અને ઈસાને પણ ગળે ઊતરી જાય છે. દિવાળી અને શનાજીના અનૈતિક સંબંધ જાહેર કરવામાં વૈયક્તિક આપતિની

૯૭. ગીધ, પૃ.૨૧૯
૯૮. એજન, પૃ.૨૦૩
૯૯. એજન, પૃ.૨૦૩

વાલી, ઘેમર અને ઈશાને વિશેષ ચિંતા છે. આથી તેઓ 'મેલડીમાનો રથ ફરી વળ્યોનું બહાનું કાઢવા લાચાર બને છે ને ભૂવા પાસે એ સિદ્ધ પણ કરાવે છે ! એ કેટલી મોટી વિડંબના ? એથીય મોટી કરુણતા એ છેકે ભીખા જેવા એકાદને બાદ કરતા બધા મેલડીમાનો રથ ફરી વળ્યોની વાત સ્વીકારી પણ લે છે! બીજી કરુણતા એ છે કે પોતે ઈસાને કોણે માર્યો છે એ અંગે કશું જ જાણતો ન હોય એવો દેખાવ કરીને ઈસાની ખબર કાઢવા આવેલા શનોજી પાસેથી જાણવા મળે છે તેમ માવજીભાએ પણ ગામમાં એવી વાત વહેતી મૂકી છે કે ''રાતવરત ઈસો કોક મરેલા દેવની ઝપટમાં આઈ જ્યો હારુ થયું તે કૂંડે નાસી જ્યાં''[૧૦૦] આવેલ પરિસ્થિતિને પોતાનું નસીબ માનીને મૂંગા બેસી રહે છે કારણ કે તેનો પ્રતિકાર કરે, ફરિયાદ નોંધાવે તો સવર્ણો તેને કેટલી હદ સુધી પરેશાન કરે એનાથી એ સુપરિચિત છે. ટૂંકમાં આ આખો પ્રસંગ ભયને કારણે ટાઢોબોળ થઈ જાય છે.ચૂલામાનું પ્રજળતું છાણું જેમ ધીમે ધીમે હોલવાઈ તેમ આ વાત પર ઠંડુ પાણી રેડાય જાય છે. બધુ શાંત થઈ જાય છે પણ આ ઘટના પછી ઘેમર ઈસાને સાથી તરીકે માવજીભાને ત્યાં રહેવાની ના પાડે છે.

માવજીભા અને ઘેમર બંનેએ ઈશા સંદર્ભે.... 'મેલડીમાનો રથ ફરી વળ્યો'ની જાહેરાત કરી હોવા છતાં પણ એકવાર દારૂ પીને શનાજીએ દિવાળીના યાર તરીકે ઈસાનું નામ જોડી દીધું. આથી દિવાળીના ઈસા સાથેના સંબંધની જુદી-જુદી વાતો થવા માંડે છે. દિવાળીનું નામ આ રીતે વગોવાઈ જાય તો ગામમાં-વાસમાં માવજીભાની આબરૂના ધજાગરા થઈ જાય અને સાચી હકીકતના જાણતલ એકમાત્ર ઈસા દ્વારા ભવિષ્યમાં આ બાજરીવાળા ખેતરમાં દિવાળી-શનોજીના અનૈતિક સંબંધની વાત ફૂટી જાય તો શનોજીનું આવી જ બને, વળી દિવાળીના આણાની યોજના પણ રખડી પડે. આથી શનોજી યુક્તિપૂર્વક પોતાના મિત્ર મનોરજીની મદદથી ઘેમરને સમજાવીને ઈસાને વેઠમાં લઈ જાય છે અને ઈસાની હત્યાનું કાવતરુ પાર પાડે છે. મરેલી ભેંસને તાણી લાવવા માધાભાના ખેતરે જતાં ખાડામાં કોઈના મૃતદેહ પર તૂટી પડેલાં ગીધના ટોળાંને જોઈ ત્યાં તલાશ કરવા ગયેલો ભલો લાશ પરનું ફાટેલું ઈસાનું બાંડિયું જોઈ ચીસ પાડી ઊઠે છે.- '' એઈ.....એ....ઈ....સો....સો...'' અને બબડી પડે છે- ''ઓ તમારુ નખ્ખોદ જાય....આ.....આ તો...ઈ...સો... આંખે અંધારા આવી જાય છે.'' ભાનમાં આવેલા ભલાના 'નફ્ખોદ જયું બાપડાનું !' ઉદ્‌ગારથી આ કૃતિ વિરમે છે.

આપણને આશ્ચર્ય તો એ બાબતનું થાય કે ઈસાની આ હત્યાથી તળાવમાં ઢેફું ફેંકતા ફેલાય એટલા તરંગ પણ ઊઠતા નથી, ઈસાનો મિત્ર ભલો લાચારીથી સમસમીને બેસી રહે છે. બીજી તરફ માવજીભાનો તો ઈશાના મૃત્યુમાં જ સ્વાર્થ રહેલો હોવાથી તે મૌન ધારણ કરે છે ! પણ વાચકના મનમાં સહજભાવે જ પ્રશ્ન ઊઠે કે ઘેમરે શા માટે ગુનેગાર શનોજીના ગોઠિયા હઠાજીના મોટિયાર મનોરજી સાથે ઈસાને વેઠમાં મોકલ્યો ? ઘેમર સારી રીતે જાણે છે કે મનોરજી ઠાકોર સનોજીનો હઠોજીનો ગોઠિયો છે. વળી ઈસાને મનોરજી સાથે વેઠમાં મોકલવાના પ્રસંગે મનોરજીના મનમાં કંઈક ગરબડ હોવાની તેને શંકા

---

૧૦૦. ગીધ, પૃ.૨૦૫

પણ થાય છે–''મનોરજી બોદુ હસે છે અને એના હાસ્યમાં ઘેમરને જાણે સચ્ચાઈનો રણકો ન લાગ્યો– મનોરજીના ચહેરા પર ચમક આવી અને ચમક ઘેમરભાએ ન જોઈ. એમનું ડાબું અંગ ફરકતું લાગ્યું. એક હાથથી ઝટકો નાખી, બબડયા. ઉપર આભમાં નજર નાખીને જોયું તો ત્યાં એક ગીધ આકાશમાં તરતું હતું. શનોજી જાણે ગીધરૂપે ઈસાને માથે ચકરાવા લે છે ?''[૧૦૧] આ વિગતોમાં કશુંક અશુભ બનવાનો સંકેત તો છે જ. આ ઉપરાંત વાલી પણ પોતાના એકના એક દીકરાને વેઠમાં મોકલવા તૈયાર થયેલા પતિ ઘેમરને વારે છે, તેની સાથે ઝગડે છે અને કહે છે – ''તે પુસ્યુંય નહીં, ચ્યાંઈ નહીં મેકલવો. ભાન રાખો. મોટીયાઈડા સઅ. ચ્યાંક સાંટો પાણી, મનોરીયો કાંઈ હારો નહીં:''[૧૦૨] વાલી કારઝાર થઈ જાય છે છતાં પણ ઘેમર તો ઈસાને વેઠમાં મોકલવાનો નિર્ણય કરી જ લે છે પણ તેનો આ નિર્ણય સાવ અર્થહીન તો નથી જ. ઈસાને વેઠમાં મોકલવાનું સબળ કારણ તો એમની આર્થિક ભીંસ છે. વેઠના ટાંપા પેટે પાંચ દહશેર દાણા મળવાની લાલચ ઘેમર પત્ની વાલીને કહે છે: ''તું એકલી ડાઈ નઈ, ઈસો એકલો પીવઅ સઅ? આખું ગામ ડાહઅસઅ, આ તો પાંચ દહશેર દાણા આવઅ !''[૧૦૩] બીજું કારણ એ છે કે બાજરીવાળો પ્રસંગ પણ સમયના વહેણ સાથે ટાઢો પડી ગયો છે. એ પ્રસંગ સંદર્ભે ઈસાને માર પણ પડી ગયો અને માવજીભા અને વાસના બધા જ લોકોએ ઈસા પર રથ ફરી ગયો એવું સ્વીકારી પણ લીધું હતું એટલે તેના પર થોડોક વિશ્વાસ બેસે એ સહજ છે. આમ, અબુધપણું અને અતિવિશ્વાસને કારણે તેમજ શનોજીની મેલી મુરાદને અવગણીને તેની વાતથી ભોળવાઈ જવાની સ્વભાવગત સરળતાને કારણે ઘેમરનો નિર્ણય સાવ અર્થહીન તો નહીં જ લાગે પણ શનોજીની શઠતાથી પરિચિત ઈસો વેઠમાં જવા તૈયાર થઈ જાય એ વિચારતા કરે છે.

કથાન્તે ઈશાની હત્યા શના દ્વારા થાય છે. શનાજીનો સૌથી મોટો દુશ્મન તો ઈસો જ છે કારણ એને ઈસાનો ભય છે જો ઈસો કોઈપણ કારણસર ફૂટી જાય તો પોતાને મુશ્કેલી આવી પડે. દિવાળી સાસરે જતી રહી છે એટલે શનાજીનો ભય થોડો હળવો થયો હોય પણ કથાનો અંત જોતાં રસ્તામાંથી કાંટો સદાયને માટે દૂર કરવાની સૂક્ષ્મવૃત્તિએ ઈસાની હત્યા કરાવી દીધી. આ સંદર્ભે ડૉ.ભરત મહેતાએ જુદું મંતવ્ય રજૂ કર્યું છે. ''સામંતશાહી સમાજમાં એકાદ ઈસાને શનોજી પોતે બચવા ખાતર પતાવી દે તે સ્વાભાવિક છે પણ અહીં જે રીતે દિવાળી સાસરે ગઈ છે, ગામે મેલડીવાળી વાત સ્વીકારી લીધી છે. માવજીભા ઈસાને જ જવાબદાર ગણે છે તેવા સંજોગોમાં ભારતીય સમાજમાં આવા એકાદ લગ્નેતર સંબંધની ઘટનાનો કુલડીમાં ગોળ ભંગાઈ જાતો હોય છે તેથી ઈસાની હત્યા શનોજી દ્વારા થાય છે એ ગળે ઊતરતું નથી. શનોજી એવી કોઈ જબરજસ્ત ભીંસ ઈસા તરફથી અનુભવતો નથી તેથી હત્યા સુધી પહોંચે જ શા માટે ?''[૧૦૪]

૧૦૧. ગીધ, પૃ.૨૦૫
૧૦૨. એજન, પૃ.૨૫૧
૧૦૩. એજન, પૃ.૨૫૨
૧૦૪. પ્રત્યક્ષ,સંપાદક,રમણ સોની, ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૦૧, પૃ.૧૮

'ગીધ'માં આઝાદી પૂર્વે ગામડામાં દલિતોની જે કંગાળ સ્થિતિ હતી તેનું પ્રતિનિધિત્વ ઈસો કરે છે. ઘેમરે ચૌધરી માવજીભાને ત્યાં પેંડરિયા તરીકે મુકેલો ઈસો ક્યારે પેંડરિયામાંથી 'સાથી' થઈ ગયો એની કોઈનેય ખબર ન પડી ! માવજીભાના ખેતરમાં દિવસે ચાર વાઢવાની, નીરણ કરવાનું, પાણી પાવાનું, વાડ સમી કરવાની, છાણ ભરવાનું અને રાતે રખોપું કરવાનું. ટૂંકમાં ઢોરની જેમ મૂંગે મોઢે કાળી મજૂરી કરવાની અને એના બદલામાં બસો રૂપિયા, એક જોડી જાડા કપડા અને એક જોડી જૂના લૂગડાં આપવાનું નક્કી થયેલું, વાસણમાં એલ્યુમિનિયમનો મોટો વાટકો– જે શાક,દાળ,કઢી,ઘેંસનો ડૂવો બધા માટે ચાલે, છેલ્લે પાણીના પ્યાલા તરીકે ચાલે– ઈસાનું એ અક્ષયપાત્ર હતું. આ વાટકો ફાટેલા ધોતિયાનાં એક ટુકડામાં લપેટીને કૂવા પાસેના લીમડાના ફાંસલામાં ઈસો સાચવીને મૂકતો. ઈસાને ખાવાપીવાનું જેમાં મળતું એ વાટકાનું નિરૂપણ પણ રસપ્રદ છે – માવજીભાના ખેતરમાં ઢોરની જેમ કામ કરતાં ઈસાના જીવનની વિષમતા તેના ઉદ્ગારમાં વ્યક્ત થાય છેઃ ઈસો આકાશમાં ઊડતી એક સમડી જુએ તો પણ વિચારે છે – ''ચેવી આભલામાં તરઅસઅ. સઅ કસીય ચંત્યા, ફકર ! બસ હવાર થ્યું કઅ નેહરી પડ્યાં, ભલી ભલી પથમી જોવા !''[૧૦૫] આકાશમાં મુક્ત રીતે ઊડતી સમડીની ઈસાને ઈર્ષા આવે છે તે અર્થહીન તો નથી જ–''હાહરું મારા જ આ વેઠ ! મું ચાણઅ પાલી રે ?.... આ મસારો? ચાણઅ છૂટસે ?''[૧૦૬] તેમજ ઈસાની બીજી કરુણતાં એ છે કે માવજીભા મસારાનો હિસાબ વરસપૂરું થાય ત્યારે કરે પણ ઈસાને માથે દેવું જ નીકળે. આથી ગુલામની જેમ પાછા એક વરસ માટે ગોઠવાઈ જ જવું પડે ! ઈસાને ભૂતકાળનું સ્મરણ થાય છે...... ગઈકાલે જ એ ડોકા ગાલીથી રમતો હતો. તૂટેલા માટલાના ધાંધીલાના બળદ ગાલ્લીને જોડતો અને એકાદ ખોવાય તો જાણે આખું ઘર માથે લેતોઃ ''માંડી! મારા બળદિયા ચ્યાં જ્યા ?''

મા હસી પડતી

''ચ્યાંક ચરવા જ્યા અસી''

''જો મનઅ બકાવાનું મેલી દેહો..... મારા બળદિયા કુને લીધા ?''

મારા બળદિયા શોધી આયે, બસ પછી ગાડુ સડસડાટ ચાલે, સમયે ધાંધીલાના બળદને બદલે જીવતા બળદ સોંપી દીધા. ના રમી શકાય કે ના છૂટી શકાય, પકડદાવ રમતાં–રમતાં ક્યારે ભેંસ ચારવાનો દંડૂકો પકડાઈ ગયો અને દંડૂકાનું ગાડાનું આડું ક્યારે થઈ ગયુ એ વાત એની સમજમાં આવી જ નહી''[૧૦૭] સમયના વહેણ સાથે ખુદ ઈસો જ બળદ બની જાય છે ! માવજી ભાતો ઈસાને ઢોર જ ગણે છે. કરુણતા તો ત્યાં છે કે શનોજી ઠાકોર ઈસાની સાથે જ મસારી હોવા છતાં એ માવજીભા સાથે ચલમ પી શકે, ઈસો નહીં, શનોજી હળને અડી શકે પણ ઈસાથી હળને અડાય નહીં. પાણીને અડાય નહીં, ગામના તળાવમાં પશુ પંખીઓ પાણી પી શકે, અરે ઢેડ–ભંગી કુદરતી હાજતે ગયા પછી ત્યાં પૂંછડાં ધૂએ તો પણ સવર્ણ ગામ લોકોને એમાં કશું વાંધાજનક લાગતું નથી અને ઈસો એ રીતે પાણી પીએ તો

૧૦૫. 'ગીધ' દલપત ચૌહાણ, પૃ.૩૭

૧૦૬. એજન, પૃ.૩૭

૧૦૭. એજન, પૃ.૩૯

આવી જ બને. આમ, અહીં સામાજિક અસમાનતા પણ વેધક રીતે આલેખાઈ છે. ઢોર કરતાંય બદતર જીવન માત્ર ઈસો જ નહીં પણ સમગ્ર દલિત સમાજ જીવે છે. ઈસો વ્યક્તિ મટી આખા દલિત સમાજની વ્યથા-વેદના, પીડાનો પ્રતિનિધિ બની જાય છે. ઈસો ટ્રેજિક પાત્ર તરીકે કૃતિમાં ઉપસી આવે છે. ''એકલી દિવાળી સવારના વખતમાં ખેતરમાં આવી હોય ત્યારે એનાથી દૂર ભાગતો ઈસો એકવાર ખેતરમાં લીમડાના છાયે બેઠેલા માવજીભાને જુએ તોય ચાર વીણતી દિવાળી પાસે જાય, ગાલે ટપલી મારે, ઊંચકાવેલો ભારો છોડી મૂકે, છેડછાડ કરે તેથી માવજીભાની શંકા દઢ બને છે''[૧૦૮] આ વ્યવહાર ઈસાના વ્યક્તિત્વને સુસંગત નથી એમ લાગે છે. અલ્લડ દિવાળીને ઈસા પ્રત્યે પ્રેમ નથી, માત્ર જાતીય વાસના સંતોષવા માટે જ એની સાથે સંબંધ રાખવા હવાતીયા મારે છે. દિવાળી નાની અણસમજુ હતી ત્યારથી જ દલિત ઈસાથી દૂર રહેવાનું એને, સ્પર્શ પણ ન કરવાનું વારંવાર કુલીમા દ્વારા શીખવવામાં આવ્યું છે. દિવાળીના ભાવજગતને પણ લેખકે સારી પેઠે ઉપસાવી આપ્યું છે. કોઈની હાજરી ન હોય ત્યારે દિવાળી ઈસા સાથે છૂટછાટ લે છે. કોઈ જોઈ જાય તો તરત ઈસાને ગાળો ભાંડતી દૂર થઈ જવાની કુશળતા પણ પ્રાપ્ત કરી ચૂકી છે. લેખકે ભલા દ્વારા જ કથા કહેવાની શૈલી અપનાવી છે પણ ભલાના પાત્રને પૂરેપુરું વિકસાવ્યું નથી. માવજીભાનું દ્વિધામય વ્યક્તિત્વ ઉપસ્યું છે. શનોજી ઠાકોરનું મીંઢપણું ભાષામય બન્યું છે. વાલી અને કુલીનાં પાત્રો પણ આગવું વ્યક્તિત્વ ધરાવે છે. બંને સમજુ, કોઠાડાહી સ્ત્રી છે. ઘેમરનો વલોપાત પણ અસરકારક રીતે આલેખી શકાયો છે.

દલિત સમાજની ભૂખની વરવી વાસ્તવિકતાનું અહીં લેખકે આબેહૂબ વર્ણન કર્યું છે. દલિત લોકોની કેટલી મોટી વિડંબના કે ગામના ઢોરનું મરણ વણકરવાસનો ઉત્સાહ બને ! મરેલી ભેંસને તાણી લાવીને સાથરીએ પહોંચે એ પહેલાં જ વણકરવાસમાં ઉત્સાહનું મોજું ફરી વળે છે. ભેંસ સાથરીએ પહોંચી આવી છે એવા સમાચાર મળતાં જ વાસના બધા લોકો ઉતાવળે કામ પૂરું કરવા માંડે છે. ભેંસ આવી ગઈ છે તેની ખુશીમાં કેટલીક પાણીયારીઓ દાતણ કરવાનું પણ ભૂલી જાય છે !.... જે જાગ્યા એ સાથરી તરફ વળ્યા, આઠ દસ વરસના ટાબરિયા તો મોઢું ધોયા વિના જ સાથરીએ પહોંચી ગયા હતા અને ભેંસથી થોડે દૂર કુંડાળું વાળીને બેસી ગયા હતા. માવજીભાને ત્યાં સાથી તરીકે રહેલો, ખેતરને જરાવાર પણ રેઢું ન મેલતો કથાનાયક ઈસોય કહી બેસે છે-''મું તો બુક્કાના હુલા ખઈનઅ જે''[૧૦૯] કોઈપણ ભોગે ઈસાની બુક્કા ખાવાની લાલસા, એ જ રીતે સમગ્ર વાસની પણ એ જ લાલસા છે. ગંદા ગોબરા, મુડદાલ માંસના ભાગલા પાડવા, લામ્ભા નાખવા. ભૂખ તો ભયંકર છે તે માણસને પણ માણસના ચોકઠામાંથી બહાર કાઢી દે છે. માણસાઈ ભૂલાવી દે છે અને ગીધવૃત્તિ આચરી બેસે છે. સાથરીમાં કે કૂંડમાં માંસ ખાવા માટે તડપી રહેલા, ટોળે વળતાં ગીધોની વચ્ચે આ દલિત સમાજને ઊભો કરી દે છે. માણસ જેવા માણસની આ લાચારી તો જુઓ !

લેખકે દલિત લોકોના ઉત્સાહ, માનસિક અવસ્થા અને ભોથા-માંસ માટે થતી રકઝક, ઘેર બેઠા હક્ક કરનારાઓ પ્રત્યે આક્રોસ, ગામના કોળી-વાઘરીઓની આવા પ્રસંગે થતી માંગણીનું પણ

૧૦૮. ગીધ, પૃ.૭૭
૧૦૯. એજન, પૃ.૧૩૭

તટસ્થપૂર્વક વર્ણન કર્યું છે. માંસ માટે એક વાસની બીજા વાસના લોકો પ્રત્યેનો તિરસ્કાર ભાવ પણ અહીં વ્યકત થયો છે. નાથાભાએ વીહા વાઘરીને દૂરથી આવતાં જોયો, કરશનભા એને જોઈ ધિક્કારથી બોલ્યા: ''જોયું ભા, આ ડેંકલું આંયથી ભોથાં માજી જહઅ, ગોમ્મઅ કેસઅ, અમે ઢેડનઅ ના અડીએ, ઈનું ના ખઈએ, દિયોર જુઓ ભોથાં લેવા મંડાણા, અલી ફેરાં આલવું નહીં''[૧૧૦] વળી શનોજી ઠાકોરને માંસ ખાવું છે ને ઉપરથી પોતાની ભદ્રતા પણ દેખાડવી છે !- શનોજી ઠાકોર ઈસાને પૂછે છે.

'તે ઈસા, તું આ માટી ખાયસઅ ?

ઈસો સહજ રીતે હા કહે છે, તેની સાથે જ પૂર્વે બનેલી ઘટનાને કેન્દ્રમાં રાખીને કહે છે'

'તમે ચ્યારના ભગત થઈ જ્યા ઠાકોર, પેલા મનાના ઘેરથી બાર જવાના (જાજરૂવાળા પાણી ભરવાના) લોટામઅ લઈ જ્યા એ હું અતું ?''

'.....એ લોટામઅ કશાભાનો બળદ અતો''[૧૧૧]

અહીં શનોજી ઠાકોર ઈસાના સવાલ સામે ઓશિયાળો બની જાય છે અને વાત બદલી કાઢે છે ! ઠાકોર શનાજીને પણ ભૂખ ખાતર ઝૂકવું પડે છે.

'ગીધ'માં ભેંસ મરે ત્યારે ચમાર,વણકર, ભંગી, તૂરી-બારોટ, સેનવા, ગરોડા, ભરામણ, ઠાકોર નાનુમહાજન ઐકયભાવથી સૌ-સૌના ભાગ લઈ જાય છે જે વાસ્તવિક દશ્ય ભૂખની વિષમતાની શાખ પૂરી પાડે છે.

પ્રકરણ ૬,૭માં આવતુ ઢોર ચીરવાનું વર્ણન આપણા મનમાં જુગુપ્સાનો ભાવ જન્માવે છે. ખુશાલ નારસંગભાની મરેલી ભેંસને તાણી લાવવાનો પ્રસંગ લંબાણપૂર્વક નિરૂપાયો છે પણ એ અર્થહીન નથી. મરેલા ઢોરને ચીરવાની અને તેના માંસના સરખા ભાગ કરીને તેને વહેંચવાની પ્રક્રિયાનું વર્ણન પણ નોંધપાત્ર એ દૃષ્ટિએ છે કે એમાં મીયોર જાતિનાં વિશિષ્ટ મનોવલણો અને મરેલા ઢોરના માંસની વાનગીઓ ખાવાની તેમની ગીધવૃત્તિ યથાર્થપૂર્ણ રીતે ઉપસી આવે છે. આ ઘટના સાથે પન્નાલાલની 'માનવીની ભવાઈ' ની ઘટના તરત જ યાદ આવી જાય. પ્રવીણ ગઢવી મરેલી ભેંસના ચીરવાના દશ્ય માટે કહે છે ''પન્નાલાલે તો આ ઘટના કાળુની આંખે દૂરથી જ જોઈ છે. દલપત ચૌહાણે તો છેક નજીકથી જોઈ છે. મૂએલી ભેંસનો માંસાહાર એ કાંઈ આનંદદાયક ઘટના નથી, પરંતુ ભૂખ અને ગરીબાઈ એક મોટી મજબૂરી છે, એ મજબૂરીનુ સુપેરે નિરૂપણ લેખક કરી શકયા છે''[૧૧૨]

વર્ણાશ્રમ આધારિત ભારતીય સમાજવ્યવસ્થાએ દલિતોને પાંગળા, અપંગ બનાવી દીધા છે. પોતે જે કરુણ પરિસ્થિતિમાં જીવે છે એને પોતાની નિયતિ માનીને એ સમાજ જીવ્યે રાખે છે. વિદ્રોહની જરા પણ ખેવના રાખતા નથી ! કારણકે વિદ્રોહનું શું પરિણામ આવે તેની એને જાણ છે. આથી સદીઓથી ચાલી આવતી પરંપરા મુજબ મરેલા ઢોર ખેંચવાની, ફાડવાની અને ખાવાની એને

૧૧૦. ગીધ, પૃ.૧૪૭

૧૧૧. એજન, પૃ.૧૬૦

૧૧૨. ગુજરાતી દલિત સાહિત્ય :સ્વાધ્યાય અને સમીક્ષા-સંપાદકઃમોહન પરમાર, હરીશ મંગલમ્, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, પ્ર.આ.૨૦૦૧, પૃ.૧૫૯

ગીધની જેમ ટેવ પડી ગઈ છે. ગીધની જેમ જ જીવ્યે રાખે છે. આ નવલકથામાંથી પસાર થતાં અનેક પ્રસંગોમાં દલિતોનાં વ્યવહાર-વર્તન ગીધ જેવાં જ લાગે છે ! આવા કેટલાક પ્રસંગો જોઈએ :

"મુએલી ભેંસ તાણી લાવવા તેમના(માધાભાના) ખેતર તરફ જવા નીકળેલો ભલો નેળિયા વચ્ચે આવ્યો ત્યારે આભમાં ગીધ દેખાયા નહિ, આકાશ તરફ જોયું તો સાવ ખાલીખમ- તેથી તેને લાગ્યું કે-"હાહરા બધાં માળામાં હંતઈ જ્યાં, મું એકલો ઢોર લેવા દોડયો. દિયોર ગરજાં તો પોચી જ્યાં અસી"એને ગીધ અને પોતાની જાત સરખી લાગવા માંડી જાણે પોતેય ઊડીને માધાભાના ખેતરે પહોંચી ગયો છે અને ચાંચ વડે ભેંસને ઠોલવા માંડયો છે એ આનંદમાં આવી ગયો"[૧૧૩]

તળાવડીની પાળે ઈસા સાથે બેઠેલો ભલો ઉમરાના ઝાડ તરફ નજર માંડે છે. એ ઉમરા ઝાડની ટોંચે કેટલાક ગીધડા કશાકની રાહ જોતાં હોય એમ ઘડીકમાં ડોક ઊંચી કરતાં તો ક્યારેક ચુપચાપ બેસી રહેતા જોઈને તેના પર ખીજાય છે. તેને મારવા માટે ઢેફુ પણ ઉપાડી લે છે પણ પછી પોતાની ભીતરમાં ડોકિયું કરતાં તેને સમજાય છે કે -

"આ ગરજાં હાહરાં, મરેલું હોધઅ. ઉપર લાકડીઓ પડઅ તોંય ના ખહઅ. હાહરી ભૂખ માનવીનઅ ગરજુ બનાઈ દેસઅ. એય ઢોર હોધઅ, મુંય અ્યાં ઢોર નહીં હોધ તો ! આખી જાત હોધઅ સઅ....એ મીયોર હોય કઅ ગરજાં......."[૧૧૪] અંતે ઈસાના મૃતદેહને ટોચતાં ગીધ ભલો જુએ છે ત્યારે જાણે એ પોતે ટોચતો હોય એવો અનુભવ કરે છે પણ નવલકથાના અંતે સવર્ણોનો વ્યવહાર પણ ગીધ જેવો જ છે.

એની આંખે અંધારાં ઊતરી આવ્યાં. એણે બે હાથે મજબૂતાઈથી આડીને પકડી. હવે એને કશું જ દેખાતું નહોતું. ઝાડ,પાન,વાડ ખેતર બધું એકાએક ભૂંસાઈ ગયું. એની ચારે તરફ કાળાંઘોર અંધકાર,લાંબા ટૂંકા રાતા-પીળા પડછાયાઓનો આભાસ, જાણે ભૂતાવળ, જાતજાતના ચહેરાઓ, જાતજાતના આકારો, લાંબાલાંબા તીવ્ર પ્રકાશવાળા ડગલા પહેરેલો, ફલ્લાંગો ભરીને તેની તરફ દોડતા આવતા હતા. કોલાહલ ચીંચીંયારીઓથી એ ઘેરાઈ ગયો હતો. એ દા'ત કચકચાવીને બધાને વારાફરતી જોઈ રહ્યો હતો. એ બધા પિશાચો જુદા-જુદા ચહેરાઓ બદલી તેની સામે ખીખીયારા કરતા હતા. ઓહ...... આ બધા ને જાણે એ ઓળખતો હતો. શનોજી......ઝવેર.....મણી.....આ....આ..... દિવાળી,માવજી,લવજી ગામનાં એક-એક માણસ તેના તરફ માણસ અને જૂજવાં રૂપ લઈ ચીંચીયારી પાડતાં કૂદતા એના તરફ ધસતાં જતાં હતાં, એમના હાથ લાંબા ટૂંકા થતા, લાંબા લાંબા ગીધ નહોરમાં ફેરવાઈ જતાં હતાં. લાંબા-લાંબા અણીયાળા ન્હોર....વાંકા, એકસાથે હજારોની સંખ્યામાં એને પકડવા ધસતા હતા, એ ચહેરાઓને જોતો રહ્યો. જેમ-જેમ ચહેરાઓ નજીક આવતા, તેમ-તેમ ચહેરા ચીંચીંયારી પાડતા ગીધના ચહેરાઓમાં ફેરવાઈ જતા હતા......"[૧૧૫]

---

૧૧૩. ગીધ, દલપત ચૌહાણ, પૃ.૨૯૪
૧૧૪. એજન, પૃ.૩૦૫
૧૧૫. એજન, પૃ.૩૧૪

'ગીધ' માત્ર મીયોર જાતિનું પ્રતીક ન બની રહેતા સવર્ણ માવજીભા,લવજી,વેલજી, શનોજી, હઠોજી વગેરેમાં તે રૂપાંતરિત થતું જોઈ શકાય છે. નવલકથાના બાવીસમાં પ્રકરણમાં ઈસાની લાશ પર ફરતાં ગીધમાં ભલાને આ બધાં ગીધ સ્વરૂપે દેખાય છે. જાણે લાંબા-લાંબા નહોર વડે કોઈને ખાવા માટે વલખા મારતા હોય એવું લાગે છે. આમ, અહીં નિરૂપાયેલ બંને સમાજને 'ગીધ' પ્રતીક બંધ બેસે છે. 'ગીધ' નવલકથામાં વિસ્તરતા જતા પ્રતીકને પ્રવીણ ગઢવી બરાબર પકડી શક્યા છે. તે જોઈએ.

પ્રવીણ ગઢવી જણાવે છે કે ''નવલકથામાં ગીધના ઉલ્લેખ વારંવાર આવે છે. સમગ્ર કથાપ્રવાહ પર જાણે ગીધના ટોળેટોળા ઊડ્યા કરે છે. અહીં ગીધાનુભૂતિ વિવિધ રીતે વ્યક્ત થઈ છે. શોષક સમાજને ગીધ સમાજ ગણીએ તો પણ પ્રતીક બંધ બેસે છે. દલિત સમાજને ગીધ સમાજ જેવો ગણીએ તો પણ પ્રતીક સમુચિત છે. ગીધની જેમ દલિત સમાજે પણ મૂએલી ભેંસ પર ભોજન કરવું પડે છે. જેટલાં ગીધ ભૂખ્યા છે એટલા એ પણ ભૂખ્યા છે. ભૂખનું દુઃખ તો જે ભોગવે તે જ જાણે''[૧૧૬]

આપણે સૌ જાણીએ છીએ કે સદીઓથી દલિત સમાજના લોકોની ઉપેક્ષા કરવામાં આવે છે. તેનું સામાજિક,સાંસ્કૃતિક,આર્થિક,રાજકીય અને જાતીય શોષણ કરવામાં આવે છે. તેને માત્ર જન્મને આધારે અસ્પૃશ્ય ગણીને તેની સાથે પશુવત વ્યવહાર કરવામાં આવે છે પણ કહેવાતા સવર્ણ લોકો પોતાના અંગત સ્વાર્થ માટે બધા જ સિદ્ધાંતોને નેવે મૂકીને દલિતોનો ભરપૂર ઉપયોગ કરી લેતા હોય છે. સ્વાર્થ સાધવાના અવસરમાં અસ્પૃશ્યતા ગૌણ બની જાય છે. ઘણી બધી સવર્ણ સ્ત્રીઓ ક્યારેક પોતાની વાસનાવૃત્તિ સંતોષવા તો ક્યારેક બાળકપ્રાપ્તિ માટે દલિત પુરુષોની સાથે સહવાસ કરવા પ્રયાસો કરે છે. દલિત પુરુષ સહજતાથી આ કાર્ય કરવા માટે તૈયાર ના થાય તો પ્રલોભનો આપીને કે ધાક-ધમકી આપીને પોતાના ઓરતા પૂરા કરવા મજબૂર કરતી હોય છે. જાણીતા હિન્દી દલિત વાર્તાકાર ઓમપ્રકાશ વાલ્મિકીની 'બિરમ કી વહુ' વાર્તામાં પણ નાયિકા પતિની નપુંસકતાને કારણે મા બનવાથી વંચિત છે. તે એક બાળક માટે ચિંતિત છે. સૂર્યગ્રહણની રાતે ઘેર અનાજ માગવા આવેલા ભંગી યુવકને પોતાના ઘરના એક ખૂણામાં લઈ જઈને તેની સાથે સહવાસ કરે છે અને ગર્ભવતી બને છે પરંતુ પોતાના બાળકના અસલ પિતા ભંગી તરફ તે આંખ ઉઠાવીને જોતી પણ નથી ! તે એની સાથે ઓળખતી જ ન હોય એવો વ્યવહાર કરે છે ! આવો જ વ્યવહાર 'ગીધ'ની નાયિકા દિવાળી પણ દલિત 'ઈસા' સાથે કરે છે. માવજીભાની દીકરી દિવાળી પોતાની જાતીય વાસના સંતોષવા માટે ઈસાને કહે છે પણ ઈસો ના પાડે છે ત્યારે ઈસાને બાથમાં ઘાલીને કચડી નાખી યાતો ચાર વાઢે એમ બરસી નાખવાનું મન કરતી હતી. તે ઈસાથી આકર્ષાઈ હતી, તેની સાથે જાતીય સુખ માણવું હતું પણ આજ દિવાળી ઈસાને થાળામાં ઉતરતો જોઈને ગુસ્સે થાય છે અને તેની અવગણના કરતા કહે છે- ''એય.... ગામના દિયોર ! થાળામઅ ચ્યમ ઉતર્યો, આ પાણી અભડાયું ! ભા....ના....''[૧૧૭] અહીં જોઈ શકાય છે કે દિવાળીને ઈસા સાથે જાતીય સંબંધ બાંધવામાં આભડછેટનો બાધ નડતો નથી પણ થાળામાંનાં પાણીને અડી જાય તો પાણી અભડાય જાય !! આવા કેટલાક પ્રસંગો જોઈએ.

૧૧૬. 'ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા', મોહન પરમાર, હરીશ મંગલમ્, પૃ.૧૫૯
૧૧૭. ગીધ, દલપત ચૌહાણ, પૃ.૪૩

સીકોતરમાની દેરીના ઓટલે કૂતરા બેસી શકે છે. તે હાડકા લાવી ખાઈ શકે છે પણ કોઈ મીયોર ઓટલાની પાસેથી નીકળે તો પણ રાડ પાડે

"માતાજીની દેરીથી આઘા હેંડજો... ઓરત, માતાજી અભડાય"[૧૧૮]

'ગીધ'માં નિરૂપાયેલાં દલિત પાત્રોને કોઈ જ માનવીય અધિકાર નથી. અધિકાર છે માત્ર મરેલ ઢોરનું માસ ખાવાનો, મરેલી ભેંસ મળે છે ત્યારે તે અગાઉ કહ્યું છે તેમ તેના માટે ઉત્સવનો પ્રસંગ બની રહે છે એ કેટલી મોટી કરુણતા કહેવાય. આ નવલકથામાં ગામડાઓમાં યુગોથી ચાલતો દંભી જ્ઞાતિવાદ, જાતિવાદ અને કહેવાતા ભદ્રવર્ગના લોકો પોતાનો સ્વાર્થ સંધાઈ જતાં દલિતોને અસ્પૃશ્ય ગણીને કચરાની માફક ફેંકી દેવાની માનસિકતાનું નિરૂપણ મને સ્પર્શી જાય છે.

નવલકથાકારે કોઈ પણ પ્રકારના શરમ,સંકોચ વિના પોતાના સમાજમાં પ્રવર્તમાન આંતરિક આભડછેટનો મર્મસ્પર્શી ચિતાર આપ્યો છે. આપણને જાણીને આશ્ચર્ય થાય કે અહીં દલિતો જ દલિત લોકોથી અભડાય છે. તેનું નિરૂપણ લેખકે ગામના જમણવારના પ્રસંગમાં તટસ્થ રીતે કર્યું છે.

બપોરે વાસને નાકે આવી મગન ટૌકો કરે છે.
"એય! વાહ વસ્તી હેડજો, નાત જમી ઊઠી"

આ સાંભળી વાસના બધા લોકો જમવા ઉપડી પડે છે... નાથા ભડનો અવાજ ગાજ્યો

"અલ્યા હેંડો, નાત જમી રઈ, મગન રાત ચ્યારનાય સાદ પાડી જ્યા. પેલાં સેનમાં પોંચી જ્યાં. ઓરગોણાં પેહી જહઅ તો પસઅ, બીજી પંગતમઅ બેહવું પડશે હેંડો.....!"

આખું ગામ જમી રહ્યું હતું. છેલ્લે હલકી વરણને જમવા બોલાવેલી, સેનમા પહેલાં ગોઠવાઈ ગયાં હતાં. એટલે સેનમા સાથે બેસવા ચમાર તૈયાર ન હતા. વળી ગરો બ્રાહ્મણ અને વણકરો અલગ ટોળી જમાવી ઊભા હતા. માઢના નાકામાં ટોળું વળીને બધા ઊભા હતા.

"અલ્યા, ચ્યમ જમવા બેહતા નથી ?"
કોઈક ચૌધરીએ પૂછ્યું

"આ જુવો કઅ સેનમાં ઠૅ ય જ્યાં સઅ ! આ ઓરગોણા ય મોરીના મોરી ?"

નાથોભડ આગળ આવી બધાને ઊભા રહેવાનું કારણ જણાવ્યું. પેલા પૂછનારે સેનમાઓને ઊભા કર્યા–

"ઊઠો, ચ્યમ પેહી જ્યા, મોરી તમારા ભરામણોનઅ બેહવા ઘો !"

---

૧૧૮. ગીધ, દલપત ચૌહાણ, પૃ.૨૮૮

પેલા સેનમા સમજીને ઊભા થઈ ગયા. પછી ચાર પંગત જુદી-જુદી પડી. પહેલા વણકર અને બ્રાહ્મણ સાથે બેઠા. બીજી ચમારની પંગત, ત્રીજી પંગત સેનમા અને બધાથી દૂર ઓળગોણોની પંગત પડી''[૧૧૯]

આમ, દલિતો દલિતોને જ અસ્પૃશ્ય ગણે, એનાથી અભડાય એ આપણા સમાજવ્યવસ્થાની મોટી વિડંબના જ કહેવાયને ! અહીં દલપત ચૌહાણે પોતાની જાંઘ ઉઘાડી કરવાની હિંમત કરી છે તે ખરેખર કાબિલેદાદ છે.

'ગીધ' નવલકથાની નોંધપાત્ર વિશેષતા પાત્રો અને પરિવેશને અનુરૂપ ઉત્તર ગુજરાતના દાતોર વિસ્તારની તળપદી બોલીનો વિનિયોગ કર્યો છે તેમાં રહેલી છે. કથામાનાં બધાં જ પાત્રોની વ્યક્તિગત તેમજ જાતિગત વિશેષતાઓ, તેમનાં રીતરિવાજો, રહેણીકરણી, માન્યતાઓ, શ્રદ્ધા, અંધશ્રદ્ધાઓ વગેરે અત્યંત સાહજિકતાથી તેમનાં વાણી-વર્તનમાં ઉપસી આવે છે. બોલી દ્વારા પાત્રોની વિવિધ મનઃસ્થિતિઓ અને સંવેદનાઓને, ભાવોને અસરકારક અભિવ્યક્તિ સાંપડી છે. ભાષાનો સાંકેતિક અને સંયમપૂર્વક વિનિયોગ થયો છે. દિવાળી પોતાની જાતીય વાસના સંતોષવાની વાત ઈસાને સાંકેતિક રીતે અને સંયમપૂર્વક કરે છે. દિવાળી કહે છે- ''ન મનેખ બચારું ક્યારનુંય તરસ્યુસઅ ઈનું કાંઈ નઈ !'' તેનો ઉત્તર આપતા ઈસો જણાવે છે-''ઓહો.....મનેખ તરસ્યું અસ તો ! આ રઈ ડોલ, પેલું રાંઢવું અનઅ આ કૂવાં.... પાણી ખેંચો હૈંસા''

''આ કૂવો સઅ ! ઈનું હું ?  
હું તે ડોલ પાહો. પાણી ખેંચતા બરકઈ નઈ જોવ''  
એટલે દિવાળી નરમ થઈ ગઈ અને શરમથી માથું નીચું કરી બોલી  
''મું બરકઈ નઈ જવ ભીયા. આ તરહ હાહરી કૂવાના પાણીથી નઈ મટઅ''[૧૨૦]

લેખકે દલિત જીવનની ઝીણી-ઝીણી વિગતો, કહેવતો, રૂઢિપ્રયોગો, ઉખાણાં વગેરેને પણ વણી લીધાં છે. જેમકે :

''જેવું લાકડું એવી કાતોર !''[૧૨૧]

'' ભીલની ભયારી નઈ નઅ તરકની અસ્નાઈ નહીં''[૧૨૨]

''ધૂળની મા રસા''[૧૨૩]

''ઘર સઅ તે વાહણ ખખડઅ''[૧૨૪]

---

૧૧૯. ગીધ, પૃ.૨૯૮,૨૯૯,૩૦૦  
૧૨૦. એજન, પૃ.૪૫,૪૬  
૧૨૧. એજન, પૃ.૨૫૩  
૧૨૨. એજન, પૃ.૨૫૨  
૧૨૩. એજન, પૃ.૨૮  
૧૨૪. એજન, પૃ.૨૫૦

નવલકથામાં લેખકે સમયના વહેણ સાથે વિસરાઈ ગયેલા અસંખ્ય તળપદા શબ્દોને ગ્રંથસ્થ કર્યા છે. એ દ્વારા ગામની લુપ્ત થતી જતી તળની ભાષા, શબ્દોને લિપિબદ્ધ કરી ગુજરાતી ભાષા સાહિત્યના શબ્દકોશને સમૃદ્ધ કર્યો છે. બોલી નવલકથાનો વિશેષ છે. કેસુભાઈ દેસાઈ 'ગીધ' નવલકથામાં પ્રયોજાયેલ બોલી સંદર્ભે ઉચિત જ નોંધે છે : ''દલપતની આ કથા બીજી રીતે તો ઠીક પણ ઉત્તર ગુજરાતના દાતોર પંથકની બોલીની એન્સાઈકલોપીડિયા તરીકે પણ સંભારવી પડશે. થોડાં ઉદાહરણ પૂરતાં થઈ રહેશે; જો કે આંખો મીચીંને 'ગીધ'નું કોઈપણ પાનું ઉઘાડતા આવા તળપદા શબ્દોનો ઢગલો નજરે પડશે....''[૧૨૫]

પણ નવલકથામાં ક્યાંક-ક્યાંક પાત્રોના મુખે મુકાયેલી તળબોલીના શબ્દોની સાથે શિષ્ટ તત્સમ પદાવલિનું મિશ્રણ પણ જોવા મળે છે. જેમ કે - મન સાથે વાતે વળગેલા ભલાની સ્વગત વાણીમાં આવી સેળભેળ થયેલી જોવા મળે છે તેનું એક શબ્દ ચિત્ર જોઈએ ''આ સાલી જાત જ આળસનો ભંડારો.... એવા ગીધ સૂરજ ઊગે ત્યારે નિરાંતે આંખો ખોલે.... ચારે તરફ ડોક ઊંચી નીચી કરી નિરીક્ષણ કરે.... પગની સ્થિરતા જાળવી પાંખો ફફડાવે.....હાળા ઉડવામય જબરાં, પાંખો અલાવ જ નઈ...... આ ગીધ ! પાણી પીવા નીચે ઊતરે, તળાવ કાંઠે તડકો ખાય, ચાંચમાં ચાંચ ભેરવી પ્રેમ કરે, ગમ્મત કરે.....''[૧૨૬]

નવલકથાના ૨૧માં પ્રકરણમા નાથાભોલાનું રેખાચિત્ર વિષયવસ્તુને સમુચિત ન લાગતા બિનજરૂરી લાગે છે તેમજ નિરૂપણ રીતિની દષ્ટિએ જોઈએ તો નવલકથાનાં વચલાં પ્રકરણો ઈસાના કથનકેન્દ્રથી, સર્વજ્ઞના કથન કેન્દ્રથી મુકાયા હોય ભલાને નિરૂપતા પ્રથમ તથા નવલકથાનાં અંતિમ પ્રકરણોમાં કથનશૈલી શિથિલ થયેલી અનુભવાય છે. કૃતિનું વિનાકારણ લંબાણ થયું છે એમ કહું તો ખોટું નથી ઉપરાંત પૃષ્ઠ નં-૨૬,૩૯,૭૯,૧૪૭ પરના માત્ર ગીધના એકાધિક આવતા સંદર્ભો તાલમેલિયા લાગે છે પણ સંવાદો અર્થસભર અને વ્યક્તિત્વ ઘોતક છે. 'ગીધ' શીર્ષક પણ સમુચિત છે.

આઝાદી પૂર્વે ગામડાઓમાં સમય ઘડિયાળથી નહીં પણ ઢેઢ ઢબુલીથી મપાય છે. સૂતરનાં કેડે કંદોરો આભૂષણ શ્રેષ્ઠ છે તેમજ આડી, આરછરી, જીતરાની નાડી, કોઢી જેવી એ સમયમાં ઉપયોગમાં લેવાતી સામગ્રી, ઢોર ચિરવાની અને ભૂવા જાગરિયાની ઘટના, ઈસાની દાઢીનો પ્રસંગ અને વણકરવાસની સાંસ્કૃતિક ભાત, રીતરિવાજો અતિ ઝીણવટપૂર્વક લેખકે ઉપસાવી આપી છે.ઈસાના પાત્ર નિમત્તે બાળ મજૂરોની વ્યથાને પણ વાચા મળી છે. દલિત સમાજનું આંતર જગત સુપેરે પ્રગટ્યુ છે. ડૉ.ભરત મહેતા નોંધે છે કે- ''સંસ્કાર સંદર્ભ અહીં તંતોતંત પ્રગટ થયો છે એ રીતે આ નવલકથા સીમા ચિહ્નરૂપ છે.''[૧૨૭]

---

૧૨૫. ખેવના, સંપાદકઃ સુમન શાહ, ૮૧, માર્ચ-૨૦૦૪, પૃ.૫૨
૧૨૬. 'ગીધ', દલપત ચૌહાણ, પૃ.૨૫૭,૨૫૮
૧૨૭. પ્રત્યક્ષ, સંપાદકઃડૉ.રમણ સોની, ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૦૧, પૃ.૧૯

હરીશ મંગલમ્ 'ગીધ' નવલકથાને બિરદાવતા નોંધે છે કે ''સામાજિક તથ્યો અને સત્યો આધારિત 'ગીધ'નવલકથા ગુજરાતી દલિત સાહિત્યની મૂલ્યવાન કૃતિ બની રહેશેની શ્રદ્ધા જગાવી છે.''[૧૨૮]

ડૉ. નરેશ શુકલએ 'ગીધ' ને ''કાળા ઇતિહાસનો નાનકડો ખૂણો તરીકે ઓળખાવી છે''[૧૨૯] ડૉ.મણિલાલ હ. પટેલને 'ગીધ'માં થયેલું લોકબોલી, પરિવેશ- પાત્ર માનસ, સંઘર્ષ તથા કથન વર્ણનનું સુચારુ સંયોજન ગમ્યું છે''[૧૩૦] બાબુ દાવલપુરા પણ 'ગીધ'ને આવકારતા નોંધે છે- ''... વિષયવસ્તુની કાળજીભરી માવજતમાં, અતીત અને વર્તમાનમાં સહેલાઈથી આવન-જાવન થઈ શકે એ પ્રકારના સમય સંવિધાનમાં, સજીવ સ્વાભાવિક પરિવેશ નિર્માણમાં અને દલિત તથા સવર્ણ જ્ઞાતિઓનાં મનેખની વિભિન્ન મનોવૃત્તિઓને સંકેતે એવા ગીધના ગતિશીલ કલ્પનના પ્રતીક વિધાનમાં પ્રગટતી લેખકની કળાકીય સૂઝ-સભાનતા સવિશેષ ધ્યાનપાત્ર લેખાય તેવી છે''[૧૩૧]

અનેક દૃષ્ટિકોણથી કૃતિને તપાસી, વિવિધ વિવેચકોના તારણો, અભિપ્રાયો પણ જોયા હવે 'ગીધ'ના સર્જકને શું અભિપ્રત છે તે પણ જોઈએ. દલપણ ચૌહાણ તેમના ૨૧-૧૧-૨૦૦૬ના પત્રમાં નોંધે છે કે -

''આ કથા આઝાદી પૂર્વેના સમયને અંકે કરે છે. કથા તો બોન્ડેડ લેબર સાથી-બંધુઆ મજૂરની આસપાસ રચાઈ છે. આઝાદી પહેલાની કથા આઝાદી મેળવ્યા પછીનો માનવી તેના એક સાથીની કથા માંડે છે. કેવું હતું એ જીવન ! દરેક જાતિઓ પોતાના કોચલામાં, પોતાની જાતિમાં જીવે છે. અહીં જે પાત્રો છે તે મિયોર (ચમાર) જાતિના છે, તેની આજુબાજુ ગ્રામ સમાજની અદલિત અને દલિત જાતિઓ જે રીતે જીવે છે તેમના વાણી-વર્તન-પરિવેશને અહીં ચિત્રિત કરાયેલો છે. ખાસ કરીને અદલિત સમાજે દલિત સમાજને જે હલકાં કામ કરવા પ્રેર્યો છે અને ઉપરથી તેનેય હલકો ગણી લીધો છે, જે સમાજમાં મૃત-પ્રાણી જેવી ગંદકીઓ દૂર કરે છે તેનેય ગીધની જેમ ધિક્કાર્યો છે. દલિતનો પરસેવો-મહેનત તેમને ગમે છે. શોષણ ગમે છે પણ દલિતો ગમતા નથી. કેવી વિચિત્ર સમાજ રચના છે આ દેશની. એક આખું જૂથ દૂર છતાંય જીવે જાય, ઊંહકારોય ના કરે ! નસીબની બલિહારી ગણી ચૂપ રહે. અપમાન, અત્યાચાર સહે. નવલકથાને આપણે શું નવલકથા કહીને જ અટકી જઈશું. આપણને કશી સંવેદના સાથે સંબંધ છે ખરો ? થોડુંક જીવનધોરણ ઊંચું આવે તેનાથી અસ્પૃશ્યાતાનું ભૂત ખતમ થતું નથી. નવી રીતે આવે છે. પીડે છે. ઉગારનો માર્ગ....? ક્યારે શોધાશે ?''

દલપત ચૌહાણની 'ગીધ'માત્ર ઈસા અને દિવાળીની પ્રણયકથા ન બની રહેતા આઝાદી પૂર્વેના ગામડામાં વસતા સમાજની વાસ્તવિક સ્થિતિનો યથાતથ ચિતાર આપતી ઉત્તમ કલાકૃતિ બની રહે છે. કથાવસ્તુ ભલે પરંપરિત હોય પણ વિષયવસ્તુની અસરકારક માવજતને કારણે આસ્વાદ્ય બની રહે છે.

---

૧૨૮. એકવચન,હરીશ મંગલમ્ , પૃ.૧૨

૧૨૯. શબ્દસૃષ્ટિ, સંપાદક: હર્ષદ ત્રિવેદી, ફેબ્રુઆરી-૨૦૦૧, પૃ.૭૭

૧૩૦. પરબ, ફેબ્રુઆરી-૨૦૦૨, પૃ.૫૦

૧૩૧. બુદ્ધિપ્રકાશ, નવેમ્બર-૨૦૦૨, પૃ.૨૦

## 'ભળભાંખળું'- દલપત ચૌહાણ

દલપત ચૌહાણની ત્રીજી નવલકથા 'ભળભાંખળું' વિષયવસ્તુની દષ્ટિએ 'મલક' અને 'ગીધ' કરતા જુદી પડે છે. 'મલક' અને 'ગીધ'માં અગાઉ જોયું તેમ સવર્ણ સ્ત્રી અને દલિત પુરુષના સંબંધને કારણે વકરતી સમસ્યા કેન્દ્રમાં છે. જ્યારે અહીં મુખ્યત્વે તો દલિત સમાજનો પ્રાણ પ્રશ્ન 'શિક્ષણ'છે. નવલકથાનો સમયગાળો ૧૯૧૫ થી ૧૯૩૫નો છે. ગાયકવાડી રાજમાં 'મિયોલ' અને અન્ય ગામડાઓમાં અંત્યજોની શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક અને આર્થિક સ્થિતિ કેવી હતી તેનો ચિતાર અહીં અપાયો છે.

ત્રણ પેઢી સુધીના સમયગાળાને Flashback ટેકનિકના વિનિયોગ દ્વારા આ નવલકથા 'મણિ'ની કહાણી રૂપે પ્રગટ થાય છે. નવલકથાનો આરંભ નાટ્યાત્મક રીતે થયો છે. મણિદાદી ટી.વી. ચાલુ કરે છે એ સાથે જ સ્કૂલે જતાં બાળકોની જાહેરાત આવે છે. 'સ્કૂલ ચાલ્યા અમે' શબ્દો તેમના કાન પર અથડાયા ને તે અતીતમાં સરી પડે છે. ત્યાર પછી કથા ત્રીજા પુરુષના કથન કેન્દ્ર દ્વારા આગળ ગતિ કરે છે. મણિદાદીનું સંવેદનશીલ માનસ એ બાળકોમાં પોતાના બાળપણના ચહેરાને શોધવાનો પ્રયત્ન કરે છે. તેને પોતાના સમયના નિશાળના જૂના મકાનનું દશ્ય સ્મરણ પટ પર છવાઈ જાય છે; નિશાળમાં નામ મંડાવા ગયા એ વેળાએ જે ઘટના બની હતી તે મણિમા ભૂલી શકે તેમ નહોતા. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે (ત્રીજા) દરેક વર્ગના છોકરાં-છોકરીઓને નિશાળે ભણવા મૂકવા માટે ઢંઢેરો પિટાવે છે. દરેક વર્ગના/જાતિના છોકરાં-છોકરીઓને ભણવું ફરજિયાત છે, ન ભણનાર બાળકનાં માતા-પિતા પાસેથી દંડ લેવામાં આવશે એવી કડક જોગવાઈ થઈ છે. ગાયકવાડના આ ઢંઢેરાને સાંભળી વણકરવાસનો વાલો પોતાની દીકરી મણિને શાળામાં ભણાવવાનું મનોમન નક્કી કરે છે. આ સંદર્ભે વાલો ગામના મુખી નારસંગને પૂછવા જાય છે. મુખી તેને મોંઢા મોઢ હા તો પાડી દે છે પણ બીજા જ દિવસે મુખીના હુકમથી બબો રાતો સાદ પાડે છે- ''મુખીભાએ કેવરાયું સઅ કઅ કાલે નેંહાર ઊઘડઅ તાણઅ ઢેઢે સોકરાં નેંહારે મેકલવા નઈ. આજે રાતે ગોમ ભેળું થઈ તમારો નિયાય કરસેં.....''[૧૩૨] મુખી ગામમાં રાવણું ભળે છે. માય ડિયર જયુની 'પ્રવેશ' વાર્તામાં જેવી રીતે દલિત બાળકોને શાળામાં પ્રવેશ આપવાનું નાટક ગોઠવવામાં આવે છે તેવું જ નાટક 'ભળભાંખળું'માં મુખી રચે છે. અંત્યજોથી ભણાય જ કેમ ? અંત્યજોમા પણ છોકરી ભણવા આવે ? ધર્મ ભ્રષ્ટ થાય. 'હાહરાં' ઢેઢા ભળશી તો બધું રહાતાળ જશે ! શાળાના ગૌરીશંકર માસ્તર તો અંત્યજ બાળકોને થળી જ ઓળંગવા નથી દેતો ! તો જીવતરામ ગોર અછૂતોને ગામ છોડી નાસી જવાનો હુકમ કરે છે. તેમાંય સૌથી ખંધો તો મુખી નારસંગ છે. તે સાપ મરે નહીં ને લાકડી ભાંગે નહીં એવો ન્યાય કરે છે. ''.... જુવો માસ્તર ઢેઢાંના સોકરાં ભણવા આવઅ તો બેલાસક નોંમ લસી લેજો અનઅ હોવઅ નેંહારમઅ પેહવા દેતા નઈ. પસઅ દંડય સેનો પડઅ, નઅ ઢેંઢ સેનાં ભણઅ ?'' આ ઉપરાંત તેઓ ઓરગણાંના બાળકો સાથે વણકરોના બાળકોને બેસાડવાની યુક્તિ અજમાવે છે. રાવણાનું તાદશ વર્ણન લેખકે કર્યું છે.

૧૩૨. 'ભળભાંખળું', દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૪, પૃ.૧૨

રાવણામાં અફીણ, દારૂનું સેવન થતું, જલસો મનાવતા. વાલો ટસનો મસ નથી થતો. તે મણિને નિશાળે મોકલવા માટેમક્કમ છે. મુખીનો સહકાર ના સાંપડતા વાલો મણિને નિશાળે મોકલવા વાસની રજા લેવા વણકરવાસ, મિયોરવાસ અને સેનમાવાસમાંથી લોકોને બોલાવે છે પણ વણકરવાસના પશા નાથા, લવજી ભીખા, કચરા હેમા અને ઉગરો ભગત આવ્યા પણ સવર્ણોની બીકને માર્યા મિયોરવાસ અને સેનમાવાસમાંથી કોઈ આવતું નથી. કારણકે તેઓ વિચારતા કે ગામ સાથે વેર બાંધવાથી શું વળે ? અગાઉ જ્યારે વાલાએ તેના દીકરા શિવાને શાળામાં ભણવા મોકલ્યો ત્યારે વાસ પર આફત આવી પડી હતી. શિવાને નિશાળમાંથી ઊઠાડી લેવો પડ્યો હતો એટલું જ નહીં દંડ પણ ભરવો પડ્યો હતો ! વગર ગુનાએ દંડ થતા વાલાએ ફરિયાદ કરી તો ગામ લોકોએ 'પાડાને વાંકે પખાલીને ડામ' જેવો ઘાટ કર્યો ! અને કહ્યું, ' ગોમ્માં રે'વું હોય તો દંડેય ભરવો પડઅ નઅ બધુંય કરવું પડઅ' સવર્ણોની આ જોહુકમી અન્યાય નહીં તો બીજું શું ? પણ વાસના કેટલાક લોકો વિચારે છે કે કાલે સવારે પોતાના છોકરાઓ પણ નિશાળમાં ભણવા જેવા થશે. આખરે વાસના મોવડી ઉગરા ભગત મણિને શાળામાં બેસાડવાની છૂટ આપે છે. આથી વાલો બીજા જ દિવસે મણિને નિશાળે દાખલ કરાવવા લઈ જાય છે પણ માસ્તર– 'આ તો ગામનું ધરમનું કામ કેવાય' કહી મુખી અને બાવાજીને પૂછીને દાખલ કરવાનું કહે છે. આથી વાલો અને મણિ નિશાળેથી વિલા મોંએ પાછા આવે છે. વાલાની મણિને નિશાળે મૂકવાની વાતે આખા ગામમાં હાહાકાર મચી જાય છે. આયોજનપૂર્વક વણકરવાસ પર પથ્થરમારો થાય છે. વણકરવાસમાં તંગ સ્થિતિ સર્જાય છે. વણકરોએ ભેગા મળી મિયોર વાસના લોકોને વાત કરી મુખીને ફરિયાદ કરવાનું કહે છે પણ તેમણે ભયને કારણે રાત્રે ગામમાં જવાની ના પાડી. અંતે વાલો અને ઉગરા ભગત મુખી પાસે પરિસ્થિતિની જાણ કરવા જાય છે. મુખી તેમને સાંભળવાને બદલે મણિને ન ભણાવવાની સલાહ આપે છે. વાલો વ્યથિત થઈ જાય છે. તેને પોતાની જ જાત પર ધિક્કાર આવે છે. નિરાશ થઈ બીજા જ દિવસે નિશાળે જઈ માસ્તરને 'મણિને અવઅ નેહાર નહીં બેસાડવી' કહી આવે છે. તોય વાસ પર પથ્થરા પડવાનું બંધ થતું નથી. આ માટે વાસના લોકો પણ વાલાને જ દોષિત ઠરાવે છે ને ગાળો ભાંડે છે. અંતે વાલાના મનમાં વિદ્રોહ ભભૂકી ઊઠે છે. તે માસ્તરને ધોધળે બેસી એનું લોહી પીવાનું વિચારે છે. વાલાને પશા નાથા અને ઉગરા ભગતનો સહકાર મળે છે. તેઓ ગામ લોકો પર હુમલો કરવાની યોજના ઘડે છે. પશા નાથા અને વાલાનો દીકરો સવો રાત્રે આંબલીના ઝાડ પર ચઢીને પથ્થરમારો કરે છે. ઠાકોરવાસના શનાજીના દીકરા અનારજીનું માથું ફૂટી જાય છે. આથી ફરી વાતાવરણ તંગ થઈ જાય છે. ગામ લોકો ઉશ્કેરાઈને અંત્યજો જે ખાદરામાંથી પીવાનું પાણી ભરતા તેમાં છાણ નાખી જાય છે. આ પછી પણ અંત્યજ વાસ પર અનેકવાર હુમલાઓ થતાં રહે છે પણ નોંધપાત્ર બાબત એ છે કે કટોકટી ભરી સ્થિતિમાં નાનજી ભગત જેવા કેટલાક સવર્ણોનું માર્ગદર્શન, સહકાર મળતો રહે છે. ઠાકોર જ્યારે અંત્યજોના પીવાના પાણીના ખાદરામાં છાણ નાખી આવે છે ત્યારે ખાદરુ ગળાઈ ન જાય ત્યાં સુધી પોતાના કૂવેથી પાણી ભરવાની છૂટ આપે છે. વાસમાં પથ્થરા પડ્યા એ પહેલા અંત્યજોને તેમણે જ ચેતવણી આપી હતી. એટલું જ નહીં વણકરવાસમાં પથરા પડવાના બંધ નથી થતાં ત્યારે તેમણે પોતાને ઘેર રાવણું બોલાવી સમાધાન કરાવ્યું હતું. નાનજી ભગતનું પાત્ર માનવીય ગુણોથી ઓપતું

છે. ગણ્યાગાંઠ્યા સવર્ણોમાં રહેલી દલિતો પ્રત્યેની સહાનુભૂતિનું પણ સર્જક નિરૂપણ કરવાનું ચૂક્યા નથી. હરીશ મંગલમ્ પ્રસ્તાવનામાં નોંધે છે : ''કો'ક ઉજળિયાતમાં રહેલું આ માનવતાભર્યું હકારાત્મક પાસું પણ ઉપસાવી સમ્યક દૃષ્ટિનો દાખલો પૂરો પાડ્યો છે અને એ જ તો કાર્ય છે સાચા સાહિત્યકારનું''[૧૩૩]

નાનજી ભગત દ્વારા સમાધાન થતાં બધુ શાંત થઈ જાય છે. મણિની સગાઈ, લગ્નની તૈયારીમાં કથા આગળ ગતિ કરે છે. કાશીપરના જેઠા બેચરના દીકરા મૂળા સાથે મણિના લગ્ન ગોઠવાય છે. અગાઉ થયેલા પંચના ઠરાવ મુજબ મણિને લગ્નમાં તાંબાનું બેડું આપવાનું નક્કી થતા ફરી દલિતો અને સવર્ણો વચ્ચે સંઘર્ષ થાય છે. દલિતોને મંગળ પ્રસંગે ઢોલ પણ વગાડવા ન દેતું, વરઘોડો કાઢવા ન દેતું ને પગરખા પહેરવા ન દેતું ગામ દલિત સ્ત્રીઓને તાંબાના બેડે પાણી ભરતા શું જોઈ શકે ખરા ? દલિત સ્ત્રીઓ બેડાંથી પાણી ભરે તો ગામની આબરૂ જાય પણ દલિતો નાટ્યાત્મક રીતે પોતાનું ધ્યેય પાર પાડે છે. વાલો અને નાનજી ભગત ઠાકોર કેસરાજીના પત્ની રૂપાની મદદ લે છે. ઉગરા ભગતને ઊંચેથી પાણી રેડતા રૂપામાંને વેરાઈના દર્શન થાય અને એ જ રૂપા તાંબાનું બેડું લઈને જાન વળાવવા નીકળેલા અંત્યજો પર અત્યાચાર કરી રહેલા સવર્ણોને રોકવા ખુલ્લા વાળ રાખી હાથમાં તલવાર લઈ વણકરોની રક્ષા માટે દોડી આવે તેવું નાટ્યાત્મક આલેખન ધ્યાનપાત્ર બની રહે છે.

નવલકથાના ઉત્તરાર્ધમાં વણકર સમાજમાં પ્રચલિત 'પાટ' પરંપરાનું સૂક્ષ્મ નિરૂપણ થયું છે. 'ગીધ'ની જેમ અહીં પણ દલિતવિશ્વ પુરી માંસલતા સાથે આલેખાયેલું છે. દલિતોના રીતરિવાજ, માન્યતા, અંધશ્રદ્ધા, કુરિવાજો,પહેરવેશ, ખાણી-પીણી, લગ્ન સંબધી રિવાજો, ટકાનો રિવાજ, સગાઈલગ્નમાં ગરોડા બ્રાહ્મણની ભૂમિકા, સગાઈ કરાવનાર મેળા મણિયો, કંકુ પાડવો, ટૌકો પાડવો, તૂરીની બોલવાની અનોખી રીત, ગામના લોકોને સંદેશો પહોંચાડવા માટે સાદ પાડવો, ગુરૂપરંપરા, પાટમાં ને લગ્ન પ્રસંગે દુહા, મંત્રો, ફટાણા, લગ્નગીતો, ભજનો, બજાણિયાના ગીતો, દિવાળીના મેર મેરાયામા ગવાતું ગીત, જાનપ્રથા, બજાણિયા-ભરથરીનો ખેલ, રાવણામાં અફીણ-દારૂ વહેંચવાની પ્રથા, લગ્નમાં તાંબાનું બેડું આપવાનો રિવાજ, આખા વર્ષ દરમિયાનનું સામાજિક ઋતુચક્ર, અખાત્રીજ, વાવણી, હળ, સમાર, શ્રાવણ માસમાં ઝરમર વરસાદમાં ગવાતા ગીત, જાયણી-બેસતું વર્ષ(ખાર, ખોખલોઃ તાવ-તડકા-રોગ-રગડો-અગામણ-પદામણ જજો કાળા સમુદરે) વ્યવસાયો, આવકોનો વ્યવહાર, સુગરાને જ પાટમાં બેસવાનું નિમંત્રણ ને નુગરા બેસી જ ન શકે. ગુરુ પાસે કંઠી બંધાવવી, બોલી વગેરે દ્વારા ગ્રામ્ય ચિત્ર ઊપસી આવ્યું છે.

'ભળભાંખળું'માં લેખકે પક્ષિલ બન્યા વિના તત્કાલીન દલિત સમાજમાં પ્રવર્તમાન આંતરદ્વંદ્વ, આંતર મતભેદને આલેખ્યા છે. અહીં વણકર, સેનમા, મિયોર, ઓરગણા વગેરે એકબીજા પ્રત્યે ઊંચનીચનો ભેદભાવ રાખે છે. વણકરો જો ઓરગણાના છોકરાને અડકી જાય તો પાણીની છાંટ નાખે છે. જેમ સવર્ણ લોકોના કૂવા અલગ છે તેમ દલિતોમાં પણ વણકર, મિયોર, સેનમાના કૂવા અલગ છે. એમાંય ઓરગણાની સ્થિતિ તો ખૂબ જ દયનીય છે. તેના લમણે તો પાણીની ભીખ કાયમી

૧૩૩. 'ભળભાંખળું', દલપત ચૌહાણ, પ્રસ્તાવના લેખ

છે. હેમા ઓરગણાએ ઢગલામાં પડેલી તાવડી પહેલી લીધી એટલે દેવા મિયોર કહે છે-''લ્યા મનએ પેલી તાવડી લેવા દીધી હોત તો ? ભાન રાસ્ય ભઈ, આ તાવડિયો તે અભડાઈ !''[૧૩૪] મિયોર લોકો વણકરની સાથે એક ખાટલા પર બેસી શકતા નહિ ! વાલો સોનામાનો ઘરાક છે. વાલાની પત્ની અંબા તેને ઘેર છાશ લેવા જાય છે ત્યારે સોનામાં એને નજીક બોલાવીને ય પોતે ઓશકારીમાં ઊભા રહીને ઊંચેથી છાશ રેડે છે. તો વીરા સેનમાની વહું વણકર અંબાને કહે છે- 'મા.... આઘા તો ઊભા રે'વું પડનઅ બધાંયે પ્રતના પાળવી પડઅ.....''[૧૩૫]

ઠાકોર પાસે તાંબા-પીતળના વાસણો નથી આથી 'ઢેઢણ તાંબાનાં બેડે પાણી કેવી રીતે ભરે ?' આમ, ઈર્ષ્યા, વેરઝેર, તુમાખી પણ જાતિગત ભેદભાવની સાથે-સાથે વકરતાં રહ્યા છે. દરેકને પોતાનો સ્વાર્થ છે. જ્યારે ઠાકોરવાસના લોકો વણકરો પર હુમલો કરે છે ત્યારે કેસરાજીને ચિંતા થાય છે કે 'જો અસ્પૃશ્યો ગામ છોડી જતાં રે'શે તો મારો દારૂ કોણ પીશે.' 'ભેગા કરેલા મહુડાનું શું ? કેશરાજી માત્ર પોતાના જ હિતની ચિંતા કરે છે. અહીં નિરૂપાયેલા પાત્રો બીબાઢાળ ન લાગતા આગવું વ્યક્તિત્વ ધરાવે છે. મુખી નારસંગનું વ્યક્તિત્વ તેના આ સંવાદોમાંથી સાંગોપાંગ ઉપસી આવે છે : 'ઈમઅ હું થ્યું ? એ લસ્યા કરઅ આપણા ભૂહવાનું હમજ્યાં ?'[૧૩૬] નારસંગ મુખી પ્રપંચ રચવામાં માહિર છે. ખંધા રાજકારણી તરીકેની તેની છબી ઉપસી આવેલી જોઈ શકાય છે. ઉગરા ભગત અને પશાનાથાનું ચરિત્ર ગંભીર પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા ઉપરાંત સવર્ણોના આક્રમણોનો પ્રતિકાર કરવામાં માહિર છે. પાત્રોની આંતરક્રિયાઓ, મનઃસ્થિતિ સુપેરે આલેખાઈ છે. તત્કાલીન સમાજમાં ઉપયોગમાં લેવાતી કહેવતો પણ અહીં જોવા મળે છે.

દા.ત  કાળા કાળા મકોડા નઅ્ રાતી રાતી ઝેમોલ
પલાળ્યું તો મુંડાવ્યું.
ટચલી આંગળીએ નચાવો.
વેવઈની પસેડી લાંબી સઅ.
લેડું લબડઅસઅ.
ધૂળની મા રસ્યા.
રઈ રઈ ઊતરી જજો, મેઠું મેઠું ચડી જજો.
હૌનું થહઅ, એ વૌનું થહઅ
મોટું મા'જન વાણિયો નેનું મો જન વણકોર
ભાભો ભારમઅ, તો વઉ લાજમઅ

કથન અને વર્ણન બેઉ સ્તરે ભાષાનો સાદ્યંત વિનિયોગ થયો છે. તળબોલીના સમર્થ વિનિયોગ દ્વારા ભાષાનું પોત નિરાળું બન્યુ છે. અતીત અને સાંપ્રતને ગૂંથવામાં સર્જકની સર્જક પ્રતિભાની ઝાંખી થાય છે. વિસરાઈ ગયેલા તળશબ્દો અહીં પ્રચુર માત્રામાં જોવા મળે છે. જે સર્જકની વિશાળ શબ્દ

---

૧૩૪. 'ભળભાંખળું',પૃ.૧૫૬
૧૩૫. એજન, પૃ.૭૩
૧૩૬. એજન, પૃ.૭૦

ભંડોળની પ્રતીતિ કરાવે છે. પારૂલ દેસાઈ તેમના 'ભળભાંખળું: ઉઘડતા ઉજાસની કથા' લેખમાં નોંધે છે : "આ નવલકથામાં તત્કાલીન દલિતજીવન, તે સમયનાં વાણીવર્તન, રીત રિવાજો, અન્ય સમાજ સાથેના સંબંધો, કાવાદાવા, અછૂતો સાથેનો તમામ પ્રકારનો વ્યવહાર યથાતથ નિરૂપાયો છે. તે સમયે થતાં રાવણાનાં દશ્યો, વણકર સમાજની રોજિંદી દિન ચર્યા, તેમના પરંપરિત રીતરિવાજો, તેમની ગુરુપરંપરા, વણકરીના ધંધાની પરિભાષા, કાપડ વણવામાં વપરાતાં સાધનોનાં તળપદા નામ આ બધું સ્વાભાવિક રીતે કથામા એકરસ બની આવે છે અને એને કારણે વિશિષ્ટ દેશકાળનું ચિત્ર પ્રત્યક્ષ થાય છે."[૧૩૭]

દલિત સમાજની સામાજિક, ધાર્મિક ગતિવિધિ વગેરેનું તો સબળ આલેખન થયું છે પણ આ નવલકથામાં મુખ્ય પ્રશ્ન છે 'શિક્ષણ' નો. મણિને ભણાવવા બાબતે સવર્ણો સાથે સંઘર્ષ થાય છે પણ કથાના ઉત્તરાર્ધમાં આ સંઘર્ષ જોવા મળતો નથી. વાલો નિશાળમાં જઈને માસ્તરને કહી આવે છે કે મણિ હવે ભણવા નહીં આવે પણ આ પછી કોઈ પ્રતિક્રિયા જોવા મળતી નથી. કથાન્તે મણિનો દીકરો કાનજી, કાનજીનો દીકરો કિશોર ને કિશોરનો મયંક ભણીગણીને સ્થિર થયા છે પણ આ બધુ કેવી રીતે બન્યું ? શાળામાં પ્રવેશ મેળવવા માટે પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ મેળવવા સુધીમાં તેમને કેવી-કેવી મથામણ, સંઘર્ષ કરવા પડ્યા વગેરેનું આલેખન લેખકે કર્યું હોત તો નવલકથા વધારે પ્રભાવક બની શકી હોત. કથાનો અંત સુખદ છે. મણિદાદી કથાન્તે અતીતમાંથી વર્તમાનમાં પાછા ફળે છે ને તેને પહેલાનું અંધારું હડસેલાઈને 'ભળભાંખળું'થતું અનુભવાય છે. બધા શહેરમાં રહે છે. કિશોરનો દીકરો મયંક પાટીને બદલે નોટબુકમાં લખે છે. નિશાળને બદલે 'સ્કૂલ' કહે છે. મયંક દાદીને સમજાવે છે કે 'નોલેજ' વધારવા વાંચવું પડે. ઘરમાં કુકરની સીટી વાગે છે. બંગલામાં સોફા, ટીવી વગેરે છે. પહેલાની સ્થિતિ બદલાયાની પ્રતીતિ થાય છે. પહેલાનું ઘોળ અંધારુ હટીને 'ભળભાંખળું' થતું અનુભવાય છે. એ જ તો એમના સંઘર્ષની ઉપલબ્ધિ છે એવું મને લાગે છે. 'ભળભાંખળું' દલિતચેતનાની સક્રિયતાની નોંધ લેતી ગુજરાતી દલિત સાહિત્યની જ નહીં પણ સમગ્ર ગુજરાતી સાહિત્યની સિમાચિન્હરૂપ કૃતિ છે. પારૂલ દેસાઈ નોંધે છે – "મણિને એક છોકરીને ભણાવવા નિમિત્તે દલિત ચેતના જે રીતે સક્રિય થાય છે તે જ સાચું ભળભાંખળું છે."[૧૩૮] હરીશ મંગલમ્ પ્રસ્તાવનામાં લખે છે– "આ નવલકથામાંનો 'દલિત સમાજનો દસ્તાવેજ' અમૂલ્ય અને વિશિષ્ટ બની રહેશે. ગુજરાતી સાહિત્યમાં 'ભળભાંખળું' નું પ્રાગટ્ય એના આ ખજાનાને કારણે યશોદાયી કૃતિ બની રહેશે."[૧૩૯]

હવે 'ભળભાંખળું' સંદર્ભે સર્જક દલપત ચૌહાણને શું અભિપ્રેત છે તે જોઈએ : તેઓ નોંધે છે કે, 'ભળભાંખળું' સંશોધન કરીને લખાયેલી નવલકથા છે. અગાઉની નવલકથાનાં પાત્રો તો મારી આજુબાજુ રમતાં- જમતાં, પડતાં, આખડતાં, આગળ વધતાં ને કાળની ગર્તમાં ખોવાઈ જતાં મેં જોયાં છે. નર્યોવાસ્તવ હતાં. આ પણ નર્યો – પાંગર્યો વાસ્તવ છે. એનો સાક્ષી હું નથી પણ મારાં સ્વજનો છે. માં- દાદી- દાદા- બાપા અને બીજા કેટલાંય જનો. મારા ગામના અને મારા મોસાળના કેટલાંય

૧૩૭. ખેવના, ૮૭, સંપાદકઃ સુમન શાહ, સપ્ટેમ્બર-૨૦૦૫, પૃ.૫૩

૧૩૮. એજન, પૃ.૫૪

૧૩૯. 'ભળભાંખળું' દલપત ચૌહાણ, 'ભળભાંખળું' ના ગર્ભમાં રહેલો સૂર્ય પ્રકાશ, પૃ.૧૬

લોકોને (દલિત-અદલિત) મળીને રચના થઈ ભળભાંખળું નવલકથાની. દલિતોનું જીવન કેવું હતું. દલિત સુખી હોય તોય સારું પહેરી ઓઢી ના શકાય, પગમાં બૂટ ચંપલ ન પહેરાય. ઘરમાં તાંબાપીતળના વાસણ ન લાવી શકાય, એતો ઠીક દલિતોની બોલીનો લ્હેંકોય જુદો. પાઘડીનો ઘાટ જુદો, કશુંય અદલિતો સાથે સરખાપણું નહીં. સિવાય કે બધા માનવ આકૃતિ. રૂપ-રંગ, ભેળસેળ તોય.

સમય નવા સંજોગ ઊભા કરે તેનેય અટકાવાય. દલિતોને ભણવાનો અક્ષરજ્ઞાનનો અધિકાર નહીં. રાજા કહે ભણો, સમાજ અને ધર્મ તેમને જડબેસલાક રીતે રોકે. તેમાંથી ઊગરવું જ કઈ રીતે. બે પગ ઉપર ઊભા રહેવાનો જ પ્રશ્ન. ૧૯૧૫ થી ૧૯૩૫ સુધીનો સમય અહીં ગોટાયેલો છે. સમાજનો આભડછેટ રૂપી રાક્ષસ કેવો છે તેનો તાદશ ચિતાર અહીં મળે છે. લોકબોલી (ઓ), પરિવેશ, એમાં થતાં પરિવર્તન ને દલિતોમાં પ્રછન્ન રીતે ભભૂકતો અગ્નિ કશીક જોરદાર ફૂંકની રાહ જોઈ રહ્યો છે. કદાચ ભૂતકાળ ભવિષ્યને સુંદર બનાવવાની ચાવી બની શકે. આવનાર પેઢીઓને પોતાના વડવાઓની બેહાલીની જાણ થાય અને સમાજ જાગૃત બને. આવો ઇતિહાસ ફરીથી ન લખવો પડે.''[૧૪૦]

આમ, નવલકથાકાર દલિત સમાજના પૂરા જાણતલ છે તેની અનુભૂતિ 'ભળભાંખળું' માંથી પસાર થતા અચૂક થાય છે. અહીં મણિ નિમિત્તે સમગ્ર દલિત સમાજની વેદના-સંવેદના ભાવકના મનને ઝકઝોળે એવી રીતે આલેખાઈ છે. આઝાદી પૂર્વેના ગામડામાં વસતા દલિત સમાજનું દસ્તાવેજી આલેખન સુપેરે થયું છે.

## 'તિરાડ'- હરીશ મંગલમ્

હરીશ મંગલમ્ રચિત 'તિરાડ' માં દલિત-નાયક સોમાની પત્ની જોઈતીનાં જીવનસંઘર્ષની કથા કેન્દ્રસ્થાને છે. સવર્ણ પૂંજા પટેલના બે દીકરા બળદેવ પટેલ અને ભગા પટેલનાં ખેતરના શેઢા બાબતના ઝગડામાં બળદેવ પટેલને બચાવવા જતાં ભગાએ 'મારું હાળું ઢેડું !'કહીને સોમાને જ ફટકાર્યો. આ ઘટનાથી વણકરવાસમાં ''થોડીક વાર ઉલાળિયું થયું પણ બીકનાં માર્યા અંગારો ઠરી જાય તેમ બધું ટાઢું પડી ગયું.''[૧૪૧] કથામાં વણકર સમાજની ભીરુતા પ્રગટ થાય છે. અંતે સોમો ભગાના પાવડાના મૂઢ મારથી રીબાઈ-રીબાઈને થોડકા જ દિવસોમાં મૃત્યું પામે છે ને જોઈતી ઉપર દુઃખોનું આભ તૂટી પડે છે. સોમાના મૃત્યુના થોડા દિવસો થયાં ને બળદેવ પટેલ ઘરાકવટાના નાતે જોઈતીને કામ કરવા માટે બોલાવે છે. આમ, તો જોઈતીની ઈચ્છા ત્યાં કામ કરવા જવાની નથી કારણ કે બળદેવની દાનત ખોરા ટોપરા જેવી છે. જોઈતી સાવધાન રહે છે છતાં એકવાર બળદેવ અડપલું કરી લે છે ને તે પશો પંડયો જોઈ જાય છે. આ ઘટનાથી કથામાં નવો વળાંક આવે છે. પશો પંડ્યો બળદેવ-જોઈતીના સંબંધ અંગે વાતનું વતેસર કરે છે. જોઈતીના પિતા અને સગાવહાલા તેને નિઃસંતાન માની 'જીવતરના બારણાં' ખુલ્લા રહે એ હેતુથી એના પુનઃલગ્ન મથુરના દીકરા વિધુર ધનજી સાથે કરાવી દે છે પણ સાસરીમાં જતાં જ જોઈતીને ઘણા બધા પ્રશ્નોનો સામનો કરવો પડે છે. જોઈતીની જેઠાણી કહે છે -'તારઅ્ કાય

૧૪૦. દલપત ચૌહાણનો પત્ર, તા. ૨૧-૧૦-૨૦૦૬

૧૪૧. તિરાડ,હરીશ મંગલમ્, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,૧૯૯૨, પૃ.૨

પેટ સચ ?' જોઈતીના પેટમાં પાંગરતું સંતાન તો સોમાનું જ છે પણ જોઈતી બળદેવના સંબંધ અંગેની અફવાથી જોઈતી સમાજમાં, ગામમાં હડધૂત થઈ જાય છે. જોઈતીના જ જ્ઞાતિજનો તેને માથે માછલાં ધોવામાં કશી કચાશ રાખતા નથી. ન્યાય કરવા બેઠેલા પંચાતિયાઓની પ્રપંચલીલાને કારણે એક પતિપરાયણ સગર્ભા નારીને અન્યાય અને લોકનિંદાનો ભોગ બનવું પડે છે પણ હા નોંધપાત્ર બાબત એ છે કે જોઈતીના સસરા મથુર ભગત, પતિ ધનજી અને જેઠાણી વલમ તેને વગોવવાને બદલે તેની પડખે અડીખમ ઊભા રહે છે. તેથી અંગત જીવન પૂરતી વાત વણસતા રહી જાય છે. વળી સમય જતાં બળદેવ નપુંસક છે એવી વાત બહાર આવે છે ને જોઈતી નિર્દોષ સાબિત થાય છે. જોઈતીનું ગૌરવ યથાવત્ રહે છે.

અહીં જોઈતી ઉપર બળદેવ દ્વારા વારંવાર થયેલા અડપલા, ચેનચાળાની ઘટનાઓને નજર અંદાજ કરવા અને જોઈતીને વાચકના ચિત્તમાંથી ઉગારી લેવા લેખકે બળદેવને નપુંસક બતાવવાની પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. જેણે જોઈતીને ત્રાસ આપવામાં બહુ મોટો ભાગ ભજવ્યો હતો તે પશા પંડ્યાને જ્યારે બળદેવની દાકતરી તપાસનું પરિણામ જાણવા મળ્યું ત્યારે લેખક જાણે કથાને સમેટતા હોય તેમ પશાને પસ્તાવો કરાવે છે અને જોઈતીના કુટુંબમાં જઈને પોતે ખોટો હતો એમ જણાવી તેના કુટુંબના સંબંધોમાં પડેલી તિરાડને પુરવાનો પ્રયત્ન કરે છે. આમ, લેખક સુખાન્તમાં માને છે. નાયિકાના કુટુંબજીવનમાં પડેલી તિરાડને મોટી થવા દેવાને બદલે કૃતકતાથી પશાનો વિચાર પરિવર્તન કરાવીને તિરાડને સાંધવાનો સભાન પ્રયત્ન લેખક કરતા જણાય છે. એકવાર 'મન, મોતી ને કાચ'માં પડેલી તિરાડ ક્યારેય સંધાતી નથી એવી ઉક્તિ પ્રચલિત છે. અહીં લેખકે મનમાં પડેલી તિરાડને વિવિધ પ્રયુક્તિઓ દ્વારા સાંધવાનો પ્રયત્ન કર્યો છે. બાબુ દાવલપુરાનું નિરીક્ષણ ધ્યાનપાત્ર છે :

''.....બળદેવમાં શુક્રાણુઓની આધુનિક દાકતરી વિજ્ઞાનની સારવાર પછી પણ ન નિવારી શકાય તેવી જન્મજાત ખામી છે; અને કથાના અંત ભાગે એ હકીકત ખુલ્લી થતાં જોઈતી આ આકરી અગ્નિપરીક્ષામાંથી હેમખેમ પાર ઊતરે છે પણ આવું અપવાદરૂપે જ બનતું હોય છે. આવા કિસ્સાઓમાં સંડોવાયેલાં બળદેવોની નપુંસકતા તો, જોઈતાના કિસ્સામાં દર્શાવાયું છે તેમ, અમુક અપવાદરૂપ કિસ્સાઓમાં જ નારીને શિરે ચોંટેલું કુલટાનું કલંક ભૂંસી શકે. કથા સમાપનમાં જોવા મળતા સુખદ ઉકેલથી જોઈતી જેવી નિર્દોષ, નિખાલસ અને પતિપરાયણ ભાવુકનારી કલંક મુકત પુરવાર થાય એ પ્રકારના વસ્તુ અને ચરિત્રના સંવિધાનના કૌશલને કારણે ન્યાય, નીતિ, સત્યના વિજયમાં શ્રદ્ધા ના ધરાવતા ભાવકની પરંપરાગત કવિન્યાય-Poetic Justice-ની ભાવના સંતોષાય છે ખરું; પરંતુ વ્યાપક પરિમાણ ધરાવતી દલિત-બિન દલિત ઉભય વર્ગના ભારતીય સમાજને સ્પર્શતી સમસ્ત નારીજાતિની આ સમાજિક સમસ્યા એટલી તો સંકુલ છે કે જોઈતી જેવા કોઈ એકલ દોકલ કિસ્સામાં વસ્તુ વિન્યાસની કુશળતાથી તેનું સરલીકરણ દર્શાવી શકાય પણ તેનો કોઈ સંતોષકારક કાયમી ઉકેલ ભાગ્યે જ સુલભ થાય.''[૧૪૨]

---

૧૪૨. કથાસાંપ્રત,બાબુ દાવલપુરા, પૃ.૧૬૪,૧૬૫

'તિરાડ'ની એક નોંધપાત્ર બાબત એ છે કે ભગાએ સોમા પર કરેલા આક્રમણના મૂળમાં તો દલિતો સવર્ણો વચ્ચેનો સંઘર્ષ કેન્દ્રસ્થાને નથી પણ બે ભાઈના ઝગડામાં દરમિયાનગીરી કરનાર સોમા પ્રત્યેનો ભગાનો વ્યક્તિગત પ્રકારનો અદમ્ય ક્રોધાવેગ રહેલો છે. અહીંયાં સોમો માત્ર દલિત હોવાને કારણે ભગાના હાથનો માર ખાય છે એવું જણાતું નથી પણ સોમો માનવસહજ નબળાઈનો ભોગ બને છે. બળદેવ ભગાના હાથે બચી ગયો એટલે બળદેવને બદલે સોમો ભગાના આવેશનું નિશાન બને છે. તેથી એવું કહી શકાય કે જોસેફ મેકવાનની 'આંગળિયાત' દલપત ચૌહાણની 'મલક' 'ગીધ'માં જે પ્રકારનો સંઘર્ષ સવર્ણો અને દલિતો વચ્ચે થાય છે તેવો સંઘર્ષ અહીં નથી. ટૂંકમાં 'તિરાડ' વર્ગસંઘર્ષની કથા નથી. દલિત સવર્ણોના સંઘર્ષને કારણે જોઈતી સોમાને વેઠવાનું આવે છે એવું નથી. વળી નાયિકા દલિત છે છતાં એના દલિત હોવા માત્રથી કોઈ ખાસ પરિસ્થિતિનો ભોગ બનતી નથી. ડૉ.મોહન પરમારે 'તિરાડ'ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે, "અહીં સવર્ણોએ કરેલા અત્યાચાર કે અન્યાય સામે વિદ્રોહ કે આક્રોશ વ્યકત કરવાની જૂનીપુરાણી રીતરસમનો છેદ ઉડાડવામાં આવ્યો છે. પૂર્વેશ્રી જોસેફ મેકવાનની નવલકથા 'આંગળિયાત'કે દલપત ચૌહાણની લઘુનવલ 'મલક'માં સવર્ણો તરફથી થતા અત્યાચારો કે અન્યાયોને વિષયવસ્તુ લેખે ગણીને કથાની માંડણી કરવામાં આવી હતી. આ બન્ને લેખકથી જુદા પડીને આવાં કોઈ વાનાંને તરકીબ લેખે લીધા વિના જ એક દલિત સ્ત્રીની યાતનાની પડછે ઉભેલા સમાજનું ચિત્ર શ્રી હરીશ મંગલમ્ 'તિરાડ'માં ઉપસાવ્યું છે."[૧૪૩] 'તિરાડ'માં જોઈતીના પાત્ર નિમિત્તે સમસ્ત નારી સમાજની વ્યથા પ્રગટ થાય છે. ડૉ. કે.એમ.મકવાણા નોંધે છે 'ગામડાંના કોઈ પણ મજુરિયા લોકની ને નારીની કથા બની રહે છે.'[૧૪૪] લેખકે દલિત સંવેદનાને અહીં નિરાળી રીતે પ્રગટ કરી છે. મહાવીર ચૌહારે લખ્યું છે. "दरार गुजराती दलित रचनाशीलता का एक एसा उदाहरण है जो प्रवाह में होकरभी प्रवाह से कुछ अलग है ।"[૧૪૫]

સોમાના આવતા મૃત્યુના એંધાણ અને મૃત્યુ પામ્યા પછીની પરિસ્થિતિનું બયાન પ્રકૃતિ અને પશુ-પક્ષીઓની ગતિવિધિ દ્વારા સંકેતાત્મક રીતે સર્જક એ ચિત્રને કેવું તાદશ કરી આપે છે એ એમની અભિવ્યકિતની નોખી પ્રતિભાના દર્શન કરાવે છે. ઘટનાને સહજ વહિ જતાં પ્રવાહમાં ઓગાળી લેખક અવનવાં પ્રતીકો દ્વારા મૃત્યુ પ્રત્યેની ભયાનકતાને જાણે સર્વસ્વીકૃત ભયના ઓથારને સમર્થન આપતા લાગે છે. બીમાર સોમાનું ચિત્ર ઉપસાવવા લેખકે કાગડાની ક્રિયા-પ્રક્રિયા નિરૂપી છે. સોમાના મૃત્યુને મોવટીના પ્રતીક દ્વારા સૂચવ્યું છે. "ઘણાં વર્ષો જૂનો લીમડો મૂળમાંથી જ હચમચી જાય અને તેનું મોટું ડાળું કડડ્...કટ્ કરતું તૂટી પડે એવું જ ઘરની મોવટીના બે કટકા કરતું ગયું."[૧૪૬] સોમાના મૃત્યુ પછી જોઈતીની મનઃસ્થિતિના વર્ણનમાં સર્જકની શૈલીની નોખી ભાતની અનુભૂતિ થાય છે તે તપાસીએ, "કોઈએ અજવાળાને મંતરીને ડબ્બીમાં ઉતારી દીધું, આજે ના તો ચોખ્ખુંચણાક આકાશ માણી શકાયું કે ના તો ફરફરતી ધજાનો કોમળ સ્પર્શ અનુભવી શકાયો.....કૂણા કૂણા ઘાસની

૧૪૩. તિરાડ,હરીશ મંગલમ્, પ્ર.આ.૧૯૯૨, પૃ.૬

૧૪૪. ગ્રામજીવનની સાઠોત્તરી ગુજરાતી નવલકથા, ડૉ.કે.એમ.મકવાણા, પ્ર.આ.૨૦૦૧, પૃ.૧૭૩

૧૪૫. दरार–हरीश मंगलम् अनुवाद, हसमुख बारोट, पृ.11

૧૪૬. તિરાડ, હરીશ મંગલમ્, પૃ. ૧૧

ચમકતી લસરાતી પથરાતી કલ્લીઓ અને ઝાડઝાંખરામાં આમથી તેમ દોડી જતાં ભૂરાં ભટ્ટાક સસલાં, બાળવાર્તાનું હુકમનો એક્કો ગણાતું પાત્ર શિયાળ અને રામપુરિયા સ્મશાનમાં ઘુમ્મરી લેતું પેલું નામચીન ઘોરખોદિયું પણ નજરે ના પડ્યાં સામ્મે ઘાંયજીવાળા વાંઘાની બખોલમાં બેઠું-બેઠું ઘુવડ હંમેશાની જેમ જ અંધાર ખેરવતુ હતું, ઉદાસ ચહેરે... માળીની નાનીસરખી વાડીમાં ઊભેલી નારિયેળીના પાન ચૂડેલની બંગડીઓની જેમ ચિલ્લાઈ ઊઠયાં. એના શરીરમાં કમકમાં આવી ગયાં.... બાજુમાં જ મઢણના વાંકાચૂકા થડને વળગી રહેલા અજગરે અંગ મરડ્યુ, પીળાપચ્ચ અજગરના સળવળાટથી પીળાશ પ્રસરવા લાગી....''[૧૪૭] બળદેવની દુર્વૃત્તિને દર્શાવવા 'મઢણના વાંકાચૂંકા થડને વળગી રહેલા અજગરના પ્રતીક દ્વારા હવે પછી જોઈતીની શું દશા થશે તે વાચક આ પ્રતીકથી સહેજે સમજી જાય છે અને અંતે એવું જ બને છે. લેખકે અહીં પ્રતીક, કલ્પન, અલંકારોથી વિશેષ કામ લીધું છે તેથી 'કથા લાઘવપૂર્ણ બની રહી છે. કહેવતોનો પણ જરૂર જણાય ત્યાં ઉપયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે, 'ચૂલામાં કોંકણી બળતી હોય તો કેનં ગંધ ના આવ ?', 'ભૂખ્યા ઉઠાડે પણ ભૂખ્યા સૂવાડે નહિ', 'લોકના મૂંઢા ઉપર થોડું ગૈંણું બંધાય ?' વગેરે દ્વારા દલિત સમાજનું આંતરજગત રચી આપ્યું છે. જ્ઞાતિપંચનું દસ્તાવેજી ચિત્ર રચિ આપ્યું છે. પશાની દાઢી કરવાની રીત કે પંચનાં દશ્યોમાં લેખકે હાસ્ય પૂરું પાડ્યું છે. લગ્નપ્રસંગે પતાશા વહેંચવાનો રિવાજ પારિવારિક અને વ્યકિતગત સમ-વિષમ જીવન શૈલીને તેમજ તેમની સંવેદનાઓને તળબોલીના સમર્થ વિનિયોગ વડે વાચા આપી છે. મફત ઓઝા લખે છે કે, ''લેખકે દલિત સમાજને આગળ ધર્યો છે. એનાં વલણો, વર્તનો, વ્યવહારો અને વાણીને એમણે બરાબર પકડયાં છે ને એથી જ આ કૃતિ બળુકી બની છે. પરિસ્થિતિજન્ય પ્રતીક યોજના અને વાતાવરણને અનુરૂપ પ્રકૃતિ નિરૂપણમાં શ્રી મંગલમ્‌ની કલાદષ્ટિનો પરિચય થાય છે. 'તિરાડ' માં કાગડો ઘણાં સંઘર્ષો રચી આપે છે, આથી ઘણી અર્થછાયાઓ વિસ્તરી છે. અહીં ઘણી સ્થૂળતાઓ કથા વિકાસ સાથે સૂક્ષ્મતા પામી છે....''[૧૪૮] પ્રવીણ ગઢવી લખે છે કે, ''...એમાં દલિત સમાજનું એક ચિત્ર ઉપસી આવે છે. અહીં કોઈ લાઉડ સંઘર્ષ નથી, જિવાતા જીવનની નાનકડી વાત છે છતાં જોઈતી, સોમો, બળદેવ, મથુર ભગત, પશો પંડ્યો એમ અનેકવિધ પાત્રોનું સૂક્ષ્મ ચરિત્રચિત્રણ થયું છે.''[૧૪૯] ધનજી ઉદાર પ્રકૃતિનો માણસ છે. જોઈતી માનવીય ગુણોથી સભર વ્યક્તિત્વ ધરાવે છે. જોઈતી સોમાના પુત્ર 'કીકલા'ને જેટલા પ્રેમથી ઉછેરે છે એટલા જ પ્રેમથી સાવકા સંતાનોને પણ ઉછેરે છે. પોતાના કે પારકા એવો ભેદ એ રાખતી નથી. અપર મા અંગેના જે ખ્યાલો આપણા સમાજમાં દઢ થયા છે તેનાથી જોઈતી માતૃવાત્સલ્યને કારણે અપવાદરૂપ બની છે. સોમાની દાકતરી સારવાર માટે પૂંજો પટેલ જોઈતીને દવાના પૈસા આપી જાય છે ત્યાં પૂંજા પટેલની સમભાવશીલતા અને વ્યવહારદક્ષતા પ્રગટ થાય છે. ઢોલી કેશલા રાવળના પૂર્વજીવનનો ઉલ્લેખ કથાના મુખ્ય કથાનક સાથે મેળ બેસતો નથી.

---

૧૪૭. તિરાડ, હરીશ મંગલમ્, પૃ.૨૦

૧૪૮. એજન, કવરપેજ પૃ.૨

૧૪૯. એજન, પૃ.૧૯

બાબુ દાવલપુરા 'તિરાડ'ને આવકારતા લખે છે-''નવમા દાયકામાં 'આંગળિયાત'થી આરંભાયેલ દલિત નવલકથાની ધારામાં શ્રી હરીશ મંગલ્ રચિત 'તિરાડ'એમા પ્રગટતી લેખકની નવલકથાની કળા પ્રત્યેની પ્રતિબદ્ધતાને કારણે અલગ તરી આવે છે.''[૧૫૦] ટૂંકમાં 'તિરાડ' નવલકથામાં ગામડામાં જીવાતા જીવનની વાસ્તવિક તાસીર કલાત્મક રીતે આલેખાઈ છે.

## 'ચોકી'- હરીશ મંગલમ્

હરીશ મંગલમ્‌ની *'ચોકી'* માં ચોરીની બિનાથી કથાનો આરંભ અને અંત છે. આમ, એક વર્તુળ લેખકે રચી આપ્યું છે. આ વર્તુળમાં લેખકે દલિતવાસ, ઠાકોરવાસ અને પટેલવાસની નક્કર વાસ્તવિકતા ઉપસાવી છે. ગ્રામ્યજીવનની તાસીર તંતોતંત લેખકે ઝીલી છે.

અખુસિંહ નામનો ઠાકોર ગામના દલિતવાસની ચોકી કરતાં-કરતાં ચોરીના રવાડે ચડે છે. એક રાત્રે શિવાની પત્ની અંબા એના ઘરમાં બારી પાસે સૂતી હતી ત્યારે એના કાનમાંથી કોઈ કાપ ઉતારી જાય છે. આથી આખા દલિતવાસમાં ભય ફેલાઈ જાય છે. થોડા દિવસો પછી તો દલાને ત્યાં પણ હોબાળો મચે છે અને દલાની જુવાનજોધ છોકરીના ખાટલાની પાંગતે અડપલું કરવામાં આવે છે ત્યાર પછી તો ઉપરા ઉપરી આવા બનાવો થતાં જ રહ્યા, લોકો ચિંતામાં પડ્યા, ઘણી બધી ચોરીઓ થઈ પણ ન તો ચોર પકડાયો કે ન તો પગેરુ મળ્યું. બધા જ ચોર વિશે તર્ક-વિર્તક કરવા લાગ્યા. અમથી ડોશી મોતીકાકાને ઈશારો કરતા કહે છે- ''મન તો આ અખુશીં પર જ વ્હેમ જાય સઅ!' ધીમે-ધીમે વાસના બધા જ લોકોને ચોકીદાર અખુસિંહ પર જ શંકા જાય છે એટલે બધાની સંમતિથી અખુસિંહની ચોકી બંધ કરવામાં આવે છે. પછી તે સીમરખા તરીકે રહે છે. એ દરમિયાન શાળામાં સાથે ભણતી જગન્નાથ પટેલની દીકરી શાંતિ તેની જાળમાં ફસાય છે. અંતે બંને લાગ શોધીને ભાગીં જાય છે. આ ઘટના પછી પટેલ અને ઠાકોર કોમ વચ્ચે ખાર પેદા થાય છે. રઘુ લુહાર બળતામાં ઘી હોમે છે ને પછી તો બંને કોમ વચ્ચે ધીંગાણું થાય છે. આ ઘટનાને લઈને વર્ષોથી ઠાકોરના બે વાસ પડી ગયા હતા તે એક થઈ ગયા. અખુસિંહ અને શાંતિ અંતે બનાસકાંઠા બાજુથી પકડાય તો જાય છે પણ શાંતિ દાતરડું પેટમાં ઘોંચીને આપઘાત કરે છે ને અખુસિંહ તો પોલીસની ઝપાઝપીમાંથી ભાગી છૂટે છે. 'સો ચૂહે મારકે બિલ્લી હજ ચલી' જેવો ઘાટ અખુસિંહનો થાય છે.

તે ઈડરબાજુ આવી ઈડરિયા ગઢ પર વીરાબાપુના આશ્રમમાં આશ્રય પામીને અખુસિંહ 'અખો ભગત' નામ ધારણ કરે છે પણ અખો ભગત થયા પછીયે એનામાં રહેલા અખુસિંહને વતનની માયા સતાવે છે; વીરાબાપુની સમાધિ પછી એનો મૂળ સ્વભાવ મૂળ સ્થિતિમાં આવે છે અને વતનમાં આવી ફરી ચોરી કરી બેસે છે. બાવો બન્યા છતાં એની વૃત્તિઓ તો રખેવાળ અખુસિંહની જ હતી. આમ 'ચોકી'માં રક્ષક એ જ ભક્ષક છે. અખુસિંહનું વ્યક્તિત્વ જોતા ગુજરાતી કહેવત 'વાંદરો ઘરડો થાય તો પણ ગુલાટી મારવાનું ન ભુલે'નું સ્મરણ થાય છે. અખાભગતમાં અખુસિંહની અતૃપ્ત ઉછાળા મારતી ઝંખનાઓ અહીં આલેખાઈ તો છે જ પણ તેને વધુ વલખા મારતો દર્શાવ્યો હોત તો કદાચ અખુસિંહનું પાત્ર વધુ ધારદાર બની શકત.

૧૫૦. 'હયાતી', માર્ચ-૧૯૯૮, પૃ.૧૩૧

પીઠ ઝબકારની પ્રયુક્તિ દ્વારા લેખકે તેજવીર આશ્રમમાં રહેતા જોગી-સોહીના પૂર્વ જીવવનું તેમજ આશ્રમનું વર્ણન સવિગતે કર્યું છે. તેના વર્ણન દ્વારા સર્જકનો આશય તો ચમાર-વણકર જેવી દલિત જ્ઞાતિઓ વચ્ચેના દ્વેષભાવ, અનાથાશ્રમમાં ચાલતો ભ્રષ્ટાચાર અને ધર્મસ્થાનોમાં પણ રહેલા વાડાબંધી જેવાં દૂષણને ખુલ્લા પાડવાનો લાગે છે અને સાથે-સાથે ગામડાના અભણ સમાજને ઉપદેશ આપવાનો પણ હોય. દા.ત. પૈસા માંગવા જનાર જોગી-સોહીને એક વ્યક્તિ કહે છે : ''પૈસા આપનાર દરેક વ્યક્તિ તમારું સ્વમાન હણવાનું કામ કરે છે.''[૧૫૧]

''પહેલા તો ચમાર, સેનમાં, વણકર આમ તમામ કોમના ભકતો અહીં આવતા..... એકતા વગર સમાજ રહેંસાઈ જશે.''[૧૫૨]

લેખકનું સમાજસુધારાવાદી માનસ અહીં ઉપસતું જોઈ શકાય છે. લેખક ધર્મના નામે અભણ લોકોને છેતરતા ધર્મગુરુઓ, આશ્રમના સંચાલકોની દંભી, સ્વાર્થી મનોવૃત્તિ પર પ્રહાર કરે છે. જોગી-સોહી અને બિલપુર અનાથાશ્રમનું 'ચોકી'માં શું મહત્ત્વ છે તે અંગે પુષ્કર ચંદરવાકરે કરેલી વાતમાં તથ્ય છે. તેઓ લખે છે - ''બિલપુર અનાથાશ્રમ અને સંચાલક શર્માને આ 'ચોકી'ની કથામાં શી જરૂર હતી ? પણ સમાજસુધારક ને સમાજની ચિંતા કરનાર શ્રી હરીશ મંગલમ્‌ના હાથમાં આવી ઘટના નજરે ચડીને આવી ગઈ તો પેલા સમાજસુધારક સર્જક તેને જવા દે ખરા ? આથી આ ઘટનાને અત્રે સ્થાન. સર્જકને અભિપ્રેત તે પણ હોય કે આવા અનાથાશ્રમના સંચાલકો પણ એક દષ્ટિએ ચોર છે.''[૧૫૩]

લેખકે ચમારો અને વણકરોના માહેમાહના મતભેદ તરફ પણ સંકેત કર્યો છે. આશ્રમ પર આધિપત્ય જમાવવા માટે ચમાર અને વણકરો વચ્ચે સંઘર્ષ થાય છે. 'આંગળિયાત', 'મલક', 'ગીધ'કે 'ભળભાંખળું' માં જોવા મળતો દલિત-સવર્ણોનો સંઘર્ષ અહીં નથી છતાં પણ સવર્ણોના ત્રાસને દલિત વર્ગ પડકારે તો છે જ. અલંકાર, પ્રતીકના વિનિયોગ દ્વારા 'ચોકી' ચુસ્ત લઘુનવલ બની છે. દા.ત.

''એના હસવાથી એના ગાલ કરણની કેરી જેવા તગતગી રહ્યા''[૧૫૪]

''જૂની હવેલીના ખખડી ગયેલા કઠેરા જેવી એમની જિંદગી એમને સતાવી રહી...''[૧૫૫]

''છનિયાના તો ટેટા જેવાં મચ્છોય ઊપડી રહી''[૧૫૬]

''એની આંખમાં ખેતરોની લીલાશ ઢોળાઈ રહી''[૧૫૭]

આ ઉપરાંત એકાંતમાં ખેતરમાં શાંતિ સાથેની સુખદ વેળાએ અખુસિંહને વારંવાર ધારિયાને ધારદાર બનાવતો બતાવ્યો છે. અખુસિંહ જાણે કે પોતાના મન-અંતરમાં ધરબાઈ રહેલી

---

૧૫૧. 'તિરાડ', હરીશ મંગલમ્ (ચોકી) રંગદ્વાર પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૧૯૯૨, પૃ.૫૭

૧૫૨. એજન, પૃ.૬૦

૧૫૩. ગુજરાતી દલિત સાહિત્યઃ સ્વાધ્યાય અને સમીક્ષા, સંપાદકઃ મોહન પરમાર, હરીશ મંગલમ્, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૧, પ્ર.૧૩૯

૧૫૪. તિરાડ', હરીશ મંગલમ્, પૃ.૨૨

૧૫૫. એજન, પૃ.૫૯

૧૫૬. એજન, પૃ.૪૬

૧૫૭. એજન, પૃ.૨૨

સુગુપ્ત-સુષુપ્ત કામુકતાને બળવત્તર, તેજ બનાવી રહ્યો છે. તો વાંદરાના પ્રતીક દ્વારા અખુસિંહની વાસનાને તથા શાંતિ સાથેની દૈહિક મિલનની પ્રબળ ઇચ્છાને માનસશાસ્ત્રીય રીતે રજૂ કરી છે. કેટલાંક વર્ણનોમાં કાવ્યાત્મક ગદ્યનાં દર્શન પણ થાય છે. જેમકે, મજૂરોની દયનીય સ્થિતિનું પૃ.૧૩ પરનું વર્ણન. રતિક્રિડામગ્ન વાંદરાનું પૃ.૨૬,૨૭ પરનું વર્ણન, સીમનું સૌંદર્ય તથા વરસાદમાં પલળેલી શાંતિની દેહ્ય દૃષ્ટિનું પૃ.૨૪ પરનું વર્ણન વગેરે. ઉત્તર ગુજરાતની તળબોલીના સમર્થ વિનિયોગ દ્વારા પાત્રના આંતરજગતને લેખક સ્પર્શી શક્યા છે. એકાદ ઉદાહરણ જોઈએ " અખુસિંહ ફાંટિયાનો છેડો પકડતાં કમુના હાથને સ્પર્શી લેતાં બદ ઈરાદે બોલે છેઃ તમે વ્હેલા લગનની ગાંઠ વાળી દીધી એટલઅ ઢીલો ઢફ થઈ જ્યો, હમજ્યો ? પછઅ આ ગાંઠ હેની વળઅ ?"[૧૫૮] દ્વિઅર્થી ઊક્તિઓ આ કૃતિમાં ઘણી જોવા મળે છે ! વાસનાયુક્ત ઘટનાને સંયમપૂર્વક પ્રતીકાત્મક રીતે વર્ણવી શકાય જેમાં સર્જકની કુશળતા અને અભિવ્યક્તિની તરાહ જોવા મળે પણ એવું નાવિન્ય અહીં જોવા મળતું નથી.

મફત ઓઝા સર્જકની સર્જકતા વિશે જણાવે છે કે 'ચોકી' માં આવતાં સંકેતાત્મક વર્ણનો, બોલીની લઢણો અને કાવ્યમય અભિવ્યક્તિઓ જુદી જ ભાત પાડે છે."[૧૫૯] પુષ્કર ચંદરવાકરે 'ચોકી'ને વધાવતા નોંધ્યું છે કે "આ વરસમાં જે થોડીક પ્રાદેશિક વાર્તાઓ સરજાણી છે તેમાં આ બેઉ (તિરાડ-ચોકી) કૃતિનું બેસણું ઊંચું જરૂર રહેશે"[૧૬૦]

'ચોકી'માં લેખકે ગ્રામ્યજીવનની વાસ્તવિકતાને ઉપસાવતા માનવસ્વભાવનું આલેખન કર્યું છે અને એક પછી એક ગૂંથાતી આવતી ઘટનાઓ રસપ્રદ બની રહે છે.

## 'નેળિયું' - મોહન પરમાર

મોહન પરમારની 'નેળિયું' નવલકથાનો આરંભ ફિલ્મી ઢબે થયેલો લાગે છે. કથાના આરંભે જ કથાનાયક વગડામાં રોડની બાજુમાં ચોકડીમાં બેભાન અવસ્થામાં પડેલો છે, તેને સવર્ણ દંપતી જીવણભાઈ અને તોરલ પોતાના ઘેર લઈ જઈ દવાદારૂ ને સેવાચાકરી કરી ભાનમાં લાવે છે ત્યારે તે પોતાનો ભૂતકાળ ભૂલી ચૂક્યો હોય છે. પોતે કેવી રીતે બેભાન થઈ ગયા? મારું ગામ કયું? હું કયાં કુળનો? હું કોણ છું? અહીં હું કઈ રીતે આવ્યો? કદાચ હું પરણેલો પણ હોઉં ને મને બાળકો પણ હોય, હશે? પોતાનું ઘર કયાં છે? કુટુંબ કયાં છે? જ્ઞાતિપ્રથા એટલે શું એ પણ ભૂલી ગયા છે. હરિજન એટલે શું? પટેલ એટલે કોણ? હરિજન પ્રત્યે બીજી જ્ઞાતિના લોકો શા માટે આભડછેટ રાખે છે એ પણ એને સમજાતું નથી..... વગેરેના કોઈ જ સગડ એમની સ્મૃતિમાં મળતાં નથી, હવે તેને બધું નવું નવું લાગે છે પણ સ્મૃતિભ્રંશનું નિર્વહણ સંપૂર્ણ થયું નથી. કથાનાયક વર્તમાનને ઓળખી શકે છે. પોશાક, વાણી અને વર્તન ઉપરથી જીવણ અને તોરલને લાગે છે કે એ કોઈ શિક્ષિત અને સારા- સંસ્કારી ઘરની વ્યક્તિ

---

૧૫૮. તિરાડ, પૃ.૨૩
૧૫૯. ચોકી, હરીશ મંગલમ્, કવરપેજ.
૧૬૦. ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા, સંપાદક,મોહન પરમાર, હરીશ મંગલમ્, પૃ.૧૪૧

છે. એની સૂટકેસમાંના કપડાં પણ એની પ્રતીતિ કરાવે છે. એક ચબરખી ઉપરથી એના ભૂંસાઈ ગયેલા સરનામામાં ડેપ્યુટી એન્જિનિયર એ બે જ શબ્દો વાચી શકાય તેવા છે. તે એન્જિનિયર અને ગામનો જીવ હોવાને કારણે ઘરમાં અને ગામમાં એ 'સાહેબ' તરીકે જ ઓળખાય છે. ગામમાં જ તે નવું જીવન શરૂ કરે છે. ગામ, વાસમાં તેને ખૂબ જ માન-પ્રતિષ્ઠા મળે છે. તે ભાસ્પુર ગામ સાથે તાદાત્મ્યનો ભાવ અનુભવે છે. જીવણ અને તોરલ તો જીવ રેડીને સાહેબની સેવા- દેખભાળ કરે છે. ધીરે-ધીરે તોરલ અને કથાનાયક વચ્ચે પ્રેમાંકુર ફૂટે છે. હરિજન, ઠાકોર-દરબાર, પટેલ બધી કોમના માણસો સાથે ગાઢ સંપર્કમાં આવી એમના આદર અને વિશ્વાસપાત્ર બને છે. ગામના સરપંચ દરબાર અભેસિંહ પણ સાહેબને માનની નજરે જુએ છે ને પોતાની દીકરી રૂપબાના શિક્ષણ માટે અને પોતાના ખેતરોના હિસાબ-કિતાબ માટે રાખી લેવાનો પ્રયત્ન કરે છે. રૂપબાને ભણાવવા પણ જાય છે ને ધીરે ધીરે રૂપબા કથાનાયકથી આકર્ષાય છે. વાસના હરિજનોના પટેલ શિવાભાઈ પણ સાહેબને માનની નજરથી જુએ છે. તે હરિજન વાસમાં જાય છે, એમને ત્યાં ચા-પાણી કરે છે. એમની સમસ્યા, પ્રશ્નો સાંભળે છે, તેમની સમસ્યાઓના નિવારણ માટે પ્રયત્નો પણ કરે છે. જીવણ, તોરલ ઉપરાંત ગામના દરબાર કોમ અને પટેલ કોમનો આ હરિજનો પ્રત્યેનો અણગમો અને તુચ્છકાર, તેમના પ્રત્યે રાખવામાં આવતી આભડછેટ તેને ખૂબ જ ખૂંચે છે. સોમાભાઈ કથાનાયકને મંદિરે લઈ જાય છે, ત્યાં એક ટોળું મંદિર બહાર ઊભું છે અને કેટલાક લોકો મંદિરમાં છે. મંદિરની બહાર ઉભેલા લોકોને જોઈને કથાનાયકને કુતૂહલ થાય છે.

જે મંદિર હરિજનો દ્વારા જ બનાવાયું છે એ જ મંદિરમાં હરિજનો ન જઈ શકે ! મંદિરમાં જાય તો ભગવાન અભડાઈ જાય! હરિજનો મંદિરમાં જાય તો ધર્મ રહાતાળ થઈ જાય ! હરિજનોનો પડછાયો પડે તો પણ પાણીની છાંટ લેવી પડે! તો બીજી તરફ આ જ સવર્ણોને દલિત સ્ત્રીઓ સાથે શારીરિક સંબંધ બાંધવામાં આભડછેટ લાગતી નથી ! હરિજન જેઠાની બહેન ચંપાનું દરબાર રાયસંગ જાતીય શોષણ કરવાનો પ્રયાસ કરેછે. જેઠો કહે છે: ''આમ અમારાથી (રાયસંગ) અભડાઈ જતો તો અમારું કોઈ કૂવાની નેંકમાંથી પોણી પીવઅ તોય આઘા રો આઘા રો ઈમ કરતો' તો. કાલ ઈને મારી બુન ચંપાની લાજ લૂટવાની ચેષ્ટા કરી.''[૧૬૧] સરપંચ અભેસિંહ પણ ચંપાને જ ઠપકો આપે છે. ''આંય શું હવાદ હતાં કઅ તું એકલી આયી'તી. રાયસંગનય હલકો પાડ્યો છઅ નૈ.''[૧૬૨] અહીં એક તો ચોરીને માથે શિનાજોરી. દલિતો લાચાર છે કારણ કે દલિતો તેમના વિરુદ્ધ કંઈ પણ બોલે તો બીજા જ દિવસે મજૂરી બંધ! દલિતોનું અહીં આર્થિક અને જાતીય શોષણ સવર્ણો દ્વારા થયું છે એ તરફ અંગુલી નિર્દેશ લેખકે કર્યો છે. હરિજનોની સ્થિતિ જોતા કથાનાયકને તેના પ્રત્યે હમદર્દી થાય છે. એક વખત ગામમાં એક તરફ પટેલો અને હરિજનો અને બીજી તરફ ઠાકરડા, દરબારો વચ્ચે મારામારી થાય છે. એ વખતે કથાનાયક દરમિયાનગીરી કરે છે ને સફળ રહે છે. હરિજન, પટેલ, દરબારોની વચ્ચે સમરસતા જળવાઈ રહે એવા પ્રયાસો તે સતત કરે છે. હરિજન વાસની ચંપા નામની એક સુંદર અને નીડર યુવતી પણ કથાનાયકથી આકર્ષાય છે પણ લેખકને પ્રણય ત્રિકોણ આલેખવામાં રસ નથી. એમને તો ગ્રામ્યજીવનમાં

૧૬૧. નેળિયું, મોહન પરમાર, લોકપ્રિય પ્રકાશન, પ્ર.આ.૧૯૯૨, પૃ.૨૩૧,૨૩૨
૧૬૨. એજન, પૃ. ૨૩૧,૨૩૨

દઢ થઈ ગયેલા અસ્પૃશ્યતાના વકરેલા રોગની દવા શોધવામાં રસ છે. કથાના અંતે રહસ્ય સ્ફોટ થાય છે. એક દિવસ ખેતરમાં જીવણભાઈ ને તોરલ એક મહેમાન પશાભાઈ સાથેનો વાર્તાલાપ કથાનાયકના કાને પડતાં જ તે ચોકી ઉઠે છે. પશાભાઈ બોલ્યા :

'સાયેબનો કાંઈ વાંકગનો હોય તો કો ! મનઅ નથી લાગતું કઅ ઈમનો કાંય વાંકગનો હોય....'

'ઈમનો કશો વાંકગનો નથી.' જીવણભાઈ બોલતા-બોલતાં અટકયા. પછી આગળ બોલવા માંડયા. 'ઈમનો શો વાંકગનો હોય! પણ ગનો તો એ ઢેડ છઅ ઈનો છઅ.....'

'શું કીધું ?' પશાભાઈ એકદમ ઉતાવળે બોલી ગયા ને મારું અસ્તિત્વ ધ્રૂજી ઉઠ્યું. 'ઢેડ' શબ્દ સાંભળીને મારા સંવેદનતંત્રમાં ખળભળાટ મચી ગયો.

'હા, ઢેડ છઅ નઅ એય પાછો તૂરી....'

'તૂરી એટલેઅ તો વણકર- ચમારના ભવૈયા.

ખેલ હારો કાઢઅ હોં !' પશાભાઈ બોલ્યો.

'એટલઅ જ મનઅ હવઅ ઈમના તરફ જરાય હેત રયું નથી. હું શે'રમાં જયો' તો

તાણઅ ખબર પડી....પીડબલુડીમાં એ મોટો એન્જિનિયર છઅ. છોકરાં અને બૈરું બધુંય છઅ.''[૧૬૩]

સાહેબ હરિજન કોમમાં પણ ઊતરતી ગણાતી 'તૂરી' કોમનો છે એ જાણતાં જ બધા સાહેબ પ્રત્યે ઉદાસીન વલણ દાખવે છે. 'સાહેબ' ને દેવ જેવો માનતા પશાભાઈનું વલણ કેવું બદલાઈ જાય છે તે જોઈએ. પશાભાઈ જીવણને કહે છે:'' થાય શું ? ઈમનઅ મોઢા મોઢ કહીનઅ ઘરમાંથી કાઢો. ઢેડનઅ તો ઘરમાં રખાતો હશી.''[૧૬૪] પશાભાઈ અને પોતાને અનહદ ચાહતી તોરલના અમાનવીય વ્યવહારના પરિણામે કથાનાયક ખળભળી ઊઠે છે, હલબલી જાય છે ને દુઃખી દુઃખી થઈ જાય છે. સાહેબના જ શબ્દોમાં જોઈએ: '' હું ખસિયાણો પડી ગયો હતો. જે સ્ત્રી મારા માટે જીવ આપી દેવા સુધીની લાગણી ધરાવતી હતી, તે સ્ત્રીમાં થયેલું પરિવર્તન ખરેખર મારા અંતરમાં ખળભળાટ મચાવતું હતું... એણે તો હદ વટાવી દીધી હતી. હું જાણે એનો પહેલાનો 'સાયેબ' જ ન હોઉં તેમ એ વર્તી રહી હતી. ખાવાનો સમય હોય તો એ હેતલ દ્વારા મને કહેવડાવતી. હું ખાવા બેસતો. જરાય ઉમંગ વગર એ મને પીરસીને બહાર આવી જતી. હું ઓશિયાળો હોઉં તેમ જમી લેતો''[૧૬૫] જે.... મારી સાથે હોંશે હોંશે ખેલ જોવા આવેલી અને આવીતેવી વાતોમાં ક્યારેય રસ ન લેતી તોરલની મનોવૃત્તિ પણ આવી હશે.... તે જાણીને હું દુઃખી દુઃખી થઈ ગયો. હમણાં સુધી તો મારાં વખાણ ભરપેટે કરતાં હતાં, તે બધાં બદલાઈ બેઠાં હતાં. મારી સેવા કરીને સાજો કરનાર જીવણભાઈ અને તોરલની બદલાયેલી વૃત્તિઓનો હવે મને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો હતો. મને તો ધરતી માર્ગ આપે તો સમાઈ જાઉં તેવું થતું હતું. હું પી.ડબ્લ્યું.ડી. ખાતાનો

---

૧૬૩. નેળિયું, પૃ.૩૭૪

૧૬૪. એજન, પૃ.૩૭૪,૩૭૫

૧૬૫. એજન, પૃ.૩૪૦,૩૪૧

એન્જિનિયર છું ને મારી આ વલે ? હું હરિજન છું એટલે શું મારી ગુણવત્તાનું કશું મહત્ત્વ નહિ ?........ જીવણભાઈ અને તોરલ મને કેવાં નિખાલસ અને પ્રેમાળ લાગતા હતાં. મારા માટે એમને કેટલું બધું હેત હતું ? હું કઈ જાતનો છું તેની જ્યાં સુધી ખબર નહોતી ત્યાં સુધી આ બધું જળવાઈ રહ્યું ને જેવું જાણ્યું કે હું હરિજન છું ત્યારે...... તે સાંજે તો તોરલે મને જે ઈશારા કરીને ઊતરી આવેલી રાતને માણવાનાં સપનાં સજેલાં તે બધું મારી હલકી જાતિને કારણે કડડભૂસ કરતું ભાંગી પડ્યું. મારા પ્રત્યે એકદમ આસક્ત બની પતનને માર્ગે જવા વળેલી તોરલનો આ વૃત્તિપલટો સામા છેડાનો હતો. કોમવાદી વલણો માણસના અંતરમાં કેવા જડબેસલાક ચોંટી ગયાં છે તેનું આ ઉદાહરણ હતું..... હું પાછા પગલે ચાલવા લાગ્યો, ત્યાં તોરલના શબ્દો મારા કાને પડ્યાં. 'વાન જરા ઉજળો દીઠયો અનઅ મોં જરા રૂપાળું જોયું એટલઅ વાણિયા બામણ હશીં ઈમ માંનીનઅ આંય લાયા. જો પે'લેથી ખબર પડી ગઈ હોત કઅ આતો ઢેડછઅ તો દવાખાને જ ના મોકલી દેત...... તોરલના શબ્દો સાંભળીને મારા પગની પાનીઓમાં જાણેં વેંત જેવડા ખાડા પડી ગયા. આખી સીમ પર શૂન્યતાના વાદળ ઊતરી આવ્યાં ને મારા માથે જાણે આભ તૂટી પડ્યું. હું ક્ષતવિક્ષત થોડી વાર તો ફેરફૂદડી ફરતો હોઉં તેમ લાગ્યું'[૧૬૬]

અહીં સવર્ણોની બદલાયેલા વલણ, રૂખની સામે કથાનાયકની ક્રિયા-પ્રતિક્રિયા, મનોસંચલનો સુપેરે વ્યક્ત થયાં છે. જેને પોતાના જ માન્યા હતા, જેના દ્વારા ખૂબ જ માન, પ્રતિષ્ઠા મળી હતી એવા સવર્ણોના બદલાયેલા વલણને કારણે, એમના દુર્વ્યવહારને કારણે કથાનાયકના મનોજગતમાં મચતો ખળભળાટ વેધક રીતે નિરૂપાયો છે. પ્રાચીન કાળથી જ હિન્દુ સમાજવ્યવસ્થામાં ઊંડાં મૂળ નાંખી ચૂકેલ વર્ણવાદ, જ્ઞાતિવાદને લેખકે અહીં ચાબખા લગાવ્યા છે. દલિત ગમે તેવા મોટા સાહેબ બની જાય પણ અસ્પૃશ્યતાનું કલંક તે મિટાવી શકતો નથી. જાતિને કારણે જ તેને ક્યાંકને ક્યાંક કોઈ ને કોઈ રૂપે અપમાનિત, હડધૂત થવું પડતું હોય છે, હડસેલા ખાવા પડે છે. કથાનાયક પણ પી.ડબ્લ્યુ.ડી. ખાતાનો એન્જિનિયર પ્રામાણિક, નિષ્ઠાવાન હોવા છતાં જ્યારે તેની જાતિની સવર્ણ સમાજને જાણ થાય છે ત્યારે જે થવાનું હોય તે થઈને જ રહે છે ને ? અહીં કથાનાયક જેવી જ આખા દલિત સમાજની સ્થિતિ છે. નવલકથાના અંતે કથાનાયકના મનમાં તીવ્ર વેદના, નિરાશા અને આક્રોશ જાગે છે અને પોતે પોતાના નેળિયામાંથી ક્યારેય બહાર નહીં નીકળી શકે એવી તીવ્ર પ્રતીતિ સાથે તે નેળિયાના સાંકડા માર્ગમાંથી બહાર નીકળવા મથે છે પણ તે કયા ભવે પાર કરી શકશે એ પ્રશ્નાર્થ સાથે કથા પૂરી થાય છે. ડૉ.નાથાલાલ ગોહિલનો તેમના 'દલિત સંવેદના અને સાહિત્ય' (પાર્શ્વ પબ્લિકેશનઃ અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૬) પુસ્તકના પૃ.૪૦ ઉપર 'નેળિયું' નવલકથા વિશોનો અભિપ્રાય આશ્ચર્ય પમાડે તેવો છે : તે નોંધે છે.''નોળિયું નવલકથામાં ગ્રામ્ય પ્રદેશની વીતકકથામાં પાત્રોની મથામણ ને પીડાકારી સંવેદનો નોળિયાના પ્રતીક દ્વારા કહેવાં છે.''

કથાનાયકની હરિજન સમાજ પ્રત્યેની હમદર્દી જોતા અંતે તેનો ગામ છોડવાનો નિર્ણય યોગ્ય લાગતો નથી કારણ કે અગાઉ હરિજનોની સમસ્યા માટે કથાનાયક જે રીતે લડ્યા, એ જ

૧૬૬. નેળિયું, પૃ.૩૭૪,૩૭૫,૩૭૬

જાતિના પોતે સભ્ય છે એ જાણ્યા પછી આમ ગામ શા માટે છોડવું જોઈએ ? ખરેખર તો હવે જ કથાનાયકે એ જ ગામમાં રહીને પોતાના ભાઈ-ભાંડરુઓના પ્રશ્નો, સમસ્યાઓનાં ઉકેલ લાવવા રહેવું જોઈએ પણ તેના બદલે આવા ખરા સમયે કાયરતાપૂર્ણ નિર્ણય કેમ? એવો પ્રશ્ન સહજ રીતે જ ભાવક તરીકે મને થાય છે. દલિત સમાજજીવનની વરવી વાસ્તવિકતા પણ અહીં છતી થયા વિના રહેતી નથી. દલિતોની સામાજિક, આર્થિક સ્થિતિનું આલેખન થયું છે. દલિતોમાં હાટાપાટાની રીતે લગ્ન થાય છે. તૂરીના પ્રસંગમાં હાસ્ય છે, આંતર દ્વંદ્વ પણ અહીં છે. હિન્દુ ધર્મની ઠેકડી ઉડાડવાનું લેખક ચૂક્યા નથી, એક પ્રસંગ જોઈએ : જિલ્લા પંચાયતમાં નોકરી કરતો દિનેશ ચૌહાણ કહે છે -''આ લોકો જ નઠારા છે, સાંજ પડે છે અને આ મંદિરના દ્વારે આવીને ઊભા રહી જાય છે. શું દાટ્યું છે ભગવાનનાં દર્શનમાં....''

''.... અરે, એમના ભગવાન એમના મંદિરમાં છોને બેઠા. એમની આગળ આજીજી કરવાથી શું વળવાનું છે ? જે ધર્મમાં આવી વાડાબંધી હોય તેવા ધર્મને માનવાની જરૂર પણ શી છે ? મારી વાત કરું? મંદિરમાં જવું હોય તો હું અબઘડી મંદિરમાં જઈ શકું છું. રોકનારને જેલના સળિયા ગણતા કરી દઉં પણ આવા સંકુચિત માનસ ધરાવતા ભગવાનના મંદિરમાં મારે જઈને શું કરવું છે ?જ્યારે મુસલમાનો અને હિન્દુઓ વચ્ચે કોમી રમખાણો થાય છે ત્યારે અમને હિન્દુના નામે ચઢાવી આ લોકો અમને આગળ ધરે છે ને જ્યારે મંદિરમાં પ્રવેશવાની વાત આવે છે ત્યારે અમને ઢેડ ગણીને દૂર રાખે છે. બોલો અમારે શું કરવું ? અમે તો ત્રિભેટે ઊભા છીએ, ત્રિભેટે.''[૧૬૭] અહીં ભગવાન જો અન્યાયી હોય તો તેના પ્રત્યેનો આક્રોશ અને તેનો અસ્વીકાર કરવાની વાત છે.

'નેળિયું' માં નિરૂપાયેલ મુખ્ય, ગૌણ પાત્રો પોત પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે. તોરલ નિખાલસ સ્વભાવની છે. પ્રેમાળ છે. અભેસિંહ નિર્દય માણસ છે. તે જીવણ અને અન્ય લોકોનું આર્થિક શોષણ કરે છે. હરિજન શિવો હરિજન વાસનો પટેલ છે. તે દીર્ઘદૃષ્ટિ ધરાવે છે. દલિત મણો હિંમતવાળો છે. ગામના સરપંચ અભેસિંહને પણ જેલ ભેગો કરે છે. રૂપબા હિંમતવાળી છે, અસરકારક વ્યક્તિત્વ ઉપસી આવ્યું છે. તેમનું સંકુલ વ્યક્તિત્વ છે. હરિજન ચંપા પણ હિંમતવાળી છે, ઉદાર દિલની છે.

લેખકે કથાનાયકની સ્મૃતિભ્રંશ અવસ્થાની અસરકારક માવજત કરી શક્યા હોત તો ઉત્તમ નવલકથા બની શકી હોત. કથાનાયકના વ્યવહાર - વર્તન સંદર્ભે અનેક પ્રશ્નો થાય છે. કથાનાયક કાયદાની કલમો જાણે છે સ્મૃતિ ગુમાવ્યા પછી પણ ! કાયદા જાણે છે છતાં શહેરમાં પોતે કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? પોતાનું ઘર ક્યાં છે ? વગેરેની શોધ માટે એકલો જઈ શકતો નથી- ''જીવણભાઈ બોલતા બંધ થયા ન હોત તો ગમે તે કરીને એમની સાથે શહેરમાં જઈને પણ મારા ભૂતકાળની વિગતો હું મેળવી લેત.''[૧૬૮] ભાનમાં આવી ગયા પછી પણ કથાનાયકમાં પોતાનાં ઘરની, કુટુંબની તપાસ કરવાની જિજ્ઞાસા નથી, તો બીજી તરફ કથાનાયકના ઘરવાળા, કુટુંબિજનો, ગામલોકો, ઓફિસવાળા

---

૧૬૭. નેળિયું, પૃ.૧૫૫
૧૬૮. એજન, પૃ.૩૪૭

પણ કોઈ જ તપાસ હાથ ધરતા નથી ! ભાસ્પુર ગામના લોકો પણ એના વિશે જાણવા ઉત્સુક નથી. કથાનાયકના ખોવાઈ જવાથી જરાં હો-હા પણ ન થાય ! આ બધું અસ્વાભાવિક લાગે છે. મીનળ દવે પણ કથાનાયકના વ્યવહાર, વર્તન સંદર્ભે તાર્કિક વાત કરતાં નોંધે છે કે, ''.... ધારો કે કોઈ માણસ પોતાની સ્મૃતિ ખોઈ બેસે તો એની પહેલી પ્રતિક્રિયા શી હોઈ શકે ? 'નેળિયું' નો નાયક સ્મૃતિ ખોઈ બેઠો છે. અતીતનો કઈ સંદર્ભ એની પાસે નથી. માત્ર વર્તમાનને આધારે એણે પોતાની જાતને પામવાની છે. સદ્‌ભાગ્યે ભાષાએ એનો સાથ ત્યજ્યો નથી. કોઈ પણ જાતના પૂર્વસંદર્ભ વિના આ સમાજને, એની વ્યવસ્થાને, આ વિશ્વને એ કઈ રીત જુએ ?'' જેનું મન નવજાત બાળક સમું પૂર્વગ્રહ રહિત છે, એ તાજી જ મળેલી દૃષ્ટિ વડે આ સૃષ્ટિને નિહાળીને શું અનુભવે છે ? નવા જ સંદર્ભો, નવા નવા અર્થસંકેતો તાજગીભરી ભાષાની સંભાવનાઓ આ પ્રકારના પાત્રથી ઉઘડી શકે. આપણે જે નજરે આ જગત જોઈએ છીએ તે કરતાં જુદું જ જગત આપણને આ પાત્ર દ્વારા અનુભવાય, એમાં મુગ્ધતા ને વિસ્મય, કૌતુક ને કુતૂહલ, આઘાતને આશ્ચર્યના ભાવ ભર્યા હોય પરંતુ કૃતિના કમનસીબે સર્જક એ લક્ષ્ય ચૂકી ગયા છે. એક ઉત્તમ પરિસ્થિતિની તકનો પડકાર ઝીલીને પાર પાડી શક્યા નથી.''[૧૬૯]

લેખકે તોરલ - જીવણભાઈનું દામ્પત્યજીવન અત્યંત પ્રસન્ન આલેખ્યું છે છતાં તોરલ કથાનાયકને પોતાનું દિલ,દેહ સોંપવા તૈયાર થાય છે એ બાબત થોડી અપ્રતીતિકર લાગે છે. કિરીટ દુધાત પણ 'નેળિયું' નવલકથા સંદર્ભે નોંધે છે કે, ''ગુજરાતી ભાષાને એમણે કેટલીક યાદગાર વાર્તાઓ પણ આપી છે પણ 'નેળિયું' નવલકથા એમની સર્જકચેતનાનો આવિષ્કાર હોય તો એમણે નવલકથાકાર તરીકે ઘણી સજ્જતાઓ કેળવવાની બાકી છે. આ અર્થમાં 'નેળિયું' ને હું લેખકે દલિત નવલકથાની હથેળીમાં કહેલું ચુંબન ગણું છે.''[૧૭૦]

ભાષાકર્મની દૃષ્ટિએ પણ કથા નબળી છે. ભાષામાં ક્લિષ્ટતા જોવા મળે છે. એકાદ દૃષ્ટાંત તપાસીએ-

''પ્રાતઃ રુદનના દાવાનળ ફાટી નીકળ્યા છે. મૃદુ સ્પર્શની ઓશિયાળી આંખોની નિરાધારતા અને સમવયસ્કની શુષ્કતા માથાં પછાડી-પછાડીને ઝૂરે છે. એક અદશ્ય પંજો રસ્તો રોકીને પડ્યો છે. પાછો વળ, પાછો વળનાં ઉચ્ચારણો રસ્તા પર વેરવિખેર પડ્યા છે. બરબાદ થવાનો સમય તો હવે ચાલ્યો ગયો છે. સદરતાની નિસરણી કશાય આલંબન વગર ઠેરઠેર ઝૂલી રહી છે. આંખ સામે એક સામટા અનેક પ્રસંગો લહેરાઈ રહ્યા છે. ભીંતને અઢેલીને ઊભા રહેલા ચહેરાઓ નૃત્ય કરી રહ્યા છે. ઉડતી- ઉડતી દૃષ્ટિનો મરણતોલ ઘા જીરવાતો નથી. હું એકદમ ચમકી ગયો.''[૧૭૧] કથાની ભાષા સંદર્ભે મીનળ દવે પણ ઉચિત નોંધે છે- ''અત્યંત કૃત્રિમ, ફિસ્સી, બનાવટી, શબ્દાવલીથી કથાનું પોત ખૂબ જ નબળું પડે છે.''[૧૭૨]

---

૧૬૯. પ્રત્યક્ષ, સંપાદક, રમણ સોની, એપ્રિલ-જૂન, ૧૯૯૩, પૃ.૧૧,૧૨
૧૭૦. દસમો દાયકો, સંપાદક, મણિલાલ હ. પટેલ, ઓક્ટોબર-ડિસેમ્બર,૧૯૯૩, પૃ.૨૯
૧૭૧. નેળિયું, મોહન પરમાર, પૃ.૩૭
૧૭૨. પ્રત્યક્ષ, સંપાદક, રમણ સોની, એપ્રિલ-જૂન,૧૯૯૩, પૃ.૧૨

## 'પ્રિયતમા' – મોહન પરમાર

મોહન પરમારની 'પ્રિયતમા' (૧૯૯૫) બે ભાગમાં વહેંચાયેલી ઉત્તર ગુજરાતના વણકર સમાજના આંતર જીવનને ઉજાગર કરતી નવલકથા છે. નવલકથાના પ્રથમ ભાગમાં 'આણું', 'ખોરાભરણું' અને બીજા ભાગમાં 'ઝિયાણું' નું યથાર્થલક્ષી અને માર્મિક વર્ણન છે. 'પ્રિયતમા' આ ગાળાની ગુજરાતી દલિત નવલકથા જેવીકે 'આંગળિયાત', 'મલક', 'ગીધ', 'ચોકી', 'તિરાડ' વગેરે કરતાં જુદી પડે છે. અહીંયાં દલિત અને સવર્ણ વચ્ચેનો કોઈ પણ પ્રકારનો સંઘર્ષ જોવા મળતો નથી. આમાં તો વણકર સમાજના આંતરિક વિખવાદ, કુસંપ, જીવનશૈલી, આર્થિક, સામાજિક, ધાર્મિકસ્થિતિ, માન્યતાઓ, અંધશ્રધ્ધાઓ, રૂઢિઓ, વડીલોની જડ માન્યતાઓ, વણકર સમાજમાં સ્ત્રીની સ્થિતિ અને વ્યાવસાયિક વિટંબણાઓ વગેરેનું કશાય છોછ વિના સૂક્ષ્મ ઝીણવટભર્યું આલેખન લેખકે કર્યું છે. આ સંદર્ભે બાબુ દાવલપુરા નોંધે છે: ''દલિત નવલકથાઓના સમૂહમાં અલગ તરી આવતી લેખકની આ છઠ્ઠી નવલકથામાં ગ્રામ સમાજની સવર્ણ ઉજળિયાત/ પછાત જ્ઞાતિઓ સાથેના દલિત જ્ઞાતિના જનસમુદાયના સંબંધો–સંઘર્ષો નહિ પણ વણકરોના પોતાના જ્ઞાતિસમાજના આંતરિક કુસંપને કારણે સરજાતી વિસંવાદિતા અને કૌટુંબિક વિટંબણાઓનું આલેખન કળાકીય સભાનતાપૂર્વક થયું છે''[૧૭૩]

કથાનાયક મનહર મેટ્રિક પાસ થયા પછી અનેક પ્રયત્નો કરવા છતાં નોકરી મેળવવામાં નિષ્ફળ જતાં ઘરની નબળી આર્થિક સ્થિતિને કારણે કૌટુંબિક જવાબદારી સ્વીકારી લે છે. તે બાપ દાદાના હાથશાળના વ્યવસાયમાં જોડાય છે. બાળપણમાં જ મનહરના લગ્ન જસુમતી સાથે થયેલું છે, હવે તેણે ભરયુવાનીમાં પગલા માંડ્યા છે છતાં ઘરનાં આણું કરતાં નથી. મનહરને જસુમતી બહુ યાદ આવે છે ને તે સર્વભાવે તેને ઝંખતો રહે છે. મિત્ર ગણપત તેને આશ્વાસન આપે છે છતાં એનું મન સાળકામમાં લાગતું નથી. એના હાથમાંથી એકાએક ગિલોલી છટકી તો બહાર બેઠેલા ડોસી બબડ્યા; 'કોમમાં દિલ જ નથી પછઅ શું સાર પડઅ……' આ વખતે મનહર ડોસી પર ગુસ્સે થયા વિના મનમાં બબડ્યો, 'ચ્યોથી દિલ ચોટઅ? તમનઅ ઓણું કરતાં જોર આવઅ છઅ તો મનઅ વણતાંય જોર આવઅ…… તમીં ઓણું કરો, પછઅ જુવો હું ચેવો રાતદાડો વણું છું તી…..'[૧૭૪] મનહરની આ ઉદાસીનતા મિત્ર ગણપત દૂર કરવામાં સહાય કરે છે. આણાં સંદર્ભે માતા સૂરજ સાથે તેને સંઘર્ષ થયા કરે છે. અંતે જસુમતીનું આણું કરવામાં આવે છે. મનહરનો નાનો ભાઈ મંગળ મેટ્રિકમાં છે. મંગળને પોતાના જેવી કફોડી પરિસ્થિતિમાં જીવવું ન પડે તેવા શુભ આશયથી પ્રેરાઈને તેને ભણાવવા ઇચ્છે છે પરંતુ અભ્યાસ પ્રત્યેની અરુચિ અને બેદરકારીને કારણે તે મેટ્રિકની પરીક્ષામાં નાપાસ થાય છે. પોતાનું સ્વપ્ન રોળાઈ જતું જોતાં મનહરને આઘાત લાગે છે ને ભાન ભુલીને મંગળને માર મારે છે. આ ઘટનાથી ઘરમાં કલેશ ઊભો થાય છે. મંગળ અને માતા સૂરજ મોટાભાઈ કરશન અને ઝવેરભાભીના ઘેર રહેવા જતાં રહે છે. સૂરજ અને મોટાભાઈ કરશનનો રોષ આ દંપતિ પર ઉતરે છે. તેનું આખુ કુટુંબ કફોડી સ્થિતિમાં મુકાઈ જાય છે. મંગળ અને સૂરજના વિના મનહર અને જસુમતીને ગમતું નથી. બે-ત્રણ વાર

૧૭૩. કથાસાંપ્રત, બાબુ દાવલપુરા, પૃ.૧૬૭

૧૭૪. પ્રિયતમા, ભાગ-૧,૨, મોહન પરમાર, લોકપ્રિય પ્રકાશન, પ્ર.આ.. ૧૯૯૫, પૃ.૧૭૦

તેને સમજાવવા જાય છે પણ હઠીલા સ્વભાવનાં સૂરજડોસી ઘેર પાછા આવતા નથી, ત્યારે યુક્તિપૂર્વક આ દંપતી ઘર અંદરથી બંધ કરીને બારીમાંથી બહાર નીકળી શહેર જસુમતીના બહેનના ઘેર જાય છે. શહેરમાં નટવરલાલની મદદથી કારખાનામાં મનહરને નોકરી મળે છે પણ મનહરને ગોઠતું નથી. એને ગામ, ઘર અને સાળનું ખેંચાણ પાછો ગામ તરફ ખેંચી લાવે છે. તે બોલે છે: ''....આજે તો સાંજ પણ જલદી પડતી નહોતી. શું કરવું ? ઘર સાંભળતું હતું. સાળ જાણે એના નામનો પોકાર પાડી રહી હતી. સાળનું સર્વ રાચરચીલું એના અંતરમાં વેંતવેંતના ઉછાળા મારતું હતું. સાળના પાટિયા પર બેઠો બેઠો એ બીડી પી રહ્યો છે ને જસુમતી સાળનો ખાંભો પકડીને ટગર ટગર એની સામે જોઈ રહી છે. રેડિયામાંથી ઓ પ્રિયા- ઓ પ્રિયા વાળું ગીત ગૂંજી રહ્યું છે ને પોતે સાળને બાથ ભરીને જસુમતીના અપલક નેત્રોને પી રહ્યો છે.''[૧૭૫] અંતે મનહર ગામ આવી ફરી સાળ વણવાનું શરૂ કરે છે. જસુમતીને પણ સારા દિવસો જાય છે આથી મનહર ખુશ છે પણ એની ખુશી ક્ષણિક જ છે. ખોળો ભરાય તે પહેલા જ તેને કસુવાવડ થઈ જાય છે. ત્રણ-ત્રણ વાર તેને કસુવાવડ થાય છે. ત્યાર પછી બાળકી જન્મે ને તરત જ મૃત્યું પામે છે. બંને જણા કફોડી સ્થિતિમાં મુકાઈ જાય છે. જસુમતીની સાસુ સૂરજને જસુમતીની નહિ પણ ઝિયાણાની ચિંતા છે ! જસુમતી ઘરની બધી જ જવાબદારી ઉપાડી લે છે છતાં પણ સ્વભાવે હઠીલી, કજિયાખોર, લાલચું, રૂઢિજડ સાસુ સૂરજ તેને મહેણાં-ટોણાં માર્યા કરે છે. માત્ર વહુ પર નહીં મનહર પર પણ તે ગુસ્સે થઈ જાય છે ને અપશબ્દો બોલે છે. આથી મનહર જસુમતીની મનોયંત્રણા ઉત્તરોતર વધતી જાય છે. જસુમતીની ઝંખના તો પતિ મનહરને કોલેજનો અભ્યાસ કરાવવાની છે પણ પિતાની બીમારી, બહેનનું ઝિયાણું, મંગળના લગ્ન વગેરે પ્રસંગોમાં ગજા ઉપરાંત ખર્ચ થવાથી તે એ વખતે તો ગોઠવાતું નથી પણ મંગળ પરણીને સાળના વ્યવસાયમાં ઠરીઠામ થતાં મનહર કોલેજનો અભ્યાસ શરૂ કરે છે. જો કે ત્યારે પણ રૂઢિજડ એકહથ્થું સત્તા ભોગવતી સૂરજ ડોશી આડી ફાટે છે. અનેક મુશ્કેલીઓ વચ્ચે મનહર ગ્રેજ્યુએટ થાય છે ને ભરૂચમાં વેચાણવેરા ખાતામાં મોભાદાર હોદ્દાપર નિમણૂક થાય છે. જસુમતીનું પતિને 'બાલેટન' બનાવવાનું સ્વપ્ન પૂર્ણ થાય છે. કથાનાયક મનહર નોકરી મળતા ભરૂચ હાજર થવા જાય છે. આ પ્રસંગ ખરેખર તો એના માટે છૂટકારાનો હતો છતાં, ગામડું, એનો પરિવેશ અને પેલી સાળ છોડતાં એ પારાવાર વેદના અનુભવે છે. એ વેદનામય સ્થિતિના માર્મિક વર્ણનથી શીર્ષકની વ્યંજના પ્રગટાવીને નવલકથા વિરમે છે.

નવલકથાનું શીર્ષક 'પ્રિયતમા' છે. એટલે આપણા મનમાં પહેલો જ પ્રશ્ન થાય કે પ્રિયતમા કોણ છે ? આમ તો કથામાંથી પસાર થતાં એક બાબત તો સ્પષ્ટ થાય છે કે મનહરની પત્ની જસુમતી એની પ્રિયતમા છે પણ મનહરની ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા જાણવા મળે છે કે, 'સાળ' પણ તેમની પ્રિયતમા છે. મનહર પોતાના અને કુટુંબના ભરણ પોષણ માટે 'સાળ' પર આધારિત છે. ઘરના કંકાસથી કંટાળી શહેરમાં કારખાનામાં નોકરી કરવા જાય છે અને ઘરનું કહો કે સાળનું ખેંચાણ એને પાછો ગામ તરફ ખેંચી લાવે છે. આ ઉપરાંત વેચાણવેરા અધિકારીની નોકરી મળતા ભરૂચ જાય છે ત્યારે તેના મનની સ્થિતિ જોવાથી અંદાજ આવે છે કે 'સાળ' સાથેનો એનો કેવો લગાવ છે ? :

૧૭૫. પ્રિયતમા, પૃ.૧૭૫

''મનહરની દૃષ્ટિ આખા ફળિયામાં ફરી વળી. લીમડો, તુલસીક્યારો, હંગથરાના ભારા, કુંભીઓ ટોડલા પર ભરાવેલી ભગવાનની છબિઓ, દીવાથી ભીંત પર પડેલા કાળા લિસોટા, શીંગડા પર ભરાવેલા પીરતા, કુંભીની ખીલીએ ભરાવેલું ડબલું સઘળું એની આંખમાં સમાયું ને જાણે એના પગ ભાંગી ગયા. પળેપળનો હિસાબ આંખો આગળ નાચતો હતો. મા-બાપ સાથે વિતાવેલા જીવનની દરેક કડીઓ નજર સામે ઊંચી નીચી થતી હતી. એણે લમણો વાળ્યો, સાળ સામે જોયું ને એનું હૈયું ભરાઈ ગયું. જાણે સાળમાં પોતે બેસી જાય અને નોકરી જતી કરે. એ નોકરીએ જઈ રહ્યો હતો તેનો સર્વને આનંદ હતો. કોઈના આનંદને મારી મચડી નાંખવાનો એને હક્ક નહોતો; છતાં સાળની માયા તો મેલાતી નહોતી. એ સાળ તરફ આગળ વધ્યો. તે દરમિયાન જસુમતી કરસનભાઈને ઘેર જોતી આવી. કરસનભાઈ તૈયાર થઈને આવતા જ હતા. એણે મનહરની બેગ તૈયાર કરી. મનહર ઘરથી ઘણો દૂર જતો હતો એટલે ડોસીનું હૈયું પણ ભરાઈ ગયું હતું. અડોશ-પડોશનાં લોકો એકઠા થવા લાગ્યાં હતા. મનહરે એ બધું જોયું. એ ગળગળો થઈ ગયો. એનાં પગલાં નેવા તરફ જવાને બદલે સાળ તરફ વળ્યાં. સાળ તરફ એનું ખેંચાણ વધતું ચાલ્યું. મનઅ મંગળની ભાભી કરતાંય આંની ચ્યમ માયા મેલતી નથી ! શ્યમ ઓમ હશીં..... એ આગળ વધ્યો..... એ મારી વઉ તો આ મારી કુણ ?..... એના મનમાં ધમસાણ મચ્યું. રાશીલાથી માંડીને ખોંભા સુધી સાળનું કાર્યક્ષેત્ર એની આંખોમાં ભરાતું હતું. સાળ સાવ સૂમસામ દીસતી હતી. જાણે એ નોંધારી થઈને ડૂસકાં ભરતી હોય તેમ એને લાગ્યું. એ પાટિયા પર હાથ ફેરવવા લાગ્યો. એના અંતરમાં કશુંક ઊગી નીકળ્યું. એકાએક અંતરમાં ડૂસકું દદડી પડ્યું. એ છલાંગ મારીને પાટિયા પર ચડ્યો.... મનહરે એક દૃષ્ટિ જસુમતી સામે નાંખી..... આ મારી વઉ તો આ...... એના હૃદયમાં હેલી ચડી. રાચ, ઓધાળું, રાશીલો, ખોભો, પાટિયું, કૂછડો, હાથો, કાંઠલો સઘળું એની સાથે અપાવા માટે તલપાપડ થતું જણાયું.''[૧૭૬] ટૂંકમાં મનહરની આ પ્રકારની ક્રિયા પ્રતિક્રિયાથી એટલું તો કહી જ શકાય કે એને જસુમતી પ્રત્યે જેવી અને જેટલી માયા, મમતા, પ્રેમ છે એટલો જ પ્રેમ પોતાના કુટુંબને રોટલો પૂરો પાડતી 'સાળ' પ્રત્યે પણ છે. મનહર ઘણીવાર સાળ પર વણતો હોય છે ત્યારે વણવામાં એટલો બધો તલ્લીન થઈ જાય છે કે પોતાની પત્ની જસુમતીને પણ એ ભૂલી જાય છે. અનેક વાર પોતાની આ રીતે ઉપેક્ષા થાય છે ત્યારે ખુદ જસુમતીથી પણ રેહવાતું નથી અને સહન થતું નથી ત્યારે કહે છે- ''........ આ હગલી મારાં કરતાં તમને વહાલી હેમ છે.''[૧૭૭] દલપત ચૌહાણ તો કથાનાયક મનહરની માત્ર જસુમતી અને સાળને જ પ્રિયતમા નથી ગણાવતા તે 'નોકરી' ને પણ તેની પ્રિયતમા ગણાવતા નોંધે છે. ''આમ તો પ્રસ્તાવનાકાર આગળ જતાં સાળનેય કથાનાયકની પ્રિયતમા તરીકે જુએ છે પણ મને અહીં એક ત્રીજી પ્રિયતમાનાં દર્શન થાય છે જે ખૂબ જ પ્રછન્ન હોવા છતાં કથાના કેન્દ્રમાં ક્યારેક આંટો મારી જાય છે. કથાનાયકને કથાની શરૂઆતથી જ જેની ઝંખના કરે છે અને કથાને અંતે એનો મેળાપ થવાનો છે એ પ્રિયતમા છે નોકરી. કથાનાયકની નોકરી માટેની ઝંખના, સાંપ્રત સમાજમાં એથી એનો વધનારો મોભો, એ માટે એણે કરેલો પુરુષાર્થ, એની વેદના અને પ્રાપ્તિ અહીં ઝીલાયાં છે.''[૧૭૮]

૧૭૬. પ્રિયતમા, પૃ. ૩૦૬, ૩૦૭

૧૭૭. એજન, પૃ. ૩૦૯

૧૭૮. 'હયાતી',સપ્ટેમ્બર-૨૦૦૧, પૃ.૩૬

અહીં વણકર સમાજ બે ભાગમાં વહેંચાયેલો છે. એક ટેકરાવાળો વાસ અને બીજો ખાડાવાળો વાસ. ટેકરાવાળા વાસના લોકો શહેરમાં જઈ કારખાના, મીલોમાં નોકરી કરે છે આથી તેમની આર્થિક સ્થિતિ સારી છે. એમના પરંપરિત રીત- રિવાજો ને વ્યવસાયમાં કેટલાક અંશે પરિવર્તન આવ્યું છે. જ્યારે ખાડાવાળા પરંપરાગત વ્યવસાય- વણાટકામ કરે છે. તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી છે. વાસનો ખાસ કરીને તો વડીલ વર્ગ રૂઢિચુસ્ત છે. સ્ત્રી, પુરુષો, બાળકો, વૃદ્ધો બધા જ પેટ ભરવા માટે કામ પર જાય છે. ખાડાવાળા અને ટેકરાવાળા બંને વાસમાં વણકરો જ રહે છે છતાં પણ આ બે વાસ વચ્ચે જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી કે પછી રામાપીર જેવા ધાર્મિક તહેવારો પર સંઘર્ષ થાય છે. બંને વચ્ચેના આ સંઘર્ષનું મુખ્ય કારણ તો અહમ્ છે. ધાર્મિક પ્રસંગોએ પણ સામાજિક પ્રતિષ્ઠાના નામે સ્પર્ધાઓ થવા માંડે છે. જુઓ- જસુમતી કહે છે- ''........ તો રામાપીરના નોમ પર ઑમ કોકના માથાં રંગાય એવું શું કૉમ કરો સો ?''[૧૭૯]

''ના કરીએ તો આખા પરગણામા એવા એ માથાં ઊંચા કરીનઅ કેતાં ફરશે કઅ જોયાં ખાડાવાળાનઅ ચેવા નમાઈ દીધા....''[૧૮૦] આ ઉપરાંત મનહરના સગાકાકાના છોકરાના ઘેર ''ગરબાના પ્રસંગે પણ કોઈપણ ભોગે પોતાની વાસની પ્રતિષ્ઠા જાણવવાનો પ્રયાસ થાય છે.

અહમ્‌ને કારણે બે વાસ વચ્ચે અવાર-નવાર સંઘર્ષ પણ થાય છે. એની સામે મનહર અને જસુમતીનું પ્રસન્ન દામ્પત્યજીવન યથાર્થલક્ષી અભિગમની સાહેદી પૂરે છે. પોતાના જ ઘરના વડીલોના જડ વલણને કારણે ઘણા બધા પ્રસંગોએ મનહર હિંમત હારી જાય છે ને ગુસ્સે થઈ જાય છે પરંતુ અલ્પશિક્ષિત પત્ની જસુમતી કોઠાડાહી, સહનશીલ, સમજદાર, કુટુંબપરાયણ અને વ્યવહાર- ચતુર હોવાને કારણે કૌટુંબિક જીવનની જટિલ સમસ્યાઓનો પણ કુશળતાપૂર્વક ઉકેલ લાવે છે. જસુમતી સુધારાવાદી માનસ ધરાવે છે. સસરા ફૂસાડોસાનું મૃત્યુ થાય છે અને ત્યાર બાદ સામજિક કુરિવાજ- બારમું ન કરવા માટે આખા પરિવારની વિરુદ્ધ જાય છે, અંતે બધાને સમજાવવામાં તે સફળ પણ રહે છે. એ જ રીતે તે કારજ ન કરીને પરિવારને આર્થિક ભીંસમાંથી ઉગારી લે છે. આ ઉપરાંત દીયર મંગળની ઝંખના પરંપરાગત પહેરણ નહિ પણ કોટ, પેન્ટ પહેરીને પરણવાની છે પણ તેના પહેરવેશ સામે પરિવારના બધા જ સભ્યો વિરોધ કરે છે પણ એ પ્રસંગને યુક્તિપૂર્વક જસુમતી પાર પાડે છે. જમાઈની સોનાની વીટીની હઠ અને નણંદ બબીના ઝિયાણાનો પ્રસંગ પણ હેમખેમ પાર પાડે છે. સુધરેલા ગણાતા સભ્યસમાજમાં પણ જે કામ અશક્ય છે તે જસુમતી કરી બતાવે છે. જસુમતીની અસાધારણ હૈયા ઉકલતનું નિરૂપણ સર્જકે નિરાળી રીતે કર્યું છે. જસુમતીની ઉદારતા, સમજણ અને સમાધાનકારી સ્વભાવ કૃતિને રૂડી બનાવે છે. જસુમતીના પાત્ર સંદર્ભે ચંદુ મહેરિયાએ ઉચિત જ નોંધ્યુ છે.- ''જસુમતીનું પાત્ર તો ગુજરાતી નવલકથાનાં સ્ત્રી પાત્રોમાં નોખી ભાત પાડનારું છે.''[૧૮૧] નવલકથાકારે મનહરના સાળ વણવાથી માંડીને વેચાણવેરાના અધિકારી સુધીના જીવનની યાત્રાનું યથાર્થલક્ષી નિરૂપણ

---

૧૭૯. હયાતી, પૃ.૩૧૦

૧૮૦. પ્રિયતમા,ભાગ-૧, મોહન પરમાર, પૃ.૨૩૧

૧૮૧. શબ્દસૃષ્ટિ, સંપાદક, હર્ષદ ત્રિવેદી, જુલાઈ ૨૦૦૩, પૃ.૪૫

કર્યું છે. મનહરનો મોટો ભાઈ કરશન કુટુંબની આબરૂ અને આબાદી માટે સજાગ રહે છે. તે કેટલેક અંશે રૂઢિચુસ્ત પણ છે. મંગળ ભોળો, ભાવુક છે. ફૂસા ડોસા કુટુંબ વત્સલ છે, તે પોતાના કુટુંબને આર્થિક પાયમાલીમાંથી બચાવી લેવાના આશયથી પોતાનું દર્દ છુપાવવા પ્રયત્નો કરે છે. ચંદુ ગામની મા, દીકરી વહુઓની લાજ લુટે છે. ખાડાવાળા વાસમાં રહેતો વીહો પોતાના વાસની બધી જ માહિતી પોતાના અંગત સ્વાર્થ ખાતર ટેકરાવાળા વાસના લોકોને પહોંચાડી દે છે. ટૂંકમાં વાસના બંને ભાગના લોકોની કાન ભંભેરણી કરવામાં તે માહિર છે. ખનાનું પાત્ર પણ વિશિષ્ટ પાત્ર તરીકે ઉપસી આવ્યું છે. તે મંગળ, મનહર, ગણપત વગેરે સાથે સજાતીય સંબંધ રાખવાના પ્રયાસ કરે છે. શંકાશીલ પતિ દ્વારા થતી મારઝૂડ સહ્યા કરતી રૂખી, કંકાસભીરુ મનોરકાકા, આદર્શ મિત્રની ગરજ સારતો ગણપત, ચમત્કાર અને અંધશ્રદ્ધા ધરાવતાં વણકર લોકો, ફૂસા ડોસાના મૃત્યુ પ્રસંગે જસુમતીને કઠોર વચન સંભળાવી કૂટવા માટે પાનો ચડાવતી વાસની રૂઢિજડ સ્ત્રીઓ, સૂરજનું પાત્ર તો વિલક્ષણ છે. પરંપરાગત સાસુના ઘણાં લક્ષણો તેનામાં જોવા મળે છે. બાબુ દાવલપુરા સૂરજ ડોસીના પાત્ર સંદર્ભે નોંધે છે : ''પરંપરાગત હિન્દુ સંયુક્ત પરિવારની સાસુના ઘણાં ખરાં અપલક્ષણો ધરાવતી સૂરજ કર્કશ, ધનલોલુપ અને રૂઢિપરસ્ત હોવા છતાં ભોળી અને કુટુંબ વત્સલ છે. તેના ચરિત્રનું સંવિધાન કુટિલ ખલપાત્ર રૂપે કરવાના પ્રલોભનથી લેખક ઊગરી શક્યા છે એ હકીકત તેમની કળાસૂઝની દ્યોતક છે.''[૧૮૨] ગામડામાં વસતો વણકર સમાજ એની તમામ તાસીર સાથે અહીં ઉપસી આવ્યો છે. ટૂંકમાં આ વૈવિધ્યસભર પાત્રસૃષ્ટિને કારણે નવલકથા આસ્વાદ્ય બની છે.

ઉત્તર ગુજરાતના કલોલ-આંબલિયાસણ નજીકના ગામડામાં બોલાતી વણકર સમાજની લોકબોલીનો વિનિયોગ સુયોગ્ય રીતે કરવામાં આવ્યો છે. બોલી પાત્ર માનસ અને પરિવેશને પ્રગટ કરવામાં સહાયક નિવડે છે. ગ્રામજીવનના માહોલમાં સ્થાનિક લોકબોલીના લાક્ષણિક રૂઢ શબ્દ પ્રયોગો પણ ઔચિત્યપૂર્વક પ્રયોજાયા છે.

ડૉ.કે.એમ. મકવાણા નોંધે છે, ''કેટલાક સમાનાર્થી તત્સમ અને તળપદા શબ્દોની ભેળસેળને બાદ કરતાં આ દળદાર કૃતિમાં ભાષાનું પોત છેક સુધી એકધારું જળવાયું છે.''[૧૮૩] દલપત ચૌહાણ પણ નોંધે છે કે ''લેખકનું ભાષાકર્મ સુરેખ છે''[૧૮૪] પ્રસંગોની ગૂંથણી કલાત્મક રીતે થયેલી છે છતાં કેટલેક સ્થાને થયેલું સ્થૂળ અને પ્રસ્તારી વર્ણન કઠે છે. ગામડામાં ઉછળેલી જસુમતીનો વ્યવહાર થોડો કઠે એવો છે. '' ઈને લિખિતંગમાં પ્રિયતમા લશુ છ એ મનઅ બઉ હારું લાજ્યું.''[૧૮૫] અહીં લેખકને શીર્ષક અભિપ્રેત હશે. આમ, આવી કેટલીક મર્યાદાઓને અવગણીએ તો આ નવલકથા સાહિત્યકૃતિ તરીકે આગવું કાઠું કાઢે એવી છે. રમણલાલ જોશીએ આ નવલકથા વિશે ઉચિત જ નોંધ્યું છે.; ''મોહન પરમારે પણ 'પ્રિયતમા'માટે અમુક વિશિષ્ટ સમાજના મનુષ્યોની વેદનાનું તે તે 'સમાજ' કરતાં મનુષ્યની વેદનાનું જે ચિત્ર આલેખ્યું છે તે એની સચ્ચાઈને કારણે સૌ સાહિત્યરસિકોને અવશ્ય સ્પર્શી જશે''[૧૮૬]

૧૮૨. કથાસાંપ્રત, બાબુ દાવલપુરા, પૃ.૩૫
૧૮૩. ગ્રામજીવનની સાઠોતરી ગુજરાતી નવલકથા'' ડૉ.કે.એમ. મકવાણા, પ્ર.આ.૨૦૦૧, પૃ.૪૦
૧૮૪. હયાતી, તંત્રી, હરીશ મંગલમ્-સપ્ટેમ્બર, ૨૦૦૧, પૃ.૪૦
૧૮૫. પ્રિયતમા, મોહન પરમાર, પૃ.૩૧૨
૧૮૬. એજન, પૃ.૧૩

**‘ડાયા પશાની વાડી’- મોહન પરમાર**

મોહન પરમારની ‘ડાયા પશાની વાડી’ (૨૦૦૩) પરંપરાગત શૈલીમાં લખાયેલી ઘટનાપ્રધાન નવલકથા છે. ડાયા પશા કથાનું મુખ્ય પાત્ર છે. તે વિશાળ દૃષ્ટિવાળા અને મુત્સદ્દી છે. બાપદાદાની વીસ-પચ્ચીસ વીંઘા જમીનમાંથી તે મહેનત કરીને એંસી વીંઘા જમીનનો માલિક બને છે. માટીના ઘરમાં રહેતા ડાયા પશાને દલિત સમાજમાં જ નહીં પણ સવર્ણ સમાજમાં પણ માન-પ્રતિષ્ઠા મળે છે. તે સામાજિક પ્રવૃત્તિઓમાં જ રચ્યો-પચ્યો રહે છે. પોતાની કોઠાસૂઝથી ગામની નાની-મોટી સમસ્યાઓને ઉકેલે છે ને નાતજાતના ભેદભાવ ભુલવાની શિખામણ આપે છે. ગામના સરપંચ બેચરદા ડાયાપશાનો બાળમિત્ર છે. ડાયા પશા દલિત છે છતાં ભાઈબંધીને નાતે ઠાકરડાં, દરબાર, કુંભાર, ગાંયજા વગેરે જ્ઞાતિના લોકો તેમને ‘ડાયાભૈ’ કહીને બોલાવે છે. એકવાર બેચરદાના ઘરે પ્રસંગ હોવાથી બેચરદાની દીકરીના સાસરેથી આવેલ વેવાઈઓને જમવા માટે ઊભા કરવામાં ડાયા પશાને બેચરદા ‘બહાર બેસ પછઅ તારો વારો’, એવું કહે છે ત્યારે તેને અપમાન જેવું લાગતા ‘જા તારું હોના જેવુ’ હોય તોય મારઅ નથી ખાવું’ એવું મનોમન બબડી તે વીલામોએ આવતો રહે છે. આથી તેને સમજાવવા ભનો આવે છે. ભનાને સંતોક પાણીનો ગ્લાસ આપે છે તો તરસ હોવા છતાં ભનો કહે છે - ‘હું પાણી પીને આયો સું’ ત્યારે ડાયા પશા તેને કહે છે- ‘બેચરદાના ચપણીયા કાયમ ચાટછઅ’ અને ગુસ્સે ભરાયેલો ડાયો પશો એ જ ચા ભાગતા ભનાના મોં પર છાલક મારી કહે છે ‘બેચરિયાને કેજે ગરજ હોય તો આંય આવઅ’[૧૮૭] અહીં ડાયા ભાઈ સ્વાભિમાન, દલિત ખુમારીનું પ્રતીક બનીને ઉપસી આવે છે. અંતે મિત્રના અમાનવીય વર્તનથી ઘવાયેલા ડાયા પશા ગામમાંથી આભડછેટ ભગાડીને જ જંપે છે. અહીં દલિત વર્ગનો દેખીતો કોઈ સંઘર્ષ નથી પણ લેખકે સમરસતાના મુદ્દાને ઉપસાવ્યો છે તે નવલકથાનું જમાપાસું છે. દલિત સમાજના પ્રશ્નો, સમસ્યાઓના અનેક ઉકેલમાનો કદાચ આ એક ઉકેલ હોઈ શકે. દલિત સાહિત્યના મુખ્ય ઘટકો અહીં ગેરહાજર છે પણ દલિત સમાજમાં પ્રવર્તમાન આંતરદ્વંદ્વ અહીં આલેખાયો છે.

અહીં લેખકે ઘટનાઓની થપ્પી મૂકી દીધી હોય એવું લાગે છે. ઘટનાની ગૂંથણી બરાબર થઈ શકી નથી. ચૂંટણીકથા બિનજરૂરી લંબાવાઈ છે. ભાષા પત્રકારની લાગે છે. જાણે માત્ર માહિતી રંગ પૂરીને ન આપવી હોય ! ધારાવાહિક નવલકથા તરીકે પ્રકાશિત થયેલી આ કૃતિની સર્જકતા કે કલાઘાટને વીગતે તપાસવા પડે. દા.ત ‘બે બોલ કહેવા માટે નિમંત્રણ આપી દીધું, ફૂલ ગુચ્છથી સ્વાગત કરાવડાવ્યું ! પ્રારંભિક વિધિ પૂરી થયા બાદ....’[૧૮૮]

‘ડાયા પશાની બાથમાંથી છૂટવા મથતી સંતોકે મોં ફંગળાવ્યું !’[૧૮૯]

‘પૂર બહારમાં ખીલી ઊઠ્યા’[૧૯૦]

---

૧૮૭. ડાયા પશાની વાડી, મોહન પરમાર, રંગદ્વાર પ્રકાશન, પ્ર.આ.૨૦૦૩, પૃ.૩૫

૧૮૮. એજન, પૃ.૨૩૧,૨૩૨

૧૮૯. એજન, પૃ.૧૪૯

૧૯૦. એજન, પૃ.૨૧૫

'ડાયા પશા કૂદકા મારતા ઘરની બહાર નીકળ્યા'[૧૯૧]

વિષયવસ્તુને ઉચિત પાત્રચિત્રણ પણ નથી થયું. દેવુબા પોતાના અંબોડામાં કટારી ખોસે છે પણ આશ્ચર્ય એ વાતનું થાય કે તે મવાલીથી ડરી જાય છે ને ઊભી બજારે સામાન્ય છોકરીની જેમ દોડવા માંડે છે. તેમજ દેવુબા મકવાણાને ચાહે છે ને તેને પામવા જે ચેષ્ટા કરે છે તે એના ચરિત્ર સાથે બંધ બેસતું નથી. પાત્રોની સંકુલતા ઉપસાવી હોત કે પાત્રના મનનાં ઊંડાણને તાગવાનો પ્રયત્ન સર્જકે કર્યો હોત તો કદાચ વધુ અસરકારક અને સુબદ્ધ કૃતિ આપી શકત. ડૉ. ભરત મહેતા નોંધે છે કે, ''આ નવલકથા સુધારાવાદી નવલકથા બની રહે છે. બેચરદા હોય કે અન્ય કોઈ, પાત્રની પોતીકી વ્યક્તિતા જ નથી. એક બાજુ ભલાં પાત્રો અને બીજી બાજુ બુરાં પાત્રોની હારમાળા રચાઈ જાય છે. દેવુબા અને મકવાણા સાહેબની પ્રણયકથા નરી હવાઈ બની રહે છે. સંકુલ વાર્તાકાર મોહન પરમારે આ નવલકથામાં વાસ્તવને સાવ સપાટી પરથી જ કેમ ઝીલી એનું આશ્ચર્ય થાય છે''[૧૯૨]

રજનીકુમાર પંડ્યા પણ આ નવલકથા વાંચી નિરાશ થયા એમાં આશ્ચર્ય ન લાગે. તે લખે છે ''કુંભી જેવી અત્યંત ધ્યાનાર્હ કૃતિ આપનારા મોહન પરમારની 'ડાયા પશાની વાડી' વાંચવાનું એક કારણ ઊભું થયું ત્યારે બહું વિધાયક માનસિકતા સાથે એ વાંચી અને એટલે જ જ્યારે નિરાશા પેદા થઈ ત્યારે એ પણ વધુ તીવ્ર માત્રાની થઈ. એમ લાગ્યું કે વરિયાળીમાં મૂળ પદાર્થ કરતાં કાંકરી અને કૂચાનું પ્રમાણ વધુ છે, જે એનો રસ લેવાની આડે અપ્રસન્નકર અંતરાય બની રહે છે.''[૧૯૩]

આમ, ભાષા, ઘટના, પરિવેશ વગેરે સર્જક ચેતનાએ રસાઈને ન આવતા કૃતિ ખાસ પ્રભાવ છોડી શકતી નથી. સંવાદો કે કથાનું ગદ્ય સપાટ છે. ચૂંટણીની રાજરમતમાં કોઈ નાવીન્ય જોવા મળતું નથી પણ હા તેમની પાસે તળપદી લોકબોલીનો બેસુમાર વૈભવ છે પણ સર્જકની સર્જકતાનો કયાંય ચમકારો જોવા મળતો નથી. માત્ર ડાયાપશાના મુત્સદ્દીપણા હેઠળ સામાજિક સમરસતાની હિમાયત કરવામાં આવી છે. ડૉ. પથિક પરમારે[૧૯૪] નવલકથાની પ્રસ્તાવનામાં આનંદ વ્યકત કર્યો છે અને કૃતિને બિરદાવી છે પણ આ નવલકથામાં સર્જકત્વને શોધવા સૂક્ષ્મદર્શક યંત્રનો ઉપયોગ કરવો પડે એવું લાગે છે. ડૉ. મોહન પરમારની નવલકથાઓની તુલનાએ એમની વાર્તા કલાએ ચોક્કસ અનોખું વિશ્વ રચી આપીને ગુજરાતી સાહિત્યમાં આગવું પ્રદાન નોંધાવ્યું છે.

### 'શૂળ'-બી. કેશર શિવમ્

શ્રી. બી. કેશરશિવમ્ પ્રતિબદ્ધ અને સંવેદનશીલ દલિત સાહિત્યકાર છે. તેમની નવલકથા 'શૂળ' (૧૯૯૫), 'મૂળ અને ધૂળ' (૧૯૯૯), વાર્તા સંગ્રહ 'જન્મ દિવસ' (૨૦૦૦), 'રાતી રાયણની રતાશ' (૨૦૦૧), 'મધપૂડો' (૨૦૦૫), નિબંધસંગ્રહ 'ગાય-જો- ડેરો' (૨૦૦૦) અને

૧૯૧. ડાયા પશાની વાડી, પૃ.૩૧૧

૧૯૨. શબ્દસૃષ્ટિ, સંપાદક : હર્ષદ ત્રિવેદી, લેખ : ગુજરાતી દલિત નવલકથા 'આંગળિયાત'થી 'ડાયા પશાની વાડી',ભરત મહેતા, નવેમ્બર-૨૦૦૩, પૃ.૧૯૨

૧૯૩. પ્રત્યક્ષ,સંપાદક : રમણ સોની, એપ્રિલ-જૂન,૨૦૦૫, પૃ.૧૧

૧૯૪. ડાયા પશાની વાડી, મોહન પરમાર, પ્રસ્તાવના લેખ

આત્મકથા 'પૂર્ણ સત્ય' (૨૦૦૧) પ્રગટ થયા છે. ગુજરાત દલિત સાહિત્ય અકાદમી- અમદાવાદ તરફથી લેખકને 'સંતોકબા સુર્વણચંદ્રક-૨૦૦૦' પ્રાપ્ત થયો છે.

'શૂળ' ગુજરાતમાં થયેલા અનામત વિરોધી આંદોલનની પશ્ચાદભૂમા લખાઈ છે. આ નવલકથામાં કેન્દ્રસ્થાને તો આજના ક્રીમીલેયરની અને સમાજના કહેવાતા ક્રીમની વાત છે. 'શૂળ'માં શહેરમાં અને ગામડામાં રહેતા દલિત (ખાસ કરીને તો જેમનો ક્રીમીલેયરમાં સમાવેશ થયો છે તે) અભણ સફાઈ કામદારથી માંડી ઉચ્ચ હોદ્દાની નોકરી કરતા જજ, મામલતદાર, આવકવેરા અધિકારી, શાળાના આચાર્ય, ગ્રામ પંચાયતના સભ્યથી માંડી વિધાનસભાના સદસ્ય કે મંત્રી બન્યા પછી પણ અનેક પ્રકારે તેમને જે શૂળ ભોકાયાં છે અને જે શારીરિક, માનસિક પીડા, યાતના વેઠવી પડી છે તેનું માર્મિક નિરૂપણ કરવામાં આવ્યું છે. દલિતોના અનેક પ્રશ્નોને વાચા આપવાનો પ્રયત્ન અહીં થયો છે.

શહેર હોય કે ગામડું, અભણ હોય કે કલાસવન અધિકારી દલિત એક એવો સમાજ છે જેનું જીવન બંને જગ્યાએ એક સરખું જ છે. શૂળના નાયક ગોવિંદભાઈ મકવાણા દલિત સમાજના છે. જે 'જજ' જેવો પ્રતિષ્ઠિત હોદ્દો ધરાવે છે. ગોવિંદ મકવાણાની બદલી તાલુકા સ્થળેથી મોટા શહેરમાં થતા એમને અને એમના પરિવારજનોને ખૂબ જ આનંદ થયો. કારણ કે હવે પુત્ર ગૌતમને અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ કરી શકાશે અને ખાસ તો શહેરમાં બદલી થવાથી પેલા સદીઓપુરાણા જડ ખ્યાલો, સવર્ણોની વિકૃત માનસિકતા, મહેણાટોણાંમાંથી છુટકારો મળશે પણ ગોવિંદભાઈનું અને એના પરિવારનું એ માત્ર સ્વપ્ન જ બની રહે છે. શહેરમાં રહેતા દલિતો સામાજિક દષ્ટિએ પ્રત્યક્ષરૂપે ગામડામાં રહેતા દલિતોની જેમ ઉપેક્ષિત અને ધૃણિત ઓછા છે પણ પરોક્ષરૂપે તો નહીં જ. શહેરમાં આ ભેદભાવ જાતિવાદની જગ્યાએ S.C, S.T અનામત વ્યવસ્થા પર બનેલ છે. આ ભેદ ત્યારે ખુલ્લે છે જયારે ગોવિંદભાઈ મકવાણાનો છોકરો ગૌતમ જેને શાળામાં સવર્ણ છોકરાઓ 'બેકવર્ડ' કહે છે. ત્યારે એ 'બેકવર્ડ' નો અર્થ ન સમજેલો ગૌતમ પિતાને પૂછે છે- ''પપ્પા આપણે બેકવર્ડ ગણાઈએ ?''[૧૯૫] સવર્ણ છોકરા દ્વારા કરવામાં આવેલ આ વ્યવહાર ગોવિંદભાઈને મૂંગા બનાવી દે છે. સવર્ણ સમાજમાં પોતાને જ્ઞાતિને કારણે હડધૂત ન થવું પડે, અપમાનનો ભોગ ન બનવું પડે એની અગમચેતીરૂપે એ જી.પી. મકવાણાના ટૂંકા નામે ઓળખાવવાનું પસંદ કરે છે. આમ છતાં તેની આં યુક્તિ કારગત નીવડતી નથી. તે બેકવર્ડ વર્ગના હોવાને કારણે 'જજ' હોવા છતાં પણ શહેરમાં સવર્ણોના વિસ્તારમાં મકાન ભાડે મેળવી શકતા નથી અંતે સવર્ણોના મહોલ્લોમાં માંડ માંડ મકાન ખરીધ્યું પણ પછી ભાડુઆત, આડોશી- પાડોશીઓ અને અનામત વિરોધી આંદોલનમાં જોડાયેલા સવર્ણ હુમલાખોરો એટલી હદે પરેશાન કરે છે કે, પોલીસ રક્ષણ મળ્યા પછી પણ તે પોતાના જ મકાનમાં રહી શકતા નથી !! અંતે એને મકાન સસ્તા ભાવે પણ વેચવાની સ્થિતિમાં મુકાવું પડે છે ! ડગલે ને પગલે હડધૂત થવું પડે છે, અન્યાય, અત્યાચાર સહેવા પડે છે. તે કફોડી સ્થિતિમાં મુકાઈ જાય છે. સામાજિક સ્તરભેદની માનસિકતા વધારે સઘન રૂપે ત્યારે સ્પષ્ટ થાય છે જયારે ગોવિંદભાઈ એક મંદિરમાં સ્વામી ચેતનાનંદજીના

૧૯૫. શૂળ, બી. કેશરશિવમ્ , હર્ષ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫, પૃ.૧૦

પ્રવચન નિમિત્તે યોજાયેલા ભોજન પ્રસંગે ગોવિંદભાઈ તેમનું પતરાળું રોડની બાજુએ મૂકે છે તે ઘડીએ એઠી અન્નવાનગીઓ લેવા આવેલી ભિખારણ તેમને ઓળખી જતાં બોલી ઉઠે છે– ''હાય, હાય અલી, આતો ઢે..... સ !!''[૧૯૬] ઉપરાંત જજ ગોવિંદભાઈને ત્યાં ઘરકામ કરતી કામવાળી બાઈને ગોવિંદભાઈની જ્ઞાતિ અંગે જાણ થતાં જ ઘરકામ કરવાનું બંધ કરી દે છે ! અહીં સવર્ણોની ભીતર જાતિવાદી માનસની છૂપેલી વિકૃતિ ખુલ્લી પડતી જોઈ શકાય છે. માત્ર દલિત જાતિના હોવાને કારણે જ ગોવિંદભાઈને વારંવાર હીણપતભરી ક્ષોભજનક હાલતમાં મુકાવું પડે છે. ટ્રેન કે બસમાં મુસાફરી કરતાં સહપ્રવાસીઓને પોતાની જ્ઞાતિ અંગે પૂછાતા પ્રશ્નોનો સાચો ઉત્તર આપતા મૂંઝવણ અનુભવે છે. તે મનોમન વિચારે છે કે ઘર અને બહાર બસ પ્રશ્નોના જ જવાબ આપવા ? ''પોતે અને પોતાના સમાજ જાણે પ્રશ્નાર્થ ન હોય !''[૧૯૭] એ વસ્તુ સ્થિતિનું ભાન થતાં ગોવિંદભાઈ અનેક પ્રસંગે મૂંઝાય છે, અકળાય છે. અસ્વસ્થ થઈ જાય છે. તેને ભૂતકાળના પ્રસંગો યાદ આવવા માંડે છે– '' પહેલાં ગામમાં સારાં કપડાં પહેરી શકાતાં નહીં, ઉઘાડે માથે નીકળી શકાતું નહીં, લગ્ન પ્રસંગે ઢોલ વગાડી શકાતા નહીં, ગામમાં વાળ કપાવી શકાતા નહીં, ગામની હોટલમાં ચા પી શકાતી નહીં ગામના કૂવે પાણી ભરી શકાતું નહીં. કોઈથી ચૂં કે ચા થઈ શકતું ન હતું. પહેલાં શારીરિક હુમલા થતા હવે માનસિક હુમલા ચાલુ થયા છે. હજુ પણ એ ચાલ્યા કરશે ?''[૧૯૮] ખરેખર આજે પણ દેશના સમસ્ત દલિતોની એ જ સ્થિતિ છે. સ્વતંત્રતા પછી આટલા બધા કાયદા–કાનૂન અને શિક્ષણના પ્રચાર–પ્રસાર પછી પણ દલિતોનું જીવન હાંસિયામાં જ રહ્યું છે. કેટલાક દલિત અધિકારીઓ, રાજકારણીઓ પોતાના ને પોતાના સમાજ માટેના હક, અધિકાર મેળવવા માટે બાથ ભીડે છે, સંઘર્ષ કરે છે પણ તેની કેવી વલે થાય છે તે પણ દલિત મામલતદાર જયેશ અને ધારાસભ્ય વસંતભાઈના પાત્ર દ્વારા સ્પષ્ટ થાય છે.

જયેશ તાલુકાનો મામલતદાર છે. તેને ગરીબો માટે કામ કરવાનો અદમ્ય ઉત્સાહ છે. તેમણે ગામના સવર્ણ લોકોના દલિતોના વિરોધ છતાં ગૌચરની જમીન ફાળવી. ગૌચરની જમીનનો કબજો દલિતોને સોંપાતા તેના તીવ્ર પ્રત્યાઘાતો માત્ર ગામે જ નહીં પણ આખા તાલુકામાં પડ્યા. અંતે અનામત વિરોધી હિંસક સવર્ણોનું ટોળું મામલતદાર જયેશભાઈને મોતને ઘાટ ઉતારી દે છે. જે દલિતોને જયેશ મામલતદારે જમીન ફાળવી હતી તેને જ નહીં આખા દલિત સમાજને રંજાડવામાં કોઈ કુસર રાખતા નથી. ગામે એમનો બહિષ્કાર કર્યો. કોઈ મજૂરીએ બોલાવતા,નહીં. એમના દાણાં–પાણી બંધ જ રહ્યાં. પોતાના અધિકારનું મેળવતા પણ તેઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

જયેશ મામલતદારની જેમ જ ધારાસભ્ય વસંતભાઈ પણ કશાય પ્રતિકાર વિના જીવ્યે જતા દલિતોને ઊંચે ઉઠાવવા પ્રયત્ન કરે છે. વસંતભાઈ ગામડામાં રહે છે. વસંતભાઈના માધ્યમથી લેખકે ગામડામાં રહેતા દલિતોની દશા પર પ્રકાશ પાડ્યો છે. વસંતભાઈ જ્યારે શહેરમાં કોલેજમાં ભણતા હતા ત્યારે તેને વિદ્યાર્થી નેતા બનવું હતું. પરંતુ 'જાતિ' અને સવર્ણ વિદ્યાર્થીઓના કાવતરાને

૧૯૬. શૂળ, પૃ.૩૪
૧૯૭. એજન, પૃ.૮
૧૯૮. એજન, પૃ.૯

પરિણામે તે નેતા બની શકયા નહીં ને તિરસ્કારનો ભોગ બનવું પડ્યું હતું. તેનાં વિરોધી પરેશે કહ્યું- ''સાલ્લા ઢે...... ને જનરલ સેક્રેટરી થવું હતું! કૉલેજમાંથી એ ગયો !!''[૧૯૯] આ જ વસંતભાઈ પોતાના ગામમાં જઈ સંઘર્ષ કરીને ધારાસભ્ય બની જાય છે. ધારાસભ્ય બન્યા પછી તેને લાગ્યું કે સમાજની સેવા કરવાનો આ સારો અવસર મળ્યો છે. સમાજ માટે યથાશક્તિ કંઈક કરી છૂટવું જોઈએ. આથી એમણે એ સમયે પંચાયત કચેરીમાં દલિત સભ્યને દૂર બેસાડવામાં આવતા હતા તેનો વિરોધ કર્યો. ગામમાં કોઈ દલિત કદી ગામની દુકાનમાં વાળ કપાવી શકતો ન હતો પણ વસંતભાઈ ગામમાં જ હજામની દુકાને વાળ કપાવવાની પહેલ કરે છે. ગામની હોટલ પર ચા પીવે છે. ગામના કૂવેથી પાણી ભર્યું. આ બધી ઘટનાઓમાં વસંતભાઈને ખૂબ જ સંઘર્ષ અને પ્રતિકાર કરવો પડયો. વસંતભાઈ અનામત વિરોધી આંદોલનના દિવસોમાં એકલવીરની જેમ ઝઝૂમે છે. દલિત સમાજના લોકોને વર્ષોથી થતાં અન્યાય, અપમાન, અત્યાચારનો મુકાબલો કરવા, તેમની બહેન દીકરીઓ પર થતા હીરુભા- જોરુભા જેવાના બળાત્કાર, અત્યાચારનો સામનો કરવા પ્રેરે છે. પોલીસ અધિકારીઓની સક્રિય સમભાવશીલ મદદથી સવર્ણ સ્થાપિત હિતો અને અસામાજિક તત્ત્વોની સામે મેદાને પડે છે પણ તેને ખૂબ જ સહેવું પડે છે. વસંતભાઈ ગામની હોટલે ઘણા સંઘર્ષ પછી ચા પીવે છે પણ એ જ દિવસે રાત્રે તેની હાજરીમાં જ મહોલ્લા પર પથ્થરમારો થયો ! વસંતભાઈ કહે છે કે ''હું ધારાસભ્ય હોવા છતાં મારી હાજરીમાં મારા મહોલ્લા પર પથ્થર મારો થાય એનાથી બીજી કઈ નામોશી હોઈ શકે?''[૨૦૦] વસંતભાઈના દલિતોધ્ધારના દલિતોને જાગૃત કરવાનાં કાર્યોથી અંદરને અંદર ધૂંધવાતા ગામના માથાભારે તત્ત્વોએ તક મળતા વસંતભાઈને ઘેરી લે છે. વસંતભાઈની સામે ચાની હોટલવાળો બાલાજી મૂછો આમળતાં બોલ્યો,

''અલ્યા વસંત, આજ તો તને બઉ કડક બાદશાહી પિવરાવવાની સ.''

વસંતભાઈ પર ગરમ-ગરમ ચા ઢોળવામાં આવી. વસંતભાઈના મોંમાંથી સિસકારો નીકળી ગયો. ત્યાં પેલો વીરો બોલ્યો,

''તે દા'ડે તારા બાલ કાપવાની હાથે તારું નાક કાપવાનું બાચી રઈ જ્યું તું. તે આજે પૂરું કરીએ.''

...ત્યાં પેલો ગોળી છોડનાર જોરુભા, જે જામીન પર છૂટીને આવ્યો હતો, એણે વસંતભાઈની હથેળી પર બંદૂક મૂકીને બોલ્યો,

''આ હથેળીમાં તે દા'ડે પાણી પીધું તું? ના, ના, તારું લોહી પીધું'તું.'' અને એણે બંદૂકનો ગોદો માર્યો.

બાલાજી બોલ્યો,

''અલ્યા ઈને આજે પાણી પિવરાવો'' પોતે બોલવામાં કંઈ ભૂલ કરી હોય એમ ભૂલ સુધારી બોલ્યો,

---

૧૯૯. શૂળ, પૃ.૮૩
૨૦૦. એજન, પૃ.૧૨૬

"ના, ના, દિયોરને આજે તો મૂતર જ પિવરાવો." અને દાંતી લઈને ઉભેલા મફા તરફ ફરી કહ્યું.

"અલ્યા મફા, પેલા હોટલની બારે પડેલાં ઈમના ચપણિયાં લઈ આય અને ઈમાં મૂતર ઈની જાત આજે દેખાડીએ."[૨૦૧]

વસંતભાઈ ધારાસભ્ય હોવા છતાં પણ પોતાના ગામમાં એકલા જઈ શકતા નથી અને જાય તો પોલીસને સાથે લઈને જવું પડે છે ! નિષ્ઠાવાન, નિર્ભિક એવા ધારાસભ્ય વસંતભાઈ દલિતોના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નરત રહે છે પણ અંતે તો પરિસ્થિતિ યથાવત રહે છે. એટલું જ નહિ, અનામત વિરોધી હિંસક ટોળું મામલતદાર જયેશની જેમ જ તેને પણ ઘેરી લઈ તેની હત્યા કરી દે છે !

અનામત વિરોધી હુલ્લડખોરો વેચાણવેરા અધિકારી રમેશભાઈની કારને પણ વગર કારણે સળગાવી મૂકે છે ! પોલીસ જાણે છે છતાં ગુનેગારને કાંઈ કરી શકતી નથી. રમેશભાઈની દીકરી શીલા સરસ વાર્તાઓ, કવિતાઓ લખે છે. તેમની 'ઝૂમખા કોરળ'ની વાર્તા હાલના ક્રીમ ગણાતા સમાજની વાતને વણી લે છે. તે શીલાની 'સમાજ-નાયક' મેગેઝિનમાં વાંચેલી વાર્તાથી ખુશ થઈને ગોવિંદભાઈની પત્ની સવિતા તેને કૉલેજમાં અભિનંદન આપવા જાય છે. કૉલેજમાં શીલા કયાં મળશે એવું પૂછે છે ત્યારે એક છોકરી ખૂબ સ્વાભાવિક રીતે બોલી- "અરે હા, પેલી શીલા....પેલી....ઢે...!"[૨૦૨] શીલા તેજસ્વી, મહેનતું હોવા છતાં પણ માત્ર દલિત હોવાને કારણે મેડિકલ કોલેજમાં (અંતિમ વર્ષમાં) અનેક પ્રયત્ન પછી પણ પાસ થઈ શકતી નથી ! બીજી તરફ પોતાનું અસલ નામ અને અટક બદલીને રૂખી-રેખા પટેલ બની જાય તો તેને ઈલેકટ્રોનિક એન્જિનિયર થઈ પ્રતિષ્ઠિત કંપનીમાં નોકરી મેળવવામાં કે સવર્ણ વિસ્તારમાં ભાડાનું મકાન મેળવવામાં જરા પણ વાંધો આવતો નથી ! પણ જ્યારે અનામત વિરોધી આંદોલનકારો સુભાષ અને પરેશને તે દલિત જાતિની છે એ બાબતની ખબર પડતા તેમનું અપહરણ કરી તેના પર બળાત્કાર કરે છે. આ ઘટના શું ઓછી સૂચક છે ? સુભાષ અને પરેશ દ્વારા દલિત છોકરીઓનું અપહરણ કરવાનું, તેના પર બળાત્કાર કરવાનું પણ સવર્ણ માનસિકતાને ખુલ્લેઆમ નગ્ન કરવા બરાબર છે.

સવર્ણો દ્વારા અપમાનિત, ઉપેક્ષિત, તિરસ્કૃત ન બનવું પડે એટલા માટે ઘણા દલિતો ધર્મપરિવર્તન કરતા હોય છે. ધર્મપરિવર્તન કર્યા પછી પણ તે સવર્ણ લોકો માટે અસ્પૃશ્ય જ રહે છે. 'શૂળ'માં જજ ગોવિંદ માસ્તરના દીકરા ગૌતમની સ્કૂલના આચાર્ય જ્યોર્જ જેમના પિતાએ સવર્ણોના ત્રાસથી ધર્મ પરિવર્તન કરી લીધું હતું છતાં તે આજે પણ સવર્ણ માનસિકતાના શિકારમાંથી બચી શકતા નથી. જ્યોર્જના જ શબ્દોમાં જોઈએ; "તોફાની છોકરાઓને હું ઓળખું છું પણ કંઈ કરી શકતો નથી. વર્ષો પહેલાં મારા દાદા-પરદાદાએ ન છૂટકે દલિતમાંથી ધર્મ પરિવર્તન કરી ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો, બધાં દુઃખોની મુક્તિ માટે. આજે પણ હું ધર્મ બદલવા છતાં અને શાળાનો આચાર્ય હોવા છતાં સહન કરી રહ્યો છુ."[૨૦૩]

---

૨૦૧. શૂળ,પૃ.૧૩૦
૨૦૨. એજન, પૃ.૪૧
૨૦૩. એજન, પૃ.૧૦૧

મહોલ્લાના ઘરડા સવજીભાઈ પંચાયતના સભ્ય છતાં ચોરામાં નાનું છોકરું પણ એમને તુંકારાથી જ બોલાવતું. વિનય-વિવેક માત્ર સવજીભાઈએ જ જાળવવાના. નાના છોકરાને "ભા" કહીને જ સંબોધન કરવું પડે. ચોરામાં પંચાયતના બીજા સભ્યોની જેમ અંદર બેસી પણ શકતા નહીં, ટૂંકમાં કાગડા બધે જ કાળા છે. દલિત માણસ ગામડાંમાં રહેતો હોય કે શહેરમાં તે મનુવાદી વર્ગવ્યવસ્થાના સંકજામાંથી મુક્ત થઈ શકતો નથી. તેમને ડગલે ને પગલે પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ગામડામાં તેમજ શહેરમાં દલિત સમાજના માનવીને અવારનવાર અનેક પ્રકારે ભોંકાયા કરતી શૂળની આંતરવ્યથાનું ચિત્રણ થયું છે. નવલકથામાંથી પસાર થતાં લેખકની દલિત સમાજના લોકોની ચિંતા સકારણ છે. તે જણાવે છે કે "શું હજુ પણ પેલી ધૂળ જેવી જિંદગી જિવાય છે ? ક્રીમીલેયરમાં જેની ગણતરી થવા માંડી છે એમને પેલાં શૂળ હવે ત્રિશૂળ બનીને ભોંકાવા લાગ્યા છે ? શું આ શૂળ, થોર, કંટક કે કાંટાળા છોડ ગમલામાં કૂંડામાં કેકટસ બની બંગલાના શણગારની જેમ સાહિત્યનો શણગાર માત્ર તો નહીં બની જાય ને ?"[૨૦૪] લેખકે 'શૂળ'માં ક્રિમીલેયર સિસ્ટમના લીરેલીરા ઉડાડ્યા છે. ક્રિમીલેયરમાં સ્થાન મળ્યા પછી પણ વારંવાર અપમાનિત, હડધૂત થવું પડ્યું છે.

નવલકથાના ઉત્તરાર્ધમાં સ્ત્રી-પુરુષોના સંકુલ સંબંધોની વાત આવે છે. નામ-અટક બદલી રામસિંહ રજપૂત ઉર્ફે રમેશભાઈ જે પહેલા પુષ્પાને છેતરી તેની સાથે લગ્ન કરે છે. પુષ્પાની દીકરી રુખી ઉર્ફે રેખા પટેલ છે. રમેશ પછી પોતાની જાતિ છુપાવી શોભા સાથે લગ્ન કરે છે. શોભા-શીલાને જન્મ આપે છે. નિઃસંતાન બ્રાહ્મણ દંપતી સોમેશ્વર-ભાવના છે. સોમેશ્વર નપુંસક છે. ભાવના રામજી સાથે અનૈતિક સંબધો ધરાવે છે. રામજી અને પુષ્પાનો દીકરો સુનિલ ઉર્ફે સુભાષ બ્રાહ્મણ હોવા છતાં પોતે દલિત હોવાનું જૂઠાણું ચલાવે ને સગર્ભા શોભાને પરણવાની જવાબદારીમાંથી છટકી જતો પરેશ. કથાના અંતે પાત્રોના છૂપા સંબંધોનું રહસ્ય ઘૂંટાતું જાય છે અને છતું થાય છે પણ આ પ્રકારના સંબંધો કથાના કેન્દ્રિય વિષય વસ્તુને ઉપકારક નિવડતા નથી. બાબુ દાવલપુરા આ સંદર્ભે યોગ્ય જ લખે છે કે "એ પ્રકારે આ કથામાં વસ્તુપ્રધાન રહસ્યગર્ભ નવલકથાની રીતે વસ્તુસંવિધાન થયેલું હોવાથી વિષયવસ્તુની માવજત સુપેરે થઈ શકી નથી. દલિત સમસ્યાનો આંતરબાહ્ય ચૈતસિક તેમજ સામાજિક સંકુલ પરિમાણને યથાર્થ રૂપમાં આલેખવામાં લેખક મુશ્કેલી અનુભવે છે, તેના મૂળમાં કૃતિગત વસ્તુના વિભાવન અને સંવિધાનની કચાશ રહેલી છે"[૨૦૫] બી.કેશરશિવમ્ 'શૂળ'માં દલિત સમાજની વ્યથા-વેદનાને વાચા આપવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતમાં થયેલ અનામત આંદોલનમાં દલિત સમાજને વેઠવી પડેલી યાતનાનું તાદશ નિરૂપણ થયું છે.

રમણલાલ જોશી નોંધે છે કે "શૂળ' એટલે રસ્તે ચાલતા હોઈએ ત્યારે કોઈ તીવ્ર કાંટો પગમાં પેસી જાય અને એથી જે દર્દ થાય તે. સમાજની જીવનયાત્રામાં જે શૂળ હજુ પણ ભોંકાઈ રહ્યું છે એની આ કથા છે. દલિત સાહિત્યના ખાનામાં એ મૂકી દેવાની કથા હોત તો મને કદાચ એટલો રસ ન પડ્યો હોત પણ સમાજના ભાગરૂપ જે મોટા વર્ગને આ શૂળ ભોંકાઈ રહ્યું છે તે જોઈ કથાલેખક

૨૦૪. શૂળ, નિવેદન, પૃ.૮

૨૦૫. કથાસાંપ્રત, બાબુ દાવલપુરા, પૃ.૧૬૨

જેના પર મેં પેલા લાલિયા કૂતરાને મૂતરતો જોયો હતો. શું તમારા ભગવાન એ પાણીથી પવિત્ર થઈ ગયા?''[૨૧૦] આગળ નોંધે છે - ''ભગવાન શ્રદ્ધાનો વિષય છે પણ આજે આ ભગવાન, ધર્મગુરુઓ જાણે એક ફેશન બની ગઈ છે. પહેલાં જેવા ગુરુ એવા ચેલા હતા. હવે, જેવા શિષ્યો એવા ગુરુ બની ગયા છે. ભગવાન જાણે માણસ જેવો પક્ષપાતી બની ગયો લાગે છે.''[૨૧૧] અહીં, મને સુંદરમનું 'કોયા ભગતની કડવી વાણી'નું કાવ્ય યાદ આવે છે:

'હરિ તારાં વાગિયાં આવાં કેમ ચાલે ?
ભૂખ્યાં ને છોડી, ધરાયાંને કેમ આલે ?'[૨૧૨]

મગન વરવી વાસ્તવિકતા જણાવે છે કે, ''ધર્મના તત્ત્વો સારાં હોય કે ભગવાન હાજરાહજુર હોય પણ ભૂખ આગળ એ બધું નકામું છે. ભૂખ ભાંગવા મજૂરો મંદિર બનાવતાં રોજી મેળવે છે ને પોતાનું પેટ ભરે છે. તે બની ગયા પછી બીજું કામ નહીં મળે તો ભૂખને લીધે એ જ મંદિરના ભૂક્કા બોલાવી દેશે. એકલાં મંદિરો જ શા માટે ? મંદિરમાં બિરાજતી મૂર્તિઓના પણ ટુકડે-ટુકડા કરી દેશે. જવાળામુખી કશું જ બાકી રાખતો નથી. ભૂખ્યા માણસોની ભૂખ જવાળામુખી બનશે ત્યારે મંદિરમાં પેલી ભગવાન ગણાતી મૂર્તિઓ પણ તેમાં ઓગળી જશે. આ માટે કોઈ નેતાની કે રાહબરની પણ જરૂર નહીં પડે. સમય જ બધું સ્વયંભુ કરાવશે''[૨૧૩] કવિ ઉમાશંકર જોશીની વીસાપુર જેલ, એપ્રિલ ૧૯૩૨માં લખાયેલ 'જઠરાગ્નિ' કાવ્યકૃતિમાં આ જ કડવું ને આકરું સંવેદન જોવા મળે છે:

'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે !'[૨૧૪]

શોષિતો પીડિતો, દલિતોની ઉપેક્ષા સમાજને જંપીને બેસવા દેશે નહિ એવો ઉહાપોહ ગાંધીયુગથી અનેક સર્જકોએ ઉઠાવ્યો છે. એના પડઘા આ કૃતિમાં પણ સાંભળવા મળે છે. અહીં અનેક સ્થળે મગન ભગવાનના હોવાપણાનો અસ્વીકાર કરતો લાગે છે અને ધર્મ અંગેની તો એની સમજણ જ જુદી છે. સમાજ જેને ધર્મ માને છે એ ધર્મ એને મંજૂર નથી અને માનવધર્મ જે એને અભિપ્રેત છે તે કદાચ સમાજના બીજા માણસોની સમજમાં નથી. આ બે સમજણો વચ્ચેનો સંઘર્ષ પ્રસ્તુત કૃતિમાં અનેક રીતે વ્યકત થયેલો જોઈ શકાય છે.

અહીં, એક તરફ જૂની પેઢીના દલિત લોકો ડરપોક, સમાધાનકારી વિચારસરણી ધરાવનારા ભાગ્યવાદમાં માનનારા છે તો બીજી તરફ નવી પેઢીનું પ્રતિનિધિત્વ કરતા દલિતો અન્યાય, અત્યાચાર અને શોષણની વિરુધ્ધ સજાગ બની લડે છે, સામનો કરે છે. જૂની પેઢીના લોકોની અસ્પૃશ્યતા અંગેની માન્યતા ખેમાભાઈના શબ્દોમાં આ વ્યકત થઈ છે:

૨૧૦. મૂળ અને ધૂળ, બી. કેશરશિવમ્, પૃ.૧૪
૨૧૧. એજન, પૃ.૨૨૦
૨૧૨. કોયા ભગતની કડવી વાણી,સુંદરમ્, પૃ.૧૦
૨૧૩. મૂળ અને ધૂળ, બી. કેશરશિવમ્, પૃ.૨૨૦
૨૧૪. ચૂંટેલી કવિતા, ઉમાશંકર જોશી, ચયન,ભોળાભાઈ પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર.આ.૧૯૯૯, પૃ.૧૬

PITh
11422

દલિત સાહિત્ય તરીકે ઓળખાતી અન્ય કથાકૃતિઓમાં વારંવાર, જરાક જુદી-જુદી રીતે અભિવ્યકત પામેલી નવલકથાઓ અને નવલિકાઓની જેમ આ લેખકે પણ દલિત સમાજમાં થતુ નારીનું જાતીય શોષણ ગૂંથી લીધું છે. અહીં સ્ત્રીને સાસરીમાં ઘૂમટામાં રહેવાનું, વડીલોની સામે આવવાનું, ન બોલવાનું, આખો દિવસ ચાર દિવાલોની વચ્ચે કામમાં જ મંડ્યા રહેવાનું. મધુને એમના કુંટુબ, સમાજના સભ્યો દ્વારા એવું તે કેવું વેઠવું પડ્યું હશે કે તે સામાજિક જેલ કરતા સળિયાવાળી જેલમાં રહેવાનું વધારે પસંદ કરે છે? મધુ પોતાની આપવીતિ જણાવે છે– ''જિંદગીભર સળિયા વિનાની સામાજિક જેલમાં સબડી છું એટલે હવે પેલી સળિયા વાળી જેલથી ગભરાતી નથી. આમ તો પેલી સામાજિક જેલ કરતા આ સળીયાવાળી જેલ સારી.''[૨૨૫] કરુણતા તો ત્યાં છે કે મધુની જ સાસુ મધુને કહે છે. ''આપણો અસ્ત્રીનો અવતાર કે'વાય બધું આપણે નીભાવી લેવું પડે. ગમે તેમ તોય એ પુરુષ કહેવાય.''[૨૨૬] નવલકથાના ૨૧મા પ્રકરણમાં મધુની વ્યથા તેને મગનને લખેલ પત્રમાં સ્ફુટ થઈ છે. મધુની જેમજ રામલી, રામલીની મા લક્ષ્મી, ચંપા, મંજુ, કાશી બહેન, કમળા બહેન વગેરેને અસહ્ય વેઠવું પડ્યું છે છતાં પણ કાશીબહેન અને કમળાબહેન ઉમદા સેવા પ્રવૃત્તિઓ કરે છે. કાશીબહેન તો પોતાનું શરીર વેચીને દલિત બાળકોને ભણાવવાનું રૂડું કાર્ય કરે છે.

અહીં નિરૂપિત સમાજનાં કેટલાક એવા રીત રિવાજો છે જે એમને આર્થિક રીતે કંગાળ બનાવી દે છે. જેમકે, દલિત સમાજમાં જે કોઈ વ્યક્તિ બીમાર પડે તો તેને જોવા આવનાર તેના સગા-વહાલા સાડી, પૈસા કે અન્ય ભેટ આપતા ઉપરાંત મૃત્યુ પામેલ વ્યકિત પાછળ શ્રાદ્ધ કરવું જેવી રૂઢિઓ અને અંદરોઅંદરના ઈર્ષાભાવ, વૈરવૃત્તિ, અજ્ઞાન વગેરે પણ તેની પ્રગતિમાં અવરોધ ઊભા કરે છે એવું કૃતિમાંથી જણાઈ આવે છે. દલિત સમાજમાં પણ આર્થિક સ્તરના આધારે સામાજિક સ્તરભેદ જોવા મળે છે. સાધન-સંપન્ન દલિત પણ ઘૃણા, અપમાન, અવહેલના અને તિરસ્કારમાંથી સંપૂર્ણ રીતે મુકત થઈ શકયા નથી તે પણ સર્જકે પૃ.૩૩ પર જણાવ્યું છે. દલિત મગન અને રામલીનો પ્રગાઢ પ્રેમ, મધુની મગન પ્રત્યેની પ્રેમભક્તિ, માતૃપ્રેમ, કટુંબ પ્રેમની મીઠાશ, સાધુ,સંત-મહંતો, સ્વામીજીઓના કરતુત-લીલાઓ પણ અહીં સુપેરે આલેખાઈ છે. ગામડા અને શહેરમાં મજૂરી પર જીવી રહેલા દલિત સમાજની વ્યથાનું યથાર્થ નિરૂપણ અહીં છે.

અહીં તળબોલીનો ઠીક-ઠીક વિનિયોગ થયો છે. કહેવતો, રૂઢિપ્રયોગ પણ જોવા મળે છે. સંવાદો અને કથનનુ ગદ્ય સપાટ છે. વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ રચાયો છે. પાત્રસૃષ્ટિ જીવંત અને વૈવિધ્યસભર છે. રમણ પાઠક 'વાચસ્પતિ' એ નોંધ્યુ છે કે, ''આમ, 'મૂળ અને ધૂળ' કેવળ દલિત સાહિત્ય રૂપે જ નહીં, ગુજરાતી નવલકથા સાહિત્યમાં પણ નખશિખ, સુઘડ અને સુદઢ, સુવાચ્ય, રમણીય અને રસમય, આકર્ષક અને આસ્વાદ્ય નવલકથા તરીકે ચિરંજીવ સ્થાનની અધિકારી બને છે'[૨૨૭] પણ મને આ વિધાન અતિશયોક્તિસભર લાગે છે. લેખકે સાંપ્રત સમયમાં બનતી રહેતી અનેક

---

૨૨૫. મૂળ અને ધૂળ, બી. કેશરશિવમ્, પૃ.૨૫૦
૨૨૬. એજન, પૃ.૨૩૮
૨૨૭. મૂળ અને ધૂળ નો પ્રસ્તાવના લેખ

ઘટનાઓ સાંકળી લીધી છે પણ તે કૃતિમાં રસાઈને આવવાને બદલે સભાનતાપૂર્વક ગોઠવી દીધેલી લાગે છે. વળી કેટલાક પ્રસંગોનું પુનરાવર્તન પણ થયા કરે છે. અનેક ઘટનાઓની ભરમારને સર્જનકૃતિ કહેવાય ખરી ? એ પ્રશ્ન મને સતત વિચારતો કરી મૂકે છે. આ લેખનશૈલી જ કૃતિને સર્જકતાની સમીપ જવા દેતી નથી. સર્જકનું દલિતચેતના સાથેનું સાંનિધ્ય લગભગ બધી કૃતિઓને એકસરખા પરિવેશ અને પ્રશ્નોથી તથા એના ઉકેલોથી ઠાંસીને ભરી દીધેલી અનુભવાય છે. આ કૃતિમાં ભાષાનું નાવિન્ય, અભિવ્યક્તિમાં કોઈ પ્રકારની ચોટ કે નોખાપણું નજરે ચઢતું નથી પણ રેશનલ અભિગમને પુરસ્કૃત કરતી ઘટનાઓના ઉલ્લેખને કારણે આ કૃતિ ગમે છે. દલિત સમાજમાં મગન જેવા અન્યાયનો પ્રતિકાર કરવાવાળા, સત્યને સ્વીકારીને બુદ્ધિથી વિચારવાવાળા, સ્વમાનવાળા, ખુમારીથી જીવવાવાળા માણસો વધારે હોય તો આ સમાજ ઝડપથી વિકસતા જતા જગત સાથે તાલ મેળવી શકે એવો સૂર લેખકના ચિત્તમાં સતત ઘોળાતો જોવા મળે છે. લેખકે આ નવલકથા દ્વારા દલિત સમાજમાં ડૉ.આંબેડકરની વિચારધારા 'શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો'નું બીજ રોપી દીધું છે.

### 'અસ્તિત્વ'- ગણેશ આચાર્ય

ગણેશ આચાર્ય રચિત 'અસ્તિત્વ' લઘુનવલનો સમય આઝાદી પૂર્વેનો અને આઝાદી પછીનો છે. લેખકે નવલકથાના પૂર્વાર્ધમા લક્ષ્મી-વિક્રમના માધ્યમ દ્વારા બિહારના પીડિતોના જીવનની વ્યથાકથા તો ઉત્તરાર્ધમાં દેવજી, તેજસ વગેરેના માધ્યમ દ્વારા ગુજરાતના દલિતોના જીવન પર પ્રકાશ પાડયો છે.

અહીં સરકારે દલિતો, ભૂમિહીનો, ખેતમજૂરો માટે વીસ મુદ્દાના કાર્યક્રમ હેઠળ ડેમની, સરકારી,ગૌચર કે ખરાબાની પડતર જમીન ખેતી માટે આપવાની જાહેરાત કરી છે. આથી દેવરા ગામનો દલિત દેવજી ભદન્ત આનંદમિત્ર અને વાસના અન્ય દલિતભાઈઓની મદદથી સરકારને અરજી કરે છે પણ ચાર-પાંચ વર્ષ થઈ ગયાં છતાં સરકાર તેનો ઉકેલ લાવી શકતી નથી. અંતે દેવજી અને તેના સાથીદારો ગોચરની જમીન ખેડી નાખે છે, તેના પરિણામે દેવરા ગામમાં ઘેરા પ્રત્યાઘાત પડે છે. ગૌચરની જમીન દલિતોને ન જ મળવી જોઈએ એવું વિચારતા શંકર પટેલ, સાકળચંદ શાહ, ત્રિભોવન જોષી અને જોરાવરસિંહની ચંડાળ ચોકડી દેવજીની પાછળ પડી ગયા. એટલું જ નહિ, ગામના સવર્ણોનું દલિતો પ્રત્યેનું વલણ જ બદલાઈ જાય છે, જેમ કે

''....ગામનું વાતાવરણ તંગ થઈ ચૂક્યું છે. ઉજળિયાતોના દલિતો પ્રત્યેનાં વ્યવહારમાં ફેરફાર થઈ ચૂક્યો છે. સહાનુભૂતિની જગા નફરતે લીધી છે. વાર-તહેવારે સારા-માઠા પ્રસંગે ભાણાં આપતા એ પણ બંધ થઈ ગયું, વાણિયા વગેરેની દુકાનેથી ઉધાર બંધ થઈ ગઈ. ગામના સવર્ણ શિક્ષક પણ દલિતો પ્રત્યેના ધિક્કારમાંથી બાકાત નથી. તેઓ દલિત વિદ્યાર્થીઓ પર ઓછું ધ્યાન આપે છે તેમજ તોછડાઈભર્યું વર્તન દાખવે છે.''[૨૨૮] ગામ દલિતોનો બહિષ્કાર કરે છે. ગામવાળા દેવરામાં

---

૨૨૮. અસ્તિત્વ,ગણેશ આચાર્ય, ગૂર્જર એજન્સી, પ્ર.આ.૨૦૦૦, પૃ.૭૦

સામાજિક સંબંધો બાંધવા પણ તૈયાર નથી ! આથી દેવરાના દલિતો સામાજિક, આર્થિક રીતે મુશ્કેલીમાં મૂકાઈ જાય છે પણ આવાં વિકટ સમયમાં માત્ર ભન્તે આનંદમિત્ર હિમાલયની જેમ અડગ મનોબળથી સાથ આપે છે અને દલિતોને અધિકાર મેળવવા માટે પ્રેરણા આપે છે પણ અંતે ચળવળના અગ્રણી દેવજીનું ખૂન થઈ જતા તેના દીકરો પ્રો.તેજસ પિતાનું કાર્ય આગળ ધપાવે છે. પ્રો. તેજસને સમાજમાં પ્રવર્તમાન આર્થિક-સામાજિક વિષમતા કઠે છે, માણસને માણસથી લાચાર થતાં જોઈને તે દ્રવી ઊઠે છે. તે દલિતોની સ્થિતિને નસીબ નહીં પણ વિષમ સમાજનું પરિણામ ગણે છે. સામાજિક અસમાનતાને તે આપણા ધર્મની ઘાતક માને છે. તે કહે છે કે, ''આપણી સંસ્કૃતિનો વાક છે, આપણા ધર્મમાં ખામી છે.''[૨૨૯] તેજસ પોતાના અભણ, ભોળા ભીરુ સમાજના ઉત્થાન માટે પ્રયાસો આદરે છે ને તેમાં તેની જ્યોતિનો પણ ઉમદા સહકાર મળે છે. બંને મળીને વળ ઉકેલ્યા જમીનના પ્રશ્નને ઉકેલવા સંઘર્ષ કરે છે. ગાંધીનગર જઈ ભૂખ હડતાળ કરે છે. અંતે કલેક્ટર મિ.બેનરજીની મદદ મેળવીને દલિતોને ગોચરની જમીન અપાવે છે પણ પિતાની જેમ તેનું પણ ખૂન થઈ જાય છે. લેખકે દલિતોને પોતાના અસ્મિતાની ઓળખ માટે, અસ્તિત્વની રક્ષા માટે વિદ્રોહ કરતા બતાવ્યા છે. દલિતોના, ઉપેક્ષિતોના હજ્જારો વર્ષોથી ગુમાવેલ, છીનવાયેલ, આત્મગૌરવ, અસ્મિતા, અસ્તિત્વ મેળવવાની વાત મુખ્ય ઘટના રૂપે આલેખાઈ છે. હરીશ મંગલમ્ નોંધ્યું છે તેમ : ''અસ્તિત્વ'નવલકથામાં દલિતોના પ્રશ્નોનું નિરાકરણ લાવી ચોક્કસ ધ્યેય પ્રાપ્ત કરવાના વિષયવસ્તુને વણી લીધું છે''[૨૩૦] ડો.સોમાભાઈ સી. પટેલ પણ આ નવલકથાનો હેતુ જણાવતા નોંધે છે-'''અસ્તિત્વ' લઘુનવલ પણ લક્ષ્યની પ્રાપ્તિ માટેના એક પરિબળ તરીકે રચાઈ છે. તેના શીર્ષકમાં આ ધ્યેયનો સંકેત જોઈ શકાય છે. હિંદુ સમાજ વ્યવસ્થામાં જે વર્ગનું અસ્તિત્વ નહિવત્ કે નગણ્ય છે અથવા અસ્તિત્વ જ નથી તે દલિત, શોષિત અને પીડિત વર્ગ પોતાના અસ્તિત્વને પ્રકાશમાં લાવવા આજે મથી રહ્યો છે. તે મથામણ આજે જુદાં-જુદાં અનેક રૂપે પ્રગટી રહી છે, તેમ 'અસ્તિત્વ' લઘુનવલકથા રૂપે પણ પ્રગટી છે.''[૨૩૧] ટૂંકમાં દલિતોએ પોતે જ પોતાના ઉધ્ધારક બનવું પડશે તથા પોતાના હક્ક, અધિકારની રક્ષા કરવી પડશે એવો સૂર પ્રગટ થાય છે. ડૉ. આંબેડકરની વિચારધારા 'શિક્ષણ, સંગઠન અને સંઘર્ષ' ને આ નવલકથામાં સમર્થન મળ્યું છે.

નવલકથામાં એક તરફ શોષણખોર અત્યાચારી સવર્ણો દર્શાવ્યા છે તો બીજી તરફ અમુભાઈ જેવા માનવતાવાદી સવર્ણ પણ બતાવ્યા છે. તે તેજસને પોતાના દીકરાની જેમ રાખે છે અને પોતાની ભાણેજ જ્યોતિના લગ્ન પણ તેજસ સાથે કરે છે. એ આ નવલકથાનું જમા પાસું છે. કારણકે લેખકે આંતરજ્ઞાતીય લગ્નસંબંધો વડે સામાજિક વિષમતા તોડવાનો ને દલિત-સવર્ણ વચ્ચે ભાઈચારાની ભાવના સ્થાપવાનો પ્રયાસ કર્યો છે. અહીં લેખકની સમતાવાદી દૃષ્ટિ સ્પષ્ટ થાય છે.

ગુજરાત હોય કે બિહાર દલિતોની સામાજિક, આર્થિક,શૈક્ષણિક સ્થિતિમાં કોઈ જ ફરક નથી તે નવલકથામાંથી પસાર થતાં જણાય આવે છે. લેખક નોંધે છે કે, ''ગામના દલિતોની

૨૨૯. અસ્તિત્વ, પૃ.૧૦૨
૨૩૦. શબ્દસૃષ્ટિ,સંપાદક : હર્ષદ ત્રિવેદી, નવેમ્બર-૨૦૦૩, પૃ.૨૦૯
૨૩૧. અસ્તિત્વ,ગણેશ આચાર્ય,પૃ.૧૧

સ્થિતિ સારી ન હતી. બધા જ આર્થિક રીતે પડી ભાંગ્યા હતા, ભલે પછી તે વણકર, ચમાર, તૂરી કે ચેનવા હોય, કોઈને પણ ખેતીની જમીન ન હતી. શિક્ષણ ન હતું. ધંધા ન હતા. ઉદ્યમ ન હતા, નોકરી ન હતી. એની જગાએ નિર્ધનતા, વ્યસન, કુરિવાજો અને અંધશ્રદ્ધા ભરેલાં હતાં. એમાં વળી અસ્પૃશ્યતા અને દલિત અવસ્થાએ માનવીને ઉધઈની જેમ કોરી ખાધો હતો. આઝાદીની નવી ઉષાનું એક પણ કિરણ અમારા તરફ આવતું ન હતું''[૨૩૨] પણ નવલકથામાંથી પસાર થતાં દલિતોની આ સ્થિતિ માટે કેટલેક અંશે ખુદ દલિતો પણ જવાબદાર હોય એવું જણાય છે. આ દલિતોમાં પણ અંદરોઅંદર કુસંપ છે. લેખકે આંતરિક દ્વંદ્વ, આંતરિક-નબળાઈ, કુસંપ તરફ આંખ આડા કાન કર્યા નથી. તેજસ જ્યોતિને કહે છે : ''જ્યોતિ, અમારા વાસમાં ઝઘડો ન થયો હોય એવો એકય દિવસ ન હતો ઊગતો કે રાત ન પડતી. મરેલા ઢોરના ચામડાં માટે, તેના માંસ માટે તથા હાડકા માટે ઝઘડા થતા. મારામારી થતી- મરેલા ઢોર ખેંચવાની બાબતમાં અંદરોઅંદર કંકાસ થતો. ઘરાકોના ગરાસ માટે પોલીસ કેસ થતા. કેટલીકવાર ભાંભી સમાજનું પંચ બોલાવવું પડતું, પછી ન્યાય થાય...... અમારા બીજા દલિત સમાજોની પણ આવી જ સ્થિતિ હતી.''[૨૩૩] ગોચરની જમીન મેળવવા માટે સરકાર ગલાતલા કરે છે ત્યારે દલિત ધારાસભ્યો પણ મદદ કરતા નથી. તેજસે કહ્યું ''....આપણા દલિત ધારાસભ્યો કંઈ જ બોલતા નથી.''[૨૩૪] ઉપરાંત તેજસ અને વાસના લોકો વચ્ચે જમીન બાબતે જે ચર્ચા થાય છે તે બધું જ દલિત મગનો સવર્ણોને કહી દે છે !

પાત્રો જીવંત લાગે છે. તેજસ, દેવરાજ, જ્યોતિ, અમુભાઈ અને ભન્તે આનંદમિત્ર સમાજની કુવ્યવસ્થા સામે લડનારાં પાત્રો છે તો જોરાવરસિંહ, સાંકળચંદ વાણિયો, શંકર પટેલ અને નરભેરામ વગેરે પાત્રો ખલનાયક તરીકે ઉપસી આવ્યાં છે. ભાષા સાદી, સરળ છે. નાનાં-નાનાં વાક્યો દ્વારા સમાજજીવનની વાસ્તવિકતા દર્શાવાઈ છે, લેખકે દલિતોનો સામાજિક અસમાનતા, અન્યાય, અત્યાચારો સામેનો આક્રોશ, સંઘર્ષ સૂત્રાત્મક રીતે મૂકી આપ્યાં છે.

- 'ભીખમાં ન્યાય મળતો નથી, ન્યાય માટે લડવું પડે છે'
- 'સંગઠનની શક્તિ બતાવવી પડશે'[૨૩૫]
- 'અમે દલિતો તો હજારો વર્ષોથી ગુમાવેલું, છિનવાયેલું આત્મગૌરવ પ્રાપ્ત કરવા માગીએ છીએ.'[૨૩૬]
- 'દલિત સમાજ સશક્ત બને, દલિત સમાજનું દલિતપણું દૂર કરવું અને દલિતોનો ઉદ્ધાર દલિતો દ્વારા જ કરાવવો'[૨૩૭]

---

૨૩૨. અસ્તિત્વ, પૃ.૪૯
૨૩૩. એજન, પૃ.૫૦
૨૩૪. એજન, પૃ.૧૧૬
૨૩૫. એજન, પૃ.૧૧૩
૨૩૬. એજન, પૃ.૧૨૧
૨૩૭. એજન, પૃ.૧૨૫

– 'સમાજ ઉત્થાનનું સ્વપ્ન પૂરું થાય' [૨૩૮]

– 'આવતીકાલ શ્રમિકોની છે'[૨૩૯]

– 'અમને અસ્મિતા આપો'[૨૪૦]

અલંકાર, પ્રતીકનો પણ ઠીક-ઠીક વિનિયોગ થયો છે દા.ત.

– 'સૂરજ થાકેલા માણસની જેમ પોતાના ઘેર જઈ રહ્યો છે'[૨૪૧]

– 'જ્યોતિના ગાલ પર હજારો ખીલેલાં ગુલાબોની ખુશી દેખાઈ'[૨૪૨]

– 'પ્રેમ અને પ્રકાશ છે, તેને છુપાવી શકાય નહીં.'[૨૪૩]

– 'સમયને પાંખો નથી, તોય પસાર થઈ જાય છે'[૨૪૪]

– 'જોને જ્યોતિ એક જ કાંકરીએ તળાવમાં કેટલા બધા વલયો પેદા કર્યાં ?'[૨૪૫]

અહીં તળાવના સ્થિર પાણીમાં જ્યોતિ દ્વારા ફેંકાતી કાંકરીથી પાણીમાં ઉઠતાં વલયો સંવેદનાના પ્રતીક બનીને પ્રગટે છે પણ નવલકથાના ચોથા પ્રકરણમાં કૉલેજના રાજગીરના પ્રવાસનું વર્ણન છે, આ પ્રવાસ પછી જ્યોતિના જીવનનો અભિગમ બદલાય છે ખરો છતાં પણ થોડું પ્રસ્તારી લાગે છે. પાત્રોનો સંઘર્ષ ખાસ કારગત નિવડતો નથી. નિરૂપણ રીતિમાં પણ કોઈ ખાસ નાવિન્ય જોવા મળતું નથી.

**'શોષ'- દક્ષા દામોદર**

આંગળીને વેઢે ગણાય એટલી દલિત નારી લેખિકાઓએ સાહિત્યકૃતિ આપવાના પ્રયત્ન કર્યા છે તેમાં દક્ષા દામોદરની 'શોષ' નવલકથાની ગણના કરી શકાય. અહીં સંપૂર્ણ દલિત સમાજ વર્ણવાયો નથી પણ કચ્છ જિલ્લાના ભદ્રેસર ગામમાં વર્ષો પહેલા થઈ ગયેલા જગડુશા અને દુદાશા- બે દાનવીરોએ બંધાવેલી બે સ્થાપત્યની ઈમારતો તરફ સમાજના વલણની આલોચના લેખિકાએ નારી સંવેદનાને ગૂંથતા-ગૂંથતા આલેખી છે. એટલે કે ઐતિહાસિક કથાની સાથે સાંપ્રત સમયની નારીની સંવેદમાને સાંકળી લેવાનો પ્રયત્ન અહીં થયો છે. સંપૂર્ણ કૃતિ દલિત ચેતનાને પ્રતિબિંબિત કરતી નથી પણ ઐતિહાસિક ઘટનાઓના આધારે તત્કાલીન દલિતો તરફનું ઉપેક્ષિત સામાજિક વલણ નજરે પડે છે એ સંદર્ભે આ કૃતિને જોવી ઘટે.

---

૨૩૮. અસ્તિત્વ, પૃ.૨૫
૨૩૯. એજન, પૃ.૧૦
૨૪૦. એજન, પૃ.૧૧૫
૨૪૧. એજન, પૃ.૧
૨૪૨. એજન, પૃ.૨૫
૨૪૩. એજન, પૃ.૨૮
૨૪૪. એજન, પૃ.૪૮
૨૪૫. એજન, પૃ.૪૮

કથાના ઉદ્‌ભવ બિંદુ અંગે લેખિકાએ તેના નિવેદનમાં લખ્યું છે : ''આજથી ૬૮૬ વર્ષ પૂર્વે એક કચ્છી વીરલો નામે દુદાશાએ કચ્છની તૃષા છીપાવવા કરેલા એક ખમીરવંતા પ્રયાસની ગાથા ગાતું કાલજીર્ણ જલમંદિર ભગ્ન ખંડેરમયી વાવરૂપે ભદ્રેશ્વરમાં હયાત છે. એ ગાથા કથાનું ઉદ્‌ભવ બિંદુ છે.''[૨૪૬] કચ્છ પ્રદેશ કથાના કેન્દ્રમાં છે. દલિત નવલકથાઓમાં કચ્છનો પરિવેશ 'શોષ' માં પહેલીવાર આવે છે. સવર્ણસમાજની નાયિકા માધવીને કચ્છ પ્રત્યે લગાવ છે. કથાનો આરંભ કચ્છ પ્રવાસના આયોજનથી થાય છે. માધવીના જન્મ પછી મા માટે પ્રસૂતિ જીવલેણ પુરવાર થઈ શકે તેમ હતી એટલે કુટુંબ નિયોજન કરાવવાની તેને ફરજ પડી. આ રીતે માધવીના બાપુની પુત્રઝંખના પર હંમેશને માટે પાણી ફેરવાઈ ગયું. આથી બાપુની આંખમાં, વ્યવહાર વર્તનમાં માધવી પ્રત્યે છૂપો અણગમો રહેતો જે માધવી સમજણી થતાં પામી જાય છે. માધવીને બાપુનો પ્રેમ જોઈએ છે પણ મળતો નથી. એમાંયે મોટી બહેનના બીજી જ્ઞાતિના છોકરા સાથે પ્રેમલગ્ન પછી માધવી પર વધારે અંકુશ મૂકવામાં આવે છે. માધવીને કાવ્યસર્જન અને ચિત્રમા અખૂટ રસ છે પણ તેને બાપુના સ્નેહનું પાત્ર બનવા માટે તેને બાપુની ઇચ્છા મુજબનું જીવન જીવવું પડે છે ! પ્રેમના અભાવ વચ્ચે ઉછરતી માધવી સહાધ્યાયી રાજેન્દ્ર મકવાણાથી આકર્ષાય છે ને અંતે બાપુની ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવાની ઇચ્છા પૂરી કરવામાં નિષ્ફળ જાય છે. પિતાની ઇચ્છા પૂરી કરી ન શકી એવા અપરાધભાવથી માધવી માનસિક સમતુલા ગુમાવી દે છે. તે સ્કીઝોફ્રેનિકનો ભોગ બને છે. માધવીને કોઈની સાથે લવ અફેર છે એવી શંકાથી બાપુ મંગળદોષવાળી માધવીનું પુરંદર સાથે લગ્ન કરાવી દે છે ને પછાત વર્ગના રાજેન્દ્ર સાથેના પ્રેમનો અંત આવે છે. પિતાની જેમ પતિ પુરંદર પણ માધવીની લાગણીને સમજતો નથી ને પુરંદરને મન માત્ર સેકસ જ મહત્ત્વનો છે જ્યારે માધવી હૃદયપૂર્વક જીવવા માંગે છે માત્ર શરીરપૂર્વક નહીં. પોતાના આદેશ પ્રમાણે જ જીવન જીવવા મજબૂર કરે છે. પુરંદર, બાપુના પાત્ર દ્વારા સમગ્ર પુરુષ વર્ગની માનસિકતા પ્રગટ થાય છે. અહીં દામ્પત્યજીવનની વિષમતા આલેખાયેલી છે. લેખિકાએ માધવીના પાત્ર દ્વારા નારી અધિકારોની વાત પણ કરી છે.

માધવી પતિ અને પુત્ર સાથે કચ્છના પ્રવાસે જાય છે ત્યાંથી કથામાં નવો વળાંક આવે છે. કચ્છના ભદ્રેસર સ્થળે પહોંચી દેરા જુએ અને માધવીને ઈ.સ.૧૩૧૩ થી ૧૩૧૫ દરમિયાન કચ્છના ભીષણ દુષ્કાળના ઇતિહાસનું સ્મરણ થાય છે. એ સમયના બે મોટા સૌદાગરો હતા એક સવર્ણ જગડુસા અને બીજા પછાત કોમના દુદાશા, જગડુસાએ આ કપરા સમયે લોકોને ભૂખમરાથી બચાવવા અન્નના ભંડારો ખુલ્લા મૂકી દીધા હતા. ભદ્રેસરના દેરાસરનો જીર્ણોદ્ધાર પણ કરાયો હતો. એવું કહેવામાં આવે છે કે જગડુશાથીએ પણ વધારે નાણાં ખર્ચીને દુદાશાએ વાવ બંધાવી હતી. તેનું નામ 'ગંગા જળ વાવ' રાખ્યું હતું પણ સમય જતાં લોકોએ એને 'દુદા મેઘવાળ', 'દુદા હરિજન'ની કે 'ડુડિયાની'વાવથી જ ઓળખી....રીક્ષાવાળો કહે છે 'લ્યો...આવી ગઈ.... ડુડિયાની વા.....'[૨૪૭] આ વાકયમાં હલકી કોમના દુદાશા પ્રત્યેનો રીક્ષાવાળાનો તિરસ્કાર જોઈ શકાય છે. દુદાશા પછાત જાતિના હતા એટલે તેમણે

૨૪૬. શોષ, દક્ષા દામોદર, રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ–૨૦૦૩, પૃ.૫
૨૪૭. એજન, પૃ.૮૮

બંધાવેલી વાવ ખંડેર હાલતમાં છે, જ્યારે જગડુશા સવર્ણ હતા એટલે તેમણે બંધાવેલા દેરાસરો સમયાંતરે જીર્ણોદ્ધાર પામતા રહ્યા છે. દલિત અને સવર્ણ સમાજની સ્થિતિમાં કોઈ પરિવર્તન આવ્યું નથી તેની પ્રતીતિ આ બે સ્મારકો પરથી વાચકને થાય છે. વાવને જોઈને માધવીના મનમાં સંવેદનોના કેટલાય તરંગો જન્મે છે. વાવના જળ એના જીવનમાં પણ ઉભરાય એવી ઝંખના સતાવે છે ને એને અનેક સ્મૃતિઓનું સ્મરણ થાય છે. દુદાશાના વહાણ દરિયા કિનારેથી દેશ-વિદેશમાં ખેપ કરવા જતાં, ખેપમાં ગયેલા વહાણનો કોઈ જ અતો પતો નથી ને પડતા માથે પાટું જેમ ધાડમાં બધું લૂંટાઈ જાય છે ને પૈસા વગર વાવનું કામ અટકી પડે છે ત્યારે મેઘવાળ કોમના દેશળે રાજકુંવર પાસેથી ઈનામમાં મળેલી સોનામહોર દુદાશાના ચરણે ધરે છે. એ પૈસાથી દુદાશાએ વાવનું કામ પૂર્ણ કર્યું હતું. માધવી દુદાશા અને દેશળને સાક્ષાત્ અનુભવે છે. માધવીને દેશળ અને રાજલના પ્રણયસંબંધનું સ્મરણ થાય છે. દેશળે રાજલને કહેલું-'તારો ગુનેગાર છું રાજલ..... તું ચાહે એ સજા ભોગવવા આતુર છું પણ એટલું યાદ રાખજે, આપણા પ્રેમના ગુરત સાટે મારું માથું આપતા જરાય પાછો નહિ ફરું....રાજલ''[૨૪૮] આ વાકય માધવીને યાદ આવે છે. પોતાનાં ચિત્રોની આવક કચ્છ સોરાષ્ટ્રની તરસી ધરતીને તૃપ્ત કરવા માટે વાપરતો રાજેન્દ્ર અને દેશળ જેવા પછાત કોમના પ્રેમીઓ સવર્ણ વર્ગના માધવી અને રાજલને પામવામાં નિષ્ફળ ગયા છે. કથાન્તે દેશળમાં રાજેન્દ્રને અને રાજલમાં પોતાને અનુભવતી માધવી જાત પરનો કાબૂ ખોઈ બેસે છે. માધવી દેશળ...દેશળની બૂમો પાડે છે. પુરંદર તેનો હાથ ખેંચીને લઈ જવા પ્રયત્ન કરે છે ને કહે છે કે માધવી તું મૃગજળ પાછળ દોડે છે ! સંભાળ તારી જાતને....ત્યારે માધવી વળતો જવાબ આપે છે 'મૃગજળ હોય કે સ્વપ્નછળ....પણ મને આ જીવાતા જીવન કરતા વધુ શાતા આપે છે, મારે જીવવું છે એ મૃગજળમાં..... મારે દેશળ પાસે જવું છે ![૨૪૯] અંતે માધવી કોમામાં સરી પડે છે. લેખિકાએ ઐતિહાસિક કથાનાં પાત્રોને માધવી અને રાજેન્દ્ર મકવાણાનાં પાત્રો સાથે તાલ બાંધવાનો પ્રયત્ન કર્યો છે. લેખિકાએ દલિતપાત્રોને માનવીય ગુણોથી સભર આલેખ્યાં છે. નવલકથાની પ્રસ્તાવનામાં હરીશ મંગલમ્ ઉચિત જ નોંધ્યું છે, '' મને આ નવલકથાના વિષયવસ્તુમાં રસ એટલા માટે પડ્યો કે સામાજિક બંધનો તોડવા મથતી નાયિકા માધવીનું પાત્ર ઉજળિયાત કોમનું છે' સ્ત્રી જાતિ અને પછાત જાતિઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવા જ્યારે ઉજળિયાત કોમ આગળ આવે અને પ્રયત્ન આદરે તે પ્રશંસનીય તો છે જ. સાથે સાથે એ વધુ અસરકારક ઓજાર પુરવાર થઈ શકે....''[૨૫૦]

રચનારીતિની દૃષ્ટિએ નવલકથા ધ્યાનપાત્ર બની છે. અતીત અને વર્તમાનને ગૂંથવામાં લેખિકા સફળ રહ્યાં છે. પ્રતીક, અલંકારનો વિનિયોગ સમુચિત થયો છે. નવલકથાનું શીર્ષક 'શોષ' પ્રતીકાત્મક છે. જેના અનેક અર્થો પ્રગટ થાય છે, જેમકે કચ્છની ધરતી જેવી માધવીના જીવનમાં

---

૨૪૮. શોષ, પ્રસ્તાવના, પૃ.૫
૨૪૯. એજન, પૃ.૧૪૬
૨૫૦. એજન, પૃ.૧૬

રહેલો શોષ. માધવીના કંઠે તેના પ્રિયતમા માટે પડેલો શોષ, સ્ત્રીવર્ગ અને દલિત વર્ગને સતાવતો સામાજિક અસમાનતાનો શોષ. ખાસ તો અહીં લાગણીનો શોષ વિશેષ છતો થાય છે. સંસ્કૃત શબ્દો પણ અહીં પ્રચુર માત્રામાં જોવા મળે છે. જેમકે, સંસૃષ્ટિ, અર્ણવો, તમોલિપ્ત, પ્રક્ષુબ્ધ, પૃથગ્વાસ, ક્ષપિત,અક્ષતવ્ય, સંસૃપ્તિ વગેરે... કાવ્યપંક્તિઓ દ્વારા માધવીના હૃદયના ભાવો અભિવ્યકત કર્યા છે તે પણ ઉચિત જણાય છે. સંવાદ અને વર્ણનની ભાષામાં લેખિકાની સર્જક પ્રતિભાની ઝાંખી થાય છે. પૃ.૧૭,૨૩,૨૪ પરના સંવાદો વેધક અને માર્મિક છે. પાત્રોચિત ભાષા છે. અહીં કચ્છી પરિવેશ અને કચ્છી બોલીનો સમર્થ વિનિયોગ થયો છે. દા.ત ''ઈનજે કૂવે વઈ.....મુંજી મા.....ઈનજી કોક ભલી બાઈએ હકડો ઘડો સીંચી દીધો પણ માટલે મેં રેડે તેં મોર ત બીજી કોકે માજો માટલો જ પાયણો મારી તોડી નાખ્યો.... મથવારો પણ આપણો નાંય.....''[૨૫૧]

'.... નાગજે મથેથી મણિ લઈ લેવાની ગાલ આય ડેસર...! પોલ ખૂલી વઈ ત તોજો મથો ધડ પર રહેં નંઈ.'

'વચારીને હાલ જે;'

'વચારી લીધું આય દરબાર' દેશળ દઢતાથી બોલ્યો.

.....રાજપૂત જો વેણ..... માંગે ત તોકો રાજબા પણ ડંઈ ડીયાં

'ના....દરબાર ! રાજબા મૂકે ના ખપે'

'વાય જો કમ પૂરો કરેલાય મૂકે એક હજાર મોરું ખપે...!'

'કામ પૂરો ન થ્યો ત ?'

'ત મુંજો મથો કુરબાન !''[૨૫૨]

કચ્છી કહેવતોનો પણ વિનિયોગ થયો છે.

'ખાંડાની ધાર તે હાલવાનું આય.....'

'ધીંગેજી ધરા ને બરૂકેજી બાયરી....'

'જીવતર જે ઘરે ઈજી ધરતી, ન હીંયુ હારે ઈજી નારી !'

ડૉ. પથિક પરમારે નોંધ્યું છે કે,''....કચ્છી પાત્રોના મુખમાં પ્રદેશને અનુરૂપ પાત્રાનુસારી ભાષાનો પ્રયોગ ઔચિત્યપૂર્ણ થયો છે.''[૨૫૩] 'શોષ'માં લેખિકાએ દલિતવર્ગ પ્રત્યેની સવર્ણોની સૂગ અને સ્ત્રી વર્ગ પ્રત્યેનો પુરુષવર્ગના માલિકીભાવનું સબળ ને હૃદયદ્રાવક આલેખન કર્યું છે.

લેખિકાની રસાળ કલમે એક હૃદયસ્પર્શી રચના આકાર પામી છે.

---

૨૫૧. શોષ, પૃ.૯૮

૨૫૨. એજન, પૃ.૯૮

૨૫૩. સામ્પ્રત દલિત સાહિત્ય પ્રવાહ, ડૉ. પથિક પરમાર, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ,૨૦૦૪, પૃ.૮૭

## 'કીડીએ ખોંખારો ખાધો'...- દિનુ ભદ્રેસરિયા

અગાઉ લખાયેલ કોઈ કૃતિના શીર્ષક કે કૃતિમાંનું કોઈ વિધાન, પંક્તિને આધારે નવી કૃતિ રચવાનો એક ટ્રેન્ડ છે. દા.ત. દયારામની કાવ્યપંક્તિ 'વૈકુંઠ નથી જવું.....'ને બકુલ ત્રિપાઠીએ નવા જ આધુનિક સંદર્ભમાં ઉપયોગમાં લીધી છે. તો 'સરસ્વતી ચંદ્ર મુજ સ્વામી સાચા' નિબંધમાં ઉમાશંકરે ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથાની ઉક્તિ 'પ્રમોદધન મુજ મન સાચા' સ્વીકારીને એક જુદાં જ પરિવેશમાં એ નવલકથાના તંતુને આગળ કાતિ બતાવ્યો છે. આવો જ પ્રયત્ન દિનુ ભદ્રેસરિયાએ 'કીડીએ ખોંખારો ખાધો' નવલકથામાં કર્યો છે.

દિનુ ભદ્રેસરિયાની 'કીડીએ ખોંખારો ખાધો' નવલકથાનું શીર્ષક કલ્પન પ્રચુર છે. તે આપણા જાણીતા કવિ અનિલ જોશીની કાવ્યપંક્તિ 'ક્રાંઉ ક્રાંઉ કાગડાથી ખીચોખીચ લીમડામાં કીડીએ ખોંખારો ખાધો તમને નથીને કાંઈ વાંધો ?' પરથી લેખકે રાખ્યું છે. ગુજરાતના ચરોતર, મહેસાણા, કચ્છ, સૌરાષ્ટ વગેરે પ્રદેશમાં વસતા દલિત સમાજનું આલેખન ઘણી નવલકથાઓમાં જોવા મળે છે. પણ પહેલીવાર ઈડરમાં વસતા દલિત સમાજની કઠોર વાસ્તવિકતા તેજાબી કલમે આ નવલકથામાં જોવા મળે છે. લેખકે તેના નિવેદન 'જીવ સટોસટની બાજી'નો શબ્દદેહમાં નોંધે છે. ''મારે ક્યાં લૂખ્ખી તાલીઓના રણકાર અને નઘરોળ વાહ ! વાહ ! સાંભળવાં છે ? અહીં તો જ્ઞાતિવાદના ડુંગરતળે દટાયેલા દલિતોના આત્માને ઢંઢોળવાની સાથો-સાથ જૂનું-પુરાણું, નામશેષ.... જીર્ણશીર્ણ થઈ ગયેલું ઘણું-બધું બદલીને ઉજળિયાતો સામે જીવસટોસટની બાજી ખેલવાની વાત કરવી છે, that's all''[૨૫૪]

દલિત કરશન અને 'હામેણ હાહની વેદના વેઠી....ઈનં હેરુ ના બનાવતા' કહેનાર માંનીના દીકરા રાજુની આસપાસ કથા ગૂંથાયેલી છે. કરશન ગામના પરભા પટેલના ખેતરમાં ખેડૂપણું કરે છે. તે પરભા પટેલના જોહુકમ, અન્યાયની સામે અવાજ ઉઠાવવાને બદલે સમાધાન કરીને બેસી રહે છે પણ વણકર વાસનો નાથાલાલ જમાદાર સ્વાભિમાની છે. તે વાસના છોકરાઓને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત કરવા મથામણ કરે છે. નાથાલાલની સલાહથી જ રાજુ ઈડરની ડૉ.આંબેડકર સરકારી કુમાર છાત્રાલયમાં રહેવા જાય છે ને ત્યાં કૉલેજમાં ભણે છે. નાથાલાલના પ્રગતિશીલ વિચારો, ડૉ. આંબેડકરના પુસ્તકોનું વાંચન, કૉલેજના મિત્રોના સંપર્કથી અને દિનકરજીની કવિતા 'રશ્મિરથી'ના રસપાનથી તેમને સતયુગના નામે પંકાયેલા મહાભારતકાળમાં પણ કેવા ભગવાન, કેવા ગુરુઓ, કેવા ધર્મરાજ, કેવા બાણેશ્વરી બનવા મથતા શિષ્યો, જ્ઞાતિવાદ આગળ વિદ્યાની કેવી હાર એવા પ્રશ્નો વગેરેનું જ્ઞાન થાય છે. ધીમે-ધીમે તેનામાં સ્વાભિમાન પ્રગટે છે ને તે પરંપરિત રિવાજ, માન્યતાઓ, અન્યાય, અત્યાચારો સામે બંડ પોકારે છે. કૉલેજમાં પટેલ સાહેબ દ્વારા ભણાવાતું ઉમાશંકર જોશીનું 'ઢેઢના ઢેઢ ભંગી' એકાંકી તેને ગમતું નથી. ઉમાશંકર જોશી અને ગાંધીયુગના અન્ય સર્જકોએ દલિતોની સમસ્યાને વાચા આપી નથી એથી એ અકળાઈ ઊઠે છે. લેખકના આ વિધાનોથી એવું લાગે છે કે કદાચ લેખકે ઉમાશંકર

૨૫૪. કીડીએ ખોંખારો ખાધો..., દિનુભદ્રેસરિયા, પાર્શ્વ પબ્લિકેશ, પ્રથમ આવૃત્તિ,૨૦૦૫, પૃ.૧૬

જોશીની બધી કૃતિઓ જોઈ નહીં હોય, જો લેખકે ઉમાશંકરના સમગ્ર સાહિત્યમાંથી પસાર થાય તો કદાચ લેખકને પોતાનો અભિપ્રાય બદલવાનો અવકાશ ઊભો થાય. આગળ કથાનાયક રાજુ કૉલજમાં 'ઢેઢના ઢેઢ ભંગી' ને બદલે રાષ્ટ્રીયપ્રેમ જન્માવનારા કે વૈચારિક ક્રાંતિ કરાવનારાં 'ચાલો અભિગમ બદલીએ''અધોગતિનું મૂળ વર્ણવ્યવસ્થા' અને 'દલિત સાહિત્ય' ભણાવવાની હિમાયત કરે છે. રાજુની છાત્રાલયમાં યોગેશ્વરવાળા પંડિત સાહેબ અને કરશન પરમાર 'માનવતાનો નાદ' વિષય પર વકતવ્ય આપે છે પણ તેમના વકતવ્યના મૂળમાં રહેલી મનુભગવાન લિખિત 'મનુસ્મૃતિ'ની વાત ડૉ.આંબેડકરની વિચારધારાથી રંગાયેલા રાજુને અને છાત્રાલયના અન્ય યુવકો અંધ રતિલાલ, મગન, વિઠ્ઠલ વગેરેને અકળાવે છે. રતિલાલ, રાજુ વગેરે તેમના પર શાબ્દિક પ્રહાર કરે છે. યોગેશ્વરની પીપૂડી વગાડનારની પોલ ખુલ્લી પાડે છે. રતિલાલ વિચારે છે કે ''મુસલમાનોનું ખાધું અન્ન પણ યોગેશ્વર જ પચાવતો હશે ? એ બધું યોગેશ્વર જ કરતા હોય તો નક્કી આભડછેટ રાખવાનું પણ તેજ શિખવાડતો હશે... ભાઈઓ, અહીં પધારેલા મહેમાનને અને પંડિત સાહેબને ઠેસ પહોંચાડવાનો મારો કોઈ ઈરાદો નથી પણ બ્રાહ્મણવાદના પાપમાંથી પ્રગટેલા અવતારવાદના કારણે આપણે ત્યાં તેત્રીસ કરોડ દેવતાઓની ફોઝ હોવા છતાં એક જ ગઝનીએ સોળ-સત્તરવાર સોમનાથ મંદિરને લૂટ્યું હતું.... મારે જાણવું છે કે ઇતિહાસના કયા પાને લખ્યુ છે કે રામે કોઈ પ્રજાનો ઉદ્ધાર કર્યો હોય ?''[૨૫૫]

રતિલાલની જેમ રાજુ પણ કહે છે કે ''કૂતરાની પૂંછડીને બાર વરસે ધૂળમાંથી કાઢો તોય વાંકીની વાંકી જ નીકળે પછી લોહીમાં દોડતા રક્તકણોને ફાડીને અંદર ઘૂસી ગયેલો આભડછેટ તો આંબેડકર માનતા હતા તેમ: 'યોગેશ્વર તો ઠીક, યોગેશ્વરનો બાપ આવશે તો પણ હડસેલી શકવાનો નથી...''[૨૫૬]

બધા ભેદભાવ ભૂલી 'ગીતા'ના ગીત ગાવાની શિખામણ આપતા પ્રેમજીકાકાને ઉધડો લેતો રાજુ કહે છે...''...તો પસ અમારા ઘરનું પોણી અનં ચા પીતાં શ્યમ ઘોઘરામાં ગાંઠો બંધાઈ જાય સં...?'' તમે અભડાઈ જતા હોય તો આ ફળિયામાં આવવાની કાંઈ જરૂર નથી... તમે, ગમે તેવાં ઊંડાં ભણાવો પણ એક વાત દીવા જેવી સાફ સફ્અ ભલે બધા સવર્ણો ખરાબ નંઈ આંય, પણ સવર્ણો જ આભડછેટ રાખે છે, બીજા નંઈ...![૨૫૭]

આમ, રાજુ,રતિલાલ, શામળ માસ્તર, નાથાલાલ વગેરે સવર્ણોના હાથા બનવાને બદલેકે તેમની માયાજાળમાં ફસાવાને બદલે ધર્મગુરુઓ, પંડિતો, વિચારકોની ભેદી ચાલ ઉઘાડી પાડે છે. રીઢા ખંધા રાજકારણીઓને પણ હંફાવે છે. આઝાદી પછી ભાદરડીના ભોળાભાઈઓને સમજાવી, ફોસલાવીને તો ક્યારેક ધમકાવીને સરપંચની ટોપી પોતાના માથા ઉપર ટકાવી રાખવામાં સફળ નીવડેલા પરભા પટેલ પંચાયતમાં સરપંચની સીટ 'અનામત' આવતા રઘવાયો થાય છે. આથી પરભા પટેલ પોતાના ભત્રીજાને અડધીરાતે બક્ષીપંચ બનાવી 'સરપંચ'ની સત્તા પોતાના ખીસ્સામાં રાખવામાં સફળ

૨૫૫. કીડીએ ખોંખારો ખાધો, પૃ.૮૪,૮૭,૮૮
૨૫૬. એજન, પૃ.૧૦૯
૨૫૭. એજન, પૃ.૧૧૦

રહેનાર પરભા પટેલ અને ગામના અન્ય સવર્ણોને 'હરિજન ગામનો ધણી' બને છે સ્વીકાર્ય નથી. તે દાવપેચ ખેલે છે. ઠાકરડા સામે ઝીંક ઝીલવા દલિતોને લાલચ આપે છે. કાંતિ મોચીને ખભા ઉપર બંદૂક ફોડવાનું કાવતરું ઘડે છે તે જ ઘડીએ કીડી ખોંખારો ખાય છે. નાથાલાલ તેના ષડ્યંત્રનો પર્દાફાશ કરી દે છે ને પરભા પટેલની બાજી ઊંધી પડે છે. અંતે તેની હાલત ઊંટ કાઢતાં બકરું પેઠયા જેવી થઈ જતાં પંચાયતના સદસ્યની ચૂંટણીમાં પણ વીલા મોઢે પાછો ફરે છે. શામળ માસ્તર સરપંચ અને ઉપસરપંચ નાથાલાલ બનતા પરભા પટેલના હોશકોશ ઊડી જાય છે. આ ઘટનાને રાજુ 'કીડીનો ખોંખારો' ગણાવે છે. કથાન્તે કીડી, કીડી ન રહેતા વાઘ બની હોય તેની વાચકને અનુભૂતિ થાય છે. કથાન્તે શીર્ષક સાર્થક ઠરે છે. દલિતોમાં જાગૃતિ આવતા પંડિતો, પૂજારીઓ, રાજકારણીઓ, વહીવટદારો, સાંપ્રદાયિકતાના નગારા વગાડનારા વગેરેની પોલ ખોલી આપે છે. અંધશ્રદ્ધા, માન્યતાઓ વગેરેને જાકરો આપે છે.

અહીં લેખકે બાબરીધ્વંસ અને ગોધરાકાંડનેય આવરી લીધા છે. તોફાનોમાં દલિતોને સવાયા હિન્દુ બનાવી ઉપયોગ કરવામાં આવે છે તેના પ્રત્યે લેખકને તીવ્ર આક્રોશ છે. અનેક પ્રસંગો નવલકથામાં સાંકળવાનો પ્રયાસ લેખકે કર્યો છે. વાસના ભંગી રઘજી બ્રાહ્મણની છોકરીને લઈને નાસી ગયાનો પ્રસંગ, ગામની દૂધ સહકારી મંડળીની ચૂંટણી, અમથાતૂરીની ભૂંગળનો પ્રસંગ, માંનીના મૃત્યુનો પ્રસંગ, મહાશિવરાત્રી, દીવાળીના તહેવાર, ભૂતનાથનો ટુકડો, મગન મોટાની મંગુરીને માણસાનો પટેલ લઈને નાસી ગયાની ઘટના, કોલેજના વાર્ષિકોત્સવ વગેરે ઘટનાના ઘોડા ધડાધડ દોડ્યે જાય છે. પ્રસંગોની ગૂંથણી કલાત્મક રીતે થઈ નથી. વાત સતત ફંટાયા જ કરે છે આથી કૃતિ શિથિલ લાગે છે. કર્ણનો પ્રસંગ, કૉલેજના વાર્ષિકોત્સવ વખતે ગવાતા આખાને આખા ગુજરાતી પોપ ગીતો વાર્તા પ્રવાહને અવરોધે છે. લેખક પાસે અનુભવોનું ભાથું છે પણ એ અનુભવો, પ્રસંગોનો કાર્યસાધક વિનિયોગ કરવામાં સફળ રહ્યા નથી. ઘટનાને પ્રચારાત્મક શૈલીને બદલે સાંકેતિક રીતે રજૂ કરી હોત તો કદાચ કૃતિ વધારે ચુસ્ત અને કલાત્મક બની શકી હોત. ડૉ. ભરત મહેતા લખે છે કે, ''પ્રસંગોની હારમાળા છે. પ્રસંગ ચયન નવલકથામાં ખૂબ જરૂરી હોય છે. ત્રિજ્યાને વિસ્તારી દેતા, રહસ્યગર્ભ પ્રસંગો અહીં નથી. પ્રસંગોના સમયે નાયકના પ્રતિભાવોય નથી મૂકાયા. વારે વારે એવું થયા કરે કે આ લેખકે નવલકથાનું સ્વરૂપ પસંદ કર્યું એના કરતા આત્મકથા લખવા જેવી હતી. વિદ્રોહ કે નકારના દલિત સાહિત્યનાં તત્ત્વો અહીં હાજર છે પણ એ કળારૂપ પામતા નથી.''[૨૫૮] ડૉ.કેશુભાઈ દેસાઈ પ્રસ્તાવનામાં નોંધે છે કે ''મારે દુઃખ સાથે નોંધવું પડે છે કે ક્યાં અટકવું એ આ દલિત લેખક હજી સુધી શીખ્યા લાગતા નથી. કલમનેય બ્રેક હોવી જોઈએ. પરંતુ દિનુ ભદ્રેસરિયા તો મન ફાવે એમ લખતા જ ગયા છે. એથી નરી વિતંડા જ સરજાય છે અને એમના મૂળ આશય સહિત કળાનો સાંધોપાના છેદ ઊડી જાય છે''[૨૫૯] વસ્તુસંકલનાની દષ્ટિએ આ રચના નબળી પુરવાર થાય છે પણ પંડ્યની પીડા અહીં વેધકતાથી આલેખાઈ છે. રાજુનો છાત્રાલયમાં રહેતો રૂમ પાર્ટનર રતિલાલ દલિતપણાની વેદનાને વાચા આપે છે તે જોઈએ: ''હું તો આભડછેટને જોઈ શકતો નથી કારણકે મારી આંખોમાં કુદરતે અંધારુ કર્યુ છે, પરંતુ તમે જોઈ શકો છો તો ય કેમ ચૂપ છો ?.....

૨૫૮. હયાતી, તંત્રીઃ હરીશ મંગલમ્, લેખઃ 'કીડીએ ખોંખારો ખાધો' વિશે-ડૉ.ભરત મહેતા, સપ્ટેમ્બર-૨૦૦૫, પૃ.૪૪
૨૫૯. કીડીએ ખોંખારો ખાધો, દિનુ ભદ્રેસરિયા, પ્રસ્તાવના લેખ પૃ.૯

મારી આંખ તો ભગવાને જન્મથી જ લઈ લીધી છે, તેનું મને દુઃખ નથી પરંતુ સવર્ણોએ આભડછેટની હોળીમાં આપણા માનવીપણાની ઓળખાણને સળગાવી દઈ તેને અને મને 'ઢેઢ' બનાવી મૂક્યા છે એનું મને વધારે દુઃખ છે''[૨૬૦]

રાજુના નીચેના વિધાન દ્વારા દલિત સમાજની દયનીય સ્થિતિનો પરિચય મળે છે– ''તોછડાઈથી નાંખેલાં રોટલાનાં બટકાં તો કૂતરાંય ખાતા નથી અનં અમે તો મનેખ શીએ... રોજ આવા રોટલે ભેટ ભરીને મારો બાપ શ્યાલી મણની ભાંય ખેડ્અ સં ? કૂતરાંય મોઢું ના મેલં એવાં મકાઈના થેથાં આંશાનં નથી ભાવતાં, એ ઘોઘળે શ્યમ કરીને ઊતરતા અહં ?[૨૬૧]

સામાજિક અસમાનતા, આભડછેટ, વર્ગભેદ, વર્ણભેદનું હૃદયદ્રાવક વર્ણન અહીં પણ જોવા મળે છે. મંદિરોમાં પણ આભડછેટ પરાય છે. પરભા પટેલ તો કામના સ્વાર્થમાં આભડછેટનો ઘર પુરતો જ અમલ કરે છે, ખેતરમાં તો હાથોહાથ આપલે કરે છે ! એક ધ્યાનપાત્ર બાબત એ છે કે પરભા પટેલ માત્ર દલિતોનું જ શોષણ નથી કરતા પણ તે પોતાના ડૉક્ટર દીકરા નરેશની વહુ કમળાને કરશનની જેમ ઘરમાં ઢોરનું વાસીદું ભરવા રાખેલી આદિવાસી બાઈ જ માનતા ! કમળા જેવી જ સ્થિતિ દલિત મગન મોટાની મંગુરીની છે. મંગુને સાસરી અને પિયર બંને જગ્યાએ દુઃખ ભોગવવું પડે છે. અહીં નારીને પિતૃસત્તાનો ભોગ બનતી લેખકે દર્શાવી છે.

દલિત વિશ્વ પણ અહીં સુપેરે અંકિત થયું છે. તેમના સાળનો વ્યવસાય, 'અણશ કાઢવાનો રિવાજ, પંચનું ચિત્ર, ધનતેરસના દિવસે વણકરવાસમાં હાથસાળ અને ઢોર ફાડવાની છરીને પૂજવાની પ્રથા, કાળી ચૌદશના દિવસે સ્મશાનમાં મેલી વિધિ શિખવા જવું, દીવાળીના મેળાયું કરવાનો રિવાજ, 'તાવ તળિયો... રોગ રળિયો.... જજો બધુ ગામબાર. મેરાયું કરવાથી તાવ ભાગી જાય એવી તેઓની માન્યતા. ગરબાનો પ્રસંગ વગેરેમાં ગ્રામ ઉત્સવોની મજા મસ્તી જોવા મળે છે. ઈડરના તળવિસ્તારની બોલીનો સમર્થ વિનિયોગ થયો છે. નવલકથાકારે યુગોથી પીંખાઈ, પીસાઈ રહેલા દલિતોની વેદનાને, દલિતોના સવર્ણો પ્રત્યેના આક્રોશને ઉગ્રવાણીમાં વાચા આપી છે. આક્રોશ કયારેક નફરતમાં ફેરવાઈ જતો પણ જોવા મળે છે જે સહજ છે. હરીશ મંગલમ્ નોંધે છે કે , ''મારે મન અન્યાયો પ્રતિ જે લેખક ઝઝૂમે, વિદ્રોહ પોકારે, કાળઝાળ થઈ ઊઠે અને પ્રતિબદ્ધતાનો જયઘોષ જગાવે તે તેનું અદકેરું મૂલ્ય છે. વળી, યુગોથી થતા અમાનવીય અત્યાચારો સામે તો 'કીડીએ ખોંખારો ખાધો' જેવું તેજાબી ભાષા પ્રયોજન અતિ આવશ્યક છે'' [૨૬૨]

ગદ્યના ચમકારા પણ કયાંક–કયાંક જોવા મળે છે. જેમ કે,

'પણ આંધળી ચાકણની જેમ ભરડાયેલો કફ ફેફસામાંથી વછૂટ્યો ન્હોતો' [૨૬૩]

---

૨૬૦. કીડીએ ખોંખારો ખાધો, પૃ.૫૪,૫૫

૨૬૧. એજન, પૃ.૩૬

૨૬૨. હયાતી,સપ્ટેમ્બર-૨૦૦૫, પૃ.૪૭

૨૬૩. કીડીએ ખોંખારો ખાધો, દિનુ ભદ્રેસરિયા, પૃ.૭,૮

'પાતળી ગોદડીનાં ગાભામાં જાણે હવા ભરાઈ હોય એમ બધાં પરપોટા બની ફૂલવા લાગ્યા'[૨૬૪]

'.... હાથ વણાટવાળા પહેરણ નીચે પહેરેલા ધોળા ધોતિયાવાળી પંચાતિયાની હારમાળા જોતાં બે ઘડી લાગે જાણે કે ભર્યા ચોમાસે તળાવની પાળે અમાપસ્નાનથી ઊજળા થયેલા બગલા ઊડતા હોય !'[૨૬૫]

'કીડીએ ખોંખારો ખાધો...'માં દલિત રાજુ, શામળ માસ્તર, નાથાલાલ, રતિલાલ વગેરે દ્વારા ટેંબાના ઘોર અંધારાને ઉલેચવાની મથામણ થઈ છે. દલિતોના આત્માને ઢંઢોળવાનો પ્રયાસ અહીં થયો છે. મનુવાદી વર્ણવ્યવસ્થા પ્રત્યેનો તીવ્ર આક્રોશ તાર સ્વરે અહીં પ્રગટ્યો છે. રાજુના પાત્ર નિમિતે લેખકનું દલિત સમસ્યા વિશેનું ચિંતન રજૂ થયું છે જે હૃદયને હચમચાવી તો દે જ છે. સત્યનો રણકો અહીં તારસ્વરે સંભળાય છે કારણ સર્જકનો પોતાનો અતીત કદાચ એમાં આળોટતો દેખાય પણ સર્જનકૃતિ કે સાહિત્યકૃતિની ગુણવત્તાનો પ્રશ્ન આવે છે ત્યાં અભિવ્યક્તિની નોખી તરાહોથી સંવેદનાના સૂક્ષ્મતાને સ્પર્શ ન થાય તો કૃતિ સપાટી પરની અભિવ્યક્તિ બની જાય. એમની લાગણી કે એમના ભાવને વ્યકત કરવાનો સર્જકને પૂરો અધિકાર છે પરંતુ સાહિત્ય સ્વરૂપનાં પોતાનાં આગવાં પરિમાણો સાહજિકતાથી સર્જાતાં જતાં હોય અને અંકોડા એકબીજામાં ગૂંથાઈને સુવ્યવસ્થિત ઘાટ આકારિત કરતા હોય તો એ સર્જનકૃતિનું મૂલ્ય અનેક ઘણું વધી જાય છે. એક અંતિમ બિંદુ પરથી બીજા અંતિમ બિંદુ પર ન જવાય પણ લેખક ગયા છે એવું લાગે છે ને ત્યાં સમજણનો અભાવ અને અપરિપકવતા નજરે ચડે છે. નવલકથાનો કલાઘાટ બંધાતો નથી માત્ર અણઘડ આક્રોશનાં દર્શન થાય છે.

## 'ગેબીટીંબો'-કાંતિલાલ પરમાર

'ગેબીટીંબો' કાંતિલાલ પરમારની પ્રથમ નવલકથા છે. આ રચનામાં દલિત સમાજની વેદના-સંવેદના ને વિડંબનાને વાચા આપવામાં આવી છે. લેખકે તેના નિવેદનમાં કહ્યું છે તેમ આ નવલકથા લેખકના પોતાના જીવનના અને એમાંય કિશોરકાળના પ્રસંગોનું આલેખન છે. કથાનાયક આકાશ માધ્યમિક શાળામાં ભણે છે ત્યાંથી માંડીને એ ડૉક્ટર બની દવાખાનું શરૂ કરે છે ત્યાં સુધીની પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્ર દ્વારા આલેખાઈ છે. 'ગેબીટીંબો'ને આત્મકથનાત્મક નવલકથા કહીશ તો ખોટું નથી.

નવલકથાનો આરંભ કથાનાયક દલિત આકાશ અને તેની સહાધ્યાયી સવર્ણ (વણિક) સ્વાતિ (બંને તબીબ) બંને પોતાના જ ગામ ટિંબે હોસ્પિટલ ખોલે છે ત્યાંથી થાય છે ને અંત પણ આજ ઘટનાથી આવે છે. પીઠઝબકારની પ્રયુક્તિ દ્વારા પૂર્વપ્રસંગોની ગૂંથણી લેખકે કરી છે. ગામડાની શાળા, આકાશના મિત્રો, દલિતોને ઠાકોર, પટેલો દ્વારા થતી કનડગત, દલિતોની ગરીબી વગેરેનું વિગતવાર આલેખન થયું છે. સ્વાતી પ્રગતિશીલ વિચારધારા ધરાવે છે. કોમી તોફાનોમાં પોતાનો

૨૬૪. કીડીએ ખોંખારો ખાધો, પૃ.૩૧

૨૬૫. એજન, પૃ.૩૫

ભાઈ ગુમાવી બેઠેલી સ્વાતિને સવર્ણ-દલિત વચ્ચેના ભેદભાવ પ્રત્યે ચીડ છે. તેને કોઈપણ પ્રકારના ભેદભાવ ગમતા નથી ને કથાન્તે સવર્ણોના દલિતો પ્રત્યેની હીન માનસિકતા પ્રગટ થઈ છે. એક જ ગામમાં એક સાથે બે જણ ડૉક્ટર બને છે ત્યારે સવર્ણ ડૉક્ટરનું બહુમાન થાય અને દલિત ડૉક્ટરનું ન થાય !! સ્વાતિ આકાશની સહાધ્યાયી છે, મિત્ર છે, બંને એકબીજાને પ્રેમ કરે છે છતાં પરણી શકતા નથી! લેખકે અનામતના મુદ્દાને પણ વણી લીધો છે. કથાનાયક કહે છે : ''અમારા માટે અનામત ન હોય તો ભાગ્યે જ અમારામાંથી કોઈ ડૉક્ટર, એન્જિનિયર કે નોકરિયાત બની શકે. (ગેબીટીંબો- કાંતિલાલ પરમાર, આર.આર.શેઠની કંપની, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૧૧૬)

આ વ્યથા, વેદના માત્ર ચુવાળ પંથકની જ ન રહેતા સમગ્ર દલિત સમાજની વેદના-સંવેદના બની રહે છે. દલિતોનો સવર્ણો પ્રત્યેનો સીધો આક્રોશ નથી. પોતાને અન્યાય, અપમાન કરનાર પ્રત્યે પણ આકાશ ચૂપ રહે છે, આકાશનું ચરિત્ર સજ્જન હોય તેવું લેખકે આલેખ્યું છે. આકાશના મનોસંઘર્ષને લેખકે આલેખ્યો નથી. સંઘર્ષ નથી ! પણ સમાનતાની, સમન્વયની વાત છે. સમાજ સુધારણાનો ધીમો સૂર કથામાંથી સંભળાય છે.

નવલકથાની ભાષામાં સર્જકની સર્જનાત્મકતાનો અભાવ જોવા મળે છે. પાત્રોચિત બોલી નથી. પાત્રોના મનનાં ઊંડાણને લેખકે તાગવા જોઈતા હતા. પરંપરિત શૈલીમાં કથા આલેખાઈ છે. આરંભે ધીમી ગતિએ વહેતો કથાપ્રવાહ અંતે વેગવાન બને છે.

## ૪.૩ દલિતેતર સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬)

આપણે અગાઉ જોયું તેમ ૧૯૭૫ના નવનિર્માણ આંદોલનને કચડીને આવેલી કટોકટી, અનામતનું રાજકારણ વગેરેનો લાભ લઈને ધીરે-ધીરે સવર્ણો અને દલિતોને પ્રગતિના બદલે સાંપ્રદાયિક બનાવીને ઈન્દિરા ગાંધીની હત્યા પછી શરૂ થયેલું ભાજપનું સમરસતા (હિન્દુ-દલિતની એકતા) આંદોલન વગેરેના કારણે કોંગ્રેસે અનામતનો ટુંકડો ફેંકીને દલિતોની અસ્મિતાને સાચા અર્થમાં નહીં પણ કાગનો વાઘ બનાવીને રજૂ કરી હતી. તેમ ભાજપે તેમનો સવાયા હિંદુ બનાવીને વિનિયોગ કરવા ધાર્યો પરિણામે દલિત અને બિનદલિત નજીક આવ્યા પરંતુ સમાજમાં બીજી લઘુમતીઓ પ્રત્યેનો જે દ્વેશ કેળવાયો તેમાં દલિતોનો ઉપયોગ થયો- હાથા બનાવવામાં આવ્યા. મુસ્લિમો સામે દલિતો અને આદિવાસી સામે ઈસાઈઓને ધરી દેતી રાજકારણની શતરંજ સંવેદનશીલ લેખકોને ચોકાવવા માટે પૂરતી હતી પરંતુ ગુજરાતી સર્જક આ રાજકીય ભાતને સઘનતાથી ઓળખી શકે તેટલો સક્ષમ નથી તેથી બિનદલિતોના હાથે મળેલી 'બદલાતી ક્ષિતિજ' (૧૯૮૬)(જયંત ગાડીત)નો તંતુ જેટલો વિકસવો જોઈતો હતો તેટલો વિકસી શક્યો નથી. 'વરાળ' (૧૯૭૯)રામચંદ્ર પટેલ, 'પ્રલંબ પંથ' (૧૯૭૯)પિનાકિન દવે, 'આંસુભીનો ઉજાસ'(૧૯૮૪)દિલીપ રાણપુરા, 'કાળો અંગ્રેજ'-ચિનુ મોદી, 'મશારી(૧૯૮૬) કિશોરસિહ સોલંકી', 'ઇચ્છાવર'(૧૯૮૭)રઘુવીર ચૌધરી, 'અંધારું' (૧૯૯૦)મણિલાલ હ. પટેલ,

'મંજિલ હજુ દૂર છે' (૨૦૦૬)ડૉ.પ્રદીપ પંડ્યા જેવી અનેક રચનાઓ આભાસી દલિત વિશ્વને જ સર્જતાં રહ્યા. જેમ હિંદીમાં બિનદલિત સર્જક દ્વારા મનુ ભંડારીની 'મહાભોજ' જેવી રચના પ્રાપ્ત થઈ તેવી રચના ગુજરાતીમાં પ્રાપ્ત થઈ શકી નહીં. તેથી બિનદલિતોના હાથે લખાયેલી દલિત નવલકથાઓના આ ખંડમાં આપણે જોઈ શકીશું કે 'બદલાતી ક્ષિતિજ' રચના જ આજ લગી શ્રેષ્ઠ રહી ! આ વાસ્તવિકતા કરુણ છે. એટલું જ નહીં પણ 'બદલાતી ક્ષિતિજ'ની અડોઅડ મૂકી શકાય તેવી રચના આશ્ચર્યજનક રીતે જયંત ગાડીત પાસેથી જ ૨૦૦૨માં 'પ્રશામુ' રૂપે પ્રાપ્ત થઈ. 'પ્રશામુ'ના નાયક મફતલાલ બદલાતી ક્ષિતિજના જીવાભાઈ વાઘરીની જેમ જ શિક્ષિત દલિત છે. સચિવાલયનો કર્મચારી છે અને ખરેખર જ ૧૯૭૫ થી ૨૦૦૦ની દલિત સ્થિતિની ઉજળી અને કાળી બેઉ બાજુને અસરકારક રીતે વ્યકત કરે છે. 'વરાળ' થી 'મંજિલ હજુ દૂર છે'ની વચ્ચેના ગાળામાં કઈ-કઈ કૃતિઓ દલિત નવલકથા તરીકે બિનદલિતોના હાથે લખાઈ છે તેની ચર્ચા હું આ ખંડમાં કરીશ.

## 'વરાળ'- રામચંદ્ર પટેલ

રામચંદ્ર પટેલની 'વરાળ' નવલકથાના કેન્દ્રમાં અમદાવાદના ગૂજરાત વિદ્યાપીઠનો સ્નાતક (સવર્ણ) સાકેત પટેલ છે. તે ગામડાનો જીવ છે. પ્રવર્તમાન શિક્ષણનીતિ તરફ તેને તિરસ્કાર છે. ''.....જે યુવકોના હાથ-પગ કાપી નાખી નિર્માલ્ય કરતી હોય એ કેળવણી કેળવણી નથી; પણ ઝેર છે... જે કેળવણી આદર્શના મૂળમાં ચારિત્રબળ ન રેડતી હોય ને લાંચ-લાગવગની ઊધઈ ચડાવતી હોય એને હું કેળવણી ગણતો નથી''[૨૬૬] આથી વિદ્યાપીઠના પદવીદાન સમારંભવેળાએ કુલપતિની સામે જ 'સુવર્ણચન્દ્રક' ફેંકી અને સર્ટિફિકેટ ફાડી નાખીને ત્યાંથી તે પોતાના વતન સોનાસર ગ્રામોદ્ધાર માટે આવતો રહે છે. સોનાસરમાં દુષ્કાળમાં સપડાયેલા લોકોની નાત-જાતના ભેદભાવ વગર સેવાનું કામ શરૂ કરે છે. દુકાળમાં ગામ છોડી અન્ય સ્થળે જવા માગતા ખેડૂતોને સાકેત સમજાવે છે ને ઘાસ ભેગું કરીને ઢોરોને બચાવવાની યોજના લોકો સમક્ષ મૂકે છે. પોતાના જ પૈસે પોતાની જમીનમાં ટ્યુબવેલની વ્યવસ્થા કરી ગામલોકોની જમીનમાં પાણી પહોંચાડે છે. સામૂહિક પરિશ્રમની ભાવના વિકસાવે, ખેતીની યોજના કરે છે અને મંદિરની પડતર જમીનને પણ ફળવંતી બનાવે છે. ગામ લીલુછમ થઈ ઊઠે છે. વળી ગામમાં કન્ઝયુમર્સ સ્ટોર શરૂ કરે છે. જેમાં અનાજ,ગોળ,તેલ,કપાસ વગેરેનું વેચાણ નહીવત નફાથી કરવામાં આવે છે. સત્ય અને પ્રામાણિકતા પર વિશેષ ભાર આપે છે. દારૂબંધી કરાવી, ગામમાં પુસ્તકાલય અને હોસ્પિટલ ખોલે છે. સોનાસરમાં ચમાર,વાઘરી,રાવળ, વણકર વગેરેની દયનીય સ્થિતિ છે. જેમને સામાજિક આર્થિક રીતે નિમ્ન માનવામાં આવે છે પણ સાકેત ધર્મ કે જાતિભેદમાં માનતો નથી. પોતાને ત્યાં કામ કરતા દરેક મજૂરને તે 'માણસ' તરીકે જુએ છે, રાખે છે, તેની માનસિકતા તેના ગામના અન્ય સવર્ણો કરતા ઉદાર છે. તે દલિતો સાથે સહજતાથી વર્તે છે પણ એ કેટલાક સવર્ણોને સ્વીકાર્ય નથી. તેની સેવાપ્રવૃત્તિઓમાં અનેક અડચણો ઊભી કરે છે. અંતે વેઠવાનું તો સાકેતને જ આવે છે. જ્યારે નાગજી ચમારની નવી પત્ની સાકેતના ચરણસ્પર્શ કરે છે ત્યારે એની જ એક નોકરાણી કહે છે.

૨૬૬. વરાળ, રામચંદ્ર પટેલ, આર.આર.શેઠ, મુંબઈ, પ્ર.આ.૧૯૭૯, પૃ.૧

'અરેરે, સાકુજી તમે આ શું કીધું ? અભડાયા !'

'શેઠજી, ઈને અડાતું હશે ? ઈ ચમાર ચ્યાં'

'બઈ માણહને ઓમ ઝલાતી હશે સાકુભૈ ? ઈ તો રાંડ પગે પડવા આવ.....''[૨૬૭]

પણ પ્રગતિશીલ વિચાર ધરાવતા સાકેતને પોતાની નોકરાણીની આ વાહિયાત વાત લાગે છે અને તે તેનો વિરોધ કરતા જણાવે છે

''મેં તો શિષ્ટાચાર સાચવ્યો છે. અડવાથી અભડાવાતું નથી. અછૂત એટલે શું થઈ ગયું ? એનામાં આપણા જેવો જ જીવ વસે છે. એ માણસ છે. માણસના ખોળિયાને માણસનું ખોળિયું અડે એમાં દુઃખ લગાડવાનું કંઈ કારણ નથી''

'ઈ સે'રમાં ચાલે, અંઈ ગામડામાં હંભાળવું પડ'

'શહેરમાં એ લોકોને સ્પર્શ કરી શકાય, પાસે બેસાય, તો ગામડામાં કેમ છૂટ ન લઈ શકાય ? પૂર્વજોથી ચાલી આવતી શૂદ્રોને તિરસ્કારવાની રીત એ સતવૃત્તિ નથી; પણ આપણી શૂદ્રતા છે. એને કાઢી થોડુંક એમની સાથે હળીમળી જોડાઈએ અને જો પછી સમાજ નિંદે, તરછોડે તો એ સમાજ નથી, પાંજરાપોળ છે. લોકોએ છૂત-અછૂતનો ભેદ માનવજાતમાંથી દૂર કરી, પ્રેમ-સંપથી જીવવું જોઈએ'[૨૬૮]

અહીં સાકેતે ગામડાના સવર્ણોની ભેદભાવ ભરેલી, સડેલી માનસિકતા પર પ્રહાર કર્યો છે. દલિતો સાથે તિરસ્કારભર્યો વ્યવહાર કરવો એ તેના મતે સતવૃત્તિ નહીં પણ શૂદ્રતા છે. તે સવર્ણ અને દલિત વર્ગના લોકો વચ્ચે સમાનતા, ભાઈચારો અને સંપની ભાવના જન્માવવા માટે રેટિયાબારસના દિવસે 'સત્યનારાયણની કથા'નું આયોજન કરે છે. કથામાં માત્ર દલિતો અને થોડાક જ સવર્ણો આવે છે. દેવશંકર પુરોહિત, પરાગકાકા, સેવકરામ, ઈશ્વર વગેરે લાકડીઓ, ધારીઆ લઈને આ કથાનો વિરોધ કરવા આવી પહોંચે છે પણ સાકેત તેની પરવાહ કર્યા વિના કામ કરે છે. એ જ રીતે જ્યારે ગામમાં પડેલા દુષ્કાળમાંથી સત્વરે કેમ, કેવી રીતે ઉગરવાની વાત આવે છે ત્યારે સાકેતના પ્રયાસથી લગભગ દરેક જાતિના વ્યક્તિ પોત-પોતાના પરંપરાગત વ્યવસાયના આધારે સહયોગ આપવા તૈયાર થાય છે. કથામાં સાકેતનું આદર્શ માનવતાવાદી ચરિત્ર ઉપસતું જોઈ શકાય છે. નવલકથાકારે સાકેત જેવા સવર્ણ પાત્રની પ્રગતિશીલ વિચારધારા દ્વારા માત્ર દલિતોની જ નહીં પણ સવર્ણ સમાજની બદલતી માનસિકતાનો પરિચય કરાવ્યો છે.

અહીં નિરૂપાયેલ દલિત સમાજ પરંપરાગત રીત રિવાજો, માન્યતાઓ, રૂઢિઓથી ગ્રસ્ત છે. સાકેત જ્યારે તેને પોતાના રચનાત્મક કાર્યમાં જોડાવવાનું કહે છે અથવા તો તેની સાથે સબંધ રાખવા ચાહે છે ત્યારે તે પોતાની જાતિ સામે રાખીને તેનાથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે. સાકેત ખેતરમાં

૨૬૭. વરાળ, પૃ.૬૧
૨૬૮. એજન, પૃ.૬૧,૬૨

જ્યારે દલિત કન્યાને એના હાથે ભાતમાથી ખાવાનું લઈ લેવાનું કહે છે ત્યારે તે કહે છે :

'હું ચમાર સું' એ હળવા હૃદયથી બોલી ઊઠી હતી.

સાકેત કહે છે – 'એમાં શું થઈ ગયું ? જો કોઈ જોતું ના હોય તો....'

'ના'

'હું આપુ તો જ ?'

'હા' [૨૬૯]

સાકેત પોતાના હાથેથી વાસણમાં ખાવાનું રાખે છે ત્યારે જ તે ખાય છે ! સાકેત દલિતોની સાથે માનવીય વ્યવહાર કરીને તેના મનમાં વર્ષોથી ઘરબાઈ ગયેલી માનસિકતાને દૂર કરે છે.

ચમાર સમાજમાં કન્યાઓને દામથી ખરીદવાની જંગલી જાતિ પ્રથા પ્રચલિત છે. કન્યાવાળા પાંચ હજાર રૂપિયામાં બુઢ્ઢાની સાથે પણ પોતાની દીકરીના વિવાહ કરવા તૈયાર થઈ જાય છે. કથક કહે છે કે પાંચ હજાર રૂપિયામાં બૈરુ. કન્યાના કાકાને પૈસા પકડાવી ઈને દોરી આગળ.... ચમાર કોમમાં અત્તરી પૈસાથી જોઈએ ઈવી મળે. મફતડી ના લવાય. નંધ્યા થાય. અછૂતની કન્યાઓ નાના મોટાને તંઈ પૈસાથી જાય. ના ગમે તો પછીબી બીજાનું ઘર બાંધે'[૨૭૦] ચમાર કોમમાં પિતાને 'કાકા' કહેવાની પ્રથા છે. આ સમાજમાં સ્ત્રીને પરણ્યાની પહેલી રાતે માલિક, જમીનદારને ત્યાં પગે લાગવા જવાની પણ કુપ્રથા છે. આમ, આવી કુરૂઢિઓને કારણે અને ખાસ તો અજ્ઞાનતા, અશિક્ષણ ઉપરાંત ભૂમિહીનતા, શોષણને કારણે તેમની સ્થિતિ કફોડી થયેલી જોવા મળે છે. સાકેત એક વાઘરીને હાડકા ખોદતો જૂએ છે તે જોઈએ

'નેના છોકરાંના હાડકાં વેણુ સું'

'શું કરવા ?'

'ખાવા'

'હાડકાંને ખવાતાં હશે !'

'ખવાય, ખાંડી ભુક્કો કરી ઈમાં તેલ નાંસી ખવાસે'[૨૭૧]

સાકેત ગામના દરેક વર્ગના લોકોની સ્થિતિની જાત તપાસ કરી દરેક વર્ગ અને વર્ણના લોકો વચ્ચે પ્રેમભાવના સ્થાપી અને જરૂરતમંદને આર્થિક મદદ પણ કરે છે. પોતાને ત્યા મજૂરી કરતી જકુમાની મજૂરી પણ વધારી દે છે. આવા અનેક પ્રસંગોમાં તેની ઉદારતાનો પરિચય મળે છે. ગામને દુષ્કાળની કપરી પરિસ્થિતિમાંથી ઉગારવા માટે અને દરેકને માનવીય અધિકાર પ્રાપ્ત થાય તે માટે તે પોતાનું પણ બલિદાન આપવા તૈયાર થાય છે. કથાન્તે જ્યારે મંદિરનો પૂજારી મંગળભારથી પોતાની જ પુત્રી કદલી પર બળાત્કાર કરે છે ત્યારે તે ગુસ્સામાં આવી તેનું ખૂન કરી નાખે છે. અંતે સાકેત

૨૬૯. વરાળ, પૃ.૧૦
૨૭૦. એજન, પૃ.૧૩
૨૭૧. એજન, પૃ.૪૮

પોતાની જમીનનો તેમજ ગ્રામ્ય મિલકતનો દસ્તાવેજ ભગીરથના નામે કરી તેને ગામ સંભાળવાની સત્તા આપી અને પોલીસવાનમાં ગામ છોડી જતો બતાવ્યો છે.

સાકેત પિતાની મૂડીથી ગામના કામો એક પછી એક આટોપે છે. દારૂબંધી અને અસ્પૃશ્યતાને સાફ કરી નાખે છે. દલિતોમાં સ્વાભિમાન અને આત્મસન્માન જગાવવાનો પ્રયાસ સાકેત દ્વારા કરવામાં આવ્યો છે. એટલું જ નહીં તે પોતાના દુષ્કાળગ્રસ્ત વતનને લીલુંછમ બનાવે છે અને એ સાથે બુઝાતી માનવતાનેય સંકોરે છે. સાકેતનું પાત્ર કથામાં આરંભથી અંત સુધી ભાવનાશાળી અને સેવાભાવી યુવાન તરીકે ઉપસી આવે છે. આ ઉપરાંત ડૉ.સિદ્ધાર્થ, ભગીરથ, માથુરમુખી, માધવ, સેવકરામ, ગૌચરી, ભોલાનાથ, ઈશ્વર, બાવસી-નાગરાજ, સદો વણકર, ધૂળો વગેરે પોતપોતાનું નિજી વ્યક્તિત્વ ધરાવે છે. બાવસી પ્રત્યે સાકેતને પ્રેમ હોય એવું લાગે છે પણ આ સંબંધ કથામાં ઊઘડતો નથી. કેટલાંક વર્ણનો પ્રસ્તારી લાગે છે. તળબોલીનો સબળ વિનિયોગ થયો છે. ગદ્ય પણ કાવ્યમય છે. કથાનું શીર્ષક 'વરાળ' દુષ્કાળના લુખ્ખા વાયરાનું પ્રતીક બનીને આવે છે. અલંકાર, કલ્પનનો વિનિયોગ સર્જકે સફળ રીતે કર્યો છે. ગોચરી કથામાં પરોક્ષ રૂપે હાજર છે ને સાકેતનાં સ્મરણોમાં આવ્યા કરે છે. ટ્યુબવેલ વડે નીકળતું તળનું પાણી જાણે સાકેતનું ભીનું હૃદય છે ! અને પાણીની શોધ જાણે એનું હૃદયમંથન છે. રૂપક નોંધપાત્ર છે.

'પૃથ્વી પર ઠરેલા ઝાકળ જેવું હતું મારું ગામ સોનાસર'[૨૭૨]
'ભાત ઢૂંઢિયા બાપજીની જેમ જમીન પર પડી રહ્યું હતું'[૨૭૩]

ડૉ.મણિલાલ હ. પટેલ નોંધે છે '' સાંપ્રત યુગચેતનાને ઝીલતી ભાષાને વિશિષ્ટ રીતે પ્રયોજતી આપણી આજની કેટલીક નોંધપાત્ર નવલકથાઓ કરતાં 'વરાળ'માં વિષયવસ્તુ અને લખાવટ તદ્દન જુદાં છે. રામચન્દ્રનો માર્ગ એમનો પોતાનો અને નોખો છે''[૨૭૪] ડૉ. ભરત મહેતા લખે છે ''વરાળ'માં સર્જક કવિ છે એનો અણસારો ગદ્ય આપતું રહે છે''[૨૭૫]

## 'પ્રલંબપંથ'- પિનાકિન દવે

પિનાકિન દવે રચિત 'પ્રલંબપંથ'માં મોટા ભાગના દલિતો અભણ છે. શહેરમાં સાફ-સફાઈનું કામ કરે છે. માત્ર કથાનાયક રવિ વર્મા જ ભણેલો છે ને જે સેલ્સટેક્ષ ઓફિસર છે. જાતિવ્યવસ્થાથી ઉત્પન્ન થયેલ અમાનવીયતામાંથી મુક્તિ મેળવવા માટે તે શહેરમાં સવર્ણોના મહોલ્લામાં પોતાની જાતિ છૂપાવીને રહે છે કારણ કે તેને સવર્ણ સમાજમાં હળીભળી જવું છે. તે પડોશમાં રહેતી ને કૉલેજમાં ભણતી સવર્ણ માલ્વિકાના પ્રેમમાં પડે છે, વિવાહ પણ કરી લે છે. માલ્વિકા પુત્રને જન્મ આપે છે. આઠેક વર્ષ તો સુખ-શાંતિથી પસાર થાય છે પણ એક દિવસ એના મહોલ્લામાં રવિનો એક

૨૭૨. વરાળ, પૃ.૩
૨૭૩. એજન, પૃ.૧૦
૨૭૪. ગ્રંથ (૧૯૭) મે ૧૯૮૦, પૃ.૨૭
૨૭૫. શબ્દસૃષ્ટિ, નવેમ્બર-૨૦૦૩, પૃ.૧૯૫

ન્યાતીલો ગોપાલ ઝાડુ કાઢવા આવે છે ત્યારે તેની જાતિ છતી થઈ જાય છે. સાચી હકીકત જાણતા માલ્વિકાને તીવ્ર આઘાત લાગે છે અને અગ્નિસ્નાન કરી લે છે. ભાંડો ફૂટી જાતા મહોલ્લાના બધા જ સવર્ણો તેને ઘરમાંથી બહાર કાઢી મૂકે છે ને તેના પર અત્યાચાર ગુજારે છે. આથી રવિ વર્મા વિફરે છે, ઉશ્કેરાય છે અને સવર્ણો પર વેર વાળવા તત્પર થાય છે. દીકરા રશ્મિને હોસ્ટેલમાં મૂકીને પોતાના દલિતવાસમાં ફરી પાછો રહેવા માટે આવી જાય છે ને દલિતોના વિકાસ માટે કામ કરે છે, યોજનાઓ ઘડે છે પણ રવિ વર્મા દ્વારા થતાં કાર્યો વાચકના મનમાં ઘૃણા જન્માવે એવાં છે.

રવિ વર્મા સવર્ણ લોકો દ્વારા દલિત છોકરીઓ પર થતાં બળાત્કારના બદલામાં સવર્ણ છોકરીઓને ઉપાડી જવાનું કાર્ય કરવા પ્રેરે છે. તે કહે છે કે, ''બધી છોકરીઓ ફૂલ જેવી હોય છે. સદીઓથી તમે-લોકોએ અમારી છોકરીઓ પર બળાત્કાર કર્યો છે. અમને લૂટ્યા છે.... તો હવે તમારી વારી છે.''[૨૭૬]

ખુદ રવિ જ વાસના આવારા છોકરા રઘુને સવર્ણ છોકરી પર બળાત્કાર કરવા પ્રેરે છે: ''છોકરી ગમતી હોય તો ઉપાડી જા, એકવાર મર્દાનગીનું કામ કરી જો. કહે તો એ છોકરીને તારા ઘરમાં લાવી બેસાડું''[૨૭૭] અહીં વાચકના મનમાં સહજ રીતે જ પ્રશ્ન થાય કે બળાત્કાર કરવો એ શું મર્દાનગી કહેવાય ? ખુદ બળાત્કારી બનીને બળાત્કારીને નાબૂદ કરી શકાય ? રવિ વર્માનું કાર્ય અહીં જ અટકતું નથી પણ તે દલિત છોકરીઓને સમજાવીને, ફોસલાવીને 'કલબની' સ્થાપના કરે છે. આ કલબમાં હરિજન છોકરીઓ પાસે ધંધો કરાવે છે. છોકરીઓ પોતાનું શરીર વેચીને સવર્ણ છોકરાઓને ફસાવીને વધારે ને વધારે રૂપિયા કમાઈ શકે !! આ રૂપિયાનો ઉપયોગ પાકાં મકાનો બનાવવા અને સમાજ સુધારણા માટે કરવામાં આવશે એવી સુફીયાણી સલાહ પણ આપે છે. વળી આ કાર્યને તે 'તપ'ને નામે ઓળખાવે છે ! તે લક્ષ્મીને કહે છે: ''આ લોકો રૂપિયા આપે છે. તેમને જરાય વસવસો ન રહી જાય કે તેમને કાંઈ મળ્યું નથી''[૨૭૮] સલાહ આપતો રવિ દલિતોનો નહીં પણ શું કુટણખાનાનો દલાલ નથી લાગતો ? ઉપરાંત રવિ વર્મા દલિત છોકરીને સવર્ણની રખાત બનાવે છે. રવિ વર્માનું ખુન્નસ ભરેલું મન 'જેવા સાથે તેવા'નો ન્યાય તોળવા, એ જ ઘૃણાસ્પદ કાર્યો કરવા અને કરાવવા કટિબદ્ધ બને છે ત્યારે સર્જકને શું અભિપ્રેત છે ?

રવિ વર્મા હરિજનો માટે વસવાટની યોજના ઘડે છે. ચૂંટણીમાં તે હરિજનોના વિકાસ માટેની સરકારની વીસ લાખની યોજનાનો પ્રમુખ બને છે. હરિજનોને પોતાના નિજી વ્યક્તિત્વનો પરિચય થાય, તેની વાહ-વાહ થાય તે માટે રામદેવપીરની જાહેર રજાની માંગણી કરે છે. અંતે તેનું ખૂન થઈ જાય છે. એ પછી એના વાસના હરિજન અનુયાયીઓ ખ્રિસ્તી ધર્મ અંગિકાર કરે છે. નવલકથાની આવી કેટલીક ઘટનાઓ અપ્રતીતિકર લાગે છે.

---

૨૭૬. પ્રલંબપંથ, પિનાકિન દવે, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૯, પૃ.૪૩

૨૭૭. એજન, પૃ.૪૬

૨૭૮. એજન, પૃ.૧૦૯

એક Extreme પરથી બીજા Extreme પર ગતિ કરતા પાત્રને પ્રાધાન્ય આપતી આ કૃતિ છે. રવિ વર્માની વિચારધારા દલિતોનો વિકાસ કરવાને બદલે તેને દિશા શૂન્ય બનાવે છે એવું શું નથી લાગતું ? રવિ વર્મા પોતાના નાતભાઈઓને પોતાના હક અને માનવીય અધિકારો માટે લડવાનું શિખવવાને બદલે તેને ખોટી દિશામાં વાળી દે છે. નવલકથાકારે દલિતોની બદતર સ્થિતિ માટે ક્રાંતિકારી પરિવર્તનની ઝંખના સેવી પણ તેના માટે તેણે જે દિશા બતાવી છે, જે દિશાનો નિર્દેશ કર્યો છે તે વાસ્તવિકતાથી ઘણી દૂર છે, એટલું જ નહિ ખતરનાક પણ છે આ રચના દ્વારા સર્જક કંઈ સિદ્ધ કરવા માગે છે ખરા ? બદલાની ભાવના પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે સમાજની ગતિ કે દિશા કઈ રહેશે તે ન કહી શકાય, લેખકે કંઈ સિદ્ધ કરવું જોઈએ એવું જરૂરી નથી પણ અભિવ્યક્તિની રીતે કોઈ નોખી છાપ ઊભી કરી વાચકચિત્તને સંકોરવાનું, સળવળાટ કરવાનું, લાગણીના પ્રવાહમાં તણાયા વગર અવાચક બનીને ઊભા રહેવાનું કે ગદ્ય કૌશલ દાખવતાં સ્પર્શી રહેવાનું એવું કશુંક તો બનવું જોઈએ ને ? હા, તિરસ્કાર કરવા જતાં પાત્ર પોતે જ તિરસ્કારને યોગ્ય બને છે. છતાં ક્યાંય વાચકના સંવિદ્‌ને સ્પર્શતું નથી. ચંદ્રકાંત મહેતાનો નવલકથા સંદર્ભેનો અભિપ્રાય યોગ્ય છે. તે જણાવે છે કે, ''આમ, લેખકે આપણા યુગની એક જીવંત સમસ્યાને ઉકેલની દિશામાં દોરવવાને બદલે એને અવળી અટવાવી છે.''[૨૭૯] ''ડૉ. ભરત મહેતાએ 'પ્રલંબપંથ'ને ઢંગધડા વિનાની દલિત નવલકથા કહી છે''[૨૮૦] એ સાચી વાત છે.

'પ્રલંબપંથ'માં દલિતોના અજ્ઞાન, અંધશ્રદ્ધા, ગરીબી, અત્યાચાર, શોષણરૂપી ફેલાયેલા અંધારા પર સાંકેતિક રૂપે પ્રકાશ પાડ્યો છે: ''હજી અંજવાળું કયાં થયું છે ? આજે પણ એટલું જ અંધારું છે. વીજળીના દીવાથી આ અંધારું નાબૂદ થવાનું નથી.''

## 'આંસુભીનો ઉજાસ'- દિલીપ રાણપુરા

દિલીપ રાણપુરાની 'આંસુભીનો ઉજાસ'(૧૯૮૪) નવકલકથા પહેલાં 'જન્મભૂમિ-પ્રવાસી'માં ધારાવાહિક સ્વરૂપે 'ઓતરાદા વાયરા ઊઠો' શીર્ષક હેઠળ પ્રગટ થઈ હતી. એમાં ગાંધીવાદી વિચારધારા-મૂલ્યો-આદર્શોને વરેલા કોળી સમાજના દેવા-દેવરાજ પોતાના નપાણિયા પ્રદેશમાં આવેલા મેરુપર ગામમાં કેવી-કેવી યાતનાઓ, વિરોધો, વિષમ પરિસ્થિતિ વચ્ચે રહી શિક્ષણની જ્યોત જલાવી, પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડી, લોકજાગૃતિ લાવીને ગ્રામોદ્ધાર કરે છે, ગામને નંદનવન બનાવે છે તેની કથા છે.

કથાનાયક દેવરાજ મૂળ તો પાંચાળ પંથકના નપાણિયા વિસ્તારના મેરુપરમાં જન્મેલો અને દુકાળના વરસમાં રોજી-રોટી મેળવવા વતન છોડી મા-બાપ, ભાઈ-ભાંડરું સાથે શહેરમાં આવી વસેલો યુવક છે. બાળપણમાં જ દુકાળની ભયાનકતાને તેણે અનુભવી છે. આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાને કારણે ભણવાની ઉંમરે નિયમિત નિશાળે જવાને બદલે પિતાજી સાથે મજૂરી કરતાં-

૨૭૯. ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા, સંપાદક, મોહન પરમાર, હરીશ મંગલમ્, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પ્ર.આ.૨૦૦૧, પૃ.૧૦૫

૨૮૦. શબ્દસૃષ્ટિ, સંપાદક : હર્ષદ ત્રિવેદી, નવેમ્બર-૨૦૦૩, પૃ.૧૯૦

કરતાં નજીકની એક ધરમશાળામાં સ્વપ્રયત્ને થોડું લખતાં-વાંચતા શીખી લે છે. ત્યાર પછી જાતિવિહીન ગાંધીવાદી સંસ્થા 'વસુધા'માં કેળવણી લે છે. દેવરાજના મોટાભાઈ પણ 'વસુધા'ના સૂત્રધાર છે. અઢાર વર્ષ 'વસુધા'માં રહ્યા પછી માબાપ-બહેન વગેરેના આદેશનું ઉલંઘન કરીને પાંચાળ પંથકમાં આવેલી પોતાની જન્મભૂમિ મેરુપરમાં રહીને ત્યાંના પીડિત,શોષિત, અભણ માનવીઓની સેવામાં પોતાનું જીવન સમર્પિત કરવાના નિર્ધાર સાથે મેરુપર તરફ નીકળવા તૈયાર થાય છે ત્યાંથી નવલકથાનો આરંભ થાય છે. દુકાળમાં વેરવિખેર થઈ ગયેલા પોતાના વતન મેરુપરને નંદનવન બનાવવાની એના અંતરની ઝંખના છે. દેવરાજ કહે છે : "હું ઘર જ નહિ, આ ગામને, આ પંથકને ઊભો કરવા માંગું છું..... મારું એકનું જ ઘર પડીને પાદર નથી થઈ ગયું પણ આટલા વરસમાં કંઈ કેટલાય ઘર પડતા, ભાંગતાં પાદર થઈ જતાં જોયા છે, ગામનાં ગામ ટીંબા બની ગયાની વાતો સાંભળી છે. એ બધું મારે ફરી બેઠું કરવું છે.એ ટીંબા પર નવા ઘર બાંધવા છે. માટીનાં જ નહિ, માણસના અંતરમાં પણ ઘર બાંધવા છે."[૨૮૧] દેવરાજ પોતાનું સ્વપ્ન સાકાર કરવા માટે મેરુપર જઈ બાળમિત્ર વસતાના ઘરે રહી અને બીજા જ દિવસથી રચનાત્મક પ્રવૃત્તિનો આરંભ કરી દે છે. ચોકમાં પડાવ નાંખે છે, ચોક સાફ કરી તેમાં અગિયાર મહાવ્રતોની પ્રાર્થના, શાળામાં માત્ર સવર્ણ છોકરા જ નહીં દલિત બાળકોને પણ અક્ષરજ્ઞાન, સફાઈ, અંગકસરત, હુન્નર, નિશાળ માટે મકાન અને સિંચાઈ માટે ડેમ બાંધવાની તજવીજ કરે છે. કૂવા ઊંડા ઉતારવા ને ગાળ કાઢવાની તજવીજ,વૃક્ષારોપણ, આજુબાજુના ગામોની મુલાકાત, ખેત સુધારણા, આરોગ્ય, ગામમાં ટપાલની વ્યવસ્થા, જૂના રીત-રિવાજોની નાબૂદી આ બધી જ પ્રવૃત્તિઓ દેવરાજ ધીમે-ધીમે વિસ્તારતો રહે છે. ગામના અભણ લોકોને પોતાના અધિકારો મેળવવાના અને સ્વમાનપૂર્વક, સચ્ચાઈ, પ્રામાણિકતાથી જીવન જીવવાની શીખ આપે છે પણ ગામમાં વર્ષોથી પોતાની સત્તા-અધિકાર જમાવીને બેઠેલ ખંધા, સ્વાર્થી મુખી આપા રાણીંગ, સરપંચ મથુરભા અને મંદિરના પૂજારી વેણીરામ વગેરેને દેવરાજની મેરુપરને નંદનવન બનાવવાની પ્રવૃત્તિ કઠે છે. આ ત્રણે જણ પોતાનુ મહત્ત્વ, વર્ચસ્વ ઓછું થઈ જવાના ભયે દેવરાજને ભગાડી મૂકવા દેવરાજના કાર્યોનો સતત વિરોધ કરે છે, અનેક અડચણો ઊભી કરે છે ને તેના પર જાતભાતના આક્ષેપો કરી તેને ફસાવવાના અનેક કાવતરા કરે છે. દેવરાજના ચારિત્ર્ય પર કીચડ ઉછાળે છે ને ધાકધમકીઓ પણ આપે છે. દેવરાજની આ રચનાત્મક પ્રવૃત્તિઓનો આપા રાણીંગ, મથુરભા, વેણીરામ ઉપરાંત પંચાયતી સંસ્થાઓ, સહકારી મંડળીઓ, ગ્રામપંચાયત અને વિધાનસભાની ચૂંટણીમાં કોઈ પણ રીતે વિજેતા બની સત્તાસ્થાનો પચાવીને બેઠેલા સરકારી કર્મચારીઓ તેમજ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા રીઢા ગુનેગારો જેવાકે શંભુ ભટ્ટ, ડેલીવાળા શેઠ, નવીન કેડલ વગેરે રાજકારણીઓને દેવરાજની લોકસુધારણાની, લોકજાગૃતિની, પ્રવૃત્તિ ખૂચે છે કારણ કે દેવરાજ તેમની કૌભાંડલીલાઓનો પર્દાફાશ કરે છે. આથી આ લોકો દેવરાજને ધમકાવવામાં પાછીપાની કરતા નથી ઉપરાંત તેને ફસાવવાનું ષડ્યંત્ર ઘડી કાઢે છે. દેવરાજ શંભુ ભટ્ટ જેવા ભ્રષ્ટ, સ્વાર્થી રાજકારણીની આંખના ઈશારે નથી નાચતો ત્યારે તેને પણ નકસલાઈટ્ના સંપર્કમાં રહી ઘાતક શસ્ત્રોની જમાવટ કરવાના તરકટ આરોપનો ભોગ બની જેલ ભેગો કરી દે છે. આ ઉપરાંત દેવરાજ

૨૮૧. આંસુભીનો ઉજાસ, દિલીપ રાણપુરા, પુર્નમુદ્રણ-૧૯૯૬, પૃ.૩૯,૪૦

જ્યારે મુખી, સરપંચ અને સરકારી તંત્રની સામે જાય છે, એમની પોલ ઉઘાડે છે ત્યારે પણ આપા રાણીંગ અને એના સાથીદારો કાવતરું ઘડી કાઢે છે. કહવાળીના અમરદાસની દીકરીને રાતના વખતે દેવરાજ પાસે મોકલવી, એની પાસે આક્ષેપ કરાવી ધાર્યું નિશાન પાડે છે પણ દેવરાજ હિંમત હાર્યા વિના તેનો સીધો જ પ્રતિકાર કરે છે. દેવરાજ કહે છે 'મોટેરા ક્યાંક ભૂલ કરતા હોય તો એમને સમજાવવું'

ગામના મુખી, સરપંચ, રાજકારણીઓ અને સરકારી અધિકારીઓ દ્વારા દેવરાજને ભગાડવા માટે ઘણા બધા પ્રયાસો થાય છે પણ દેવરાજ તો જાનનું જોખમ ઉઠાવીને પણ પોતે કરવા ધારેલાં કાર્યોમાં રચ્યો પચ્યો રહે છે. દુકાળમાં તેની અને પ્રજાની કપરી કસોટી થાય છે. પ્રામાણિક પોલીસવડાના સહકારથી હવસખોર નરાધમને પકડાવી દે છે તેથી નારાજ થયેલા સત્તાધિકારીઓ રાજકારણીઓનો દુષ્કાળ સમયે પુરતો સહકાર મળતો નથી. દુષ્કાળગ્રસ્ત પ્રજાની કપરી કસોટી થાય છે. તેની આંખ સામે પશુપંખી અને માણસો ભૂખ,તરસથી વલવલીને મરવા માંડે છે પણ આ કફોડી પરિસ્થિતિમાં સુઝબુઝથી તે માર્ગ કાઢે છે ને વર્તમાન પત્રો, સ્વૈચ્છિક સેવા સંસ્થાઓ, સેવાભાવી ટ્રસ્ટોને આવેલ પરિસ્થિતિની જાણ કરે છે. રાહતકાર્યોની સમસ્યા થોડી હળવી બને છે ને પછી તો વરસાદ પણ આવે છે. વરસાદના વધામણાં ટાણે આ દુષ્કાળગ્રસ્તોની આંખમાં ઉજાસ કળાય છે પણ એ આસુંભીનો ઉજાસ છે.

ગાંધીવાદી વિચારસરણી ધરાવતો દેવરાજ તન અને મનથી મેરુપરને નંદનવન બનાવવામાં લાગ્યો છે પણ આ બધે જ બાહ્ય પ્રવૃત્તિઓમાં કાર્યરત દેવરાજ પોતાની અંદર એક લીલય સંઘરીને બેઠો છે. એની આ ગ્રામોદ્ધારની બધી જ પ્રવૃત્તિઓ પ્રત્યાઘાત રૂપે થઈ છે એવું કથામાથી સ્પષ્ટ થાય છે. એ 'લીલય' કઈ છે ? શેના કારણે દેવરાજ આ પ્રવૃત્તિ કરવા પ્રેરાય છે ? તો જ્યારે દેવરાજ 'વસુધા' આશ્રમમાં રહેતો હતો ત્યારે તે 'વસુધા'ના જ ઉપનિયામક અને સવર્ણ સમાજના જયદેવભાઈની પુત્રી સરોજ સાથે ગાઢ પ્રેમ થયેલો, સરોજ પણ દેવરાજને ખૂબ જ ચાહતી હતી. બનેએ લગ્ન કરવાનું નક્કી કર્યુ હતુ પણ તેના પ્રેમને 'મોહ' સમજવામાં આવ્યો. ખરેખર તો દેવરાજ અને સરોજ વચ્ચેના આ ગાઢ પ્રેમ આડે દેવરાજ 'કોળી' કોમનો છે એ બાબત અવરોધ રૂપ બની હતી. દેવરાજ અને સરોજ ન પરણે એવા પ્રયાસો સરોજના માતા-પિતા દ્વારા તો થયા જ હતા પણ દેવરાજના મોટાભાઈ આ લગ્નના વિરોધી હતા. હૃદયભંગ થયેલા દેવરાજે એ પ્રેમને સાર્થક કરવા એકલે હાથે પોતાના ખંડિયેર ગામને જીવાડવાનું બીડું ઝડપે છે. 'વસુધા' છોડી મેરુપરમાં ગ્રામોદ્ધાર કરવા પાછળનું બીજુ કારણ એનું વેદનાભર્યું બાળપણ અને અવગણાયેલું માનસ હતું. બાળપણમાં દુષ્કાળના અનુભવમાં સરોજના પિતા દ્વારા થયેલી અવગણના, પોતે 'કોળી' જાતિનો છે એને કરાવેલી પ્રતીતિનો જ આ પ્રત્યાઘાત છે. આગળ જતાં આઘાત જ દેવરાજની પ્રેરણા અને બળ બની રહ્યો. દેવરાજ કહે છે : ''મારી જે કોઈ પ્રવૃત્તિ છે તે આઘાતનું પરિણામ છે. આઘાતે મને ભાંગી ન નાખ્યો, વિવશ ન કરી નાખ્યો; પણ મારામાં અહંકાર જગાડયો. મારામાં કશુંક કરી બતાવવાની ઉત્તેજના ભરી મને બળ અને પ્રેરણા પણ એ આઘાતે જ આપ્યા... મને એવું જ ભાન કરાવવાનો પ્રયાસ થયો હતો કે હું કોળી છું. હું કશું ન કરી

શકું, હું ધૂળ ને ઢેફાં સાથે બાથોડાં લઈ શકું. હું મારી જાતિની છોકરી સાથે લગ્ન કરી શકું. ક્રાંતિકારી ગણાવા કે જાતિભેદમાં હું માનતો નથી એ સાબિત કરવા હું ઊતરતી જાતિની છોકરી સાથે લગ્ન કરું તો મારી પ્રશંસા થાય પણ હું ઉચ્ચ જાતિની છોકરીને તો ન જ પરણી શકું.....''[૨૮૨] નવલકથાના આરંભે ગોપિત રહેલો આ પ્રસંગ ખૂબ જ મહત્ત્વનો બની રહે છે. મણિલાલ હ. પટેલ આ સંદર્ભે જણાવે છે કે, ''લેખકે કૃતિમાં સંગોપીને રાખેલી સરોજ દેવાના પ્રેમની કથા સારા સંકેતો છે. સરોજને પ્રાપ્ત ન કરી શકેલા દેવાને કાળજે બે કારમા ઘા છે. એક તો એના સારા પ્રેમને 'મોહ' કહેવાયો અને બીજું તે પોતે 'કોળી' હોવાથી અમુક વર્ણની કન્યાને ન વરી શકે ! આ આઘાત એને 'વસુધા' છોડાવે છે ! કેમકે એણે 'વસુધા' પાસેથી રાખેલી અપેક્ષા હતી એ તો સ્નેહ, સચ્ચાઈ, સમાનતા અને માનવતા હતી ! મેરુપર પહોંચીને દેવો 'દેવરાજ 'બને છે ને ઉકત્ ચારે વાનાં સિદ્ધ કરે છે. અંદરના આઘાત અને અંતરનો નિર્ણય દેવાને નવું જ જીવનકાર્ય બક્ષે છે.''[૨૮૩] દેવો સામાજિક સ્તરભેદનો શિકાર બને છે. લેખકે 'વસુધા' જેવી સમાજોત્થાનવાળી, જાતિવાદમાં ન માનનારી સંસ્થામાં છૂપાયેલા ભેદભાવને ખૂબ જ માર્મિકતાથી ઉઘાડો પાડ્યો છે. વાસ્તવિક જીવનની બીજી બાજુ અહીં છતી થઈ છે. સામાજિક અસમાનતા આ કૃતિમાં દ્વિતીય પ્રવાહની જેમ ગૂંથાઈ છે.

'આંસુભીનો ઉજાસ' નાયકપ્રધાન નવલકથા છે. નવી પેઢીનું પ્રતિનિધિત્વ કરતાં દેવરાજમાં પોતાના પૂર્વજોએ જે લૂટફાટ, ખરાબ કાર્યો કર્યા હતાં તેના બદલામાં પ્રાયશ્ચિત કરવાની ભાવના રહેલી છે.દેવરાજ મુખી આપા રાણીંગને કહે છે

''..... જે ધૂળમાંથી સોનું બનાવી શકાય એ ધૂળમાંથી તમે માત્ર લોઢું બનાવ્યું એનોય વાંધો નથી. એ લોઢામાંથી દાતરડું, કોશ, રાંપ, ડોલ, તગારાં, પાવડા બનાવ્યા હોત તોય એ ખપ લાગત પણ તમે તો બનાવ્યા ધારિયા, તલવાર, છરી જેવાં ઘાતક હથિયારો.....''[૨૮૪] ત્યારે રાણીંગ તેને કહે છે કે તારા વડવાઓ તો લૂટારા હતા. તો તુ બામણિયો ધંધો લઈને કેમ બેઠો છે ?''.... પ્રાયશ્ચિત કરવા. અમારા વડવાઓએ જે અત્યાચારો કર્યા, જે ધરતીને લૂંટી, જે વગડો એમની ધાકથી નિર્જન બની જતો, જે ડુંગરાની ખોપોને ગાળીઓમાં એમનો કરડો અવાજ પડઘાયા કરતો એ ધરતીને હું શણગારવા માંગું છું....''[૨૮૫] દેવરાજ શસ્ત્રો નહિ પણ નવસર્જનનાં સાધનો બનાવવાનો સંકેત કરે છે. અહીં મને મેઘાણીનું 'ઘણ રે બોલે ને' કાવ્ય યાદ આવે છે. દેવરાજના ભાવનાશાળી વ્યક્તિત્વને વધુને વધુ ઓજસવંતુ બનાવવા લેખકે સંસ્થાની, વતનની પ્રગતિ અને ઉન્નતિ માટે પોતાના પ્રેમને ન્યોછાવર કરતો બતાવ્યો છે. શાળાના મકાનની પાયા વિધિના પ્રસંગે 'વસુધા'થી સંભાળીને લાવેલી થોડી માટી પહેલી પધરાવ્યા પછી જ દેવરાજ નિમાર્ણકાર્ય આરંભે છે. દેવરાજ કહે છે : ''એ માટીમાં મારો પ્રેમ છે, મારી લાગણી છે ને મારો સંકલ્પ હતો કે જ્યારે પણ હું શાળાનું મકાન બાંધીશ ત્યારે એના પાયામાં

---

૨૮૨. આંસુભીનો ઉજાસ, પૃ.૧૩૦
૨૮૩. સન્નિધાન-૨,૧૯૯૨, પૃ.૪૪
૨૮૪. આંસુભીનો ઉજાસ, પૃ.૧૧૧
૨૮૫. એજન, પૃ.૧૧૨

'વસુધા'ની માટી નાખીશ. એમને સતત પ્રેરણા આપ્યા કરશે. મારા પ્રેમને પાંગરતો રાખ્યા કરશે. મારા આઘાતના ડૂસકાઓને વિહમવા દેશે.''[૨૮૬]

ટૂંકમાં પોતાના ગામને એની મહત્ત્વકાંક્ષા પ્રમાણેનું નંદનવન બનાવવા માટે દેવો કોઈપણ ભોગ આપવા તૈયાર છે. દુષ્ટો, ભ્રષ્ટાચારીઓ સાથે પણ કડવાશથી કે વેરભાવથી ન વર્તતા પ્રેમથી, સમજાવટથી કામ લે છે. કપરી પરિસ્થિતિમાં દેવાએ એનો પોતાનો કોળિયો બીજાને આપ્યો છે. દેવરાજની નિઃસ્વાર્થી સેવાભાવવૃત્તિ અને સ્વભાવસહજ પરોપકારવૃત્તિને જોઈને મુખી આપા રાણીંગનું પણ હૃદય પરિવર્તન થાય છે. આપા રાણીંગ જાહેરમાં કહે છે: ''લોકોના મોમાંથી બટકું આંચકીને અમારાં પેટ ભરીએ પણ તું એક એવો નીકળ્યો કે તે તારું બટકું લોકોને આપ્યું. તે એક રાતા જંઈની લાલચ ન રાખી ન અમને ખોટા મારગે જવા દીધા ને સાચું કઉં તે જે કામ કર્યું ઈથી અમારો આતમરામ જાગી ગયો......'' [૨૮૭] પછી તો આપા રાણીંગ દેવરાજનો ચિઠ્ઠીનો ચાકર બની રહે છે. ટૂંકમાં નવલકથામાં દુષ્ટ, ખંધા, સ્વાર્થી, નિષ્ઠુર હૃદયના માણસોમાં પણ જાગતી માનવતા અને આ લોકો પાસેથી સાંપડેલો ભરપૂર પ્રેમ એ દુકાળ પછી ડુંગરાઓ પર લહેરાતા લીલાછમ દરિયા જેટલો જ દેવરાજને મન તૃપ્તિકર છે. કથાન્તે દેવરાજના આશાવાદને ફળતો બતાવ્યો છે. વરસાદના આગમને સૌની દૃષ્ટિમાં 'આંસુભીનો ઉજાસ' ચમકી રહ્યો છે, અનેક પીડાઓ, યાતનાઓ પછી માનવ જીવનના અસ્તિત્વને ટકાવી રાખવા માટે સાંપડતો આ આશા સંચાર એ જ પેલો આંસુભીનો ઉજાસ.

લેખકે દુષ્કાળનું હૃદયદ્રાવક શબ્દચિત્ર આપ્યું છે પણ પન્નાલાલના દુષ્કાળના વર્ણન સાથે સરખાવવાનું કામ અઘરું છે. અમલદારોની લોલુપતા, નિર્દયતા, દંભ, લુચ્ચાઈ, સામાજિક-રાજકીય આંટીઘૂંટી, કસોટીકાળમાં સત્તાસ્થાને બેઠેલા સત્યહીન માનવતા વગરના માણસોનું ચિત્ર અહીં સુપેરે ઝીલાયું છે. એકાદ પ્રસંગ તપાસીએ-

'કેમ્પમા જિલ્લા પંચાયતમાંથી ચૌહાણ સાહેબ આવેલા. આમ તો ઘણી વખત આવે છે. કાલ આવીને કહે, આજ રાત આંઈ રોકાવું છે, સગવડ થશે ને ?'

'શાની સગવડ' દેવરાજે પૂછ્યું

'એ જ હું કહું છું, ધનો ધાડવી બોલ્યો ! મેં હા કહી.'

'રાતે વાળુ કરાવ્યું ને પછી કહે, ધના, આ ગામના તળાવનું કામ પૂરું થઈ ગયું છે'

'તો સાહેબ, લોક કયાં જશે ?'

'કામ ચાલુ રાખવું હોય તો એક રસ્તો છે'

'શો ?'

'આજની રાત...'

---

૨૮૬. આંસુભીનો ઉજાસ, પૃ.૧૩૩

૨૮૭. એજન, પૃ.૨૩૯

'શું ?'

'કોઈ છોકરી...'[૨૮૮]

દુકાળના દિવસોમાં અધિકારીઓ, રાજકારણીઓનો આવો નિષ્ઠુર, નફ્ટાઈ ભર્યા, અમાનવીય વ્યવહારથી સમજાય છે કે દુષ્કાળ ફક્ત ધરતી પર જ નહીં કાળમીંઢ પથ્થર જેવા માણસના હૃદયમાંય પડે છે. દેવરાજના પિતાને કહેલા ઉદ્ગારો જોઈએ.

''દુકાળ કાંઈ ધરતી પર જ નથી પડતાં બાપુ... માણસ પર પણ પડે છે... માણસના હૃદયમાં પણ દુકાળની ભીષણતા હોય છે...''[૨૮૯]

ભાષાની શબ્દોની વેધકતા દ્વિઅર્થી શબ્દનો તાક્યું તીર મારતો સફળ પ્રયોગ કૃતિમાં જોવા મળે છે. દુકાળના વર્ણનોમાં અને દુકાળ પીડિતોની વીતક કથાઓમાં ગદ્ય વધુ ચોટવાળું અને હૃદયસ્પર્શી બન્યું છે. ગ્રામ્યજીવનના પરિવેશવાળી આ નવલકથામાં પાત્રોચિત ભાષા છે. વિષયવસ્તુને અનુરૂપ ત્રી.પુ.ના કથનકેન્દ્ર દ્વારા કથા કહેવાઈ છે. આ સંદર્ભે ભરત મહેતાનો અભિપ્રાય નોંધપાત્ર છે : ''અહીં સર્વજ્ઞના કથનકેન્દ્રનો એ સંદર્ભે ઉચિત વિનિયોગ થયો છે. મોટાભાઈ, વસ્તો, આપા રાણીંગ, મથુરભા જેવાં પાત્રોના દષ્ટિકોણનો જરૂરી લાભ લેવાયો છે. સરોજના દેવરાજ વિનાના દિવસોનું નિરર્થક વર્ણન કરવામાં નવલકથા નથી રોકાઈ તે સારું જ થયું છે. સહુથી મોટી વાત તો એ છે કે ક્યારેક તમામ લોકોનાં કથનકેન્દ્રના વિનિયોગથી દેવરાજની પ્રવૃત્તિઓ જોવામાં આવી છે. સમૂહના કથન કેન્દ્રનો વિનિયોગ આપણે ત્યાં જવલ્લે જ થયો છે.''[૨૯૦] કિરણ દેસાઈએ તેમના 'એક સમાજ શાસ્ત્રીય આલેખન' લેખમાં આ રચના સંદર્ભે સાચું જ નોંધ્યુ છે કે : સર્જક પોતાની સામાજિક પ્રતિબદ્ધતાને અભિવ્યક્ત કરતો હોય અને પ્રવર્તમાન સામાજિક પરિસ્થિતિમાં પરિવર્તન સંદર્ભે ઠોસ અને વિધેયાત્મક વિધાન કરતો હોય એવી એક કૃતિ દિલીપ રાણપુરાની નવલકથા 'આંસુભીનો ઉજાસ' લેખી શકાય.''[૨૯૧]

આ કૃતિ ગાંધીયુગના પડઘા સુપેરે ઝીલે છે. મને આ કૃતિ આદર્શવાદી, એકમાત્ર ગાંધીવાદી વિચારનું આકલન કરતી અને સુધારાવાદી અભિગમ ધરાવતી, અંત સુધી વાચકને જકડી રાખતી ઉપરાંત શૈલીના નવા ઉન્મેષો વ્યક્ત કરતી જરાક જુદી નવલકથા લાગી છે.

## 'બદલાતી ક્ષિતિજ'- જયંત ગાડીત

જયંત ગાડીતની 'બદલાતી ક્ષિતિજ' બહું ચર્ચિત નવલકથા છે. અહીં લેખકે ગુજરાતના વર્તમાન સમાજકારણ અને રાજકારણના પ્રવાહોને નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે. નવલકથાકાર 'આમુખ'માં જણાવે છે કે, ''આ નવલકથા સામાજિક-રાજકીય સંદર્ભવાળી છે. નવલકથાનો સમય ૧૯૮૧ની ગુજરાત રાજ્યની ચૂંટણી પછીનો અને સ્વ.ઈન્દિરા ગાંધીના અવસાન પૂર્વેનો છે. ઘટનાસ્થળ

૨૮૮. આંસુભીનો ઉજાસ, પૃ.૨૬૮
૨૮૯. એજન, પૃ.૧૯૦
૨૯૦. કથામંથન, ભરત મહેતા, પૃ.૨૨,૨૩
૨૯૧. શબ્દસૃષ્ટિ, સંપાદક: હર્ષદ ત્રિવેદી, જુલાઈ,૨૦૦૬, પૃ.૭૧

ખેડા જિલ્લાનો એક વિસ્તાર છે''[૨૯૨] પેટાદરના વાઘરી સમાજ સાથે જાતે હળી-ભળી, રઝળપાટ કરી સત્ય માહિતી મેળવ્યા બાદ સર્જકે આ કૃતિને સર્જી છે.

અહીં રશ્મિકાન્ત દેસાઈ અને એની પત્ની ચંદ્રિકાના પાડોશી શિક્ષક સૂર્યકાન્ત શાહ અને તેના પત્ની સુશીલાના વતનપ્રયાણથી નવલકથાનો આરંભ થાય છે. સૂર્યકાન્ત શાહની બદલી થયા બાદ તે સ્થાને વાઘરી સમાજના જીવાભાઈની નિમણૂક થઈ છે. જીવાભાઈ પોતાની પત્ની શની સાથે રશ્મિકાન્તના પડોશમાં ભાડૂત તરીકે રહેવા આવે છે. તે દરમિયાન ત્યાંના વિધાનસભ્યનું અવસાન થાય છે. જીવાભાઈને શનાભાઈ વાઘેલા જેવા કાબેલ, પીઢ રાજકારણીની ઓથ મળતા ધારાસભ્યની ખાલી પડેલી કોગ્રેસની બેઠક પર ઊભા રહેવાનું બને છે. એટલે કે શનો વાઘેલો જીવાભાઈને કોંગ્રેસની ટિકિટ અપાવે છે. જીવાભાઈ શિક્ષકની નોકરીમાંથી રાજીનામું આપી ચૂંટણીમાં ઝંપલાવે છે. શના વાઘેલાની મહેનત, ખટપટ અને કાવાદાવાના પરિણામે જીવાભાઈ ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવે છે. પહેલા પ્રકરણમાં સવર્ણ રશ્મિકાન્ત દેસાઈ અને પત્ની ચન્દ્રિકાના દષ્ટિકોણથી, બીજા પ્રકરણમાં જીવા વાઘરીના દષ્ટિકોણથી, ત્રીજા પ્રકરણમાં શના વાઘેલાના અને ચોથા પ્રકરણમાં મંગળના દષ્ટિકોણથી આ ઘટનાને લેખકે જોઈ છે. દલિત વ્યક્તિ જ્યારે સત્તાની ખુરશી પ્રાપ્ત કરે, સવર્ણોની વચ્ચે નોકરી કરવા, રહેવા જાય ત્યારે સવર્ણો અને એનો જ સમાજ કેવી દષ્ટિથી જુએ છે અને કેવી અવનવી પ્રતિક્રિયાઓ બતાવે છે તેનું જયંત ગાડીતે રસપ્રદ આલેખન કર્યું છે.

આ નવલકથાને લેખકે ચાર ખંડમાં વિભાજિત કરી છે. પહેલો ખંડ ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા કહેવાયેલો છે છતાં રશ્મિકાંત-ચંદ્રિકાને જ કેન્દ્રમાં રાખે છે. આ ખંડમાં રશ્મિકાંત અને ચંદ્રિકાનો વૃત્તાંત રજૂ થયો છે, સાથે-સાથે પાડોશી જીવાભાઈ અને તેની પત્ની શનીનું ચિત્રણ સવર્ણ સમાજનો માણસ કરે છે.

ઈલેકટ્રીકલ એન્જીનિયર રશ્મિકાંત દેસાઈ અને શિક્ષિત પત્ની ચંદ્રિકા દક્ષિણ ગુજરાતની અનાવિલ બ્રાહ્મણ જ્ઞાતિનાં છે, જેઓ પેટાદરામાં મકાન ભાડે રાખી સ્થિર થયા છે. આ શોખીન દંપતીને ગામનાં ધૂળ,તાપ, વરસાદ,ધૂળિયું ગામ અને પટેલ કોમનાં જમણવારની વાનગીઓ, પટેલ વાસના મકાનો જરાય ગમતાં નથી. હોટલ-સિનેમાં ન હોય તો સુધરેલાં માણસોને જીવન વગરનું જ લાગે ને ! આથી જ ફિલ્મ રેસ્ટોરાંની મજા માણવા વારંવાર નડિયાદ જાય છે. રશ્મિકાંતને બદલી કરાવવી છે છતાં થતી નથી તેનું દુઃખ છે. તેના પિતાજી કીકુભાઈ ગાંધીવાદી કાર્યકર છે. તે સ્વદેશભક્તિના, સેવાના ને સાદાઈના આગ્રહી છે. પિતાની આ ગાંધીવાદી વિચારસરણીને કારણે રશ્મિકાંતને ફટકો પડે છે. એમના મિત્રો અમેરિકા ઉપડી ગયા અને પોતાને પેટાદરાની ધૂળ ફાકવાની આવી, રશ્મિકાંતને તો અમેરિકા જઈ સંપત્તિવાન બનવું હતું પણ એ સ્વપ્ન પૂર્ણ ન થયું તેનો વસવસો છે. પોતે પિતાજીને કારણે જ પોતાની ઇચ્છા મુજબનું ન કરી શકયો એવું માનતો રશ્મિકાંત સિદ્ધાંતો, આદર્શો, ગાંધીજી અને કોંગ્રેસનું નામ સાંભળતા જ ભડકો થઈ ઊઠે છે. રશ્મિકાંત જીવનમૂલ્યો કે નૈતિકતામાં માનતો નથી. તેમના માટે પૈસા જ

૨૯૨. બદલાતી ક્ષિતિજ, જયંત ગાડીત, લોકપ્રિય પ્રકાશન, પ્ર.આ. ૧૯૮૬, પૃ.આમુખમાંથી

સૌથી મૂલ્યવાન ચીજ છે. એ કહે છે કે ''આદર્શ ફાદર્શ સાલા નકામા છે. ફના થઈ જાઓ. હોય ભાગ્યમાં તો મળે થોડીઘણી કીર્તિ, કીર્તિ એટલે શું ? મરો એટલે છાપાવાળો નોંધ લે, બેચાર શોકસભા ભરાય, વધારે જાણીતા બનો તો ક્યાંક એકાદ પૂતળું મૂકી દે. પછી શું? પૂતળાં પર કબૂતરા-ચકલાં ચરકયા કરે. કૂતરા પગ પહોરા કરી મૂતરે, સ્કૂટર-મોટર એની આસપાસ ચક્કર મારે એક ટર્નિંગ સાઈન પોસ્ટ ગણીને. બીજી ત્રીજી પેઢી ભૂલી ગઈ હોય કીકુ દેસાઈ કોણ ને મગન નાયક કોણ ?..... શું કરવાની એ ફનાગીરીને? બાપ પાસે પૈસા હોત તો ક્યારનો અમેરિકામાં સેટલ થઈ ગયો હોત''[૨૯૩] સમય સાથે જીવનમૂલ્યો પણ બદલાઈ ગયાં છે તેની પ્રતીતિ અહીં થાય છે. રશ્મિકાંતનો પોતાના પિતાના મૂલ્યો પ્રત્યેનો અણગમો પ્રગટ થાય છે.વળી જીવા વાઘરીનું પડોશમાં રહેવા આવવું, એનું ચૂંટણીમાં ઊભા રહેવું ને જીતી જવું, એનાં કારણે ઘર ખાલી કરવું પડ્યું, નોકરીમાં પણ બોસ બી.સી. ઓછી લાયકાતવાળો મળ્યો........ આ બધા અણગમાં, ઉકળાટનો માર્યો રશ્મિકાંત સતત ગુસ્સો ઠાલવતો રહે છે. રશ્મિકાંતના આ ઉકળાટને સર્જકે ઊડતી ધૂળ ને ગરમીથી બરાબર વ્યંજિત કર્યો છે. તેઓ જ્ઞાતિપ્રથાના સમર્થક છે અને હરિજનો, વાઘરીઓ અને આદિવાસીઓના વિરોધી છે. આથી ઘણીવાર તેમને ધુત્કારતાં એ કહે છે.

''આ આપણો ઈન્ડિયા ક્યારેય ડેવલપ નહીં થવાનો. ભ્રષ્ટાચાર ક્યાં જઈને અટકવાનો, શાહભાઈ ? બી.સી. છોકરાને શું સંસ્કાર આપવાના ? માણસમાં કંઈ સંસ્કાર જોઈએ. મેનર્સ જોઈએ. કેમ બેસવું, ઉઠવું, બોલવું ચાલવું ! જે પોતે જ અસંસ્કારી હોય તે છોકરાને શું સંસ્કાર આપે ?''[૨૯૪]

''અનામત આંદોલનના શું હાલ થયા તે જોયું ને ! હું તમને પૂછું છું આ વાઘરી નિશાળમાં આવી છોકરાઓને શું સંસ્કાર આપવાનો ?''[૨૯૫]

''સાપનો ભરોસો થાય પણ વાઘરીનો નહીં''[૨૯૬]

''યુવાનો અને બુદ્ધિશાળીઓ નાસી જાઓ અહીંથી. આદિવાસીઓ, હરિજનો,વાઘરીઓને આપી દો રાજ, તીરકામઠા ને ધારિયા લઈ ફર્યા કરો, બહુમતી લોકશાહી દેશનુ નિકંદન''[૨૯૭]

રશ્મિકાંત શિક્ષિત હોવા છતાં પણ તેના મનમાં ઢબુરાયેલો જાતિગતભાવ નષ્ટ થઈ શક્યો નથી. દેસાઈના આ પ્રકારના વ્યવહારમાં આપણી વર્ણવ્યવસ્થાની રૂઢ થઈ ગયેલી માન્યતાના દર્શન થાય છે. દેસાઈને ત્યાંથી જુદી-જુદી વાનગીઓ જીવાભાઈના ઘેર જાય છે પણ જીવાભાઈના ઘરેથી માત્ર કાચો માલ,શાકભાજી,ઘી વગેરે સ્વીકારાય છે. જીવાને ત્યાંથી આવેલ રાંદલમાનો પ્રસાદ દેસાઈને ત્યાં ફેંકી દેવામાં આવે છે. જીવાના ઘરમાં બેસીને દેસાઈ દંપતી ક્યારેય જમ્યા નથી પણ હા એકબીજાના ઘેર આવે જાય છે ખરા. દેસાઈ દંપતીને વાઘરી દંપતી પ્રત્યે સહાનુભૂતિ છે છતાં તેમનાં

---

૨૯૩. બદલાતી ક્ષિતિજ, પૃ.૭૯,૮૦
૨૯૪. એજન, પૃ.૩
૨૯૫. એજન, પૃ.૨૯
૨૯૬. એજન, પૃ.૪૪
૨૯૭. એજન, પૃ.૭૭

અંતરમાં ઊંડે-ઊંડે પોષાતો રહેલો ઘૃણાનો ભાવ તેમના વ્યવહાર-વર્તનમાં ક્યાંકને ક્યાંક છતો થયા વિના રહેતો નથી એટલે એવું કહી શકાય કે દેસાઈ દંપતીના હૃદયમાં નીચલા થરના લોકો પ્રત્યે જરાય આદર કે પ્રેમ નથી. તેઓ માત્ર દેખાડો કરે છે. દેખાડવાની સહાનુભૂતિ છે. સવર્ણોની મનોવૃત્તિઓનું વરવું ચિત્ર દેસાઈ દંપતી દ્વારા સર્જકે વ્યકત કર્યું છે. દેસાઈ દંપતીની જીવનશૈલી આ ખંડમાં નિરૂપાયેલ છે. દેસાઈ દંપતીના દૃષ્ટિબિંદુથી જીવાભાઈ વાઘરી, શની અને વાઘરી સમાજની જીવનશૈલી સુપેરે વ્યકત થઈ છે. બદલાતો જતો સામાજિક સંદર્ભ અહીં છે.

નવલકથાનો બીજો ખંડ કથાના કેન્દ્રિય પાત્ર જીવાભાઈ વાઘરીના આત્મકથનરૂપે આલેખાયેલ છે. જીવાભાઈ વાઘરી પોતાના કંઈક અંશે સુધારાવાદી વલણ ધરાવતા મામાના ઘેર રહી ઉચ્ચશિક્ષણ મેળવીને ખેડા જિલ્લાના પોતાના વતનથી દૂર જેતપુરમાં શિક્ષક તરીકે જોડાય છે પણ થોડાં જ વર્ષો પછી એના વિસ્તારના જ શનાભાઈ વાઘેલા જેવા પીઢ રાજકારણીની મદદથી વતન નજીક પેટાદરા હાઈસ્કૂલમાં નોકરી મેળવે છે. જીવાભાઈની વર્ષોથી એક ખેવના હતી ''.... હવે સંસ્કારી વાતાવરણ, સંસ્કારી વાતો, સંસ્કારી રીતભાત, કોઈ ગાળાગાળી નહીં, મારામારી નહીં, દારૂની ઉદ્દત વાસ નહીં''[૨૯૮] શનાભાઈની મદદથી સવર્ણ રશ્મિકાંતની પાડોશમાં ઘર મળ્યું આથી તે ખુશ તો છે જ પણ થોડી મૂંઝવણ પણ અનુભવે છે. જીવો સુધારાવાદી બન્યો છે. જીવો જે સમાજમાં, પરિવેશમાં મોટો થયો છે એ સમાજની જીવનશૈલી એને માન્ય નથી. કારણ કે જીવાભાઈના પિતા મંગળને ચોરી કરવાની ખરાબ આદત છે. તે ગામનો નામચિન ચોર છે. તે શરાબી છે, દારૂ ગાળવાનો ધંધો કરે છે. પિતાની પ્રચંડ વિકરાળ કાળી મૂર્તિ જીવાભાઈના અજ્ઞાત મનમાં-અંતરમાં નાનપણથી જ કોઈ ભયાવહ આકાર બનીને તેને સતત રૂંધતી રહી છે. તો દારૂ વેચતી, બીડી ફૂંકતી અને ગાળો બોલતી મા છે; પત્ની શની પણ વાઘરી સમાજના મૂલ્યોને સ્વીકારીને ચાલે છે. તે રોજ માંસ-મચ્છી ખાવા ટેવાયેલી છે, ભૂત-ભૂવા, ડાકલા અને તાવીજમાં માને છે. ઈચ્છા થાય ત્યારે ખાતર પાડી જેલવાસ ભોગવી આવતા પાડોશીઓ છે. આખો સમાજ જુદી-જુદી બુરાઈઓ અને અંધશ્રદ્ધાઓમાં સપડાયેલો છે. સુધારાવાદી વલણ ધરાવતો અને ભદ્રવર્ગની જીવનશૈલીથી આકર્ષાયેલા જીવાભાઈ સતત પોતાના સમાજના અનિષ્ટોથી બચવા મથામણ કરે છે. તે પોતાના સમાજના લોકો સાથે જ નહીં પણ પોતાના માતા-પિતા સાથે પણ સંબંધ રાખતો નથી. વાસના કોઈપણને પોતાના આંગણે આવવા દેતો નથી. પત્ની શનીને સ્પષ્ટ કહી દે છે: ''આપણા લોકનો કોઈ ભરોસો નહીં, ક્યાંક હાથ મારે તો મારી આબરૂ જાય''[૨૯૯] દારૂથી ગંધાતા પિતાને પણ એ મોઢે જ કહે છે : 'તમને પગે લાગું આવા ગંધાતા શરીરે ના આવો'[૩૦૦] એટલું જ નહીં, તે પોતાની માને પણ કહે છે : ''મા, તું મને કહે, મારાં છોકરાં મારે આ વસ્તી જોડે રમાડવા ? રોજ ચોરી,દારૂ,મારામારી,ગાળાગાળી, પોલીસના ચક્કર....એની વચ્ચે રહું એમાં મારી આબરૂ શી ?'[૩૦૧] પણ ભદ્ર સમાજની જીવનશૈલીથી આકર્ષાયેલા જીવા વાઘરીનું આ વલણ તેની પત્ની,

---

૨૯૮. બદલાતી ક્ષિતિજ, પૃ.૧૩૪,૧૩૫

૨૯૯. એજન પૃ.૧૫૭

૩૦૦. એજન, પૃ.૧૫૮

૩૦૧. એજન, પૃ.૧૬૧

માતા, ખાસ તો પિતા મંગળ અને સ્વજનોને પસંદ નથી. અભણ પિતા જીવાભાઈને ઠપકારતા કહે છે– ''ભણેશરી નહીં થવું આપડે. ઉચ્ચવૈણના વાદ રહેવા દે, જીવા એ લોક બધુ નકામું''[૩૦૨] પછી તો જીવાના ઘરના લોકો ફરિયાદ કરતા કહે છે 'તું ભણ્યો એટલે કોઈનો ના રહ્યો'[૩૦૩] પછી તો આખો વાઘરી સમાજ તેની ઉપેક્ષા કરે છે. એનો જ સમાજ એને Outsider બનાવી દે છે.

દલિત સમાજના શિક્ષિત થતા જતા કે સુધરતા જતા માણસોને પોતાનો સમાજ અસંસ્કારી લાગે છે અને એટલે જ પોતાની જાતને જાતભાઈઓથી જુદો સમજવા લાગે છે. પોતાના સમાજથી અળગો થઈ છેડો ફાડી નાખીને જીવવા મથામણ કરે છે પણ વાચકને પ્રશ્ન થાય કે પોતાના સમાજના લોકોને ઓળખવામાં, તેમની સાથે વ્યવહાર કરવામાં શરમ ખરી ? અહીં જીવો પોતાના કુટુંબ, સમાજ સાથેના વ્યવહારો તોડી નાખી, સવર્ણો જેવી જ જીવનશૈલી અપનાવે, દારૂ કે માંસ–મચ્છી નથી લેતો તો શું સવર્ણો એનો સ્વીકાર કરે છે ખરા ? એમની સાથે માનવીય વ્યવહાર કરે છે ખરા ? ઉત્તર છે 'ના.' સવર્ણ સમાજ તેમના શિક્ષણ, સભ્યતા, સંસ્કારશીલતા, ચોકસાઈ અને સુધારાવાદી વલણને કારણે તેને સ્વીકારે તો છે પણ પૂરેપૂરો નહીં જ. રોજિંદા વ્યવહારમાં માત્ર જાતને કારણે જ તેને ડગેલે ને પગલે અપમાનિત થવું પડે છે. તે પેટાદરા સ્કૂલના આચાર્યને મળવા જાય છે ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ મોટેથી હસતા કહે છે ''અલ્યા, દેવી ગણિત શીખવવાની''[૩૦૪] 'આ પેન્ટ કોનું તફડાયું છે?' એવો અવાજ જીવાભાઈને આરપાર વીંધી નાંખે છે, સ્કૂલના આચાર્ય પટેલને ઘર વિશે પૂછે છે ત્યારે તોછડાઈથી વાત કરે છે. 'અંઈ ખાલી નથી, મિયાં કે ખ્રિસ્તીના મહોલ્લામાં તપાસ કરો''[૩૦૫] સ્કૂલના અન્ય શિક્ષકો પણ તેની સાથે ઓરમાનભર્યું વર્તન કરે છે. પાર્ટીમાં તેને સામેલ નથી કરતા. તેણે સ્કૂલમાં રાજીનામું આપ્યું ત્યારે તેના માનમાં વિદાયસમારંભ ના યોજાયો. પેટાદરામાં મકાન ભાડે રાખતી વખતે પણ હડધૂત થવું પડે છે. મકાન માલિક ગોવિંદકાકાને મળવા ગયેલા જીવાને જે સુફિયાણી સલાહ આપે છે તે માથું ફેરવી દે એવી છે : ''તારી બાજુમાં અનાવિલ બ્રાહ્મણ છે સુરતનો, સાચવીને રહેજે, જાત ન બતાવતો નહીંતર મારી આબરૂ જશે''[૩૦૬] આવા વ્યવહારથી જીવાની સ્થિતિ હાલક–ડોલક થઈ જાય છે. રાત્રે ઊંઘી પણ શકતો નથી. જીવાભાઈ સાથેનો આ વ્યવહાર એમની સ્વપ્ન ભૂમિમાં કેવું રમખાણ મચાવે છે સર્જકે સ્વપ્ન રૂપકના સહાયથી અસરકારક રીતે નિરૂપ્યું છે. જુઓ : ''ઉજરડાઈ ગયેલો હું એક મોટા કાંટાળા ઝાંખરામાં લપાઈને બેઠો–બેઠો ભયભીત નજરે બહાર થતી ચહલપહલ નિહાળું છું, ઝગમગતા ભાલાવાળા પાંચદસ સૈનિકો ચારેબાજુ જોરજોરથી ભાલા ખોસી જાણે મને શોધે છે. એમના એક બે ભાલાની અણી મારી ચામડીમાં સહેજ ભોંકાઈને લોહી કાઢી જાય છે. તેમ તેમ હું વધારે ને વધારે મારી જાતને સંકોડતો જાઉં છું. એકાએક એક ભાલો જોરથી મારા ગળા પર આવીને ભોંકાય છે ને મારી આંખો ઊઘડી પડે છે''[૩૦૭] શાળાના બધા જ શિક્ષકો કરતા જીવો શુદ્ધ

૩૦૨. બદલાતી ક્ષિતિજ,જયંત ગાડીત, પૃ.૧૧૩

૩૦૩. એજન, પૃ.૧૩૬

૩૦૪. એજન, પૃ.૧૧૯

૩૦૫. એજન, પૃ.૧૨૧

૩૦૬. એજન, પૃ.૧૨૯

૩૦૭. એજન, પૃ.૧૩૨

ભાષા બોલે છે, તે સૌથી સારુ ગણિત ભણાવે છે એવું નિશાળના વિદ્યાર્થી પણ કહે છે છતાં તેને સતત હડધૂત થવું પડે છે. આચાર્ય જ્યારે ખોટા આક્ષેપ મૂકે છે ત્યારે તેને તેના બાપના શબ્દો યાદ આવે છે ''વાઘરીને ચામડી હુંવારી રાદચે ના પાલવે''[૩૦૮] અંતે નિરાશ થઈને તે મામાને પૂછી બેસે છે- ''મામા, ભગવાને બધા માણસ સરખા કર્યા તો આ ઊંચા-નીચા કોણે કર્યા ? કેમ આ ઊંચા લોકો આપણને માણસમાં જ નથી ગણતા ?''[૩૦૯] તેના મામા એ તો સદીઓથી ચાલી આવતી સમાજવ્યવસ્થાને સ્વીકારી લીધી છે પણ જીવાના પિતાએ તેને સવર્ણોનો ભરોસો ન કરવાનું કહ્યું છે-''ઉચ્ચવૈણના વાદ રહેવા દે જીવા એ લોક બધું નકામું''[૩૧૦] જીવાની મા પણ કહે છે કે 'હારું જીવન જીવવાનું કોને ના ગમે ? પણ હારું જીવવા કોણ દે હે?'[૩૧૧] જીવાની સ્થિતિ જોતા આ વાત તદ્દન સાચી છે.

સવર્ણ જેવા બનવા મથતા, સવર્ણોની જીવનશૈલી અપનાવતા જીવાભાઈ વાઘરીને સવર્ણો મોકળા મને સ્વીકારતા નથી. તેને સવર્ણ સમાજની માનસિકતાનો ભોગ બનવું પડે છે. બીજી તરફ એનો જ સમાજ એને દૂરનો માણસ માનવા લાગે છે ! પાણીમાં રહેવા છતાં જાણે કોરીકટ આંખે સૌતરફ જુએ છે ! કારણ નથી તે વાઘરી રહી શકતો કે નથી ભદ્રસમાજનો નાગરિક થઈ શકતો. તેના જ સગાસંબંધી માને છે કે ભણતરે તેને 'ઢીલો' બનાવી દીધો છે. બે સમાજ વચ્ચે સતત આકરી ભીંસ અનુભવતું જીવા વાઘરીનું પાત્ર છે.

બે સમાજ વચ્ચે ભીંસાતો જીવો પોતે નપુંસક હોવાને કારણે પણ વધુ ચિંતિત રહે છે. પોતાને પીછા અને કલગી વગરનો મોર સમજતા જીવાભાઈ કામાવેગથી માછલીની જેમ છટપટાતી વેતરે આવેલી ભેંસ જેવી શનીને સંતોષ આપી શકતો નથી એથી તે અંદરોઅંદર સોળાયા કરે છે. તે ભયાનક ઓથાર તળે જીવે છે. શની તેને છોડીને પિયર જતી રહે છે. જીવાભાઈની દ્વિધાનું લેખકે સ્વપ્નરૂપક દ્વારા વેધક રીતે વર્ણન કર્યું છે.

''હું આખી રાત લીલા લીલા ચીકણા કોઈ ઘટ્ટ પ્રવાહીમાં ડૂબી આમથી તેમ ને તેમથી આમ લસર્યા કર્યો. આગળ પાછળ, ઉપરનીચે મને કંઈ દેખાતું નહોતું. ન કોઈ મકાન ન કોઈ માનવી. ન કોઈ ઝાડ, ન કોઈ પહાડ. મારા પગ ને હાથ સતત હાલતા હતા. હું ક્યાં જતો હતો ? આગળ-પાછળ ઉપર નીચે ? કંઈ જ ખબર નહોતી. હું ગતિ કરતો હતો કે સ્થિર હતો ? મેં બૂમ પાડવા પ્રયત્ન કર્યો પણ મોં ખૂલ્યું નહીં. એકાએક કોઈ હાથ મારી તરફ લંબાયો. ક્યારેક એ લાલ દેખાયો. ક્યારેક ખૂબ લીલો, ક્યારેક કાળો. હું એ હાથને પકડી લઉં છું. એ હાથ મને ખેંચે છે. ક્યારેક હડસેલે છે, એનો સ્પર્શ ક્યારેક સાવ કોમળ, ક્યારેક મૃતદેહના સ્પર્શ જેવો સાવ શીત ને ઉષ્માહીન. એ મારી પીઠ પર, મારા માથા પર લસરે છે. પછી એકાએક ખૂબ લાંબો થઈ મારી જાંઘ પર ફરે છે. મારું પૂછડું ખચખચાવી નાખે છે. કોનો છે આ હાથ ? કોઈ ચહેરો મને દેખાતો નથી. દેખાય છે માત્ર એક લાંબોલાંબો હાથ.''[૩૧૨] જીવાનો આ

૩૦૮. બદલાતી ક્ષિતિજ,જયંત ગાડીત, પૃ.૧૫૩

૩૦૯. એજન, પૃ.૧૩૧

૩૧૦. એજન, પૃ.૧૧૩

૩૧૧. એજન, પૃ.૧૬૨

૩૧૨. એજન, પૃ.૧૭૯

વલોપાત, વલવલાટ પત્ની શનીને સંતોષ ન આપી શકવાનો છે. પત્નીને જાતીય સંતોષ ન આપી શકવાને કારણે તેના જીવનમાં ઉથલ પાથલ મચી જાય છે. જીવાની ઈચ્છા તો આજીવન શિક્ષક જ રહેવાની છે. રાજકારણમાં ઝંપલાવવાની એની જરાયે ઈચ્છા નથી પણ પત્નીને જાતીય સુખ ન આપી શકતો જીવો તેને કોઈપણ ભોગે ખુશ રાખવાની મથામણ કરે છે. ઘણીવાર પોતાને ન ગમતી વાતોમાં પણ એને લાચારીથી શનીને શરણે જવું પડે છે. દા.ત. શનીને ગમતું લોલકવાળું જ ઘડિયાળ લાવે છે ભલે પોતાને ન ગમતું હોય ! પોતાને વતન ન જવું હોય તોય ઉધેરા શનીને લીધે જાય છે. ગુજરાતી ફિલ્મ જોવા લઈ જવી. રાજકારણી શના વાઘેલા જીવાને ચૂંટણીમાં ઊભા રહેવાનું આમંત્રણ આપે છે ત્યારે તે રાજકારણમાં જવું કે નહીં તેની અવઢવમાં હોય છે ત્યારે ખુદ શની જ કહે છે 'લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મો ધોવા ન જવાઈ !' 'આટલું સુખ તો લેવા દો.....કહી રડતી શનીની જીદે તે રાજકારણમાં ઝંપલાવે છે ને શના વાઘેલાના હાથનું પ્યાદુ બને છે. જીવો વાઘરી ઊલમાંથી ચૂલમાં પડે છે. શની પોતાને છોડીને જતી રહે તો પોતે નપુંસક છે તેની વાત બધે ફેલાઈ જાય. જીવાભાઈ માટે એક બાજુ સામાજિક સંઘર્ષ છે, ચૂંટણી જીતવા પોતાના કોમના લોકોના મતની જરૂર છે તેથી તેને નમતું જોખવું પડે છે. તો શનો વાઘેલો કાછડીછૂટ માણસ છે. તેની પત્ની શની પર કુદષ્ટિ છે ઉપરાંત અણગમતી ચૂંટણીનો પ્રચાર અને ખાસ તો શનાનું સરમુખત્યારશાહી વલણ અને તેનાં માનસિક ત્રાસથી તે કંટાળી જાય છે. તે એટલો બધો ત્રાસી ગયો છે કે સ્વપ્નમાં તેનું ખૂન કરી બેસે છે. અંતે જીવાભાઈ કોંગ્રેસની સીટ પરથી ચૂંટણી જીતી તો જાય છે પણ ત્યાં સુધી પહોંચવામાં તેને ઘણું બધુ વેઠવું પડે છે. જીવાભાઈ એક ખાડામાંથી નીકળી બીજા ખાડામાં પડે છે. જીવાને થાય છે કે 'કયારેય ખાડા વગરની સમથળ ધરતી પર નિરાંતે ચાલવાનું આવશે ખરું ?'[૩૧૩]

કથામાં જીવાભાઈની મનઃસ્થિતિનું સૂક્ષ્મ આલેખન થયું છે. પ્રમોદ્કુમાર પટેલ જીવા વાઘરીના પાત્ર સંદર્ભે નોંધે છે: ''જીવાભાઈના ચરિત્રનિર્માણની સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક માવજતને કારણે આ નવલકથામાં રજૂ થતી સામાજિક અને રાજકીય વાસ્તવિકતાને એક આગવું પરિમાણ પ્રાપ્ત થયું છે. બલકે, આપણી સામે કંઈક વધુ જટિલ અને વધુ સ્પર્શક્ષમ રીતે આખી વાસ્તવિકતા ઉપસે છે.''[૩૧૪]

જીવાભાઈના ચરિત્ર સંદર્ભે ઘણા બધા પ્રશ્નો ઊભા થયા છે. જેમકે ડૉ. મોહન પરમારે જીવાભાઈની નપુંસકતા વિશે નોંધ્યું છે-''જીવાના જીવનમાં બનતાં બનાવોના સંદર્ભે વાત કરીએ તોય એવું કોઈ કારણ નથી કે જીવાની નપુંસકતાને લીધે જીવાના જીવનમાં ઉથલ-પાથલ મચી જાય''[૩૧૫] ડૉ.મોહન પરમારના આ વિધાન સાથે સહમત ન થઈ શકાય કારણ કે નવલકથામાંથી પસાર થતાં જીવાની નપુંસકતાને કારણે ઉથલ-પાથલ મચી જતી જણાય છે. જીવાભાઈ જ્યારે પોતાની મા પાસેથી એમ સાંભળે છે કે શનીના ઘરવાળાઓ તો એવું બોલતા તાં કે જો જીવાભાઈનો બાપ સાંભળી જાય તો બીજે જ દિવસે ફારગતી આપી દે. આ સાંભળતાં જ 'મારી આંખમાં રોષનો ચમકારો આવી ગયો.

૩૧૩. બદલાતી ક્ષિતિજ,જયંત ગાડીત, પૃ.૧૩૦
૩૧૪. કથાવિચાર, પ્રમોદ્કુમાર પટેલ, પ્ર.આ.૧૯૯૯, પૃ.૧૪૩
૩૧૫. અણસાર, ડૉ.મોહન પરમાર, પૃ.૩૦

યોગ્ય લાગે છે. તે લખે છે– ''કૃતિને ચાર ખંડમાં વિભાજિત કરતા સર્જક પ્રથમ ખંડ સર્વજ્ઞ લેખનની કથનરીતિએ રજૂ કરે છે. બીજા ખંડમાં જીવા વાઘરીનું મનોગત, એનો વલોપાત ને વ્યથા એના જ મોઢે વ્યકત થયા છે. આ બેઉ ખંડ એકમેકને એ હદે પૂરક બની રહે છે કે શના વાઘેલા દ્વારા કહેવાતો ત્રીજો ખંડ અને મંગળ દ્વારા કહેવાતો ચોથો ખંડ માત્ર આગંતુક બની રહે છે. નવલકથાના ચુસ્ત આકારમાં છેલ્લા બે ખંડ અનિવાર્યતા સિદ્ધ કરી શકતા નથી''[૩૨૦]

નવલકથાકારે પાત્રોના નખશિખ વર્ણન દ્વારા પાત્રોનું આગવું વ્યક્તિત્વ ઉપસાવ્યું છે. મકાન માલિક બ્રાહ્મણ ગોવિંદ કાકાનું વર્ણન તપાસીએ– ''માથે ટૂંકા સફેદવાળ, આગલા બે દાંત પડી ગેલા, આંખો ચકોર ને સતત હસ્યા કરતી, શરીર પર પાતળો મલમલનો સદરો ને ધોતિયું, કપાળ નાનું, ગરદન ટૂંકી, કાન ટૂંકા, હાથ પર અળસિયા જેવી દેખાતી કરચલીઓ, ગોવિંદ માસ્તર હીંચકે ઝૂલતા હતા.''[૩૨૧]

જીવા વાઘરીનું શબ્દચિત્ર જોઈએ – ''શરીર ભલે કાળું સીસમ જેવું પણ આંખ, કાનનો ઘાટ એવો કે મો જોવું ન ગમે એવું નહીં, શરીર પર ફૂલસ્લીવ બુસશર્ટ, નીચે ફેશનેબલ નહીં એવું પેન્ટ, પગમાં ચંપલ, બાંધો એકવડો''[૩૨૨] આ ઉપરાંત શની, મંગળભાઈ, જીવાભાઈની મા, ચંદ્રિકાની મા વગેરેનું પણ નખશિખ વર્ણન થયું છે. આ સંદર્ભે ડૉ.ભરત મહેતા જણાવે છે કે, ''પાત્રોના આવા Physical દેખાવનું વર્ણન પણ કૃતિના અનિવાર્ય ભાગરૂપે આવે છે. આધુનિક કૃતિઓનો પાત્ર છોછ અહીંથી ખાસ્સો દૂર છે. પાત્રવર્ણનથી જ પાત્રને પામવાની કડીઓ મળે છે''[૩૨૩]

નવલકથામાં ભાષા દ્વારા જ જે તે પાત્રોની લાક્ષણિકતા પ્રગટ થાય છે. નવલકથાનો પરિવેશ ચરોતરનો છે આથી કેટલાંક પાત્રો ચરોતરી બોલી પણ બોલે છે. દેસાઈ દંપતી શુદ્ધ સૂરતી, જીવા વાઘરી અને શનો વાઘેલો શુદ્ધ ગુજરાતી, જીવાની મા જીજી, પિતા મંગળ અને પત્ની શની જેવાં પાત્રો અસલ વાઘરી બોલી બોલે છે. જીવી કહે છે– ''પેટ મોણહને અંદરહી ખઈ જનારો કીડો હે, જીવા ત્હને ન્હઈ હમજાય પેટ શું હે એ. ત્હારો જલમ ન્હોતો તારે એક દન જેલવાઓ ત્હારા બાપાને વેઠે ઉપાડી જ્યા.....''[૩૨૪] સમાજજીવનની વરવી વાસ્તવિકતાનું સાદી સરળ ભાષામાં નિરૂપણ કર્યું છે. ડૉ.શરીફા વીજળીવાળા નોંધે છે.....''લેખકે એ સરળ ભાષાથી જ પાત્રોનાં આંતર-બાહ્ય સંકુલ પરિમાણ ઉઘાડી આપ્યા છે. રોજિંદી વાતચીતમાંથી તત્કાલીન સમાજનું ચિત્ર, રાજકીય પરિસ્થિતિ પ્રગટ થાય છે. દેસાઈનો ભ્રષ્ટાચાર કે કોંગ્રેસ વિરોધી દલીલો, પત્નીના જવાબો વગેરેમાં વ્યંગ છે તો ક્યાંક હળવાશ પણ છે. શનાની વાતોનો દંભ, મંગળના છણકામાંથી વ્યકત થતું એનું લાંઠપણું.... આ બધું ભાષા દ્વારા જ સિદ્ધ થયું છે. માનવસંદર્ભ, સામાજિક સંદર્ભ રચી આપવામાં,

૩૨૦. ફા.ગુ. સ. ત્રૈમાસિક, જુલાઈ-સપ્ટેમ્બર,૨૦૦૫, પૃ.૬૯,૭૦
૩૨૧. બદલાતી ક્ષિતિજ, જયંત ગાડીત,પૃ.૨૦
૩૨૨. એજન, પૃ.૨૬
૩૨૩. જયંત ગાડીતનું કથાસાહિત્ય,ડૉ.ભરત મહેતા, પૃ.૮૫
૩૨૪. બદલાતી ક્ષિતિજ, જયંત ગાડીત,પૃ.૧૬૧

મફતને નોકરી મળતા ગાંધીનગર જાય છે. પત્ની સુશીલા પણ મહોબ્બતપુરામાં પ્રાથમિક શાળામાં શિક્ષિકાની નોકરી કરે છે. મફતે વચલા ભાઈની સાળીને પરણ્યા પછી ફારગતી આપી દીધી ને માબાપની ને ભાઈઓની ઉપરવટ જઈ સુશીલા સાથે નાતરું કરી લીધું. આથી માબાપ ને ભાઈઓ સાથેનો સંબંધ થોડો સમય વણસેલો રહ્યો. ''અમારું સમાજમાં નાક કાપી એ રાંડને તેં ઘરમાં બેસાડી, મફતીયા તે માબાપનું નામ કાળુ કર્યું છે''[૩૨૯] ઉપરાંત મફત નોકરી કરતો હોવાથી તેના પરિવારની અપેક્ષાઓ અને ઈર્ષા વધી જાય છે. આથી મફત બેચેની અનુભવે છે. તેના રુદિયામાં લાહ્યલાહ્ય બળે છે. અકસ્માતે એક દિવસ ગુજરાત સમાચારની પૂર્તિ તેને હાથ લાગે છે ને તે એક 'અભૂતપૂર્વ મૂર્તિવાળું'' સ્થળ- 'પ્રશાંમુ' લેખ વાચે છે. દૂર જતાં રહે તો જીવને થોડી ટાઢક લાગશે એવું વિચારતો મફત પ્રશાંમુ જઈ આવવાનો વિચાર કરે છે ને નીકળી પડે છે. ગાડીમાં સ્વપ્નાંશુ આવ્યા પછી પ્રશાંમુ માટેની બસમાં બેસે છે. બસમાં તેની સાથે એક અંગ્રેજબાનું, બેત્રણ જર્મન્સ, પાંચેક ફ્રેન્ચ સ્ત્રી-પુરુષો, ઈટાલિયન દંપતી અને હબસીઓનું જૂથ છે. અહીં લેખકે વિવિધ પ્રદેશના ને સંસ્કૃતિના લોકો વચ્ચે દલિત મફતને મૂકીને એ વાતની પ્રતીતિ કરાવી છે કે વૈશ્વિક સ્તરે અસ્તિત્વ અંગેની હિલચાલ, વિચારણા ચાલી રહ્યાં છે તેમાં દલિત મફતને મૂકીને ઘણા ગર્ભિતાર્થ સિદ્ધ કર્યા છે. પ્રવાસમાં દલિત મફતને સ્થાન મળ્યું છે એ સમય બદલાયાની પ્રતીતિ કરાવે છે.

પરદેશીઓ પાસે પ્રશામુ જવાના રસ્તાના નકશા છે જ્યારે મફત ભારતીય હોવા છતાં પ્રશાંમુ જવાના રસ્તા વિશેની કોઈ જ માહિતી નથી ઉપરાંત તેને ઝાઝું અંગ્રેજી પણ આવડતું નથી. મફત આ બધા વચ્ચે અજાણ્યા લોકમાં આવી ગયાનું અનુભવે છે. પ્રવાસ દરમિયાન તે ઠાકોરોની કનડગત અને પોતાના સમાજની પીછેહઠનો વિચાર કર્યા કરે છે. 'અંગ્રેજ રાજ સારું હતું' એવું પિતાનું વિધાન મફતને પ્રવાસની હાડમારીને કારણે યાદ આવ્યા કરે છે. મફતને પ્રવાસમાં ફસાઈ જવાનો રંજ થાય છે. આશ્ચર્યની બાબત એ છે કે અંગ્રેજી જાણનાર ને માહિતીસભર પરદેશી યાત્રીઓ પણ અંતે તો અજાણ્યા જ ઠરે છે. અનેક હાડમારી વેઠીને પ્રશાંમુ પહોંચ્યા પછી એક પણ પ્રવાસીને કયાંય પહોંચ્યાનો કે કશું અનોખું જોવા મળ્યાનો અનુભવ તો થતો જ નથી. 'પ્રશાંમુ' એટલે 'પ્રકાશ, શાંતી, મદ્રા' (મદ્રા-મનની પ્રસન્નતા અમુક આધ્યાત્મિક કક્ષાએ પહોચ્યા પછી મનની થતી સ્થિતિ) જેની એક પણ પ્રવાસીને ઝાંખી સુદ્ધાં થતી નથી. આધ્યાત્મિક ઉન્નતિ માટેની મનુષ્યની ઇચ્છા કેવી પોકળ, ખોખલી છે એવો સૂર કથાન્તે પ્રગટ થાય છે. પ્રણવ દવે તેમના 'પ્રશાંમુ અને જયંત ગાડીત'નામના લેખમાં નોંધે છે- ''મફત કેટલાક અંગત-સામાજિક પ્રશ્નોથી ઘેરાઈ જવાને કારણે યાત્રાએ નીકળી પડે છે. એને પોતાના પ્રશ્નોનો ઉકેલ શોધવો છે પણ એ કોઈ રીતે એને સૂલઝાવવામાં સફળ થતો નથી. આમ, પ્રકાશ શાંતિ, મુદ્રા કેપછી અંગત-સામાજિક પ્રશ્નો વિશે એ કોઈ ચોક્કસ નિર્ણય-સ્થિતિ સુધી પહોંચી શકતો નથી કારણ કે લગભગ સંવેદનહીન મનુષ્ય છે જેને કોઈપણ ઘટનાનો અનુભવ થયા પછી તે ઘટનાના અનુભવનું પ્રતીકાત્મક મૂલ્ય પ્રાપ્ત થતું તથી. આમ આ કથા પ્રવાસી, શોધક કે કોઈ પ્રકારની ઉન્નતિ

---

૩૨૯. પ્રશામું, જયંત ગાડીત, પૃ-૬૧

માટેની આતુરતાના વાઘા પહેરી નીકળેલા માણસની વાત છે જેને ખબર નથી કે કોઈ પ્રકારના વાઘા ધારણ કરી લેવાથી એ માણસ પ્રવાસી કે શોધક બની જતો નથી.''[૩૩૦]

ઈલા નાયક પણ 'પ્રશાંમુ' સંદર્ભે ઉચિત જ લખે છે '' પ્રશાંમુમાં પ્રવાસ-ઘટના દ્વારા મનુષ્યનું આંતરવાસ્તવ પ્રગટ્યું છે... જીવનના અનુભવોથી મનુષ્યનું સંવેદનજગત જડ રહે છે તો તે ગમે તેટલું અંતર કાપે છતાં ત્યાંનો ત્યાં જ રહે છે એ 'પ્રશાંમુ'નો વર્ણ્ય વિષય છે. મફત આંતરિક રીતે ક્યાંય પહોચતો નથી. મફત પ્રવાસમાં આંતર-બાહ્ય બન્ને રીતે અજાણ્યાપણું અનુભવે છે. અન્ય પ્રવાસીઓ માટે પણ આ પ્રવાસ અજાણ્યાલોકનો જ બની રહે છે.''[૩૩૧]

'પ્રશાંમુ' રચનારીતિની દષ્ટિએ નોંધપાત્ર છે. સંસ્કૃત નાટ્યશૈલી, મધ્યકાલીન કથા કથન-શૈલી અને આધુનિક નાટ્યશૈલીના સંયોજનથી કથાની બાંધણી કરી છે. અહીં બે કથક છે. 'પ્રશાંમુ' પ્રશાંત ઠાકરે લખી છે અને તેના પઠનનો કાર્યક્રમ ટાઉનહોલમાં ગોઠવવામાં આવ્યો છે. લેખક પ્રશાંત ઠાકર અને શ્રોતાઓની હાજરીમાં અશાંત દવે નવલકથા વાંચે છે. શ્રોતાઓની પ્રતિક્રિયાની નોંધ લેતા; ચર્ચાઓ થતાં કથા ગતિ કરે છે. અહીં ચર્ચેલ દલિત નવલકથાઓ કરતા આ નવલકથા રચનારીતિની દ્રષ્ટિએ જુદી પડે છે. પ્રણવ દવે પણ નોંધે છે કે ''રૂપ-રચનાની દષ્ટિએ 'પ્રશાંમુ' એક મહત્ત્વકાંક્ષી પ્રદાન છે.''[૩૩૨]

કથાનું ગદ્ય પણ નર્મ મર્મ છે. દા.ત. 'જ્યાં ત્યાંથી ત્રણ કલાક કાઢવાના છે. આવો એસી હોલ મફતમાં ક્યાં બેસવા મળવાનો ? સવારે પેપરમાં જોયું ને મહેસાણાથી અહીં આવી ત્રણ કલાક ક્યાં કાઢવા એ પ્રશ્ન ઉકલી ગયો. ન સમજાય તો ઉંઘી જતાં કોણ રોકે છે ?'[૩૩૩]

'અલ્યા પણ તું એમાં નર્યો મેદ ભરભર કર પછી એ માણસ કોઠી જેવો લાગે કે નહીં ? કોઈ નાકનકશો, છાતીપેટ કંઈ દેખાય નહીં ને માત્ર એક ગોળમટોળ કોઠી દેખાય તો એવા માણસને જોવાની મજા પડે ?'[૩૩૪]

સાંપ્રત સમયની સમાજજીવનની વાસ્તવિકતાને લેખકે સાદી-સરળ ભાષામાં અભિવ્યક્ત કરી છે. કથાના ઉત્તરાર્ધમાં આવતો વીરપ્પનનો સંદર્ભ પણ વર્તમાન રાજકારણનો નિર્દેશ કરે છે. વિવેચકો અને શિક્ષકો પર પણ લેખકે કટાક્ષ કર્યો છે. ખાસ તો ૧૯૭૫ થી ૨૦૦૦સુધીની દલિત સ્થિતિની ઉજળી અને કાળી બેઉ બાજુને અસરકારક રીતે વ્યકત કરી છે. મફતની પત્ની સુશીલાને ગામનો જાલમસંગ એકાંતમાં આંતરે છે ત્યારે કેવી સ્થિતિ સર્જાય છે તે જોઈએ. :

''ઓત્ તારી માની બુન, આ તો ઢેડી છે.' સુશીલાના મોં સામે જોઈ જાલમસંગ ઓળખી ગયો 'ઓહોહો, શું પટેલવાણીયાના વેશ કાઢ્યા છે ને ! સ્વેટર ને મફલર ને સાડી ને સેન્ડલ. ઓહોહો

૩૩૦. શબ્દસૃષ્ટિ,સંપાદકઃ હર્ષદ ત્રિવેદી, ઓક્ટોબર-૨૦૦૩, પૃ.૯૧

૩૩૧. ઉદ્દેશ, તંત્રી,રમણલાલ જોષી, જુલાઈ-૨૦૦૪, પૃ.૪૬૬

૩૩૨. શબ્દસૃષ્ટિ, સંપાદકઃ હર્ષદ ત્રિવેદી, ઓક્ટોબર-૨૦૦૩, પૃ.૮૯

૩૩૩. પ્રશાંમુ, જયંત ગાડીત, પૃ.૬

૩૩૪. એજન, પૃ.૧૧

આ રાજે તમને બાદશા બનાવી દીધા અને પછી એકદમ સુશીલાનો હાથ પકડ્યો એની સાથે જાલમસંગનો અવાજ કરડો થઈ ગયો. એ મેંતી સાંભળી લે. તુ મે'તી તારા ગામમાં. અઈ તો વહવાયાની બૈરી સમજી? આ નખરાં અહીં ન ચાલે, વહવાયાની જેમ રેવાનું. એમની જેમ પેરવાનું અને ઓઢવાનુ. આવા વેશ વડદલામાં નહીં નઈતર પછી એવી ઘાલી દઈશ. કોઈ દા'ડે ન નીકરે અને આખરે તેણે સુશીલાના માથાનું મફલર અને પગનાં સેન્ડલ કઢાવી હાથમાં પકડાવ્યા''[૩૩૫] આમ, સાંમતયુગીન પ્રથા બંધ થઈ નથી તેની અનુભૂતિ અહીં વાચકને થાય છે. આ પરંપરિત વ્યવસ્થા સામે મફત પરમાર અવાજ ઉઠાવે છે પણ તેના જ વાસના લોકોની મદદ તેને મળતી નથી.

## 'કાળો અંગ્રેજ'- ચિનુ મોદી

ચિનુ મોદીની 'કાળો અંગ્રેજ' નવલકથામાં આઝાદી મળ્યા પછીના સમયમાં ગ્રામ્ય પ્રદેશમાં વસતા સવર્ણ અને દલિત સમાજના આંતર સંબંધ, સંઘર્ષ, પ્રણયકથા (ભલાનાં સંતાનોની પ્રણયકથા) અને દલિતોની આંતરિક કમજોરીઓનું આલેખન છે.

દિલીપ રાણપુરાની 'આંસુભીનો ઉજાસ' ના નાયક દેવરાજની જેમ આ નવલનો નાયક મનસુખ પણ ગાંધીવાદી કાર્યકર છે. તે દલિતવાસમાં ભલા ભગતના ઘેર રહી દલિતોના નાના-મોટા પ્રશ્નો, સમસ્યાઓને સરકાર સુધી લઈ જઈ તેના નિરાકરણ માટે પ્રયાસ કરે છે. તે વાસના લોકોને ગાંધીવાદી વિચારધારાની વાત કરી તે મુજબ આચરણ કરવાનું સૂચન કરે છે, શિક્ષણનો પણ પ્રચાર અને પ્રસાર કરે છે, ત્યાં સુધી કે શારદા જેવી દલિત છોકરીને પણ શહેરમાં ભણવા માટે મૂકવા જાય છે તેમજ દેશમાં બનતી રોજ-બરોજની ઘટનાઓને ચોરાના ઓટલે બેસી, છાપું વાંચી લોકોને માહિતગાર કરે છે. બધાની સાથે વિવેકથી વ્યવહાર કરે છે પણ ગામના વજેસિંગ ઠાકુરને મનસુખનાં આ કાર્યો સ્વીકાર્ય નથી. આથી તે મનસુખને કાઢી મૂકવા મુખીને હુકમ કરે છે ત્યારે મુખી કહે છે : ''અલ્યા ભૈ, ના બ્હીતું હોય એને બ્હીવડાવવું ચ્યમનું''[૩૩૬] મુખીની આવી ઢીલી વાતથી વજેસંગ ઊકળી ઉઠે છે. દલિતો સામાજિક અસમાનતાનો ભોગ બન્યા છે. ગાંધીવાદી કાર્યકર દયાભૈના કહેવાથી કલો, ભલિયો, ઢોલી રઘલો, મનોરિયો વગેરે મંદિરમાં પ્રવેશ કરવા જાય છે ત્યારે તેને જોઈને જ બંદૂકધારી વજેસંગ ત્રાડ પાડે છે: ''ખબરદાર ! ન્યાં ના ન્યાં ઊભા રે'જો, તસુ આગળ ખસ્યા છો તો ફૂંકી મારીશ, આ પવિતર જગામાં તમને આવવા કોણે દીધા ? રાંડનાઓ, ભગવાનના થાનકમાં તમારાથી અવાય ? આ જલમે તો મેલું ઊંચકો છો, આવતે જલમે કીડા પડશે, કીડા ! જાઓ, ગામનું છાણ લૈ આવો ને તમારા પંછાયા પડ્યા છે ઈ લીંપી ગૂંથી નાંખો. જોયા શું કરો છો?''[૩૩૭] અંતે તો વજેસંગ કલાને બંદૂકની ગોળીથી મારી નાખે છે. આ ઉપરાંત તે ચંપાબાઈ ઉપર અસહ્ય ત્રાસ ગુજારે છે, અંતે મૃત્યુ પામે અને એને ગાડામાં ફેંકી ખેતરમાં પૂળાના ઓઘામાં બાળી નાખવામાં આવે ત્યાં વજેસંગની જોહુકમી, ક્રૂરતા,

---

૩૩૫. પ્રશાંમુ, જયંત ગાડીત, પૃ.૧૩૧,૧૩૨
૩૩૬. કાળો અંગ્રેજ, ચિનુ મોદી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બીજી આવૃત્તિ-૨૦૦૩, પૃ.૧૫
૩૩૭. એજન, પૃ.૪૫

નિષ્ઠુરતા ને નફ્ફટાઈનો પરિચય વાચકને મળી જાય છે. કરુણતા તો એ છે કે રક્ષક-ફોજદાર જોશી પણ વજેસંગ પાસેથી છ હજાર લઈને વજેસંગનો ગાળિયો આખી જિંદગી ઠાકોરની મજૂરી કરવામાં મન દઈને ને તન તોડીને કામ કરનાર ખેમાના ગળામાં નાખી દે છે !! જોશી તેની સાથે અમાનુષી વ્યવહાર કરી તેની મા-બેનને ગાળો ભાંડતો કહે છે - ''સાલા, ખાય એનું ખોદે છે? મારા હાળા કોળા, કૂતરાને રોટલા નાંખ્યા હોય નેં તો કૂતરાંય ગુણ દે, તું તો સાલા કૂતરાથીય ભૂંડો છે. ખાવા દેનાર હાથને બચકું ભરે છે ? તારા અન્નદાતા ઠાકોરને ગાળો ભાંડે છે ? કાલ તારાં ચામડા ઉખેડી ના નાખું તો મારું નામ જોશી નહીં ''[૩૩૮] આમ, ખરો અપરાધી વજેસંગ છૂટી જાય છે ને નિર્દોષ, ગરીબ ખેમાનો કાયદાની ચુંગલમાં ભોગ લેવાય છે. આપણે કહી શકીએ કે ફોજદાર જોશીનો ખેમા સાથેનો દુર્વ્યવહાર શું અંગ્રેજોના ત્રાસથી જરાય ઉતરે એવો છે ખરો ? અહીં ભારતમાં ચાલતી પોલીસ ખાતાની ભ્રષ્ટાચારી નીતિરીતિઓ પર લેખકે હળવો વ્યંગ કર્યો છે.

પરદેશી ગોરા અંગ્રેજની જેમ આઝાદ ભારતના વજેસંગ ઠાકોર સમાજનું શોષણ કરવામાં જરાય પાછા પડે એમ નથી. વજેસંગ ઠાકોર જ ખરા અર્થમાં 'કાળો અંગ્રેજ' છે. લેખક નોંધે છે ''જેના ચોપડામાં હરિજન હત્યા, હરિજનોના મંદિર પ્રવેશ અટકાવવાની, ખેડૂતો પાસેથી જમીન પડાવી લેવાની ચાતુરી, ગણિકાની ભેદી હત્યા લખાયેલા છે''[૩૩૯] પણ સમયના પ્રવાહમાં આ ચતુર કાળો અંગ્રેજ ખાદીનાં વસ્ત્રો પરિધાન કરી કોંગ્રેસી બની જાય છે. ગાંધીજીના પૂતળાનો અનાવરણ વિધિ અને હરિજનોને મંદિર પ્રવેશનું તે માત્ર નાટક જ રચે છે અને એ રીતે કોંગ્રેસના પ્રમુખને લલચાવી કોંગ્રેસની સીટ મેળવે છે. પોતે ગાંધીવાદી હોવાનો દેખાડો કરવા દીકરા ઈન્દ્રસિંહને ગાંધીવાદી સંસ્થા વિદ્યાપીઠમાં શિક્ષણ લેવા મોકલે છે. ખાદીધારી ચતુર ઓતમચંદ અને લુચ્ચા સેવંતીલાલના ચઢાવવાથી વજેસંગ, ઈન્દ્રસિંહ અને શારદીના પ્રેમ સંબંધને અટકાવવા શારદીનું અપહરણ કરાવડાવે છે પણ શારદીને ખૂબ જ ચાહતો ઈન્દ્રસિંહ પિતા વજેસંગની હાજરીમાં જ બંદૂકની ગોળી કપાળે મારી જીવન ટૂંપાવી દે છે. આ ઘટના પછી ગાંધીજીના પૂતળાના અનાવરણ વિધિ વખતે વજેસંગ વિધિ પૂરી કરી કેસરડીના ભંગીવાસ ઉપર હિચકારો હુમલો કરે છે અને એક સાથે ત્રીસ જેટલા અંત્યજોને ફૂંકી મારે છે પણ અંતે તો દીકરાના શોકમાં ચિત્તભ્રમ બની વજેસંગ પાધરના વડની ડાળી પર દોરડું નાંખી ગાળિયો કરી આત્મહત્યા કરી લે છે.

અહીં નિરૂપાયેલ દલિત સમાજની સ્થિતિ જોતાં વાચકને પ્રશ્ન થાય કે આઝાદી કોને મળી ? આઝાદીનો વિશેષ લાભ અને સુવિધા કયા વર્ગને મળ્યાં ? મનસુખનાં પ્રયત્નો છતાં દલિતોની સમસ્યામાં કોઈ ખાસ પરિવર્તન જોવા મળતું નથી. સવર્ણ સમાજ કે જેને અહીં સર્જકે 'કાળા અંગ્રેજ' તરીકે ઓળખાવ્યા છે તે સતત દલિત, ઉપેક્ષિત, શોષિત સમાજ પર અન્યાય, અત્યાચાર, જોહુકમી

---

૩૩૮.કાળો અંગ્રેજ, ચિનુ મોદી, પૃ.૧૩૨

૩૩૯. એજન, પૃ.૨૫

કરતો રહ્યો છે. સવર્ણ સમાજનાં બેવડાં વલણ કથામાં નિરૂપાયેલાં છે. સાથે-સાથે અહીં એ બાબત પણ નોંધવી ઘટે કે આ સમાજ પણ સવર્ણોના શોષણને, અત્યાચારને પોતાનું નશીબ માનીને જીવ્યે રાખે છે ને ચૂં કે ચાં પણ કરતો નથી. લેખકે આ નવલકથાને 'ગયા જમાનાની કલંક કથા'[૩૪૦] કહી છે.આગળ તે લખે છે – ''એક તો ગરીબાઈ, બીજુ નિરક્ષણપણું અને સૌથી વધારે જીવલેણ એવી બિન-અંત્યજ કોમની ઘૃણાએ અંત્યજોને પટ્ટા વગરની ગુલામી આપેલી છે, આ ગુલામી અંત્યજોને લગભગ સદી ગઈ હતી. મને બરાબર યાદ છે એ દશ્ય... ગામમાં ભોળા શંભુનું મંદિર છે. એ મંદિરમાં વજેસંગ પધારે ત્યારે ઉજળિયાત વરણના પસંદ કરેલા માણસો જ મંદિરમાં જઈ શકતા !! પણ ગાંધીવાદી ધ્યાભૈને આ સ્વીકાર્ય નથી. તેણે વાસના દલિતોને કહ્યું કે –''કાલ ભોળા શંભુના મંદિરમાં સૌએ સાગમટે જવાનું છે.'' ત્યારે દલિત મનોર કહે છે – ''હોતા હશે ? અમારા જેવી હલકી વરણના લોકોથી દેવ અભડાઈ જાય ?'' [૩૪૧] સવર્ણોનું એટલું બધુ આધિપત્ય હતું કે દલિતો માનવ તરીકેના અધિકારો મેળવવાનું વિચારી પણ શકતા નથી. આ નવલકથા લખવાનો લેખકનો આશય કદાચ સ્વતંત્રતા પછી ભારતમાં ઉજળિયાતો એટલે કે કાળા અંગ્રેજોના વધતા જતાં આધિપત્ય, જોહુકમી સામે સચેત કરવાનો છે. અત્યાચારી સવર્ણો પ્રત્યેનો લેખકનો આક્રોશ આ શીર્ષકમાં જ વ્યકત થાય છે. મનસુખ જણાવે છે કે ''ગાંધી અંગ્રેજોને તગેડી શક્યા, કારણ.... એ તો પરદેશી હતા પણ આપણા દેશ બાંધવોને કયાંથી તગેડી શકાશે ?''[૩૪૨]

સત્તાભૂખ્યા સવર્ણ સમાજના લોકો કેવાં-કેવાં કાવતરા, ષડ્યંત્ર કરી, ખાદીનાં આવરણો ધરી અને દલિતો પ્રત્યેની નફરત, સૂગને અકબંધ રાખતા આ કાળાઅંગ્રેજો વાડ તોડવાનું નહીં પણ ઉછેરવાનું કામ કરે છે. દેશ આઝાદ થયાને પંચાવન વર્ષ પછી પણ શું આ પ્રશ્નનો ઉકેલ આવ્યો છે ખરો? રૂપાળાં, ગાંધીવાદી આવરણોના ઓથા હેઠળ પોતાના કાળાં કરતૂતોને છૂપાવીને હજારો વર્ષોથી વારસામાં મળેલી માનસિકતામાંથી ક્યારે બહાર નીકળશે ?

દલિત સમાજની આંતરિક કમજોરીઓનું પણ વર્ણન અહીં છે. આ સમાજ જરીપુરાણા રીત-રિવાજો, સંસ્કારો, મધ્યકાલીન રૂઢિઓથી ગ્રસ્ત છે. જેવી રીતે સવર્ણ સમાજમાં બધા જ કર્મકાંડ-વિધિ બ્રાહ્મણ કરે છે તેવી જ રીતે આ સમાજમાં પણ ધાર્મિક ક્રિયાકાંડ માટે તેના બ્રાહ્મણ હોય છે. અહીં તાપી શંકર હરિજનોના ગોર છે. જે લાલચું સ્વાર્થી છે. ખેમીનું ઠેકાણું શોધી આપવા માટે 'ચંદરીભેસ'ની માંગણી કરે છે, દક્ષિણા માટે એક આધેડ વયના માયલાના મકાદમ સાથે ગામના પ્રખ્યાત ઢોલી ભલા ભગતની દીકરી ખેમીનું લગ્ન ગોઠવવાનું કારસ્તાન કરે છે.

---

૩૪૦. કાળો અંગ્રેજ, ચિનુ મોદી, નિવેદન લેખ.
૩૪૧. એજન, પૃ.૪૨
૩૪૨. એજન, પૃ.૨૪૭

અહીં મનસુખ-સમુડી, ઈન્દ્રસિંહ-શારદાના માધ્યમ દ્વારા સવર્ણ પુરુષ અને દલિત સ્ત્રીના પ્રણય સંબંધોનું નિરૂપણ છે. આ પ્રણય સંબંધ લગ્નરૂપ પામી શક્યા નથી. ડૉ. ભરત મહેતા નોંધે છે- ''કથાના કેન્દ્રિય પાત્ર ભલાના સંતાનોની પ્રણયકથા વાયવી બની છે. સમાજ અહીં કથાંતે સામૂહિક હત્યાકાંડ વખતે સંડોવાતો 'વાસ'સમગ્ર કૃતિમાં પોતાની માત્ર સુવાસ પણ ફરકાવતો નથી. મનસુખ નામનો ગાંધીવાદી એટલો સક્રિય નથી કે પંથકના સ્થાપિતો એનાથી લેખક બતાવે છે તેટલા વિચલિત થાય! છાપાનું જાહેરવાચન અને ચોરાની ઔપચારિક નિશાળ સિવાયની એની સક્રિયતા નથી''[૩૪૩]

રચનારીતિની દૃષ્ટિએ જોઈએ તો 'કાળો અંગ્રેજ' ૩૫ પ્રકરણોમાં વહેંચાયેલ છે. આ નવલકથાની સવિશેષ વિશેષતા એ છે કે દરેક પ્રકરણના આરંભે લેખકે પાત્રોના મનોસંચલનોને વ્યક્ત કરતાં ગીતો મૂક્યાં છે. સર્જકની આ પ્રયોગશીલતા વાચકને રુચે એવી છે. અરવિંદ વેગડા આ સંદર્ભે જણાવે છે કે, ''પાત્રોનાં મનોગત સંચલનોને વ્યક્ત કરતા આ ગીતોમાં કવિત્વ પણ એટલું જ ભારોભાર રહેલું છે. જુદાં-જુદાં પાત્રોની, પ્રસંગોની ભાવક્ષણોને વ્યક્ત કરતાં ગીતોનો પ્રયોગ અને એ પણ સફળ પ્રયોગ આ નવલકથાને ધ્યાનકર્ષક બનાવવામાં બળુકો બની રહે છે.''[૩૪૪] તો ધારી-અમરેલીથી દિલીપ ત્રિવેદીએ પત્રમાં લખ્યું છે-''નવલકથાની સાથે આપે જે ગીત આપ્યાં તે પ્રયોગ ગમ્યો અને ઘણાં ગીત તો કવિતાની માફક ગણગણતા કરે તેવાં છે અને ગીતો સંપૂર્ણપણે કથામાં બંધબેસતાં હતાં, જે આપની સંપૂર્ણ સૂઝ દર્શાવે છે''[૩૪૫]

આ નવલકથામાં સર્જકનું ભાષાકર્મ નોખી ભાત પાડતું નાવિન્યસભર છે. દા.ત.''ફૂલની પાંદડી પર બેઠેલા ઝાકળને સૂર્યનું પ્રથમ કિરણ અડકે.....ડાળ પર બેઠેલા હોલાને પગે અચાનક કીડી ચટકે.....અધરાતે મધરાતે અભિસારે નીકળેલી સુંદરી, વાદળ આઘું ખસતાં પૂર્ણ કળાની ચંદ્રની અચાનક વરસી જતી ચાંદનીથી ઓળખાઈ જવાના ભયથી ભડકે, એવી જ સ્થિતિ શારદીની થઈ''[૩૪૬]

તળબોલીના પ્રયોગથી લેખકે કૃતિને જીવંતતા બક્ષી છે. તે સમાજના બોલી વિશેષો, લહેજા અને લહેકા ઉપરાંત આળપંપાળ વગરના ચોટદાર વાસ્તવિક ઉદ્ગારોથી મઢાઈને આવતી શૈલી આસ્વાદ્ય બને છે. દા.ત.અંબા એના પતિ ભલા ભગતને કહે છે- ''ખીલા હોથોને ! ઢોલ ઢીબ્યાં કરો છો તે ! ખેમલીને તો રામાપાતાર હાથમાં દઈ દીધું ! આનાથી હાથમાં ચપ્પણીયું દઈ દો. મને બોલાવતા ન હોય તો ?''[૩૪૭] અંબાના આ શબ્દોમાં મા તરીકે એરડાની જેમ વધતી પોતાની દીકરી માટે મૂરતીયો શોધવાની ચિંતા, એની પીડા વ્યક્ત થતી જોઈ શકાય છે.

---

૩૪૩. શબ્દસૃષ્ટિ, સંપાદક : હર્ષદ ત્રિવેદી, નવેમ્બર-૨૦૦૩, પૃ.૧૯૧
૩૪૪. 'કાળો અંગ્રેજ', ચિનુ મોદી, બીજી આવૃત્તિ-૨૦૦૧, પૃ.૨૭૧
૩૪૫. એજન, પ્રસ્તાવના લેખ
૩૪૬. એજન, પૃ.૧૯૦
૩૪૭. એજન, પૃ.૭૮

કથામાં નિરૂપાયેલ મુખ્ય-ગૌણ પાત્રો પોતીકી લાક્ષણિકતા ધરાવે છે. પાત્રસૃષ્ટિ એકંદરે હાડમાસના સજીવ માનવમેળા સમી જીવતં તેમજ આકર્ષક છે. ભલા ભગતનું પાત્ર દલિત ચેતના, વિદ્રોહ, સંઘર્ષ તથા સ્ત્રી શક્તિનું પ્રતીક બની વિલસે છે. કથાન્તે માર ખાતો આખો વાસ શારદી દ્વારા સક્રિય બન્યો છે. ઈન્દ્રસિંહ સંવેદનશીલ પ્રેમી છે. પ્રસંગોની ગૂંથણી પણ અસરકારક રીતે થઈ છે. દલિત સમાજના પ્રશ્નો અને સમસ્યાઓને ગૂંથતો કથાપ્રવાહ આરંભથી અંત સુધી વહે છે જેમાં આવતા ચઢાવ-ઊતાર સામાજિકતાના સિક્કાની બંને બાજુનું દર્શન કરાવે છે. રામપ્રસાદ દવે નવલકથાની ખાસિયત જણાવતા નોંધે છે : ''ઊર્મિનો ઊંડો વલોવાટ, પ્રતિ પ્રકરણ પ્રાણવાન ગીત, લોકબોલીના ઝિલાયેલા ધબકાર, તાદશ ચિત્રાવલી, વરવું પણ અતિ વાસ્તવિક સમાજદર્શન, અત્યંત વેગીલો કથાપ્રવાહ, ચારેકોરથી કૂતુહલ જાગે છતાંય ગમે તે કક્ષાએ કોઈ વાદની ઘેલછા ન પ્રવેશી જાય એની તકેદારી, અત્યંત કરુણ અંત-બિહામણા ચિત્ર પર અન્યથા ગુજરાતી લેખકને હાથે ન ચાલતી કલમ....બીભત્સ કે જે કેટલીવાર અત્યારના નવલકથાકારોનો કૃત્રિમ પ્રાણવાયુ થયો છે તેનાથી દૂર રહ્યા છો તે ઠીક જ થયું છે.''[૩૪૮]

## 'મશારી'- કિશોરસિંહ સોલંકી

સાહિત્યકાર પોતાની કૃતિમાં પોતે જે કાંઈ જોયું, જાણ્યું, અનુભવ્યું તેને શબ્દસ્થ કરતો હોય છે. 'મશારી'માં કિશોરસિંહ સોલંકીએ પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે, ''બાળપણની એક ઘટનાને અહીં વાચા મળી છે. નાનો હતો ત્યારે ભેંસો ચારવા જતો. મારા વ્હોળાવાળાં ખેતરમાં સામેના ગામનાં ઢોર ચરવા આવતાં. 'ભગત'ના નામે ઓળખાતા એક હરિજન કાકા ભેંસો ચારવા આવતા. એ જેના ત્યા મશારીએ રહ્યા હતા એની જાહોજલાલી હતી પણ સમય એ બધું જ ગળી ગયો- એના સાક્ષી પણ આ ભગત જ !

એક બપોરે આંબાના છાંયડે બેઠા હતા ત્યારે ભગતે કહેલું કે, 'મારે પણ બે વીઘા જમીન હોત તો'-બોલતાં નિસાસો નાખેલો અને દૂર-દૂર તાકી રહેલા ! એ ચહેરાની આ ઘટના-મશારી !''[૩૪૯] આમ, ૧૯૮૬માં પ્રગટ થયેલ આ જાનપદી લઘુનવલમાં લેખકે એક કામદારને પોતાનો ટુકડો જમીન હોય તે માટે તડપતા જોયેલા, એ તડપન-વલવલાટને અહીં ભગતના પાત્ર દ્વારા નિરૂપી છે.

'મશારી'નો અર્થ ખેતરમાં રહી મજૂરી કરનાર-'હળ'હાંકનાર, 'જણ','માણસ' જેને 'સાથી' પણ કહેવામાં આવે છે. 'મશારી'નું મુખ્ય પાત્ર ગોદડ ભગત નામનો ચમાર છે. તેની આસપાસ કથા ગોઠવાઈ છે. ગોદડ ભગત એકવાર મરેલા ઢોરનું ચામડું ઉતરડવાનું કામ જોતાં કંપી ગયેલા. એનું હૃદય દ્રવી ઊઠેલું. એ ઢોરની માટી ખાતાં લોકોને જોઈને પોતાના બાપદાદાના પરંપરિત વ્યવસાયમાં તેને રસ રહેતો નથી. એ વખતે ભગતના મનમાં એક સ્વપ્ન ઉછરી રહ્યું હતું કે બે વીઘા સારી જમીન

૩૪૮. કાળો અંગ્રેજ, ચિનુ મોદી, પ્રસ્તાવના લેખ
૩૪૯. મશારી, કિશોરસિંહ સોલંકી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બીજી આવૃત્તિ-૧૯૯૯, લેખકનું નિવેદન

મળે તો એક લીલીછમ વાડી ખિલવવી અને બાળકને ભણાવીને મોટો માસ્તર બનાવવો. આ સ્વપ્ન સિદ્ધ કરવા માટે તે પોતાનું ઘર-ગામ છોડીને મજૂરીની શોધમાં નીકળી પડે છે. બાજુના ગામના નાતમાં વગદાર એવા વીરા મુખીને મળે છે. તેને હાથ જોડતાં ભગતે કહેલું 'મા-બાપ જાતનો ચમાર સું... જો તમે રહેમ નજર કરો તો આપનું નામ સાંભળીને આયોસું, પેટિયું રળી ખાવા, કામની શોધમાં સું'[૩૫૦] વીરો મુખી તેને પોતાને ત્યાં પગ મૂકવાની (મશારી તરીકે) જગા આપે છે. નિરાધાર-નિરાશ્રય ભગતને આ મોટું અહેસાન લાગે છે. પછી તો ભગત મુખીના ખેતરમાં પૂરી લગન અને જહેમતથી તનતોડ મહેનત કરે છે પણ દલપત ચૌહાણના 'ગીધ'ના નાયક ઈસાની જેમ ભગત પાણી વાળતી વખતે મુખીની દીકરી જીવી અને પોતાની સાથે જ મશારી તરીકે કામ કરતા ઠાકુર નાથુને જુવારના ખેતરમાં રંગરેલિયા કરતા જોઈ જાય છે. ત્યારથી આ બંનેની આંખમાં ભગત કણાની જેમ ખૂંચવા લાગે છે. નરસંગ પણ વીરા મુખીના ખેતરમાં જ મશારી છે. જીવી, નાથુ અને નરસંગ પોતાના અંગત સ્વાર્થ ખાતર ભગત પર જૂઠા આરોપો નાખે છે. ત્રણે ભેગા મળીને ચોરી કરે, દારૂ ગાળવાનો ધંધો કરે, દારૂ પીએ, ખેતરમાં કામચોરી કરે પણ અંતે મુખી પાસે નામ તો ભગતનું જ લે ! મુખી પણ આ ત્રણેની વાત માની લે છે કારણ કે, મુખીને મન તો નાથુ ભલો, સાચો છોકરો છે... આમેય એ એમના અવૈધ સંબંધનું સંતાન છે. કાચા કાનનો સાંભળનાર મુખી અંતે ભગતને જ ધમકાવે છે. ભગત મૂંગે મોઢે બધું સહી લે છે કારણ કે ભગત મનોમન એવું માને છે કે, 'મને સૌ પહેલા પગ મૂકવાની જગા તો મુખીએ જ આપી. મુખીને એ અન્નદાતા માનીને છે એટલે વગર કારણે ગાળો દે, શોષણ કરે, ખોટા આળ ઓઢાડે તોય તે કશું જ બોલતો નથી. મુખી તેને મશારીમાંથી કાઢી મૂકે છે છતાં પણ તે મુખીનું ખરાબ દેખાય એવું ઇચ્છતો નથી. ભગતની પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠા જોઈને દલા પટેલ તેને જોઈએ એટલું મશારું આપવા તૈયાર છે પણ એ વખતે ભગત તેને કહે છે ''આટલા વરસથી અહીં છું, મુખીનું અન્ન ખાઉં છું અને એમની છાતી ઉપર સામે જઈને રહું, એ માટે મારું દિલ ના પાડે છે''[૩૫૧] અંતે જ્યારે મુખી તેને મશારીમાંથી કાઢી મૂકે છે ત્યારે તે દલા પટેલને ત્યાં મશારી તરીકે રહે છે. પછી તો દલો પટેલ ભગતને જમીન પણ અપાવે છે. ભગતે સેવલું એક સ્વપ્ન પૂર્ણ થાય છે. એ સમય દરમિયાન જ મુખીની અવદશા થાય છે. નાથુ-જીવી પ્રેમના નશામાં બધું બરબાદ કરી દે છે. મુખીને પણ અફીણની લત લાગે છે. તે અફીણમાં પકડાય જાયઁ છે અને ખેતરની જમીનની પણ હરાજી થાય છે. મુખી આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે. તેનો માન,મોભો પ્રતિષ્ઠા બધું ધૂળમાં ભરી જાય છે. તે ભાંગી જાય છે પણ ભાંગી પડેલા મુખીને ભગત જ દોડીને આધાર આપે છે. સમય બદલાવા છતાં ભગત પ્રામાણિકતા, સચ્ચાઈ, માણસાઈ છોડતા નથી, મુખીને પણ અંતે ભૂલોનો અહેસાસ થાય છે. તે ભગત પાસે માફી માંગે છે. કથાન્તે મુખી ભગત સાથે હૃદય સંવાદ અનુભવતો હોય એવો સંકેત મળે છે. માલિક-મજૂર, નાત-જાત, ગરીબ-ધનવાન વચ્ચેનું અંતર ભૂંસાય છે. માણસને માણસ તરીકે જ પીછાનવા જોઈએ એવો સૂર અંતે પ્રગટે છે. સચ્ચાઈનો દુરિત સામેનો વિજય થાય છે. કથાનો અંત સુખદ છે.

---

૩૫૦. મશારી, કિશોરસિંહ સોલંકી, પૃ.૧૨
૩૫૧. એજન, પૃ.૨૪

'મશારી'માંથી પસાર થતાં બંગાળી નવલકથાકાર વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની 'આદર્શ હિન્દુ હોટલ' નવલકથાનું સ્મરણ થાય છે. કથાનાયક હાજારી ઠાકુર મશારીના ભગતની જેમ અત્યંત પ્રામાણિક, કર્તવ્યનિષ્ઠ અને બીજાનું કદીય ખરાબ ન વિચારનારો રસોઈયો છે. ભગતનું જે રીતે પોતાની બે વીઘા જમીન હોય અને પોતાના બાળકને ભણાવીને મોટા માસ્તર બનાવવાનું સ્વપ્ન છે એ જ રીતે હાજારી ઠાકુરનું એક સ્વપ્ન છે પોતાની એક હોટલ હોય. તે પોતાની સ્વતંત્ર હોટલ ખોલવા માટે સતત મહેનત, મથામણ કરે છે. ભગતની જેમ જ ઠાકુરને પણ ચોરીનું આળ, અપમાન તથા વગર કારણે ગાળો સાંભળવી પડે છે છતાં એ કદીયે પોતાના શેઠ સામે બોલતો નથી કે શેઠનું ખરાબ પણ ઇચ્છતો નથી, બધું મૂગે મોઢે સહી લે છે. તેને વધુ પગાર મળતો હોવા છતાં બીજે જતો નથી, પોતાના માલિક પ્રત્યે તેને અનહદ લાગણી છે, છેવટે તેમનું સ્વપ્ન પૂર્ણ થાય છે.

અહીં સામાજિક અસમાનતાનો ભોગ ભગત ચમાર બને છે. જ્યારે દલા પટેલ જેવા માનવતાવાદી વ્યક્તિએ ભગતને માટે બે વીઘા જમીનનો સોદો કર્યો છે. પૈસા પણ આપી દીધા છે પણ જ્યારે તેને ખબર પડે છે કે આ જમીન ભગત માટે ખરીદે છે ત્યારે તે પૈસા આપી દીધા હોવા છતાં સોદો મંજૂર કરવાની ના જ પાડી દે છે ! એ વખતે ફતા અને દલા પટેલ વચ્ચે માર્મિક સંવાદ થાય છે તે તપાસીએ :

ફતાએ ભગતનું નામ સાંભળીને ઘસીને ના પાડી દીધી. પટેલ હું તો તમને ધારતો હતો. આ ચમારનં....અને તે પણ પારકા ગામના ચમારને જમીન અપાય ખરી ? ત્યારે દલાકાકા તેને સમજાવતા કહે છે – ''ફતાભૈ, એનો જનમ ચમારમાં થયો છે. એ એની ભૂલ ખરી ? માણસ છે. મહેનત-મજૂરી કરી જાણે છે, પછી શો વાંધો છે ?''

''વાંધો કેમ નહિ ? આ તો આવતીકાલે માથે છાણાં થાપશે. એમને તો મોઢે વધારે ન ચડાવાય''[૩૫૨]

આમ, દલિતો સુખેથી જીવે એ સવર્ણો જીરવી શકે એમ નથી. દલિતો પોતાનાથી આગળ વધી જાય તો પછી પોતે તેના પર જોહુકમી ન કરી શકે એ વિચારથી કદાચ દલિતો જમીન ખરીદે.એ એમને મંજૂર નહીં હોય. મુખીની દીકરી જીવી, નરસંગ વગેરે ભગત સાથે તોછડાઈભર્યો વ્યવહાર કરે છે. માનવીય ગુણોથી સભર એવા ભગતને માત્ર જાતિને કારણે ઘણીવાર હડધૂત થવું પડે છે. અલબત્ત સમય સાથે કેટલાક લોકોની માનસિકતા કેટલેક અંશે બદલાઈ પણ છે. ભગત પટેલના ઘેર જાય છે, દૂર ઊભો રહે છે ત્યારે પટેલ તેને કહે છે :

''અરે ભઈ, આ બાજુ આવીને બેસ. હવે તો જમાનો ફેર થઈ ગયો છે. એટલે ઊભા રહેવાના દાડા જતા રહ્યા, આ તો ગાડી મોટરુંના જમાના આવ્યા છે. આપણ બધાય સરખા, આવ, આ બાજું''[૩૫૩]

---

૩૫૨. મશારી, કિશોરસિંહ સોલંકી,પૃ.૮૫

૩૫૩. એજન, પૃ.૪૦

'મશારી'માં કૃષિપરિવેશ બરાબર ઉપસી આવ્યો છે પણ સમગ્ર ગ્રામ્ય સમાજની જીવનની વાત આછી-પાતળી આવે છે. સમાજજીવન અહીં આભાસી હોય એવું લાગે છે. સામાજિક, ધાર્મિક, આર્થિક બાબતોનો ઉલ્લેખ પ્રમાણમાં ઓછો છે. કદાચ લેખકનો આશય સમાજકથા નહીં પણ વ્યક્તિકથા દર્શાવવાનો હશે. પ્રમોદકુમાર પટેલ લખે છે : ''વર્તમાન સમાજજીવનની વિષમતા કે સામાજિક, આર્થિક પરિબળોની દુઃસહ ભીંસ કે સંકુલ સમાજ રચનાની કુટિલ પરિસ્થિતિ જેવું ખાસ ઉપસતું નથી. જમીનદારી વ્યવસ્થામાં રોપાયેલાં અન્યાય, જુલ્મ અને શોષણ વિશે લેખકને કંઈ વિશેષરૂપે ઉછિષ્ટ જણાતું નથી''[૩૫૪] નાથુ અને જીવીના સંબંધો અંગે પણ લેખકે વિશેષ પ્રકાશ પાડ્યો નથી. આ પ્રકારના અનૈતિક સંબંધનો કોઈ પણ વિરોધ કરતા નથી. વીરા મુખીના કુટુંબજીવનની વાત પણ વેધક રીતે આલેખાઈ નથી. ભગતનું બાળક રામલાને ભણાવીને મોટા માસ્તર બનાવવાનું શમણું બરાબર આકાર પામતું નથી. એ રામલાના ભણતરની સાથે શાળાનો ઉલ્લેખ, ભણતરમાં તેની સામે ઊભી થતી સમસ્યાઓ વગેરે દર્શાવી હોત તો કદાચ કથા વધારે ચોટદાર બનત. 'બે વીઘા જમીન'વારી વાત ધ્રૂવપંક્તિની જેમ કથામાં વારંવાર આવ્યા કરે છે એ કઠે છે પણ અહીં પાત્રોમાં વિરોધાભાસ દર્શાવી કૃતિને વધારે જીવંત બનાવી છે. નાથુ, જીવી, નારસંગ જેવા દુરિત, નિષ્ઠુર,સ્વાર્થી, નઘરોળ પાત્રોની સામે ભગત, દલા પટેલ જેવા માણસની પ્રામાણિકતા સચ્ચાઈને મૂકી લેખકે કથાની ગૂંથણી કરી છે.

લેખકે પ્રસ્તાવનામાં લખ્યું છે કે, ''પાત્રોચિત ભાષા વાપરી નથી''[૩૫૫] પણ મને તો ભાષા પાત્રોચિત લાગે છે. સાંકેતિક ભાષા દ્વારા પાત્રોની વેદના-સંવેદના, મનઃસ્થિતિ, પાત્રોના સ્વભાવ, વૃત્તિ વગેરેને અસરકારક રીતે વાચા આપી છે. નાથુ જુવારમાં પાણી મૂકે છે ને જીવી ચોરીછૂપીથી એને જુવારમાં જ મળવા સરે છે. ભગત આ જોતાં જ પાછા વળી જાય છે. આ પ્રસંગ પછી-''પછી તો પાણી એક ક્યારામાંથી બીજામાં એમ રેલમ છેલ થઈ ગયું''[૩૫૬]

જ્યારે ભગતને નાથુની બા અને મુખીના સારા સંબંધો હતા એવી વાત ભીખા દ્વારા જાણવા મળે છે ત્યારે ભગત સુનમુન બેસી જ રહ્યા અને 'ઢાળિયો ફાટી ગયો'[૩૫૭] આ વિધાનમાં ભારોભાર વ્યંજના છે. જીવીને નાથુથી બીજો મહિનો જાય છે એ વાત જાણ્યા બાદ ભગત હળ જોડે છે ખરા પણ એમની મનઃસ્થિતિ કેવી છે ? તે લેખકે માત્ર એક જ લીટીના લસરકામાં દર્શાવ્યું છે.

(ભગતે) 'હળની ચકલી પકડીને બળદ ડચકાર્યા પણ ચાસડો સીધો ન આવ્યો'[૩૫૮]

આ ઉપરાંત

'પોતાનો બચાવ કરવાની હિંમત પણ શેકાઈ ગયેલા ઘઉનાં દાણાની જેમ દરબી દીધી'[૩૫૯]

ગ્રામ્ય જીવનના પરિવેશવાળી આ કથામાં પાત્રોની બોલી બળુકી અને સાહજિક છે. મણિલાલ

---

૩૫૪. કથાવિચાર, પ્રમોદકુમાર પટેલ, પૃ.૧૫૯
૩૫૫. મશારી, કિશોરસિંહ સોલંકી, પ્રસ્તાવના લેખ
૩૫૬. એજન, પૃ.૨૮
૩૫૭. એજન, પૃ.૩૧
૩૫૮. એજન, પૃ.૮૮
૩૫૯. એજન, પૃ.૪૯

હ. પટેલે નવલકથાની ભાષા સંદર્ભે નોંધ્યું છે–''વાસ્તવલક્ષી કૃતિને જે પ્રકારની ભાષાની આવશ્યકતા હોય છે તે પ્રકારની ભાષામાં કિશોરસિંહે ફાવટથી કામ કર્યું છે.''[૩૬૦]

'મશારી'માં કૃષિજીવનના તાદશ ચિત્રણની તો અનુભૂતિ થાય જ છે પણ આ કથા ભગતની માનવસહજ અભીપ્સાને કારણે આસ્વાદ્ય બની રહે છે.

## 'ઇચ્છાવર'– રઘુવીર ચૌધરી

રઘુવીર ચૌધરીની 'ઇચ્છાવર' (૧૯૮૭)માં મનુષ્યનાં સ્વભાવગત તેમજ જાતિગત મનોવલણો વચ્ચે સર્જાતા સંઘર્ષનું આલેખન થયું છે. મંદિરના પૂજારી ચતુર ગોસાંઈ, સવર્ણ મંગળ અને દલિત પૂનમની આસપાસ કથા ગતિ કરે છે. ચતુર ગોસાંઈ એક તરફ મંદિરમાં પડેલી તિરાડને છાવરવા મથે છે. ગોસાંઈ નાનુભાઈને જણાવે છે કે ''નાનુભાઈ, દેવળનું બાંધકામ જોઈએ એટલું સારું નથી. માટે બહું ધ્યાન રાખવું પડે છે... એક નાનકડી તિરાડ પડેલ; પણ મેં એવો રંગ કરાવી દીધો કે ભકતોને દેખાય જ નહીં...''[૩૬૧] બીજી તરફ મંગળ અનેક વિરોધ છતાં ગામના હરિજનો અને સવર્ણો વચ્ચેની તિરાડને સાંધવાનો પ્રયાસ કરે છે. પૂજારી ચતુર ગોસાંઈ કહે છે કે, 'ઘરના સુખી હતા પણ ભગવાનના નામની લે લાગી અને બધું છોડી દીધું'[૩૬૨] પણ આજ ગોસાંઈ દીપાજી સાથે સંસાર માંડીને પેલી છોડી દીધેલી માયાને વિસ્તારે છે. એટલું જ નહીં પણ તેનું મન દલિત પૂનમમાં લોભાય પણ એના હાથનું પાણી પીતા અભડાય છે ! આ ઉપરાંત કમુના પિયરિયાની વચ્ચે તીકમે લાવેલું મોરિયાનું પાણી ચતુર ગોસાંઈ સિફતપૂર્વક પીવાની ના પાડે છે તે વખતે પણ તેની માનસિકતાના દર્શન વાચકને થાય છે. જુઓ :

'મંગળે મોરિયો લઈને ઉંબરા પાસે મૂકયો, મા પાસે પ્યાલું મંગાવીને ભરીને બાપજી સામે ધર્યું.'

ચતુર ગોસાંઈ પળવાર તાકી રહ્યા. જવાબ ઉપજાવી કાઢ્યોઃ 'મને તરસ નથી લાગી'

'આવી ગરમીમાં તરસ ન લાગે એવું બને ? લો, થોડું પીઓ'[૩૬૩] મંગળે કહ્યું. રામભાઈ મલકાયા. દલિત તીકમ જેવો ભગત પણ મંદિરમાં પ્રવેશ કરી શકતો નથી ! બીજી તરફ નાનુભાઈ જેવા દુરાચારીને મંદિરના વહીવટમાં માથું મારવાની પણ છૂટ ! આમ, મંદિરના મહંત ગોસાંઈજી અને તેની સાથે ભરેલા કેટલાક લોકોની દંભી નીતિરીતિ, સ્વાર્થ, વૈભવવિલાસ વગેરેને કારણે મંદિરમાં પડેલી તિરાડ મોટી થતી જાય છે. ચતુર ગોસાંઈની અકળ લીલા જ મંદિરના ધ્વંસ માટે કારણભૂત છે.

૩૬૦. રચના લોક, મણિલાલ હ. પટેલ, પૃ.૨૫૦
૩૬૧. ઇચ્છાવર, રઘુવીર ચૌધરી, પ્ર.આ.૧૯૮૭, પૃ.૭
૩૬૨. એજન, પૃ.૨
૩૬૩. એજન, પૃ.૩૩

મંગળ જેવા પ્રગતિશીલ વિચાર ધરાવનારા પણ અહીં છે. મંગળ ઈજનેર છે. તે આભડછેટમાં માનતો નથી. અસ્પૃશ્યતાનો ખ્યાલ તેના સંવેદનતંત્રને વિક્ષિપ્ત કરી દે છે. આભડછેટ રાખનાર પ્રત્યે એને રોષ છે. જેમકે, કમુ બી.એ.પાસ થઈ ત્યારે મંગળ એને અભિનંદન આપવા માટે જાય છે. તે વખતે દલિત વીકો અને બાબુ તેને અભિનંદન આપવા ત્યાં આવે છે. આ બંનેને ઊંચે હાથે પેંડા આપતી કમુને જોઈને મંગળ કહે છે– 'તમે બાબુ અને વીકાને ઊંચેથી પેંડા ન નાખ્યા!'[૩૬૪] કેટલાક ખેડૂતો તો ઢોરને ચાર પણ નમીને નાખે છે. કમુના આ પ્રકારના વ્યવહારથી તે નારાજ થઈ જાય છે પણ કમુના વ્યવહાર, વર્તન સુધારવા માટે તે પ્રયત્ન કરે છે અને સફળતા પણ મળે છે. મંગળ ચમારવાસમાં જઈને પૂનમના ઘરની ચા પણ પીએ છે. બાબુને કટરાટી બનાવે છે. તીકમ, વીકા ઉપરાંત અન્ય લોકોને પણ સહાય કરે છે. પૂજારી ચતુર ગોસાંઈની દંભ, પોલ ઉઘાડી પાડે છે ને તેની સાથે સીધા સંઘર્ષમાં પણ ઉતરે છે. મંગળ શહેરનો અનુભવ લઈને ગામડામાં આવે છે અને ગામડાને શહેરથી બચાવીને સમયની સાથે રાખે છે. દલિત અને સવર્ણો વચ્ચે સમરસતાની ભાવના જળવાઈ રહે એ માટે પ્રયત્નો કરે છે. મંગળના પિતા રામભાઈ પણ આભડછેટમાં માનતા નથી. વૃદ્ધ રાઈમાં પણ તીકમ જેવા પોતાના વસવાયાની ઘરાકની ચિંતા કરે છે–''આપદા અશે તાણ ટેકો કરીશું પણ ખોટું ખચ્ચ કરતાં અશો તો પગાર ઉપર એક દમડી ય નઈ આલીએ''[૩૬૫] મંગળ, રામભાઈ, રાઈમાં વગેરે તીકમ, પૂનમ અને બાબુ પ્રત્યે સહાનુભૂતિ રાખે છે. તેની સાથે માનવીય વ્યવહાર કરે છે ને તેનામાં સ્વાભિમાન અને આત્મસમ્માનની ભાવના જન્માવે છે. તો તીકમ, પૂનમ અને બાબુ પણ મંગળ અને પરિવારની આમન્યા જળવાય તે માટે કોશિશ કરે છે. તીકમ, મંગળ વગેરે પાત્રોની આધ્યાત્મિ વૃત્તિ પણ કથા સાથે ગૂંથાઈને આવી છે.

અહીં 'મંદિરમાં પડેલી તિરાડ' અને 'મંદિર ધ્વંસ'ની ઘટના દ્વારા ધર્મમાં વધતી જતી પાપવૃત્તિ અને તેના વિનાશને સાંકેતિક રૂપે પ્રગટ કરી છે. અહીં મંદિરના પૂજારી ચતુર ગોસાંઈ પાપવૃત્તિનું પ્રતીક છે. રઘુવીર ચૌધરી લખે છે કે, ''માયા મંદિરની તિરાડ વધતી જાય છે એ સ્થાપિત હિત બનેલી ધર્મસંસ્થા સામેની મારી ફરિયાદનું પ્રતીક છે''[૩૬૬] ધીરેન્દ્ર મહેતા નોંધે છે– ''કથાના આદિ–અંત મનુષ્યતાનું શોષણ કરતા વૈભવી ધર્મના પ્રતીકરૂપ મંદિરના વિધ્વંસની પ્રક્રિયા સાથે જોડાયેલ છે.''[૩૬૭]

અહીં ગ્રામ્ય પરિવેશ છે. સિદ્ધહસ્ત ગણાતા સર્જકે અનેક યુક્તિ પ્રયુક્તિઓ વડે પાત્રના આંતરને આલેખવું જોઈતું હતું તે થઈ શક્યું નથી. રીઢા ગણાતા પશાભાઈના પાત્રને વિકસાવવા જેવું હતું. પ્રસંગોનું તાલમેલિયાપણું કૃતિને કલાત્મક બનતી અટકાવે છે. સારાં અને ખરાબ પાત્રોની હારમાળા

---

૩૬૪. ઇચ્છાવર, રઘુવીર ચૌધરી, પૃ.૯૯

૩૬૫. એજન, પૃ.૧૪૬

૩૬૬. એજન, પ્રસ્તાવના લેખ 'માયા મંદિરની તિરાડ', પૃ.૬

૩૬૭. એજન, પ્રસ્તાવના લેખ, પૃ.૧૨

સામ સામે ગોઠવી દીધી છે. સરળ ભાષામાં સમાજજીવનની વાસ્તવિકતાનું કલામાં ઠીક-ઠીક રૂપાંતર થયું છે. કથનશૈલીને કારણે આ નવલકથા ધ્યાનપાત્ર છે. મોહન પરમાર નોંધે છે. ''પ્રથમ દષ્ટિએ આ નવલકથાની રચનારીતિ કોઈને રૈખિક લાગે, પરંતુ પાત્રોની ગતિવિધિમાં લેખકે ઉપજાવેલી ભાષા શૈલી જુદા જ પ્રકારની છે. પાત્રોનાં બાહ્ય અને આંતરિક વલણોને સ્ફૂટ કરવા માટે વપરાયેલી કથનરીતિ અને વસ્તુસંકલનનું સંતુલન કૃતિને અનોખો કલાઘાટ અર્પે છે.''[૩૬૮] 'ઈચ્છાવર'આભાસી દલિત નવલકથા છે.

## 'અંધારું'- મણિલાલ હ. પટેલ

'અંધારું' મણિલાલ હ. પટેલની લઘુનવલ છે. અહીં લેખકે સમગ્ર પંચમહાલના ગ્રામીણ સમાજને તો નહીં પણ તેમના વતન-ગામ મોટા પાલ્લા અને તેની આજુબાજુના વિસ્તારમાં વસતા 'નાયકા' જાતિના લોકોની જીવનકથા આલેખી છે. નિરક્ષતા, ગરીબી, સામાજિક, આર્થિક, જાતીય શોષણ, અત્યાચારો અને અભાવગ્રસ્તતાની વચ્ચે પીસાઈ રહેલા એક માનવ સમૂદાયની આ કથા છે. નવલકથાકારે નિવેદનમાં 'અંધારું' લઘુનવલ લખવાનો આશય જણાવ્યો છે : ''પરિવેશ અને ભાષિક-ચેતના સમેત માણસની એની સચ્ચાઈઓની વાત કરવાની મારી અંતરની આરતથી મેં 'અંધારું' નું સર્જન કર્યું છે.''[૩૬૯] પંચમહાલના પાલ્લા ગામ અને તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં વસતા પટેલોના ઘર-ખેતરોમાં મજૂરી કરીને જીવતર જીવતા નાયકાઓના જીવનમાં વ્યાપેલા અંધારપટને લેખકે વાચા આપી છે. નાયકા જાતિના લોકોનું સ્થાયી ઘર નથી, તેઓ ત્યાં 'વહવાયા' તરીકે ઓળખાય છે. પેટનો ખાડો પૂરવા સતત સ્થળાંતર કરવું પડતું હોય છે. આ નાયકાઓની પોતાની આગવી ભાષા પણ ધીરે-ધીરે ભુસાતી જાતી લાગે છે. ગ્રામ્ય વિસ્તારમાં વસતા નાયકા જાતિની નક્કર વાસ્તવિકતાનું તટસ્થ રીતે વર્ણન થયું છે.

કથાનાયક દેદાવાડામાં રહેતો આદિવાસી રૂમાલ છે. નાયકાની ન્યાતમાં કણબીની કન્યાનું રૂપ લઈને અવતરેલી અને દેદાવાડાના શના સાથે પરણેલી રેશમ શનાને ઊભો મેલીને રૂમાલ સાથે નાસી છૂટે છે અને અંતે રેશમના પિતા તળશીના ગામમાં રહીને સ્થિર થયેલા રૂમાલ-રેશમની આસપાસ કથાના તાણાવાણા ગુંથાયેલા છે. નાયકા જાતિના લોકોની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ છે. તેમની પાસે પોતાની જમીન કે રહેવા માટે ઘર નથી. જમીન તેના માટે બિસ્તર અને આકાશ ચાદર છે. ગામના પાટીદારોના ખેતરોમાં 'જણ' તરીકે આયખાના અંત સુધી વૈતરા કૂટયા કરવા પડે છે. પાટીદારો જાણે કે નાયકાઓ પર શોષણ કરવાનો અબાધિક હક્ક હોય એ રીતે વર્તે છે. નાયકા જાતિના લોકોને આવું જીવતર કોઠે પડી ગયું હતું કારણ કે પાટીદારોનો એટલો બધો રોફ હતો કે ''કોઈ કદીક સળવળે તો ગાળો પડે, ઉચાળા ભરી જવાનાં કહેણ આવે, બાકી રૂપિયા વ્યાજ સાથે વસૂલ કરવાની

૩૬૮.ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા, સંપાદક : મોહન પરમાર, હરીશ મંગલમ્, પ્ર.આ.૨૦૦૧, પૃ.૧૦૬
૩૬૯. 'અંધારું', મણિલાલ હ. પટેલ, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૧૯૯૦, લેખકનું નિવેદન

ધમકી મળે.''[૩૭૦] નાયકા જાતિના લોકોનું કુળ ખરું પણ મૂળ વગરનું, માટે તો તેઓ પાટીદારો દ્વારા થતાં શોષણ, અન્યાય , અત્યાચારને પોતાનું નશીબ, ઈશ્વરનો પ્રસાદ માનીને જીવે રાખે છે. રેશમના વૃદ્ધ બાપુ તળશી પાટીદારોની જોહુકમી સામે હામ હારી ગયા છે– ''ચેવો અવતાર સેં આ ? નીં આપણ કશ્યાના ધણી, ની આપણું કોય ધણી રણી ! હૌને શવારથ વળજ્યો સે. મૂંગા પહુની પેઠમ જીબ્બાનું?''[૩૭૧] લાચારીને કારણે ગામ હાર્યે ગરબડ કર્યા વિના બધું જ નભાવતા, ગામ સાથે બાખડી બાંધવી એ રમત વાત નથી એમ તળશી જેવા બીજા મોરવીઓએ પણ સૌને ગાંઠે બંધાવ્યા કરેલું છે. ટૂંકમાં પાણીમાં જ રહેવું હોય તો મગર હારે વેર ન વરાય એ વાતનું સમર્થન અહીં મળે છે પણ રૂમાલ જુદી માટીનો છે. રૂમાલને પોતાના ન્યાતના કાપુરુષો સામે ભારોભાર નફરત છે. જે સમાજને અન્યાય કોઠે પડી ગયો હતો એ સમાજમાં જ જન્મેલા રૂમાલને અન્યાય, અત્યાચાર સામે બંડ પોકારવાનું, વિદ્રોહ કરવાનું સૂઝે છે. તે પોતાની જાતને પાટીદારોનું 'સાધન' બનવા દેતો નથી, તેને તો પોતાના માનવ–માણસ તરીકેના હકક–અધિકાર જોઈએ છે, કોઈ દયા અથવા સહાનુભૂતિ નહીં. ખાસ તો નાયકા સમાજની અન્ય સ્ત્રીઓની જેમ પાટીદારોની રખાત તરીકે રેશમને જોવા તે તૈયાર નથી. ઈન્દિરા આવાસ યોજના હેઠળ બનતા ઘરોમાં અન્ય નાયકા જાતિના લોકોની જેમ રૂમાલ રેશમે પણ મજૂરી કરી છે. સરકારના નિયમ મુજબ રૂમાલને ઘર આપવાનું, મજૂરી આપવાની હોય છે પણ સરપંચ એ બાબતે ગલ્લા–તલ્લા કરે છે ત્યારે રૂમાલ કહે છે– ''જુઓ સરપંચ શાયેબ, મનઅ કૂણીએ ગોળ સોપડવાનો નીં મારું છાપરું બોંધતાં મનઅ આવડઅ સં, ઊં તો અમારી મજૂરીના પઈશા તમ કનઅ માંગું સું.... મારઅ તો અકનું લેવાનું સે, દયાદાનમાં ની ?'' અહીંયાં લેખકે નાયકા જાતિના નવી પેઢીના લોકોમાં સ્વાધિકાર, સ્વમાનની ભાવના જાગૃત થાય એ માટે કથાનાયકને ચાલક તથા નીડર બતાવ્યો છે પણ રૂમાલની આ બળવાખોર વૃત્તિ પાટીદારોને અકળાવે છે. આથી પાટીદારો રૂમાલ પર અવનવા ખોટા આક્ષેપો કરે છે. રૂમાલને ભાગે તો ખૂબ જ સહન કરવાનું આવે છે. ગામમાં અને છાપરાંમાં પણ એ 'બહાર'નો જ ગણાય છે. મુખી તો ગામના પાદરે કેરીઓથી લચેલો આંબો સુકાઈ જાય ત્યારે કે મુખીકાકાની આગલિયોમાં આગ લાગે ત્યારે, રૂમાલનું જ નામ લે છે. રૂમાલને માછલાં પકડતો પણ અટકાવે છે. એને ટ્રેક્ટર કે ઊંટગાડી માટેની લોન પણ મેળવવા દેતા નથી. મધ્યાહ્ન ભોજન વખતે લાકડા કાપવાનું કામ રૂમાલને મળેલું એ પણ ઝૂંટવી લે છે ! પણ રૂમાલ હોશિયાર અને ચતુર છે માટે પાટીદારોના પ્રપંચને પામી જાય છે. નક્કી થયાં પછી પણ હેન્ડ પંપ મુકાયો નથી એ વાત કે મધ્યાહ્ન ભોજનમાં સરપંચ–મુખી પૈસા ખાય છે એ વાતની પણ રૂમાલને ખબર છે, આથી મુખી રૂમાલને મરાવવાના જાતભાતના કાવતરા ઘડે છે પણ અંતે તો મુખી જ રૂમાલના હાથનો ઢોર માર ખાય છે. મુખી પોતાની આબરૂ ન જાય એ માટે કોઈને ફરિયાદ પણ કરતો નથી અને હરાયા આખલાએ પોતાને માર્યો એ વાત ગામમાં ફેલાવે છે. મુખી અંતે દાઝ્યા પર ડામ જેવી વેદનામાં શેકાતા હતા. કથાના અંતે રૂમાલ મુખી સાથેની અથડામણનો હિસાબ ચૂકવીને દેદાવાડા પાછો ચાલ્યો જાય છે. મુખીને માર મરાવવાની ઘટના કાવ્ય–ન્યાયની ભૂમિકાએ આસ્વાદ્ય બની રહે છે.

---

૩૭૦. 'અંધારું', મણિલાલ હ. પટેલ, પૃ.૨૦

૩૭૧. એજન, પૃ.૨૧

નાયકા કોમના લોકો પાટીદારોનાં ગુલામ છે. પાટીદારો નાયકાઓના નામે સરકાર પાસેથી જુદી-જુદી યોજનાઓ, જેવી કે મધ્યાહ્‌ન ભોજનો, શાળાઓ, ઈન્દિરા આવાસ યોજના વગેરે માટે લોન મેળવે છે પણ તેનો લાભ નાયકા જાતિના લોકોને મળતો નથી. દા.ત. 'નિશાળમાં નામનું કૈકં રંધાતું ને છોકરાને નાસ્તા જેવું અપાતું-એક વિધિ પૂરતુંસ્તો !'[૩૭૨]

પાટીદારો ગામમાં સ્કૂલ ચોક્કસ ચલાવે છે પણ માત્ર નામની. શરૂઆતમાં વણકરોના બાળકોને એકાદ માસ આવવા દે પણ પછી સરપંચ દ્વારા જ સમજાવવામાં આવે છે કે – 'ગામને અભડાવશો-વટલાવશો નંઈ'[૩૭૩] શાળામાં નવા આવેલા માસ્તર વહવાયા છોકરાઓને પણ ભણવા માટે આવવાનું કહેવા ગયા હતા એ વાતની જાણ થતાં સરપંચ માસ્તરને બોલાવીને હુકમ કરતા કહે છે– ''તમે નવાસવા આયા સો એટલે બે વાતો કરવી જરૂરી સે. આ ગામના કેટલાક નીમ (નિયમ) સે. અમાર તાં વહવાયાં ભણવાં નીં આવે તો ભલેને નીં આવે. આપડે હાંમે સાલીને કેવા જવાની જરૂર નથી. બપોરિયા ભોજનની યોજના કાંય ભણતર બગાડવા હારું નથી. નેંહાળમાં ખાવા હારુ કોઈને પેંધાડવાનાં નથી,એ તો નાંમનું રાંધવાનું, બતાબ્બા હારું, બાચીનું હું કરવાનું એ મોહનને કેયલું સે.....ને ભલાદમી, જો નાયકા ભણહે તો પસે આપડી ખેતી કુણ કાકો કરહે ?.....''[૩૭૪] અહીં મુખીનું સરમુખત્યારશાહીભર્યું વલણ પ્રગટ થાય છે. સવર્ણોની માનસિકતા બદલાઈ નથી તેની પ્રતીતિ અહીં વાચકને થાય છે. જો દલિતો શિક્ષણ મેળવશે તો તેઓમાં જાગૃતિ આવી જશે. તેઓ પરંપરિત ધંધો છોડીને નોકરી, ધંધા કરવા માંડશે, ટ્રેન્ડ બદલશે એ સવર્ણોને મંજૂર નથી કારણ કે દલિતોને શિક્ષણ આપવાથી વર્ષોથી પોતે સ્થાપેલ આધિપત્ય તૂટી જશે તેનો તેને ભય છે. પોતાના ઘરોની ગંદકી કોણ સાફ કરશે ? આથી સવર્ણો તો દલિતોને બાપદાદાના પરંપરિત વ્યવસાયમાં જ રહે તે માટે સતત પ્રયાસ કરતા હોય છે. જેવી રીતે અહીં મુખી કહે છે ''જો નાયકા ભણહે તો પસે આપડી ખેતી કૂણ કાકો કરહે''[૩૭૫] એ જ રીતે હિન્દી સાહિત્યકાર સૂરજપાલ ચૌહાણની 'ષડ્‌યંત્ર' વાર્તામાં ભણેલ-ગણેલ નથ્થુ બાપદાદાનો પરંપરિત વ્યવસાય ત્યજીને 'ટેમ્પો' ખરીદવા માટે બેંકમાં લોન લેવા જાય છે પણ સવર્ણ બેંક મેનેજર શર્મા યુક્તિપૂર્વક તેને 'પિગરી-ફાર્મ' ખોલવા માટે લોન આપવાનું ભારપૂર્વક કહે છે અને ભોળો નથ્થુ પહેલા તો માની પણ જાય છે. આથી બેંક મેનેજર શર્મા ખુશ થઈ જાય છે અને કલાર્ક સતીશ ભારદ્વાજને પણ કહે છે કે ભવિષ્યમાં અછૂત વર્ગનો યુવાન ધંધો શરૂ કરવા માટે લોન લેવા આવે તો તેને એના બાપ-દાદાના ધંધામાં જ રહેવા માટે પ્રેરિત કરવાનો પરંતુ સતીશ એના સાહેબને પૂછે છે કે 'એવું કરવાથી આપણને શું લાભ થશે ?' ત્યારે બેંકમેનેજર તેને સમજાવતા કહે છે– ''જો સતીશ, જો આ અછૂત એમનો ખાનદાની ધંધો બંધ કરી કોઈ નવો ધંધો કરવા લાગશે તો આવનારી પેઢીઓ આપણાં ઘરોની ગંદકી કઈ રીતે સાફ કરશે ? એવી સ્થિતિમાં ઘરની ગંદકી શું તમે પોતે સાફ કરશો ?''[૩૭૬]

---

૩૭૨. 'અંધારું', મણિલાલ હ. પટેલ, પૃ.૮૭

૩૭૩. એજન, પૃ.૮૮

૩૭૪. એજન, પૃ.૮૮,૮૯

૩૭૫. એજન, પૃ.૮૮

૩૭૬. તાદર્થ્ય, મે-૨૦૦૫, ષડ્‌યંત્ર-મૂ.લે. સૂરજપાલ ચૌહાણ, અનુવાદ-કાંતિ માલસતર, પૃ.૨૦

'અંધારું'માં લેખકે નાયકા કોમની ગરીબી, ગુલામીની સાથે-સાથે નાયકાઓની ન્યાતમાં સ્ત્રી-પુરુષોના લગ્નબાહ્ય-લગ્નેતર સંબંધોની નક્કર વાસ્તવિકતાને પણ વર્ણવી છે. સવર્ણ લોકો નાયકાઓને અસ્પૃશ્ય માનતા હતા પરંતુ તક મળતા તેમની વહુ,દીકરીઓ સાથે શારીરિક સંબંધ બાંધવામાં સંકોચ અનુભવતા ન હતા. તો બીજી તરફ આ નાયકા સમાજની સ્ત્રીઓને પણ દેહની ભૂખ સંતોષવાની વૃત્તિ કોઠે પડી ગઈ હતી ! આ વૃત્તિને તેઓ પોતાની કદાચ નિયતિ જ માને છે. રૂમાલ જણાવે છે કે ''નાયકાની ન્યાતમાં સ્ત્રી-પુરુષના આડા સંબંધો એટલા બધા અળખામણા ન્હોતા ગણાતા ! નાયકડીનો દેહ અભડાય કે વટલાય એવું નાયકડીઓને ય નહોતું લાગતું. બધા કામો જેવું એય એક કામ ગણાતું જાણે ! ભૂખ લાગે ત્યારે કોળિયો ખાવા જેવું. મજૂરીયા લોકોને વળી આબરૂ શી ?''[૩૭૭] રેશમની મા મશૂરી અને મુખી વચ્ચેના યૌન સંબંધથી રેશમ તો બાળપણથી જ વાકેફ હતી. રેશમે બાળપણમાં મુખીએ પોતાની માને જે કહેલું તે સાંભળેલું- 'આદમી અડવાથી કાયા કાંય અભડાઈ જતી નથી; કે નથી ઊણી પડી જતી કોદારોની કોઠી'[૩૭૮] તો જુવાનીમાં ડગ માંડતી રેશમ જ્યારે બાળમિત્ર મૂળજી પટેલની હેવાઈ થઈ જાય છે ત્યારે મશુરીયે એને ટપારેલી- ''રેશમડી હાચવજે, પટેલિયો પાંહે બોલાઈને ધક્કો ની મેલે એ ભાળજે, નીંતો તેરે રોવાના દંન આય હે. જોવનઈન અમણાં બાંધી રાશ્ય, કુંવારી ભોંય પઈણ્યો ભાગઅ પસે કશ્યો ભો નીં રે....''[૩૭૯] આમ, મા જ પોતાની સગી દીકરીને સમજાવે છે કે પરણેતર નાયકડીના આડા સંબંધનો વાંધો નહીં ! રેશમને પણ ઊંડે ઊંડે તો પુરુષનો સહચાર ગમે છે. જુઓ ''એમાં ચ્યાં કોદરોની કોઠી ઊણી થઈ જાય સં..... આપડઅ વહવાઈ જાત્યને એબ હું ને આબરૂ ય હું ? એતો બધું કણબીઓને....''[૩૮૦] આ પ્રકારનું વિચારતી રેશમ મળેલ ક્ષણને ભોગવી લેવામાં માને છે. અંતે તક મળતાં જ બાળમિત્ર મૂળજી સાથે સંયાસુખ માણે છે. માણસની લૂગડું દેખીને ભૂરાંટા થવાની નબળાઈ પર હંમેશા અકળાતો રૂમાલ પણ અંતે ઠકરાણાંની ભીંસમાંથી છૂટવા જતાં એમને ક્યારે ભીંસી બેસે છે એની ખુદ એને પણ ખબર રહેતી નથી. બાળપણમાં પોતાની મા પુની સાથે બાપુએ આચરેલ વ્યભિચારનો અને પિતાને મોતને ઘાટ ઉતારનારનો આ રીતે રૂમાલ કદાચ વેર વાળે છે પણ કથામાં તેનું જે વ્યક્તિત્વ ઉપસી આવ્યું છે એ જોતા રૂમાલનો આ વ્યવહાર અપ્રતીતિકર લાગે છે. નવલકથામાં બીજી એક બાબત ખટકે છે કે રેશમની પ્રથમ કસુવાવડ પછી રૂમાલ સાથેનું એનું આઠ-નવ વર્ષનું દામ્પત્ય છે. એ દરમિયાન એ બંનેને સંતાન નથી એનું કોઈ જ દુઃખ નથી ! લેખકની દૃષ્ટિ બહાર આ વાત રહી ગઈ હોય એમ લાગે છે.

કથાન્તે આસો માસના કૃષ્ણપક્ષમાં છાપરાંને ઘેરી વળેલા અંધકારને ફેડવા છાંપરાની ટેકરી વચ્ચોવચ્ચ વીજળી દીવાનો થાંભલો નંખાય છે. આથી વાસના બધા લોકો ખુશ થાય છે ત્યારે રૂમાલે ઉચ્ચારેલા વેણમાં અંધકારનાં બીજા એક રૂપનો મર્મ પ્રગટે છે-''હાળાં અમથાં સ બાજ્યાં સે,

૩૭૭. અંધારું,મણિલાલ હ. પટેલ, પૃ.૩૪
૩૭૮. એજન, પૃ.૩૩
૩૭૯. એજન, પૃ.૫૬
૩૮૦. એજન, પૃ.૭૧

બ્હાર્ય અજવાળું આબ્બાથી છાપરાંમાંયનું અંધારું થોડું જતું રેવાનું સે ? એ માંયનું અંધારું તો ભાયેગમાં લખાઈન્ આયા સીએ, પસે અમથા અમથા મલકઈ જવાનો હું અચ્થ ?''....આ આટલા અંધારામાં હદી આપડન ફોલી ખાયસે એ અજવાળામાં પાસા વધાર ફોલી ખાવાના. આ અજવાળું તો દૈત્ય જેવું, ખાઈને સ સોડે બધાંય, શઉકારો ને શરકાર હરખાં હાવાં, ઉંદેડાની પેઠમ ફૂંકતા જાય ન ખાતાં જાંય...''[૩૮૧] અહીં નાયકા જાતિના લોકોના જીવનમાં રહેલા અંધારપટને વર્ણવ્યું છે. માત્ર ટ્યૂબલાઈટના અજવાળાથી તેઓના જીવનમાં સદીઓથી પ્રવેશેલ અંધારું દૂર થવાનું નથી.

કથામાં આવતી પૂનમ રાવળિયાની કે ખોડા નાયકાની વિગતો વિષયવસ્તુ સાથે બંધબેસતી નથી. અહીં લોકબોલીનો અસરકારક વિનિયોગ થયો છે પરંતુ એ વાત ખટકે છે કે ગ્રામીણ પાત્રોના મુખે લેખકની શિષ્ટ ભાષા આવી જાય છે. જેનો ખ્યાલ રાખવો સર્જકને માટે અનિવાર્ય છે. આપણે એકાદ દષ્ટાંત લઈએ– પૂર્વજીવનની રેશમની ચાલચલગત અંગે શંકાશીલ બનેલો રૂમાલ બોલે છે– ''આજ ગામમાં ઉછરેલી રેશમ દાડીએ ગઈ હશે, મજૂરીએ ગઈ હશે, છાશ પાણી લેવા ગઈ હશે, વાસીદાં વાળવા ગઈ હશે. ત્યારે ગામના કોઈ મોટિયારની નજર નહીં લાગી હોય? મારી જેમ કોઈ એની પાછળ ગાંડો નહીં થયો હોય ? એની આવતી જોવનાઈને જોઈને કોઈકનો તો જીવ બગડ્યો હશે? ખેતર શેઢે, વાટેઘાટે–ઘર ખૂણે–અંધારામાં એને કોઈએ તો બાથ ભરીને જરૂર.....''[૩૮૨] કથક અને પાત્રની ભાષામાં સેળભેળ થઈ ગઈ છે. ડૉ.ભરત મહેતા નોંધે છે કે ''.... સર્વજ્ઞના કથનકેન્દ્રમાં સામાજિક રીતરિવાજો વિશે નિરાંતે કહ્યે રાખ્યું છે. પરિસ્થિતિઓ રચીને લેખકે જે કહેવું જોઈએ એ એમણે સીધેસીધું જ કહી દીધું. પરિણામે કૃતિની કળાત્મકતા વિરૂપ બની જાય છે.''[૩૮૩]

કહેવતો, રૂઢિપ્રયોગો અને અલંકારોનો ખાસ્સો વિનિયોગ લેખકે કર્યો છે. કથાના આરંભે રેશમનું દેહવર્ણન કરતી વખતે પ્રયોજેલ ઉપમા તપાસીએ–

'ઊંચી ટટ્ટાર કાયા–કુંભારે ઘડેલા કૂજા જેવી'[૩૮૪]

'એમનાં ઊઘાડા ડિલ તાંબુ ઉટક્યા વિના ઝાંખું થઈ જાય એવાં ઝાંખા પણ માંસલતા ભર્યા હતા'[૩૮૫]

'મુલ્લાની પેઠે જાણે બાંગ પોકારતો કૂકડો'[૩૮૬]

'લૂ કૂતરાની જીભ જેવી'[૩૮૭]

'ઊંડા જળ જેવું ધારું અંધારું બેઉની વચ્ચે પથરાઈ ગયું'[૩૮૮]

---

૩૮૧. અંધારું,મણિલાલ હ. પટેલ, પૃ.૧૦૭
૩૮૨. એજન, પૃ.૩૪
૩૮૩. કથામંથન,ડૉ.ભરત મહેતા, પૃ.૪૫
૩૮૪. અંધારું, મણિલાલ હ. પટેલ, પૃ.૨
૩૮૫. એજન, પૃ.૭
૩૮૬. એજન, પૃ.૧૮
૩૮૭. એજન, પૃ.૪૫
૩૮૮. એજન, પૃ.૪૭

'ચૂલાનાં દેવતા, પીધેલા માણસની જેમ લથડતો હતો'[૩૮૯]

'બાયડી રાંડ્યાં પછી રળે અને ચૂલો રાંધ્યા પછી બળે'[૩૯૦]

'બેંકના સાહેબની મળેલા પાડા જેવી મોટરસાઈકલ'[૩૯૧]

'કોયલ કાળું અંધારું, વાદળ લીંપેલા આભલામાંથી રાતભર રાઈના દાણા જેવો વરસાદ વરસતો ના જાણે અંધારું જ વરસ્યા કરતું'[૩૯૨]

'વહુના આણાની વાટ જોતા કણબી છોકરો અધીરો થાય એમ વહેતી જેઠની રાતો'[૩૯૩]

આમ લોકબોલીના સચોટ ઉપયોગ દ્વારા લેખકે ગામડું જીવંત કરી બતાવ્યું છે. તત્કાલીન સમાજમાં પ્રર્વતમાન અંધશ્રદ્ધાનું નિરૂપણ લેખકે કર્યુ છે.

## મંજિલ હજુ દૂર છે- ડૉ.પ્રદીપ પંડ્યા

જયંત ગાડીતની 'બદલાતી ક્ષિતિજ' અને બી.કેશરશિવમ્‌ની 'શૂળ,'મૂળ અને ધૂળ' નવલકથા પછી ડૉ.પ્રદીપ પંડ્યાની 'જન્મભૂમિ પ્રવાસી' માં ધારાવાહીરૂપે આવેલ ને ૨૦૦૬માં પુસ્તકરૂપે પ્રગટ થયેલ 'મંજિલ હજુ દૂર છે' માં પણ શહેરમાં વસતા શિક્ષિત દલિતોની સમસ્યા આલેખાયેલ જોવા મળે છે. મોટા ભાગની દલિત નવલકથાઓમાં આઝાદી પૂર્વેનું સામંતયુગીન ગામડું જોવા મળે છે પણ જાતિવાદનો રોગ તો ગામડા જેટલો જ શહેરોમાં પણ છે. અહીં વડોદરાનો પરિવેશ છે. આ નવલકથાના બીજ લેખક જ્યારે તબીબી વિદ્યાર્થી હતા ત્યારે અનામત વિરોધી આંદોલનમાં જોડાયેલા હતા તેમાં રહેલાં છે.

કથાનાયક દલિત સમીર સોલંકીની આસપાસ કથા ગૂંથાયેલ છે. તે સંઘર્ષ કરીને પોલીસ ઈન્સપેક્ટર બને છે. શહેરનો અજિત શેઠ કામવાળી છોકરી મીના પર બળાત્કાર કરે છે તેની ધરપકડ થાય છે. સમીર સોલંકી પોલીસ કસ્ટડીમાં અજિત શેઠની ધોલધપાટ કરે છે. સમીર સોલંકી પ્રત્યે કોન્સ્ટેબલ કિરણ રાવલ અને જીતેન્દ્ર જોષીને અદેખાઈ છે. ઉપરી અધિકારી દલિત હોય એ કેવી રીતે સાંખી શકાય? આ બંને કોન્સ્ટેબલ અજિત શેઠને કસ્ટડીમાં જ મારી નાખે છે ને તે બધું સમીર સોલંકી પર આવી પડે છે ! આથી સમીર સોલંકીને અજિત શેઠના 'કસ્ટડીડેથ' માટે જવાબદાર ઠેરવી સસ્પેન્ડ કરવામાં આવે છે, ત્યારબાદ તેને દસ વર્ષની સજા થાય છે. કોર્ટમાં કેસ ચાલે છે. અજિત શેઠનો કેસ સવર્ણ જયંતીલાલ ભાર્ગવ લડે છે તો સમીરનો કેસ જયંતીલાલ ભાર્ગવની દીકરી નેહલ કટીબધ્ધતા પૂર્વક લડે છે. નેહલ પ્રગતિશીલ વિચારધારા ધરાવે છે. તેણે અમેરિકાનો કાળા અને ગોરા વચ્ચેના સંઘર્ષનો ઇતિહાસ વાંચ્યો છે. અબ્રાહમ લિંકનની હત્યા શા માટે થઈ એ પણ તે જાણે છે. ઉપરાંત 'મંડલ કમિશન'૯૦માં સ્વીકૃત

---

૩૮૯. અંધારું, મણિલાલ હ. પટેલ, પૃ.૪૯
૩૯૦. એજન, પૃ.૫૪
૩૯૧. એજન, પૃ.૬૦
૩૯૨. એજન, પૃ.૯૦
૩૯૩. એજન, પૃ.૭૬

બન્યું ત્યાં સુધીના ઈતિહાસથી તે પરિચિત છે. વાંચન અને અનુભવોને અંતે તે એટલું તો સમજતી થઈ છે કે જાતિવાદી વલણો જ્યાં સુધી દૂર નહીં થાય ત્યાં સુધી આંતરદ્વંદ્વો નાબૂદ કરી શકાશે નહીં. આથી તે સમીરનો કેસ પોતાના પિતાની સામે જ પ્રતિબદ્ધતાપૂર્વક લડે છે. વકીલ પિતા અને વકીલ દીકરી કોર્ટમાં જે રીતે સામ-સામે દલીલ કરે છે તેનું વર્ણન રસપ્રદ છે. સમીર દલિત હોવાને કારણે દલિત કામવાળી બાળા પર થયેલા બળાત્કારનો બદલો લેવા કે ગુસ્સામાં ભાન ભૂલીને અજિત શેઠને મારી દીધો છે તે વાત સિદ્ધ કરવા જયંતીલાલ મથામણ કરે છે, તેની સામે નેહલ પુરાવાના અભાવે સમીરને દસ વર્ષની સજામાંથી મુક્તિ અપાવી શકતી નથી. નેહલને થાય છે કે આજે ૨૧મી સદીમાં પહોંચ્યા પછી પણ શંબુકવધ અને ખાંડવવન બાળવાની પરંપરા હજુ અટકી નથી. આમ, આજે પણ આપણા સમાજના રૂઢિચુસ્તોના વિચારોમાં પરિવર્તન લાવવા માટે મંજિલ હજુ દૂર છે.

સૌથી નોંધપાત્ર બાબત તો એ છે કે નેહલ, પત્રકાર વસંત કાનિટકર જેવા ઉજળિયાતો સમીરની મદદ કરે છે. દલિતોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા જ્યારે સવર્ણો આગળ આવે અને પ્રયત્નો આદરે તે પ્રશંસનીય તો છે જ, સાથે-સાથે એ વધુ અસરકારક સાધન પુરવાર થઈ શકે છે.

લેખકે સમીરના પાત્ર નિમિત્તે દલિતોના પ્રશ્નો, સમસ્યાઓનું ચિંતન તટસ્થ રીતે રજૂ કર્યું છે. સમીરને પોલીસની પદવી અપાઈ ત્યારે ચીફ કમિશ્નર ઓફ પોલીસે ભાષણમાં કહ્યું હતું કે-

''તમે હવે રાષ્ટ્રની સંપત્તિ છો, રાષ્ટ્ર તમારા માટે સર્વથી ઉચ્ચ છે. કોઈ રાજકારણીય નહિ કે પ્રધાન પણ નહીં. એક ઈન્સ્પેક્ટર, એક વખત તો ચીફ મિનિસ્ટર કે વડાપ્રધાનની પણ ધરપકડ કરી શકે છે, તેનામાં પ્રામાણિકતા હોવી જોઈએ. હવે તમારી એક જ જાતિ છે અને તે પોલીસની રાષ્ટ્રને ગુનાઓમાંથી બચાવવાની એક મહાન જવાબદારી તમારી ઉપર છે.....''[૩૯૪]

અંતે તો સમીર જાતિવાદનો જ ભોગ બને છે. સમીર કહે છે :

''જેમ જેમ મારો કેસ ચાલતો ગયો તેમ તેમ મારો વિશ્વાસ ઊઠતો ગયો. મારા દાદા મેલું ઉપાડતા હતા અને મા-બાપ કહીને રસ્તા પરથી ખસી જતા હતા અને ગાળો ખાતા. મારા પિતાએ મેલું નહોતું ઉપાડ્યું પણ રસ્તાઓ સાફ કર્યા હતા અને ગાળો ખાધી હતી અને મેં આમાંનું કંઈ જ ન કર્યું છતાં પણ મારે જેલ જવું પડશે, ફાંસી કે જનમટીપ મળશે.''[૩૯૫]

સમીરે તેના દીકરા તુષારને જ્ઞાતિવાદથી દૂર રાખ્યો છે ને તેણે અનામત સીટનો લાભ પણ લીધો ન હતો છતાં અનેકવાર હડધૂત થાય છે. જેમકે, તુષારની પ્રેમિકા તારીકાને જ્યારે તુષારની જાતિની ખબર પડે છે ત્યારે તારીકા ગુસ્સામાં કહે છે- 'મને અડકીશ નહિ.'

'પણ કેમ ?'
'તું દલિત છે ?'
'શું ?'

---

૩૯૪. મંજિલ હજુ દૂર છે, ડૉ.પ્રદીપ પંડ્યા, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૪૩
૩૯૫. એજન, પૃ.૧૨૦

'તું દલિત છે.'
'એટલે ?'
'તારી જાતિ-'
'પણ તેને અને આપણા પ્રેમને શું સંબંધ છે ?'
'બહું જ સંબંધ છે. હું વાણીયા-જૈન જાતિની છું અને તું ?'......[૩૯૬]

આશ્ચર્ય તો એ વાતનું થાય કે દલિત નેતાઓ પણ સમીરની મદદે આવતા નથી તો રાષ્ટ્રવાદની વાતો કરતા અધિકારીઓ પણ અંતે તો પોતાનાનું વિચારે છે. સરકાર પણ પોતાની દલિત વોટબેંકને સાચવવાનો પ્રયાસ કરે છે. કમિશ્નરને સસ્પેંડ કરતા મુખ્યમંત્રીને પણ વોટબેંકની જ પડી છે.

આ નવલકથામાં રાજકીય ખટપટોનું આછુંપાતળું આલેખન થયું છે. ડૉ.ભરત મહેતાએ પ્રસ્તાવનામાં ઉચિત જ નોંધ્યું છે. -"પ્રદીપભાઈએ દલિત લેખકો દ્વારા રહી જતાં ઘણા blin spot પર આંગળી મૂકી આપી છે. આછી પાતળી રીતે પણ દલિતોના નામે ચાલતી રાજનીતિનેય સ્પષ્ટ કરી છે."[૩૯૭]

અહીં રેપકેસ, મર્ડર, કોર્ટકેસ અને પોલીસ ચોકીનું જગત, શાળા, કોલેજનું વાતાવરણ, સરકારની નીતિ, મંડલ કમિશન, અનામત અંગેના લેખકના નવા વિચારો, પત્રકારની ભૂમિકા, દલિત અત્યાચારોની વિગતો, વગેરેનું આલેખન તો છે પણ આ ઘટનાઓનું ઉપરાછાપરી નિરૂપણ થયું છે પરિણામે વસ્તુની ગૂંથણી પ્રભાવક રીતે થઈ શકી નથી. સંવેદનાની માવજત કલારૂપ પામતી નથી. કામવારી બાળાનો પ્રસંગ બાજુ પર રહી ગયો છે !! સહાનુભૂતિ ને પ્રતિબદ્ધતાથી સમીરનો કેસ લડતી નેહલને કામવાળી બાળકી પ્રત્યે કેમ અનુકંપા થતી નથી ?! સમીર સોલંકીના મનોજગતનું સૂક્ષ્મ આલેખન લેખક કરી શક્યા નથી.

સમીરની પત્ની મૃત્યુ પામી છે, તે પછી તેના દીકરાને કેવી રીતે ઉછેર્યો તેનું વર્ણન નથી. કથન અને સંવાદનું ગદ્ય સપાટ છે પણ જાતિવાદની ઊધઈ ગામડાની જેમ શહેરમાં પણ કેટલી હદે પ્રસરી ચૂકી છે તેની પ્રતીતિ આ નવલકથામાંથી પસાર થતાં અચૂક થાય છે.

**તારણો :**

આપણે અગાઉ જોયું તેમ મેં આ પ્રકરણને ગાંધીયુગની નવલકથાઓમાં દલિતચેતના, દલિત સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬) અને દલિતેતર સર્જકોની નવલકથાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬)માં વિભાજન કરેલ છે. આ વિભાજન પાછળનો મારો હેતુ એ છે કે સુધારકયુગ અને પંડિતયુગની નવલકથાઓમાં આ સમસ્યા કેન્દ્રમાં આવતી નથી. બાકી એ સમયે આપણા જ પડોશી રાજ્યમાં જ્યોતિબા ફુલે દ્વારા દલિતોની સ્થિતિ વિશે, વર્ણાશ્રમ વિશે, જ્ઞાતિપ્રથાના જડ બંધનો વિશે થોકબંધ નિબંધો લખાય ચૂકયા હતા. ગાંધીયુગમાં જયારે ગાંધીજી

૩૯૬. મંજિલ હજુ દૂર છે,ડૉ.પ્રદીપ પંડ્યા, એજન, પૃ.૨૬
૩૯૭. એજન, પ્રસ્તાવના લેખ

પોતે હિન્દુ હોવાનું ગૌરવ અનુભવે છે એક તરફ તો બીજી તરફ અસ્પૃશ્યતાને હિન્દુ ધર્મનું કલંક કહેવાની હિંમત દાખવે છે. જીવનમાં પણ દલિત કન્યાને દત્તક લે છે અને રાષ્ટ્રની આઝાદીના કાર્યક્રમની સમાંતરે અસ્પૃશ્યતા નિવારણ પણ એમનો એક એજન્ડા છે. તેથી ગાંધીયુગમાં આપણને દલિત સંવેદનાને કેન્દ્ર કરતી વાર્તાઓ ખૂબ મળી પરંતુ નવલકથાઓ મળી શકી નથી. ઈશ્વર પેટલીકરની 'કલ્પવૃક્ષ' જેવી અપવાદરૂપ નવલકથાને બાદ કરતા દલિત સંવેદનાને નવલકથાઓમાં ઝાઝો અવકાશ મળ્યો નથી.

શિક્ષણની સુવિધા પ્રાપ્ત થતાં દલિત યુવાનો પણ ઉચ્ચશિક્ષણ મેળવી ડૉ.આંબેડકરના વિચારોનો પરિચય કેળવે છે અને બીજી તરફ સ્વાતંત્ર્યોતરકાળમાં અનામતની રાજરમતનો ભોગ પણ બને છે. આમ વિચાર અને જીવન બેઉ સ્તરેથી મથામણ અનુભવતા દલિત લેખકો કવિતા, વાર્તા રચતા થાય છે. નવમાં દાયકામાં ગુજરાતમાં અનામત આંદોલન થતાં દલિતો પર કાળોકેર વર્તે છે. ગોલાણાં થી સાંબરડાંના અત્યાચારો બન્યા હતાં તેથી દલિત લેખકોની સંવેદનશીલતા પર આઘાત લાગે છે અને એ જ અરસામાં 'આંગળિયાત'જેવી દલિત યુવકને કેન્દ્રમાં રાખતી રચના મળે છે. જો કે એ જેટલી પરિવારકથા બની તેટલી સમાજકથા બની શકી નહીં પરંતુ તે જ વર્ષે બહાર પડેલી 'બદલાતી ક્ષિતિજ' (જયંત ગાડીત) સામંતશાહી વાતાવરણને બદલે લોકશાહીમાં શ્વસત્તા એક દલિત યુવકને લઈને આવે છે. B.Sc. B.Ed. થયેલા જીવાભાઈ વાઘરીને કેન્દ્રમાં રાખીને ગુજરાતના સામાજિક, રાજકીય વાતાવરણને આલેખે છે. KHAM પોલિટિક્સને પણ આલેખે છે. આ બેઉ રચનાના પ્રભાવને કારણે ગુજરાતમાં એક તરફ ભાવનાવાદી અને બીજી તરફ વાસ્તવવાદી દલિત રચનાઓનો દોર ચાલુ થાય છે. 'આંગળિયાત'ને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થતાં એ લોકપ્રિય રચના પણ બને છે. દલિત અને બિનદલિત બેઉ લેખકો આ પ્રકારની નવલકથા લખવા પ્રેરાય છે.

'બદલાતી ક્ષિતિજ'ની માફક 'મલક' (દલપત ચૌહાણ), 'કાળો અંગ્રેજ' (ચિનુ મોદી), 'અંધારું' (મણિલાલ હ. પટેલ) વગેરે કરુણાન્ત હોવા છતાં દલિત ચેતનાની સક્રિયતાની નોંધ લેતી નવલકથાઓ બને છે. જો કે 'આંગળિયાત'ની માફક આ નવલકથાઓમાં પણ ક્યાંક-ક્યાંક મેલોડ્રામેટિક ચિત્રણો છે. આવા ગાળામાં મળેલી 'આંસુભીનો ઉજાસ' (દિલીપ રાણપુરા) ભાવનાવાદ અને વાસ્તવવાદનું સંતુલન જાળવતી રચના બંને છે. ક્યાંક ફેન્ટસીના આધારે પણ દલિત ચેતનાને આકાર આપવાની સર્જક ચેષ્ટા થઈ છે જેમાં આપણે મોહન પરમારની 'નેળિયું' જેવી રચનાનો સમાવેશ કરી શકીએ.

'મારી પરણેતર', 'મનખાની મિરાત' (જોસેફ મેકવાન), 'તિરાડ' (હરીશ મંગલમ્) 'શોષ' (દક્ષા દામોદર) જેવી રચનાઓમાં દલિત સ્ત્રીની સંવેદનાઓને વાચા મળી છે. ટૂંકીવાર્તામાં આ સંવેદન વિશ્વનો અભાવ આપણને ખટકે છે.

જો કે બે રચનાઓ મેં મારા અભ્યાસમાંથી ટાળી છે પરંતુ ત્યાં પૌરાણિક સંદર્ભોના નિમિત્તે દલિતચેતના નિરૂપાય છે. ઈલા આરબ મહેતાની 'રાધા' અને દર્શકની 'કુરુક્ષેત્ર' આમાં સમાવેશ

થઈ શકે. આ બેઉ રચના વિશે વિગતે જોઈએ. ઈલા આરબ મહેતા તેમની 'રાધા' નવલકથાની પ્રસ્તાવનામાં નોંધે છે, ''રાધા ! એક સ્ત્રી, માતા, સંસ્કારદાત્રી. મહાભારતમાં રાધાના નામોલ્લેખ સિવાય બીજો કોઈ પાત્ર વિસ્તાર નથી પણ એવુંય નહીં બન્યું હોય કે બાલ કર્ણમાં પૌરુષનું પીયૂષ રેડનારી આ ઉપેક્ષિત શૂદ્ર માતા તો ન હોય ?'' લેખિકાનો આ ઍપ્રોચ નવલકથાના અંત સુધી ચાલતો નથી. જો ચાલ્યો હોત તો કૃતિ પ્રભાવકારી બની શકત એવું લાગે છે. નવલકથાના પુર્વાર્ધમાં ઉત્તુંગ ક્ષત્રિયકુમાર અને અધિરથ સારથિપુત્ર પ્રત્યે એ સરખી જ આકર્ષાય છે. આશ્ચર્ય તો એ વાતનું થાય કે ઉત્તંગુ માટે તો રાધા માત્ર સાધન જ છે. તેથી રાધા અધિરથને પસંદ કરે છે. લેખિકાએ આ કથાનકની સંમાતરે એકલવ્યના વસ્તુને ગૂંથી લઈને શૂદ્ર વર્ગમાં પણ એક શૂદ્રવર્ગ સવર્ણોની દેખાદેખીમાં રચાઈ જતો હોય છે તે પણ દર્શાવ્યું છે. ઉત્તરાર્ધમાં કથા મહાભારતની સુકથાનું મદિરાલય જ ખુલ્લું મૂકી દે છે, ચોથા દાયકામાં લખાયેલી સાને ગુરુજીની 'આસ્તિક' નવલકથાનો પ્રભાવ ઝીલતી દર્શકની 'કુરુક્ષેત્ર' (૧૯૯૧) નવલકથા ચુનીલાલ મડિયાના 'રુચિ' સામયિકમાં જાન્યુઆરી ૧૯૬૩ થી ઓગષ્ટ ૧૯૬૩ દરમિયાન આઠ પ્રકરણોમાં હપ્તાવાર પ્રગટ થઈ, અધૂરી રહેલી ને પછી નવા પંદર પ્રકરણો ઉમેરી 'જન્મભૂમિ પ્રવાસી'માં હપ્તાવાર પ્રગટ થઈ અને ૧૯૯૧માં પુસ્તકરૂપે આવી. આ નવલકથાને 'ગોવર્ધનરામ ત્રિપાઠી ઍવોર્ડ' અને 'સરસ્વતી સન્માન ઍવોર્ડ' પણ મળ્યા છે. કથાનું વિષયવસ્તુ મહાભારતનું છે. આ રચનામાં તક્ષક નામના નાગયુવક(અનાર્ય) અને તપસી નામની આર્ય કન્યાના પ્રણય સંબંધના સંદર્ભે નાગચેતનાને વાચા આપવાનો પ્રયાસ થયો છે. નવલકથાનો આરંભ ફિલ્મી લાગે છે. પોતાની ગાયને શોધવા માટે નીકળેલી આર્યકન્યા તપસી શબરોની વચ્ચે ઘેરાઈ જાય છે અને આશ્રમમાં રહેતો નાગ યુવક તક્ષક એને બચાવે છે. આ ઘટના પછી તપસી અને તક્ષક બેઉ પ્રેમમાં પડે છે. તપતીના પિતા ધૌમ્ય મુનિ, તક્ષકની મા ચિંતામણી અને મામા વાસુકિ આર્ય-અનાર્ય સંમિલનના પુરસ્કર્તા છે. ધૌમ્ય મુનિ તો આર્ય-અનાર્ય જાતિના સમન્વય માટે કૃષિવિદ્યાને મહત્ત્વનું ગણે છે.

''આ વન્ય જાતિઓ આમ સ્થાવરજીવન એકાએક નહિ જીવી શકે, ખેતી માટે વનોમાં બહુ અવકાશ પણ નહોતો ને એમને બે ઘડી બેસાડવા તે પણ તેમને માટે બંધનરૂપ બને તેવું હતું. ઊડતાં પંખી ને ઊડતાં બાણ જેવા તેઓ હતા. એટલે તેમને આ નવવિદ્યા શીખવ્યે જ રસ્તો હતો. ફૂલ આપનારાં, ફળ આપનારાં, ઔષધિ આપનારાં, ઘર માટે લાકડાં આપનારાં, કૂણો ચારો આપનારાં વૃક્ષોનો ઉછેર કરે....''[૩૯૮]

એક તરફ ધૌમ્ય મુનિ જાતિ જાતિ વચ્ચેના ભેદને ઘટાડવાનો પ્રયત્ન કરે છે તો બીજી તરફ ધૌમ્ય મુનિની પત્ની સુવર્ણાને તપતી અને તક્ષકનો પ્રેમસંબંધ સ્વીકાર્ય નથી. કારણ કે તક્ષક નાગ કૂળનો છે. સુવર્ણા તક્ષકને કડવા વચનો બોલીને આશ્રમ છોડીને જતા રહેવાનું કહે છે. તક્ષકના પિતા ચિત્રરથ સંઘર્ષ જ આર્યોની સાન ઠેકાણે લાવશે તેવું માને છે. આશ્રમમાં જતી વખતે ચિત્રરથ દીકરા તક્ષકને કહે છે :

---

૩૯૮. કુરુક્ષેત્ર,દર્શક, બીજી આવૃત્તિ ૧૯૯૭, અક્ષરભારતી પ્રકાશન, પૃ.૬૨

"વિદ્યા ભલે લેજે પણ વીર્ય ખોતો નહીં, નાગોનું વીર્ય તારી રગોમાં છે. તેનું અપમાન ન થવા દેતો. વિદ્યા વિના જિવાસે, સ્વમાન વિના નહીં."[૩૯૯]

તક્ષકની દષ્ટિએ વિદ્યા કરતા સ્વમાન વિશેષ મૂલ્યવાન છે. આથી જ ધૌમ્ય મુનિની પત્ની સુવર્ણાથી અપમાનિત થયેલ તક્ષક છંછેડાય છે. 'જ્યા સન્માન નથી ત્યાં રહેવાનું અમે નાગો શીખ્યા નથી.'[૪૦૦] અંતે તે વન સળગાવી દે છે પણ અહીં કૃષ્ણ ચમત્કારો સર્જતા જ રહે છે તેથી નાગચેતના સર્જકના 'સમન્વયવાદી' દષ્ટિકોણનો ભોગ બની જાય છે પણ આ રચનામાં દર્શક પુરાણ કથાનક અને પાત્રોને નવા અર્થઘટનો આપી શકયા છે તે નોંધપાત્ર છે. પ્રો.નરેશ વેદના આ સંદર્ભના તારણો મને ઉચિત લાગે છે. તે નોંધે છે કે, "અહીં પૌરાણિક કથાનું કેવળ પુર્નકથન નથી. પરંપરાગત પૌરાણિક કથાવારતાઓમાંથી આજના યુગસંદર્ભે નવું અર્થઘટન કરી એમાંથી આજની સમસ્યાઓ માટે માર્ગદર્શન મેળવવું એવો આશય લઈને જ પૌરાણિક નવલકથા લખવી ઘટે. આ કથામાં દર્શકે એવું કામ કર્યુ છે. અહીં તેઓ ખાંડવવનદહનને આર્ય-નાગજાતિના સંઘર્ષના ભાગ રૂપે ઘટાવે છે, તક્ષકને સરિસૃપ નહીં પણ નાગયુવક તરીકે ઘટાવે છે, તેના ઝેરને નાગજાતિમાં પ્રચલિત વિષયુકત બાણપ્રયોગની ધર્નુવિદ્યા લેખે ઘટાવે છે, પાંચ પાંડવોને પંચ મહાભૂત રૂપે અને દ્રોપદીને તેના પ્રાણ રૂપે ઘટાવે છે, કુરુક્ષેત્રના યુદ્ધને ધૌમ્ય અને કણિક જેવા ભિન્નદષ્ટિ પાંડવ-કૌરવ-પુરોહિતોના શિક્ષણ પરિણામ રૂપે ઘટાવે છે, શ્રીકૃષ્ણને ભગવાન વિષ્ણુના એક અવતાર તરીકે નહીં પણ એક યુગપુરુષ મહામાનવ રૂપે ઘટાવે છે, વાસુકિ અને ચિંતામણિને આર્ય-અનાર્ય ઐકયના પુરસ્કર્તા રૂપે ઘટાવે છે, ભીષ્મ અને દ્રોણને અસંગઠિત અક્રિય વડીલો રૂપે ઘટાવે છે, યુદ્ધને રાજસત્તા દ્વારા પ્રજાના અપમાન રૂપે ઘટાવે છે- આ બધાં અર્થઘટનો લેખકનાં પોતાનાં છે. એ જેટલાં મૌલિક છે તેટલાં જ તર્કસંગત અને પ્રસ્તુત છે."[૪૦૧] આ નવલકથાની સુરેશ જોષી, હરિવલ્લભ ભાયાણી, ભરત મહેતા, જયેશ ભોગાયતા, ગુણવંત વ્યાસ વગેરે વિવેચકોએ પણ ચર્ચા કરી છે.

દલિત ચેતનાને આલેખતા લેખકો પોતાના વિષયવસ્તુનું સરલીકરણ કરી નાખે છે તે પણ મને જણાય આવે છે. જેમાં 'વરાળ' (રામચંદ્ર પટેલ) 'મશારી' (કિશોરસિંહ સોલંકી) કે 'નેળિયું' (મોહન પરમાર)નો સમાવેશ થાય છે.

આ નવલકથાઓમાંથી પસાર થતાં સૌથી પ્રભાવક બાબત એ લાગી છે કે દલિત કે બિનદલિત લેખકો જયારે દલિત સંવેદનાને આલેખે છે ત્યારે પરિવેશ અને લોકબોલીનો અસરકારક વિનિયોગ કરે છે. નાત-પંચની પ્રભાવી સત્તાનું નિરૂપણ સરસ થયું છે. મોટા ભાગના લેખકો સામંતશાહી વાતાવરણમાંથી બહાર નીકળતા નથી. જેમકે 'ગીધ' (દલપત ચૌહાણ) જેવી નકરા વાસ્તવની કથા

---

૩૯૯. કુરુક્ષેત્ર,દર્શક, અક્ષરભારતી પ્રકાશન, બીજી આવૃત્તિ,૧૯૯૭, પૃ.૨૯

૪૦૦. એજન, પૃ.૪૭

૪૦૧. પરબ : ૧૯૯૮,૩, પૃ.૧૬,૧૭ લેખ, 'રાષ્ટ્રની વર્તમાન સમસ્યાને ઉજાગર કરતી નવલકથા'

પણ ગઈકાલની સશક્ત કથા જ રહે છે. તેથી આપણને અબ્દુલ બિસમિલ્લાહની 'ઝીની ઝીની બીની ચદરિયાં' જેવી નવલકથાની અપેક્ષા રહે. મનુ ભંડારીની 'મહાભોજ' જેવી નવલકથા સંવેદનાને કલાની જે સૂક્ષ્મતાથી આલેખે છે એવી કૃતિઓની પણ અપેક્ષા રાખી શકાય. તેથી આ પ્રકારની નવલકથાઓની ચર્ચા કરતાં ડૉ.ભરત મહેતાએ કરેલ આ નિરીક્ષણ સાથે હું સહમત છું અને એનાથી જ હું આ પ્રકરણનું સમાપન કરું છું. ''આવા સંજોગોમાં દલિત નવલકથાની રગરગમાં સંભળાવા જોઈતા વીજળીના કડાકા અહીં ગેરહાજર છે. હજુ એનો શબ્દ તણખા ઝરતો નથી. હજુ શોકત્વને શ્લોકત્વ આપવાની પ્રક્રિયા ગેરહાજર છે. બ્રેખ્ત કહે છે કે, 'માણસ, ગુસ્સામાં હોય છે ત્યારે અવાજ તરડાઈ જાય છે'. ગુસ્સો પરખાતો નથી અને અવાજ તરડાયેલો માલૂમ પડે છે. નવલકથા, પૈસા કમાવાની હથોટી બની જાય તો 'છાપાગ્રહણે' દલિત ચેતના અળપાઈ જશે. શેખાદમ એમની એક રચનામાં કહે છે, 'ગાંધી તું કેટલો રસ્તો બની ગયો, ખુરશી સુધી જવાનો રસ્તો બની ગયો.' અહીં ગાંધીના સ્થાને આંબેડકર અને ખુરશીની સત્તાની નહિ પણ સાહિત્યિક એવી પ્રતિષ્ઠાની પણ હોઈ શકે. આ બધાથી દૂર રહીને દલિત નવલકથાકારે પ્રતિબદ્ધતાનું જતન કરવું પડશે. આંબેડકરે દલિતોની વેદનાને વાચા આપતું મુખપત્ર 'મૂકનાયક' શરૂ કરેલું આ મૂકનાયકની વાણી કલાકારોના નિમિત્તે સાંભળવા કર્ણ-હૃદય આતુર છે.''[૪૦૨]

૪૦૨. પ્રતિબદ્ધ, ડૉ.ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૫, પૃ.૨૮